દ્વિતીયકર્મગ્રંથ

# કર્મસ્તવ

રમ્યરેણુ




બંધ
સમજુતિ
કર્મદલિકો
નિષેક
નિષેકરચના
મિથ્યાત્વમોહનીયની અંતઃકોડાકોડસાગ = ૨૪૦ સમયની સ્થિતિ
મિથ્યાત્વમોહનીયની સ્થિતિ
નિષેકરચના
અબાધાસ્થિત



ઉદય - ઉદીરણા
ઉદીરણા
મિથ્યાત્વમોહનીયની અંતઃકોડાકોડી = ૨૪૦ સમયની સ્થિતિસત્તા
મિથ્યાત્વમોહનીયની સ્થિતિસત્તા
સમય - ૩
ઉદયાવલિકા
ઉદય


મિથ્યાત્વમોહનીયની ૧કો૦કો૦સા૦ = ૨૫૦ સમયની સ્થિતિ સત્તા
સત્તા
મિથ્યાત્વમોહનીયની જુની નિષેક રચના
મિથ્યાત્વમોહનીયની જુની નિષેક રચના
મિથ્યાત્વમોહનીયની જુની નિષેક રચના
અબાધા
અબાધા
જુની નિષેક રચના
માણસ - अ

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી ગૌતમસ્વામિને નમઃ
શ્રી ભદ્રૐકારચંદ્રયશગુરુભ્યો નમઃ

પૂ. આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરીશ્વર મહારાજા વિરચિત

## દ્વિતીય કર્મગ્રંથ

# કર્મસ્તવ

: દિવ્યાશિષ :

પૂ. ભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ
પૂ. ૐકારસૂરીશ્વરજી મહારાજ સાહેબ
પૂ. ચંદ્રયશવિજયજી મહારાજ સાહેબ

: લેખિકા :
રમ્યરેણુ

: પ્રકાશક :
શ્રી શાહીબાગ ગિરધરનગર જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ
ગિરધરનગર, અમદાવાદ.

## -: દ્રવ્યસહાયક :-

**શ્રી શાહીબાગ ગિરધરનગર જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ**
**ગિરધરનગર, અમદાવાદ.**

**ભૂતીબેન રાજમલ ટ્રસ્ટ**
**ગિરધરનગર, અમદાવાદ**


લેખિકા
પૂ. સા. શ્રી સુવર્ણાશ્રીજી મ. ના શિષ્યા
પૂ. સા. શ્રી રમ્યગુણાશ્રીજી મ. ના શિષ્યા
પૂ. સા. શ્રી હર્ષગુણાશ્રીજી મ.



પ્રાપ્તિસ્થાન

શ્રી પાર્શ્વ ભક્તિનગર
વિજયભદ્ર ચેરીટેબલ ટ્રસ્ટ
હાઈવે, ભીલડી.
ફોન : ૦૨૭૪૪-૨૩૩૧૨૯

**દ્વિતીય આવૃત્તિ**

પ્રાપ્તિસ્થાન

સેવંતીભાઈ એ. મહેતા
શ્રી ૐકારસૂરિ આરાધના ભવન
સુભાષ ચોક, ગોપીપુરા, સુરત-૧.
ફોન : ૦૨૬૧-૪૨૬૫૩૧

પ્રાપ્તિસ્થાન

જે. બી. પરીખ
વિજયૐકારસૂરિ ધર્મોદ્યાન,
વાવપથક ધર્મશાળા
તળેટીરોડ, પાલીતાણા, સૌરાષ્ટ્ર.
ફોન : ૦૨૮૪૮-૨૫૩૨૫૩

**નકલ ૨૦૦૦**

પ્રાપ્તિસ્થાન

સી મહેન્દ્ર એન્ડ કું.
૧૮/એ, લેંડ્સ એન્ડ એપાર્ટમેન્ટ
ડુંગરશીરોડ, ૐકારસૂરિ ચોક,
વાલકેશ્વર, મુંબઈ. ફોન : ૨૩૬૩૭૮૯૭
૧૨૦૪, પંચરત્ન ઓપેરા હાઉસ
મુંબઈ-૪. ફોન : ૦૨૨-૨૩૬૪૨૫૦૯

પ્રાપ્તિસ્થાન

જયંતિભાઈ વડેચા / પ્રવિણભાઈ વડેચા
C/o. પી. આર. એન્ડ કું.,
પો.નં.-૨૦૩, શાહુપુરી, કોલ્હાપુર, મહારાષ્ટ્ર.
ફોન : ૦૨૩૧- ૨૬૫૮૪૬૧,
૨૬૫૫૪૪૩

(તા.ક. આ પુસ્તક જ્ઞાનદ્રવ્યમાંથી તૈયાર થયું હોવાથી ગૃહસ્થોએ મૂલ્ય આપીને જ માલિકી કરવી...)

પ્રાપ્તિસ્થાન

ભરત ગ્રાફિક્સ
ન્યુ માર્કેટ, પાંજરાપોળ,
રીલિફ રોડ, અમદાવાદ.
ફોન : ૨૨૧૩૪૧૭૬, ૨૨૧૨૪૭૨૩

પ્રાપ્તિસ્થાન

મનસુખભાઈ એસ. વોરા
૧૦૪, સત્નામ, ઈરાનીવાડી,
મથુરદાસ ક્રોસ રોડ, કાંદીવલી (વેસ્ટ)
મુંબઈ-૬૭. ફોન : ૮૦૭૪૭૬૬

**મૂલ્ય : રૂા. ૧૨૫-૦૦** **સં. ૨૦૬૧**

મુદ્રક : ભરત ગ્રાફિક્સ
ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલિફ રોડ, અમદાવાદ. ફોન : ૨૨૧૩૪૧૭૬, ૨૨૧૨૪૭૨૩

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



रम्यास्य- दिव्यदीपस्य, हेमज्योति. सुहर्षदम् ।
स्यात्सदा भव्यलोकानां, श्रीशङ्खेश्वरपार्श्व ! ते ॥ १ ॥


વંદનાવલિ.....
પૂં. આ. શ્રી ૐકારસૂરિ મ.
પૂં. આ. યશોવિજયસૂરિ મ.
પૂં. પંન્યાસ શ્રી ભાગ્યેશવિજય મ.
વંદનાવલિ.....
પૂં. શ્રી મુનિચંદ્રસૂરિ મ.
પૂં. આ. અરવિંદસૂરિ મ.
પૂં. આ. શ્રી ભદ્રસૂરિ મ.

# સમર્પણ



**શ્રી રમ્યગુણાશ્રીજી મ.**

પૂ. બા મહારાજ....

કર્મગ્રંથના અક્ષરે પરિણતિ ને ભાવો,
જે લખાયા પુસ્તકે પોથીએ ને હૈયે,
સતત વહી છે ત્યાં ત્યાં આપની કૃપા
અને આપની ઉપસ્થિતિનું પરિબળ,
સર્જન સઘળું છે આપનું....
સમર્પિત થતાં આપના વરદ હસ્તકમલે
રોમ-રોમ છલકે આનંદ ફુવારા,
રહો આપની ચિરંજીવી છાયામાં સર્જન
અને સાનિધ્યમાં રહો જીવનના સઘળા વર્ષો
છલકો સ્વાધ્યાયના સ્રોતો સદા,
આપનો અંતસ્તોષ થઈને....

**આપની બાલિકા**
**હર્ષગુણાશ્રીજી**

# ગુરુમાતાની ગૌરવ ગાથા

શાંતિદાયક **શ્રી શાંતિનાથદાદાની** શીતલ છાયામાં ભક્તિભાવનાં આંદોલનથી હર્યા-ભર્યા આદરિયાણા ગામમાં અમૃતલાલ શેઠનાં ધર્માનુરાગિણી... શાસનનાં સંઘનાં.. ગામનાં કોઇપણ કામોમાં લોક જીભે ગવાયેલ....બબુમા નામનાં ધર્મપત્નીની રત્નકુક્ષિમાં **તા. ૧૭-૨-૧૯૩૩ મહા વદિ ૭** ના શુભદિને...રત્ન અવતર્યું.

રાશિકૃત નામહતું રંભા...પણ જીવનમાં સાધનાનો સૂર્યોદય થવાનો છે એવો સંકેત જાણે ન હોય એમ સૂર્યોદયે જન્મથવાથી એ રંભાને બદલે સ્વજનોએ **"પ્રભા"** એવું હુલામણું નામ રાખ્યું.

પાર્વતી બા (મોટા બા)નાં શિક્ષા અને સંસ્કારથી ઘડાયેલ પ્રભાબેન દીક્ષાની ખાણસમી ધર્મનગરી ઝીંઝુવાડામાં વસતા ડોસાભાઇનાં સુપુત્ર **ચંદુલાલભાઇ**નાં જીવનસંગાથિની બન્યાં...બંનેનાં ધર્મમય જીવનની વેલડીએ બે સુપુત્રો અને ચાર પુત્રીઓ રૂપી પુષ્પો પાંગર્યા. જન્મતાં જ એમને સંયમનાં સંસ્કારોનાં અમીપાનથી સિંચ્યા. જે આજે પોતાની સાથે સંયમનાં સહસ્રામ્રવનમાં જ્ઞાન-ધ્યાન-તપ-ત્યાગની સુવાસ પ્રસરાવી રહ્યાં છે. સાસુ-સસરાદિ વડીલોની સેવા એ જેમનો જીવનમંત્ર હતો...જેથી લોકજીભે આદર્શમય કુળવધૂ તરીકે ગવાયા....સેવા-કાર્યની વ્યસ્તતા વચ્ચે પણ સંયમધર સાધુ-સાધ્વીજી ભગવંતોની ભક્તિમાં પણ સૌથી મોખરે...ગોચરી-પાણીથી આરંભીને દવા-અનુપાન આદિ કાંઇપણ કામહોય, તો દોડીને કરવું. આ જ સેવા-ભક્તિએ એમને સંયમના રાહી બનાવ્યા...

**સં. ૨૦૩૩ના વૈશાખ સુદી ૧૦**ને દિને પ્રભાબેન સ્વપરિવાર સાથે બન્યા શ્રી રમ્યગુણાશ્રીજી મહારાજ. સંયમી જીવનમાં યથાશક્તિ તપયોગનાં ઝૂલણે ઝૂલતાં રહ્યાં. **વર્ષીતપ-૫, ભદ્રતપ, ધર્મચક્રતપ, ૧૦૮ પાર્શ્વનાથ તપ, નમસ્કાર મહામંત્ર તપ, અઠ્ઠાઈ, ૫૦૦ આયંબિલ ઇત્યાદિ** તપ અને અનેક તીર્થોના દર્શન-સ્પર્શન દ્વારા પ્રભુભક્તિમય બની આત્માને નિર્મળ બનાવી રહ્યાં છે.

ગુર્વાજ્ઞાપાલન એ જેમના જીવનનો પ્રાણ છે. સંયમસાધના એ જેમના હૃદયનો ધબકાર છે. આચારચુસ્તતાદિ જેમના જીગરનાં જ્વલંત આદર્શો છે.

એવા ગુરુમાતાનો નિર્મળ સંયમજીવનનો પ્રવાહ શત-સહસ્ર વર્ષો સુધી અમારા જેવા અનેક આત્માઓને પવિત્ર બનાવતો છતો પરમાત્માની પરમપ્રભુતાનાં પારાવારમાં પ્રવાહિત થઇ જાય એવી પરમકૃપાળુને પ્રાર્થના.....

## સંસ્મરણીય જીવનયાત્રાના સ્વામી
## તપસ્વી પૂ. ચંદ્રયશવિજયજીમહારાજા...

**પિતાશ્રી : ડોસાભાઈ** **માતુશ્રી : હરકોરબેન...**




૨૫-૫-૧૯૨૭ના દિવસે આ પૃથ્વી પર આપે પગ માંડ્યા... **ઝીંઝુવાડાનગરી** ધન્ય બની.....

સંયમતરફની દૃઢશ્રદ્ધાનું જાણે પ્રાગટ્ય થયું... કૌટુંબિક, જીવન વ્યવહારની ફરજો વચ્ચે પણ નીતિમત્તા, ભક્તિ, ત્યાગ, સંસાર પ્રત્યે ઉદાસીન વલણ, અને પરોપકાર જીવંત રાખ્યાં. **'ચંદુભાઈભગત'** એક ધાર્મિક શ્રદ્ધાસભર નામ બન્યું.

ધર્મપત્ની સાથે સતત વૈરાગ્યમાર્ગની ચર્ચા... પથકના આજુબાજુના ગામોમાં ધર્મક્ષેત્રના વિવિધકાર્યોમાં સતત ઉત્સાહ સાથે ઉપસ્થિતિ... મહાપૂજનો, ભાવનાઓ..., સાંસ્કૃતિક કાર્યક્રમોની સંપૂર્ણ જવાબદારી..

**સંયમની પ્રાપ્તિ માટે પાંચદ્રવ્યથી વધુ ન વાપરવા, તથા દર વર્ષે એક દ્રવ્યનો ત્યાગ કરતાં જવાના કઠોર અભિગ્રહના આરાધક બનતા છેલ્લે બે વર્ષ માત્ર બે દ્રવ્ય પર રહ્યાં પરિણામે સમહોત્સવ વિ.સં.૨૦૩૩ વૈ.સુ.૧૦ના અઠ્ઠમતપ સાથે આપ બન્યા.**

**પૂ. ચંદ્રયશવિજય મહારાજ**

**દીક્ષા દુર્લભ એ સમયમાં પણ પૂર્ણ પરિવાર સાથે પ્રવજ્યા પંથનાં પ્રવાસી....**



આપશ્રીએ પ. પૂ. દાદા ગુરુદેવશ્રી ભદ્રસૂરીશ્વરજી મહારાજાના આશિષ-વાસક્ષેપ અને પૂ. ગુરુદેવ શ્રી ૐકારસૂરીશ્વરજી મહારાજાનાં ચરણે જીવન સમર્પિત કરી ગુર્વાજ્ઞાપાલન, પ્રભુભક્તિ, સહવર્તી સંયમધરોની સેવા....જાપ... સ્વાધ્યાયનાં સહારે આગેકૂચ કરતાં તપશ્ચર્યાનાં અમીપાનથી આત્મપુષ્ટિ કરતાં રહ્યાં.

૫૧ ઉપવાસ, માસક્ષમણ, ૧૬, ૧૫, ૧૩, ૧૨, ૧૧, ૧૦, ૯ ઉપવાસ અનેક અટ્ઠાઇઓ, અટ્ઠમ, છટ્ઠ, ચત્તારીઅટ્ઠદસદોય, ઉપધાન, ભદ્રતપ, શ્રેણિતપ, સિદ્ધિતપ, સિંહાસન તપ, ધર્મચક્ર તપ, વીરગણધર તપ, ૫૦૦ આયંબિલ, ૬૫ વર્ધમાન તપની ઓળી, આયંબિલ તપ સાથે સિદ્ધાચલજીની ૯૯ યાત્રા.

આ તપોયોગમાં અપ્રમત્તતા એ આપનો જીવનમંત્ર હતો...રાત-દિવસ પ્રભુભક્તિ...પરમાત્માનો જાપ અવિરત ચાલુ રહેતો હતો... વૈયાવચ્ચ આપનો અમર વૈભવ હતો... એ વૈભવને આપે જીવનનાં અંતિમ દિવસ સુધી વડીલોનું-સ્થાપનાચાર્યજીનું પ્રતિલેખન કરવા દ્વારા સાચવી રાખ્યો. તપસ્વી...વૈયાવચ્ચી મહારાજ તરીકે પ્રસિદ્ધ થયેલા આપ વાત્સલ્યની વર્ષા દ્વારા સૌના "બાપા" મહારાજ બન્યા.

વિહારમાં આવતાં પાર્શ્વ પ્રભુનાં દરેક તીર્થમાં આપને અટ્ઠમ હોય...અને એ જ પાર્શ્વનાથ દાદાની આરાધનાને કાયમી રાખવા માટે અચાનક જ ભિલડીયાજીથી ૪ કિ. મી. દૂર નેસડાનગરે શ્રી મનમોહન પાર્શ્વનાથ દાદાજીનાં સાન્નિધ્યમાં પૂ. તારક ગુરુદેવોની ઉપસ્થિતિમાં ૧૧૧૦ અટ્ઠમ તપનાં તપસ્વીઓની વચ્ચે વિ. સં. ૨૦૬૦ પોષીદશમે સવારે ૧૦-૧૦ કલાકે છટ્ઠ તપ સાથે વિદાય લીધી....૧૦ નો અંક આપની સાથે રહ્યો..



જન્મ વૈ. સુદ ૧૦

દીક્ષા વૈ. સુદ ૧૦

સ્વર્ગવાસ મા. વદ ૧૦ (પોષી દશમી) સવારે ૧૦ વાગે નેસડાનગર પર આપની સ્મૃતિ કાયમી અંકિત બની. ૫૦૦૦ ગુરુભક્તો વચ્ચે આપ આકાશમાં અમર જ્યોતિરૂપે છવાયા

# શ્રી શાહીબાગ-ગિરધરનગર જૈન શ્વે. મૂ. સંઘના અર્ધશતાબ્દિ વર્ષની પૂર્ણાહૂતિએ જ્ઞાનભક્તિ અનુમોદન પ્રસંગે શ્રી સંઘનો સંક્ષિપ્ત પરિચય

પરમ કૃપાળુ પરમાત્માની કૃપાથી વર્તમાનકાળના જૈનશાસનના અધ્યાત્મયોગી સંઘસ્થવીર પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજાની (પૂ. બાપજી મ.) આંતરપ્રેરણાથી વિ. સં. ૨૦૦૧માં અમારા શ્રીસંઘની સ્થાપના થઈ.

પૂજ્ય બાપજી મહારાજાની પ્રેરણાથી પ્રાચીન પ્રતિમાજી યુક્ત સુંદર કલાત્મક જિનાલય બનાવવાના મનોરથ સેવાયા અને પ્રાચીન પ્રતિમાજી પ્રાપ્ત કરવા અનેક પ્રાચીન જિનમંદિરોના શ્રીસંઘોને પત્રો લખવામાં આવ્યા તેમાં પ્રભૂના સંકેત મુજબ પત્ર ઉદેપુર-દેલવાડાને બદલે આબુ-દેલવાડા પહોંચ્યો અને શ્રી સંઘને સંપ્રતિકાલીન પીળાપાષાણમય શ્રી ઋષભદેવ પ્રભુની પ્રાપ્તિ થઈ અને અમારા શ્રી સંઘના મૂળ આધાર પૂ.બાપજી મા. ના વરદહસ્તે વિ.સં.૨૦૦૯ માં પ્રભુ પ્રતિષ્ઠા મહામહોત્સવપૂર્વક થઈ અને સંઘની ઉન્નતિનો આરંભ થયો.

પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાનાં વાત્સલ્યભાવે વિ. સં. ૨૦૧૪માં પૂ. આ. ભ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના માર્ગદર્શનથી પૌષધશાળાનું નિર્માણ થયું.

વિ. સં. ૨૦૨૯માં ૧૦૦ + ૧૦૦ + ૮૯ ઓળીનાં અપૂર્વ આરાધક પૂ. આ. ભ. શ્રી રાજતિલકસૂરિ મ.સા.ની પ્રેરણાથી કાયમી વર્ધમાન તપ આયંબિલ ખાતાની સ્થાપના થઈ.

વિ. સં. ૨૦૩૨માં પૂ. આ. ભ. શ્રી ભદ્રસૂરીશ્વરજી મહારાજા, પૂ. આ. ભ. શ્રી ૐકારસૂરીશ્વરજી મ. સા.ના માર્ગદર્શનથી શ્રી ઋષભદેવજિનપ્રાસાદનું વિસ્તૃતિકરણ તથા પૂ. આ. ભ. શ્રી ભદ્રસૂરિજી જ્ઞાનમંદિરનું નિર્માણ થયું.

વિ. સં. ૨૦૩૪માં નૂતન બે દેવકુલિકાની પ્રાણ-પ્રતિષ્ઠા પૂ. આ. ભ. શ્રી રામચંદ્રસૂરિજી મ. સા.ની નિશ્રામાં થઈ. તેની દેવદ્રવ્યની ઉપજમાંથી હસ્તગિરિતીર્થે તળેટીમાં ચ્યવનકલ્યાણકજિનાલયનું શ્રીસંઘે નિર્માણ કરી પ્રતિષ્ઠા પૂ. આ. ભ. શ્રી ભદ્રંકરસૂરિજી મ.સા.ના શુભહસ્તે થઈ.

વિ. સં. ૨૦૪૪માં ફરીથી શ્રી ઋષભદેવસ્વામી પ્રાસાદમાં નૂતન બે દેવકુલિકા નિર્માણ કરાવી પૂ. આ. ભ. શ્રી ભદ્રંકરસૂરિ મ.સા., પૂ. આ. ભ. રાજતિલકસૂરિ મ.સા., પૂ. આ.ભ.શ્રી ચંદ્રોદયસૂરિ મ.સા.ની નિશ્રામાં પ્રાણ-પ્રતિષ્ઠા થઈ.

શ્રીસંઘમાં દરવર્ષે જુદા-જુદા સમુદાયના ગીતાર્થ ગુરુભગવંતોની નિશ્રા પ્રદાન થતાં અનેકવિધ તપશ્ચર્યા-પ્રભુભક્તિ, અનુષ્ઠાનો દ્વારા શ્રીસંઘમાં કર્મનિર્જરા થઇ રહી છે. વિ. સં. ૨૦૫૮માં બહેનોની પૌષધશાળાનું વિસ્તૃતિકરણ થયું.

શ્રી ઋષભદેવસ્વામિ પ્રાસાદના ૫૦ વર્ષની પૂર્ણાહૂતિ ઉજવણીએ પ. પૂ. આ. ભ. શ્રી વિજયગુણરત્નસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં શ્રી રાયણવૃક્ષ સાનીધ્યે શ્રી યુગાદિદેવ ઋષભદેવસ્વામિ પગલાંની પ્રતિષ્ઠા થઇ અને શ્રીસંઘમાં ૫૧માં વર્ષના મંગલ પ્રવેશ ઉજવણીરૂપ પ. પૂ. આ. ભ. શ્રી વિજયનરચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા પ. પૂ. આ. ભ. શ્રી વિજયશ્રેયાંસપ્રભસૂરીશ્વરજી મહારાજાના ચાતુર્માસ માં શ્રી ગૌતમકમળતપની આરાધનાની અનુમોદનાર્થે શ્રી ગૌતમસ્વામી મહારાજાની કલાત્મક દેવકુલિકામાં પ્રતિષ્ઠા કરવાનો મનોરથ સેવાયો.

વિ. સં. ૨૦૬૦ માં પૂ. આ.ભ.શ્રી અરવિંદસૂરિજી મ.સા., પૂ.આ.ભ.શ્રી યશોવિજયસૂરિજી મ.સા., પૂ.આ.ભ.શ્રી મુનિચંદ્રસૂરિજી મ.સા.ના વાત્સલ્યભાવે, પૂ.ગણિવર્યશ્રી ભાગ્યેશ વિ.મ.નું ઐતિહાસિક ચાતુર્માસ થયું. (તદન્તર્ગત શ્રા. સુ. ૭ રવિવાર તા. ૨૨-૮-૨૦૦૪નાં શ્રી ઋષભદેવ પ્રભુના ગભારામાં તથા બહારની દેવકુલિકામાં અમીઝરણાંની અમૃતવર્ષા ચાર કલાક સુધી અવિરત ચાલુ રહી શ્રી સંઘના ઇતિહાસમાં અભૂતપૂર્વ ઘટેલ ઘટના તથા) યુવાશિબિર આદિ અનેકવિધ આરાધનાઓની ફળશ્રુતિરૂપે શ્રીસંઘને કર્મગ્રંથ પુસ્તક પ્રકાશન કાર્યમાં શ્રીસંઘના જ્ઞાનદ્રવ્યમાંથી સારી એવી રકમ ફાળવી શ્રુતજ્ઞાન ભકિતનો અપૂર્વ લાભ મળ્યો.

શ્રીસંઘમાં દરવર્ષે દેવદ્રવ્યની થતી તમામ ઉપજમાંથી જીર્ણોદ્ધારનો અપૂર્વ લાભ પ્રાપ્ત થઇ રહ્યો છે. દરવર્ષે શ્રીસંઘ દ્વારા કતલખાને લઇ જવાતા અંદાજીત ૩૦૦ થી ૪૦૦ મુંગા અબોલ જીવોની રક્ષાનો લાભ પ્રાપ્ત થાય છે. શ્રીસંઘમાં ધર્મસંસ્કારના સિંચનરૂપ નાના બાળકોથી માંડી પ્રૌઢ જ્ઞાનજિજ્ઞાસુ આરાધકોને સવાર-બપોર-સાંજ પાઠશાળા દ્વારા નવકારથી કર્મગ્રંથ-ભાષ્ય આદિ ગહન વિષયોનો અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે.

પ્રભુભક્તિ-જ્ઞાનભકિત-જીવમૈત્રીની સાથે શ્રીસંઘમાં સાધુ-સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચનો અદ્ભુત લાભ પ્રાપ્ત થઇ રહ્યો છે.

અમારા શ્રીસંઘના પરમ પુણ્યોદયે દરેક સમુદાયના સાધુ-સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચના લાભ દ્વારા અનન્ય ગુરુભક્તિ થઇ રહી છે.

શ્રીસંઘના જ્ઞાનભંડારમાં આશરે છ હજારથી પણ વધુ પુસ્તકો-પ્રતોનો લાભ જ્ઞાનજિજ્ઞાસુ ઉપાસકો લઇ રહ્યા છે.

અમારા શ્રીસંઘમાં પૂર્વાચાર્યોએ ફરમાવેલ મર્યાદા-પરંપરા તથા જૈન સંસ્કૃતિના સિદ્ધાંતો દ્વારા ઉત્તરોત્તર કર્મનિર્જરા હેતુ આરાધનાનો લાભ લઇ ક્રમે મોક્ષમાર્ગે પ્રયાણ કરે તે અભ્યર્થનાથી સંચાલન થાય એવી શાસનદેવને અંતરકરણપૂર્વક પ્રાર્થના........

# સંપાદકીય

પૂ. આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરીશ્વર મહારાજા વિરચિત કર્મસ્તવનું વિવેચન પરમાત્મકૃપા તથા પૂ. ગુરુદેવોની આશિષથી અભ્યાસુગણ સામે મૂકાઈ રહ્યું છે ત્યારે પ્રત્યક્ષ-પરોક્ષ રીતે અનેક પૂજ્યશ્રી સહાયક બન્યા છે. એ ઉપકારીઓનાં ઉપકારોનું સ્મરણ કેમ વિસરાય ?

ઓ ઉપકારી ! સમરું ઉપકાર ! કરું ચરણે નમન હજાર !

★ દિવ્યાશિષ દાતા યુગમહર્ષિ દાદા ગુરુદેવશ્રી ભદ્રસૂરિશ્વરજી મહારાજા...
★ સંયમના સોનેરી સ્વાંગ પહેરાવનારા પૂ. ગુરુદેવશ્રી ૐકારસૂરિ મહારાજા...
★ અપ્રમત્તયોગી... પરમનિઃસ્પૃહી પૂ. શ્રી અરવિંદસૂરિ મહારાજા...
★ અધ્યાત્મયોગી... ભક્તિયોગાચાર્ય પૂ. શ્રી યશોવિજયસૂરિ મહારાજા...
★ સંશોધન પ્રેમી સાહિત્ય રસિક પૂ. શ્રી મુનિચંદ્રસૂરિ મહારાજા...
★ વાચના, વ્યાખ્યાન, અધ્યાપન, ગ્રંથલેખનાદિ અનેક કાર્યોની વચ્ચે પણ સંપૂર્ણ મેટરને સૂક્ષ્મદૃષ્ટિથી તપાસીને ક્ષતિ રહિત કરનારા પરમોપકારી પૂ. અભયશેખરસૂરીશ્વરજી મ.
★ આજીવન તપ-જપ-ભક્તિનાં ત્રિવેણી માં સ્નાન કરીને આત્માને પ્રભુમય બનાવી અમને સૌને પ્રભુપંથના રાહી બનાવનાર પરમોપકારી પૂ. પિતાજી મુનિરાજ શ્રી ચંદ્રયશવિજયજી મ.
★ લેખન કાર્યમાં-આર્થિક સહયોગાદિમાં તમામ જવાબદારી પોતાના શિરે લઈને આ કાર્યમાં સતત પ્રોત્સાહિત કરનારા બન્ધુમુનિરાજ પંન્યાસ શ્રી ભાગ્યેશવિજયજી મ. સા. તથા મહાયશવિજયજી મ. સા....
★ અનુપમઆરાધિકા પૂ. દાદીગુરુણીજી મનકશ્રી મ. સા. તથા વાત્સલ્યની ગંગોત્રી સમા પૂ. ગુરુણીજી સુવર્ણાશ્રીજી મ. સા. તથા પૂ. ગુરુમાતા શ્રી રમ્યગુણાશ્રીજી મ. સા.

સર્વે પૂજ્યોના પાવન ચરણમાં ભાવભીની વંદનાવલિ...

મને ગ્રંથલેખનકાર્યમાં સતત સહાયક બનનાર સા. શ્રી હેમગુણાશ્રી, દિવ્યગુણાશ્રી, ભવ્યગુણાશ્રી, વિનયગુણાશ્રી, યશોધરાશ્રી, પરમરસાશ્રી, સૌમ્યગુણાશ્રી આદિ રમ્યરેણુ પરિવાર..

અમદાવાદ વાવપથકની વાડીના ટ્રસ્ટીનો સહયોગ તથા આ પુસ્તકને પોતાનું માનીને જરાય કંટાળ્યા વિના હસતાં હૈયે ઘણીવાર ઘણી ક્ષતિને સુધારીને યુવરાજ ઝાલા અને રાકેશ ભાવસાર પાસે કોમ્પ્યુટરમાં ચિત્રો તૈયાર કરાવીને આ પુસ્તકને સર્વાંગીણ સૌંદર્ય આપનારા ભરત ગ્રાફિક્સને કેમ ભૂલાય ?

પુસ્તક લેખનમાં શ્રી વીતરાગદેવની આજ્ઞા વિરુદ્ધ લખાયુ હોય, તો મિચ્છામિદુઃક્કડમ્, અજ્ઞતા અને છદ્મસ્થતાદિને કારણે રહી ગયેલી ક્ષતિઓને વિદ્વાન પૂજ્યોએ સુધારવી... એ વિજ્ઞપ્તિ સાથે વિરમું છું.

કૃપાકાંક્ષી રમ્યરેણુ

# સંપાદકીય

પૂ. આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરીશ્વર મહારાજા વિરચિત કર્મસ્તવનું વિવેચન પરમાત્મકૃપા તથા પૂ. ગુરુદેવોની આશિષથી અભ્યાસુગણ સામે મૂકાઈ રહ્યું છે ત્યારે પ્રત્યક્ષ-પરોક્ષ રીતે અનેક પૂજ્યશ્રી સહાયક બન્યા છે. એ ઉપકારીઓનાં ઉપકારોનું સ્મરણ કેમ વિસરાય ?

ઓ ઉપકારી ! સમરું ઉપકાર ! કરું ચરણે નમન હજાર !

★ દિવ્યાશિષ દાતા યુગમહર્ષિ દાદા ગુરુદેવશ્રી ભદ્રસૂરિશ્વરજી મહારાજા...

★ સંયમના સોનેરી સ્વાંગ પહેરાવનારા પૂ. ગુરુદેવશ્રી ૐકારસૂરિ મહારાજા...

★ અપ્રમત્તયોગી... પરમનિઃસ્પૃહી પૂ. શ્રી અરવિંદસૂરિ મહારાજા...

★ અધ્યાત્મયોગી... ભક્તિયોગાચાર્ય પૂ. શ્રી યશોવિજયસૂરિ મહારાજા...

★ સંશોધન પ્રેમી સાહિત્ય રસિક પૂ. શ્રી મુનિચંદ્રસૂરિ મહારાજા...

★ વાચના, વ્યાખ્યાન, અધ્યાપન, ગ્રંથલેખનાદિ અનેક કાર્યોની વચ્ચે પણ સંપૂર્ણ મેટરને સૂક્ષ્મદૃષ્ટિથી તપાસીને ક્ષતિ રહિત કરનારા પરમોપકારી પૂ. અભયશેખરસૂરીશ્વરજી મ.

★ આજીવન તપ-જપ-ભક્તિનાં ત્રિવેણી માં સ્નાન કરીને આત્માને પ્રભુમય બનાવી અમને સૌને પ્રભુપંથના રાહી બનાવનાર પરમોપકારી પૂ. પિતાજી મુનિરાજ શ્રી ચંદ્રયશવિજયજી મ.

★ લેખન કાર્યમાં-આર્થિક સહયોગાદિમાં તમામ જવાબદારી પોતાના શિરે લઈને આ કાર્યમાં સતત પ્રોત્સાહિત કરનારા બન્ધુમુનિરાજ પંન્યાસ શ્રી ભાગ્યેશવિજયજી મ. સા. તથા મહાયશવિજયજી મ. સા....

★ અનુપમઆરાધિકા પૂ. દાદીગુરુણીજી મનકશ્રી મ. સા. તથા વાત્સલ્યની ગંગોત્રી સમા પૂ. ગુરુણીજી સુવર્ણાશ્રીજી મ. સા. તથા પૂ. ગુરુમાતા શ્રી રમ્યગુણાશ્રીજી મ. સા.

સર્વે પૂજ્યોના પાવન ચરણમાં ભાવભીની વંદનાવલિ...

મને ગ્રંથલેખનકાર્યમાં સતત સહાયક બનનાર સા.શ્રી હેમગુણાશ્રી, દિવ્યગુણાશ્રી, ભવ્યગુણાશ્રી, વિનયગુણાશ્રી, યશોધરાશ્રી, પરમરસાશ્રી, સૌમ્યગુણાશ્રી આદિ રમ્યરેણુ પરિવાર..

અમદાવાદ વાવપથકની વાડીના ટ્રસ્ટીનો સહયોગ તથા આ પુસ્તકને પોતાનું માનીને જરાય કંટાળ્યા વિના હસતાં હૈયે ઘણીવાર ઘણી ક્ષતિને સુધારીને યુવરાજ ઝાલા અને રાકેશ ભાવસાર પાસે કોમ્પ્યુટરમાં ચિત્રો તૈયાર કરાવીને આ પુસ્તકને સર્વાંગીણ સૌંદર્ય આપનારા ભરત ગ્રાફિક્સને કેમ ભૂલાય ?

પુસ્તક લેખનમાં શ્રી વીતરાગદેવની આજ્ઞા વિરુદ્ધ લખાયુ હોય, તો મિચ્છામિદુઃક્કડમ્, અજ્ઞતા અને છદ્મસ્થતાદિને કારણે રહી ગયેલી ક્ષતિઓને વિદ્વાન પૂજ્યોએ સુધારવી... એ વિજ્ઞપ્તિ સાથે વિરમું છું.

કૃપાકાંક્ષી રમ્યરેણુ

# વિષયાનુક્રમ


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| કર્મક્ષયબોધપીઠિકા | ૧૩થી૬૦ |
| મંગલાચરણ | ૬૧ |
| ગુણસ્થાનકનું સ્વરુપ | ૬૪ |
| મિથ્યાદૃષ્ટિગુણસ્થાનક | ૬૬ |
| યથાપ્રવૃત્તકરણ | ૭૦ |
| અપૂર્વકરણ | ૭૨ |
| સ્થિતિઘાત | ૭૪ |
| રસઘાત | ૭૬ |
| ગુણશ્રેણી | ૭૮ |
| અપૂર્વ સ્થિતિબંધ | ૮૦ |
| અનિવૃત્તિકરણ | ૮૪ |
| અંતરકરણ | ૮૬ |
| મિથ્યાત્વની ઉપશમના | ૮૮ |
| ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ | ૯૦ |
| સાસ્વાદનગુણસ્થાનક | ૯૩ |
| મિશ્રગુણસ્થાનક | ૯૭ |
| અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક | ૯૮ |
| દેશવિરતિગુણસ્થાનક | ૧૦૦ |
| પ્રમત્તગુણસ્થાનક | ૧૦૩ |
| અપ્રમત્તગુણસ્થાનક | ૧૦૪ |
| અપૂર્વકરણ ગુણસ્થાનક | ૧૦૬ |
| ષટ્સ્થાનવૃદ્ધ અધ્યવસાયો | ૧૧૩ |
| ષટ્સ્થાનહીન અધ્યવસાયો | ૧૧૬ |
| અનિવૃત્તિગુણસ્થાનક | ૧૨૨ |
| સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક | ૧૨૩ |
| ઉપશાંતમોહ ગુણસ્થાનક | ૧૨૪ |
| ઉપશમશ્રેણી | ૧૨૪ |
| ઉપશમશ્રેણીથી પતન | ૧૩૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ગુણઠાણે ચઢાણ | ૧૩૬ |
| ગુણઠાણેથી પતન | ૧૩૭ |
| ક્ષીણમોહ ગુણસ્થાનક | ૧૩૮ |
| ક્ષપકશ્રેણી | ૧૩૮ |
| સયોગીકેવલીગુણસ્થાનક | ૧૪૪ |
| અયોગીકેવલીગુણસ્થાનક | ૧૪૯ |
| **બંધવિધિ** | **૧૫૩થી૧૭૦** |
| ૧થી૩ ગુણઠાણે બંધ | ૧૫૩ |
| ૪થી૬ ગુણઠાણે બંધ | ૧૫૭ |
| ૮મા ગુણઠાણે બંધ | ૧૬૨ |
| ૯મા-૧૦મા ગુણઠાણે બંધ | ૧૬૪ |
| **ઉદયવિધિ** | **૧૭૧થી૧૮૯** |
| ૧લા ગુણઠાણે ઉદય | ૧૭૧ |
| ૨જા ગુણઠાણે ઉદય | ૧૭૩ |
| ૩થી૫ ગુણઠાણે ઉદય | ૧૭૫ |
| ૬ઠ્ઠા-૭મા ગુણઠાણે ઉદય | ૧૭૯ |
| ૮થી૧૧ ગુણઠાણે ઉદય | ૧૮૧ |
| ૧૨મા-૧૩મા ગુણઠાણે ઉદય | ૧૮૩ |
| ૧૪મા ગુણઠાણે ઉદય | ૧૮૫ |
| ઉદીરણાવિધિ | ૧૯૦ |
| **સત્તાવિધિ** | **૧૯૩થી૨૧૪** |
| ૧લા ગુણઠાણે સત્તા | ૧૯૩ |
| ૪થી ૭ ગુણઠાણે સત્તા | ૧૯૩ |
| ઉપશમશ્રેણીમાં સત્તા | ૧૯૬ |
| ક્ષપકશ્રેણીમાં સત્તા | ૧૯૭ |
| ૧૩મા-૧૪મા ગુણઠાણે સત્તા | ૨૦૨ |
| **પ્રશ્નોત્તરી** | **૨૧૯થી૨૬૯** |
| મૂળગાથા | ૨૭૦થી૨૭૨ |

(૩) જે કર્મદલિકોમાં જે સ્વભાવ ઉત્પન્ન થયો હોય, તે સ્વભાવ ઓછા કે વધારે (તીવ્ર-મંદાદિ) પ્રમાણમાં ફળનો અનુભવ કરાવશે ? એવું નક્કી થવું, તે **"રસબંધ"** કહેવાય જેમકે, **દુઃખદાયક** સ્વભાવવાળા **૨૦૦૦** કર્મદલિકો **अ** નામના માણસને **૧૦૪ ડીગ્રી** તાવમાં પટકશે. એવો નિર્ણય થવો, તે **"રસબંધ"** કહેવાય.

(૪) બંધ સમયે જીવ અનંતાનંત કર્મપુદ્‌ગલોને ગ્રહણ કરે છે તેમાંથી જુદા જુદા સ્વભાવવાળા કર્મદલિકોના જેટલા ભાગ પડે છે. તે દરેક ભાગને જે ચોક્કસ પ્રમાણમાં કર્મદલિકો મળે છે. તે **"પ્રદેશબંધ"** કહેવાય. જેમકે, બંધ સમયે **अ** નામના માણસને **૧૦૪ ડીગ્રી** તાવમાં **૨** દિવસ રાખનાર અશાતાવેદનીયકર્મના ભાગમાં **૨૦૦૦** દલિકો આવ્યા, તે **"પ્રદેશબંધ"** કહેવાય..... એ રીતે, **કર્મબંધ** - ૪ પ્રકારે થાય છે....

**પ્રકૃતિબંધ :-**

અસત્કલ્પનાથી..... **ચિત્રનં.૧** માં બતાવ્યા મુજબ **अ** નામના માણસથી ગ્રહણ કરાતાં **૧૦૦૦૦** દલિકોમાંથી **૨૦૦૦** કર્મદલિકો **અક્ષયસુખ**ને ઢાંકે છે. તે દલિકો જ્યારે ઉદયમાં આવશે ત્યારે **अ** ને સુખ-દુઃખમાં (તાવમાં) ધક્કેલી દેશે..... એ **સુખ-દુઃખ**ને આપવાના સ્વભાવવાળા કર્મદલિકોનું નામ છે **"વેદનીયકર્મ"**.....

(૨) **૧૦૦૦૦** દલિકોમાંથી **૧૫૦૦** દલિકો **અક્ષયચારિત્ર**-ગુણને ઢાંકે છે. તે દલિકો જ્યારે ઉદયમાં આવશે ત્યારે **अ** રાગ-દ્વેષમાં મુંઝાયા કરશે..... એ **રાગ-દ્વેષ**માં મુંઝવનારા કર્મદલિકોનું નામ છે **"મોહનીયકર્મ"**.....

(૩) **૧૦૦૦૦** દલિકોમાંથી **૧૨૦૦** દલિકો **અનંતજ્ઞાન**ગુણને ઢાંકે છે. તે દલિકો જ્યારે ઉદયમાં આવશે ત્યારે **अ** નામના માણસને અજ્ઞાની-મૂર્ખ બનાવી દેશે..... એ **અજ્ઞાની-મૂર્ખ** બનાવનારા કર્મદલિકોનું નામ છે **"જ્ઞાનાવરણીકર્મ"**.....

(૪) **૧૦૦૦૦** કર્મદલિકોમાંથી **૧૨૦૦** દલિકો **અનંતદર્શન**-ગુણને ઢાંકે છે, તે દલિકો જ્યારે ઉદયમાં આવશે ત્યારે **अ** નામના માણસને આંધળો, બહેરો, બોબડો બનાવી દેશે..... એ **આંધળો-બહેરો-બોબડો** બનાવનારા કર્મદલિકોનું નામ છે **"દર્શનાવરણીયકર્મ"**.....

ચિત્રનં૦ ૧

# જ્ઞાનાવરણીયાદિ ૮ કર્મો



(૫) ૧૦૦૦૦ કર્મદલિકોમાંથી ૧૨૦૦ દલિકો **અનંતવીર્ય-ગુણને** (અનંતશક્તિને) ઢાંકે છે, તે દલિકો જ્યારે ઉદયમાં આવશે ત્યારે **अ** નામના માણસને નમાલો-નિર્બળ બનાવી દેશે..... એ **નમાલો-નિર્બળ** બનાવનારા કર્મદલિકોનું નામ છે **"અંતરાયકર્મ"**.....

(૬) ૧૦૦૦૦ કર્મદલિકોમાંથી ૧૦૦૦ દલિકો **અરૂપીગુણને** ઢાંકે છે, તે કર્મદલિકો જ્યારે ઉદયમાં આવશે ત્યારે **अ** નામના માણસને દેવાદિરૂપો, શરીર, ઈન્દ્રિય, યશ-અયશાદિને અપાવશે..... એ **દેવાદિગતિમાં** મોકલનારા કર્મદલિકોનું નામ છે **"નામકર્મ"**.....

(૭) ૧૦૦૦૦ કર્મદલિકોમાંથી ૧૦૦૦ દલિકો **અગુરૂલઘુગુણને** ઢાંકે છે, તે કર્મદલિકો જ્યારે ઉદયમાં આવશે ત્યારે **अ** નામના માણસને ઉચ્ચકુળ-નીચકુળમાં ધક્કેલી દેશે..... એ **ઉચ્ચકુળ-નીચકુળમાં** જન્મ અપાવનારા કર્મદલિકોનું નામ છે **"ગોત્રકર્મ"**.....

(૮) ૧૦૦૦૦ કર્મદલિકોમાંથી ૯૦૦ દલિકો **અક્ષયસ્થિતિને** ઢાંકે છે. તે દલિકો જ્યારે ઉદયમાં આવશે ત્યારે **મનુષ્યાદિભવને** અપાવશે..... એ કર્મદલિકોનું નામ છે **"આયુષ્યકર્મ"**.....

એ રીતે, **अ** નામના માણસે એક જ સમયમાં ગ્રહણ કરેલાં ૧૦૦૦૦ કર્મદલિકોની ચોક્કસ પ્રમાણમાં વહેંચણી થાય છે તેને **પ્રદેશબંધ** કહે છે અને તે કર્મદલિકોમાં જે સુખ-દુઃખાદિ આપવાના જુદા-જુદા સ્વભાવ નક્કી થાય છે તેને **"પ્રકૃતિબંધ"** કહે છે. **કર્મવિપાક** નામના પ્રથમકર્મગ્રન્થમાં પ્રકૃતિબંધનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે....... હવે અહીં સ્થિતિબંધનું વર્ણન કરવાનું છે.....

**સ્થિતિબંધ :-**

જે દિવસે કેદી કેદમાં પુરાય છે. તે જ દિવસે તેને કેદમાં કેટલો ટાઈમ રહેવું પડશે.... એનો નિર્ણય થઈ જાય છે. તેમ જીવ જે સમયે કર્મદલિકોને ગ્રહણ કરે છે. તે જ સમયે તે **કર્મદલિકોને આત્મપ્રદેશો ઉપર કેટલો ટાઈમ રહેવું પડશે.** એનો નિર્ણય થઈ જાય છે એને **સ્થિતિબંધ** કહે છે.

એકેન્દ્રિયજીવો...... જ્ઞાનાવરણીયાદિ-૪ નો $\frac{3}{7}$ સાગરોપમનો,
મિથ્યાત્વમોહનીયનો - ૧ સાગરોપમનો,
ચારિત્રમોહનીયનો - $\frac{4}{7}$ સાગરોપમનો,
નામ- ગોત્રનો $\frac{2}{7}$ સાગરોપમનો,

**મનુષ્યાયુ** કે **તિર્યંચાયુ**નો જઘન્યથી **અંતર્મુહૂર્ત**નો અને ઉત્કૃષ્ટથી **પૂર્વક્રોડવર્ષ**નો સ્થિતિબંધ કરે છે.

**સંજ્ઞીજીવો......** ઉત્કૃષ્ટથી **જ્ઞાનાવરણીયાદિ-૪**નો ૩૦ કો૦કો૦સા૦નો,
**ચારિત્રમોહનીય**નો ૪૦ કો૦કો૦સા૦નો,
**મિથ્યાત્વમોહનીય**નો ૭૦ કો૦કો૦સા૦નો,
**નામ-ગોત્ર**નો ૨૦ કો૦કો૦સા૦નો,
**દેવાયુ-નરકાયુ**નો ૩૩ સાગરોપમનો,
**મનુષ્યાયુ-તિર્યંચાયુ**નો **પૂર્વક્રોડવર્ષ**નો સ્થિતિબંધ કરે છે.

**સંજ્ઞી જીવો.....** જઘન્યથી જ્ઞાનાવરણીયાદિ-૭ કર્મનો **અંતઃકો૦કો૦સા૦નો,**
**મનુષ્યાયુ-તિર્યંચાયુ**નો **અંતર્મુહૂર્તનો,**
**દેવાયુ-નરકાયુ**નો **૧૦૦૦૦ વર્ષ**નો સ્થિતિબંધ કરે છે.

## કાળદર્શક યંત્ર :-

કેવળીભગવંતની દૃષ્ટિથી પણ જેના બે વિભાગ ન થઈ શકે એવા કાળના સૂક્ષ્મમાં સૂક્ષ્મ અંશને **"સમય"** કહે છે.

**અસંખ્યસમય = ૧ આવલિકા.....**
**૨૫૬ આવલિકા = ૧ ક્ષુલ્લકભવ.....**
**૧૭॥ ક્ષુલ્લકભવ = ૧ શ્વાસોચ્છ્વાસ.....**
**૪૯ શ્વાસોચ્છ્વાસ = ૧ લવ.....**
**૩૮॥ લવ = ૧ ઘડી.....**
**૨ ઘડી = ૧ મુહૂર્ત = ૪૮ મિનિટ.....**
**૩૦ મુહૂર્ત = ૧ દિવસ (અહોરાત્રી).....**
**૩૦ દિવસ = ૧માસ.....**
**૧૨ માસ = ૧ વર્ષ.....**

૮૪ લાખ વર્ષ = ૧ પૂર્વાંગ.....

પૂર્વાંગ x પૂર્વાંગ = ૧ પૂર્વ

૮૪૦૦૦૦૦x૮૪૦૦૦૦૦=૭૦૫૬૦૦૦૦૦,૦૦૦૦૦ વર્ષ = ૧ પૂર્વ.

અસંખ્યવર્ષ = ૧ પલ્યોપમ

૧૦ કોડાકોડી પલ્યોપમ = ૧ સાગરોપમ.....

અનાદિકાળથી માંડીને **૧૦**મા ગુણઠાણાના છેલ્લા સમય સુધી દરેક જીવો પ્રતિસમયે **જ્ઞાના૦૭** કર્મને બાંધે છે. એટલે દરેક સમયે જે કર્મની જેટલી સ્થિતિ નક્કી થાય છે. તે કર્મની તે સ્થિતિ બે વિભાગમાં વહેંચાઈ જાય છે. તેને (૧) **અભોગ્યસ્થિતિ** અને (૨) **ભોગ્યસ્થિતિ** કહે છે.

**અભોગ્યસ્થિતિ (અબાધાકાળ) :-**

કોઈપણ જીવ જે સમયે જે કર્મની જેટલી સ્થિતિને બાંધે છે. તે સ્થિતિમાંથી **જેટલી સ્થિતિમાં તથાસ્વભાવે જ ભોગવવા યોગ્ય કર્મદલિકો ગોઠવાતા નથી તેટલી સ્થિતિને** "અભોગ્યસ્થિતિ" **અથવા અબાધાસ્થિતિ** (અબાધાકાળ) **કહે છે.**

**બાધા = પીડા** (ઉદયરૂપ પીડા)

**અબાધા = પીડા**નો અભાવ (ઉદયરૂપ પીડા ન હોવી તે....)

બંધસમયે જે કર્મની જેટલી સ્થિતિ નક્કી થાય છે. તેટલી સ્થિતિમાંથી જેટલી **સ્થિતિમાં તથાસ્વભાવે જ ભોગવવા યોગ્ય કર્મદલિકો ન ગોઠવાય, તેટલી સ્થિતિમાં ઉદયરૂપ પીડા ન હોવાથી તેટલી સ્થિતિને અબાધાસ્થિતિ** અથવા **અબાધાકાળ કહે છે.**

**ભોગ્યસ્થિતિ (નિષેકકાળ) :-**

કોઈપણ જીવ જે સમયે જે કર્મની જેટલી સ્થિતિને બાંધે છે. તે સમયે તે સ્થિતિમાંથી અબાધાસ્થિતિને છોડીને બાકીની **જેટલી સ્થિતિમાં ભોગવવા યોગ્ય કર્મદલિકો ગોઠવાય છે. તેટલી સ્થિતિને** "ભોગ્યસ્થિતિ" અથવા **"નિષેકકાળ" કહે છે......**

**નિ + સિઞ્ચ** ધાતુનો અર્થ **"સ્થાપવું"** થાય છે.

**નિષેક = કર્મદલિકોની સ્થાપના.....**

કોઈપણ જીવ જે સમયે જે કર્મને બાંધે છે. તે સમયે તે કર્મના ભાગમાં જેટલું દલિક આવે, તેટલું દલિક ક્રમશઃ ભોગવી શકાય એવી રીતે ગોઠવાય છે. તેને **"નિષેકરચના"** કહે છે.

જીવ જે સમયે જે કર્મને બાંધે છે. તે સમયે તે કર્મના ભાગમાં આવેલા દલિકોમાંથી કેટલાક દલિકો અબાધાસ્થિતિની ઉપરના પ્રથમ સમયે ભોગવવા યોગ્ય હોય છે. તે અબાધાસ્થિતિની ઉપરના પ્રથમ સમયમાં ગોઠવાય છે તેને **"પ્રથમનિષેક"** કહે છે. તેના કરતાં થોડા ઓછા દલિકો બીજા સમયે ભોગવવા યોગ્ય હોય છે, તે બીજા સમયમાં ગોઠવાય છે, તેને **"બીજોનિષેક"** કહે છે. તેના કરતાં થોડા ઓછા દલિકો ત્રીજા સમયે ભોગવવા યોગ્ય હોય છે, તે ત્રીજા સમયમાં ગોઠવાય છે. તેને **"ત્રીજોનિષેક"** કહે છે. એ રીતે, જે સમયે જેટલો સ્થિતિબંધ થાય છે, તે સ્થિતિબંધના છેલ્લા સમય સુધી પૂર્વ-પૂર્વના સમય કરતાં પછી-પછીના સમયે થોડા ઓછા-ઓછા (વિશેષહીન) દલિકો ગોઠવાય છે. એટલે તે સમયે અબાધાસ્થિતિની ઉપરના પ્રથમસમયથી માંડીને સ્થિતિબંધના છેલ્લા સમય સુધીના જેટલા સમય થાય તેટલા નિષેકો હોય છે.

**સામાન્યનિયમ :-**

જે કર્મની જેટલા કોડાકોડી સાગરોપમની સ્થિતિ બંધાય છે. તે કર્મની તેટલા સો વર્ષની સ્થિતિમાં તથાસ્વભાવે જ કર્મદલિકની રચના થતી નથી. એટલે **જે કર્મની જેટલા કો૦કો૦સા૦ની સ્થિતિ બંધાય. તે કર્મનો તેટલા સો વર્ષનો અબાધાકાળ હોય છે.** અને જે કર્મની અંતઃકોડાકોડી સાગરોપમની સ્થિતિ બંધાય છે તે કર્મની અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિમાં તથાસ્વભાવે જ કર્મદલિક ગોઠવાતું નથી. એટલે **જે કર્મનો અંતઃકો૦કો૦સા૦ સ્થિતિબંધ થાય છે. તે કર્મનો અંતર્મુહૂર્તનો "અબાધાકાળ" હોય છે.**

એ નિયમાનુસારે મોહનીયકર્મનો **૭૦કોડાકોડી સાગરોપમ**નો સ્થિતિબંધ થાય છે ત્યારે **૭૦૦૦** વર્ષની સ્થિતિમાં તથાસ્વભાવે જ કર્મદલિક ગોઠવાતું ન હોવાથી, તે સ્થિતિબંધનો **૭૦૦૦ વર્ષનો** અબાધાકાળ હોય છે અને મોહનીયકર્મનો **અંતઃકો૦કો૦સા૦**નો સ્થિતિબંધ થાય છે ત્યારે **અંતર્મુહૂર્ત**નો અબાધાકાળ હોય છે.

## મિથ્યાત્વમોહનીયની નિષેકરચના :-

**अ** નામનો માણસ જે સમયે મિથ્યાત્વમોહનીયની અંતઃકો૦કો૦સા૦ સ્થિતિને બાંધે છે તે જ સમયે મિથ્યાત્વમોહનીયની અંતઃકો૦કો૦સા૦ સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત જેટલી સ્થિતિમાં તથાસ્વભાવે જ કર્મદલિક ગોઠવાતું ન હોવાથી અંતર્મુહૂર્તની અબાધા હોય છે અને તેની ઉપરના પ્રથમસમયથી અંતઃકો૦કો૦સા૦ના છેલ્લા સમય સુધીની સ્થિતિમાં ગોપુચ્છાકારે (વિશેષહીન ક્રમે) દલિક ગોઠવાતું હોવાથી અંતર્મુહૂર્તન્યૂન અંતઃકો૦કો૦સા૦ જેટલો નિષેકકાળ હોય છે.

અસત્કલ્પનાથી.....**મોહનીયની અંતઃકો૦કો૦સા૦=૨૪૦ સમય....**

**અબાધાનું અંતર્મુહૂર્ત = ૫ સમય**

માનવામાં આવે તો.....

ચિત્રનં.૨ માં બતાવ્યા મુજબ **अ** નામનો માણસ જે સમયે મોહનીયની **અંતઃકો૦કો૦સા૦ = ૨૪૦ સમય**ની સ્થિતિને બાંધે છે. તે જ સમયે તે સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત = **૫** સમયની સ્થિતિમાં તથાસ્વભાવે જ કર્મદલિક ગોઠવાતું ન હોવાથી **અંતર્મુહૂર્ત = ૫ સમયની અબાધાસ્થિતિ** છે. અને અંતર્મુહૂર્ત = **૫** સમયનો અબાધાકાળ છોડીને, તેની ઉપરના પ્રથમસમયથી અંતઃકો૦કો૦સા૦ના છેલ્લા સમય = ૬ થી ૨૪૦ સમય સુધીની સ્થિતિમાં ક્રમશઃ વિશેષહીન દલિક ગોઠવાતું હોવાથી **અંતર્મુહૂર્તન્યૂન અંતઃકો૦કો૦સા૦ = ૬ થી ૨૪૦ સમયની નિષેકસ્થિતિ** અથવા **નિષેકરચના છે.**

એ પ્રમાણે, કોઈપણ જીવ બંધયોગ્ય **૧૨૦** પ્રકૃતિમાંથી દેવાદિ-૪ આયુષ્યને છોડીને, બાકીની **૧૧૬** કર્મપ્રકૃતિમાંથી જે સમયે જેટલી કર્મપ્રકૃતિને બાંધતો હોય, તે સમયે તે તે કર્મપ્રકૃતિના ભાગમાં જેટલા દલિકો આવે, તેમાંથી તે તે કર્મપ્રકૃતિની અબાધાસ્થિતિને છોડીને, તેની ઉપરના પ્રથમ સમયથી માંડીને તે તે કર્મપ્રકૃતિનો જેટલો સ્થિતિબંધ થાય છે. તે સ્થિતિબંધના છેલ્લા સમય સુધી વિશેષહીન ક્રમે દલિકોને ગોઠવે છે. એટલે જે સમયે જેટલી કર્મપ્રકૃતિ બંધાય છે, તે સમયે તેટલી કર્મપ્રકૃતિની નિષેકરચના થાય છે.

ચિત્રનં૦૨

# મિથ્યાત્વમોહનીયની નિષેકરચના



## આયુષ્યકર્મની નિષેકરચના :-

આયુષ્યકર્મ એકભવમાં એક જ વાર સતત અંતર્મુહૂર્ત સુધી બંધાયા કરે છે અને આયુષ્ય બાંધતી વખતે ચાલુ ભવનું જેટલું આયુષ્ય બાકી રહ્યું હોય તેટલી પરભવાયુની અબાધાસ્થિતિ હોય છે. એટલે જ્યારે જીવ પરભવાયુને બાંધવાની શરૂઆત કરે છે ત્યારે ચાલુભવના આયુષ્યની જેટલી સ્થિતિ બાકી હોય તેટલી સ્થિતિને (તેટલા નિષેકોને) છોડીને, તેની ઉપર જ નવા બંધાતા આયુષ્યની સ્થિતિના પ્રથમ સમયથી છેલ્લા સમય સુધીની સ્થિતિમાં આયુષ્યકર્મના ભાગમાં આવેલા દલિકોને ગોપુચ્છાકારે (ક્રમશઃ વિશેષહીન) ગોઠવે છે.

જેમ કે, **૭૫** વર્ષના આયુષ્યવાળો **अ** નામનો માણસ, જ્યારે પોતાનું **૫૦** વર્ષનું આયુષ્ય ગયા પછી **૨૫** વર્ષનું આયુષ્ય બાકી રહે છે, ત્યારે ૨ સાગરોપમનું દેવાયુ બાંધવાની શરૂઆત કરે છે. તે વખતે દેવાયુના ભાગમાં જે કર્મદલિકો આવે છે, તે દલિકોને મનુષ્યાયુની **૨૫** વર્ષની સ્થિતિસત્તા છોડીને, તેની ઉપર જ ૨ સાગરોપમના જેટલા સમય થાય તેટલા સમયમાં ગોપુચ્છાકારે ગોઠવે છે.

અસત્કલ્પનાથી.....

**મનુષ્યાયુના ૨૫ વર્ષ = ૨૫ સમય**

**દેવાયુના ૨ સાગરોપમ = ૬૦ સમય**

**માનવામાં આવે તો.....**

ચિત્રનં.૩માં બતાવ્યા મુજબ **૭૫** વર્ષના આયુષ્યવાળો **अ** નામનો માણસ જ્યારે પોતાનું **૫૦** વર્ષનું આયુષ્ય ગયા પછી **૨૫ વર્ષ = ૨૫** સમયનું આયુષ્ય બાકી રહે છે. ત્યારે **૨ સાગરોપમ = ૬૦ સમય**નું દેવાયુ બાંધે છે. તે વખતે દેવાયુના ભાગમાં જે કર્મદલિકો આવે છે તે દલિકોને મનુષ્યાયુના બાકી રહેલા **૨૫ વર્ષ = ૨૫ સમય** = ૨૫ નિષેકને (**દેવાયુની ૨૫ સમયની અબાધાને**) છોડીને, તેની ઉપર **૨ સાગરોપમ = ૬૦ સમય** સુધી ક્રમશઃ વિશેષહીન ગોઠવે છે. તે વખતે **अ** નામના માણસને **દેવાયુની ૨૫ વર્ષ = ૨૫ સમયની અબાધાસ્થિતિ** હોય છે. અને **દેવાયુની** ૨ **સાગરોપમ** =

ચિત્રનં૦૩

# આયુષ્યકર્મની નિષેકરચના



૬૦ **સમયની નિષેકસ્થિતિ** અથવા **નિષેકરચના** હોય છે. જ્યારે મનુષ્યાયુના **૨૫** વર્ષ = **૨૫** સમય = **૨૫** નિષેકમાં રહેલું કર્મદલિક ભોગવાઈને નાશ પામી જાય છે ત્યારે **अ** નામનો માણસ મૃત્યુ પામે છે. ત્યારપછીના સમયે **अ** નામનો માણસ **દેવ**ભવમાં ઉત્પન્ન થાય છે.

ચિત્રનં.૩માં બતાવ્યા મુજબ એક જ સમયમાં બંધાતું અંતઃકો૦કો૦સા૦ની સ્થિતિવાળું મિથ્યાત્વમોહનીયકર્મ આત્મા પર અંતઃકો૦કો૦સા૦ સુધી રહી શકે છે. તેને **"સત્તા"** કહે છે. એટલે કર્મબંધની પ્રક્રિયાથી સત્તાની પ્રાપ્તિ થાય છે. એટલે બંધ પછી **"સત્તા"** કહી છે.

## સત્તાવિધિ :-

**કર્મોનું આત્માની ઉપર રહેવુ, તે "સત્તા" કહેવાય.**

બંધ સમયે જે કર્મની જેટલી સ્થિતિ નક્કી થાય, તે કર્મ તેટલા કાળ સુધી આત્મા ઉપર રહી શકે છે. એટલે જે સમયે જે કર્મની જેટલી સ્થિતિ બંધાય છે. તે સમયે તે કર્મની તેટલી સ્થિતિસત્તા પ્રાપ્ત થાય છે.

જેમ કે, **अ** નામનો [1]**અનાદિ એકેન્દ્રિય**જીવ જે સમયે મિ૦મો૦નો ૧ સાગરોપમનો સ્થિતિબંધ કરે છે. તે સમયે અનાદિ એકેન્દ્રિય-**अ**ને **૧ સાગરોપમ**ની **સ્થિતિસત્તા** પ્રાપ્ત થાય છે.

### એકસમયબદ્ધકર્મલતા :-

એકસમયમાં જેટલી સ્થિતિ બંધાય છે તેને એકસમયબદ્ધકર્મલતા (એકસમયબદ્ધસ્થિતિ) કહે છે.

ધારો કે, અનાદિ એકેન્દ્રિય-**अ (હીરો-अ) નૂતનવર્ષ**ના **૧લા** સમયે મિ૦મો૦ની **૧** સાગરોપમની સ્થિતિને બાંધે છે તેને **એકસમયબદ્ધ કર્મલતા** (એકસમયબદ્ધસ્થિતિ) કહે છે.

અસત્કલ્પનાથી.....

**૧ સાગરોપમ = ૩૦ સમય**

માનવામાં આવે તો.....

(૧) જે જીવ અનાદિકાળથી એકેન્દ્રિયમાં જ છે. હજુ સુધી ક્યારેય ત્રસપણું પામ્યો નથી. તેને અનાદિએકેન્દ્રિય કહેવાય છે.

ચિત્રનં.૪માં બતાવ્યા મુજબ **अ** નામનો હીરો (અનાદિએકેન્દ્રિય-**अ**) નૂતનવર્ષના **૧લા** સમયે મિ૦મો૦ની **૧ સાગરોપમ = ૩૦ સમય**ની સ્થિતિને બાંધે છે. તે સમયે તેના ભાગમાં જે કર્મદલિકો આવે છે તે દલિકોને મિ૦મો૦ની ૧ સાગરોપમ = ૩૦ સમયની સ્થિતિમાંથી **અબાધાનું અંતર્મુહૂર્ત = ૩ સમય**ને છોડીને, તેની ઉપરની ૪ થી ૩૦ સમયની સ્થિતિમાં વિશેષહીન ક્રમે ગોઠવે છે. તેમાં ૧ થી ૩ સમયની **અબાધાસ્થિતિ** છે. તેની ઉપર ૪ થી ૩૦ સમયની **નિષેકસ્થિતિ** છે. એટલે ચિત્રનં.૪ માં બતાવ્યા મુજબ એક જ સમયમાં (નૂતનવર્ષના ૧લા સમયે) બંધાયેલી મિ૦મો૦ની **અબાધાકાળ** સહિત **નિષેકસ્થિતિ**ને **એકસમયબદ્ધકર્મલતા** કહે છે.

ચિત્રનં૦૪



**અનેકસમયબદ્ધકર્મલતા :-**

અનાદિમિથ્યાદૃષ્ટિ જીવ પ્રતિસમયે મિથ્યાત્વમોહનીયને બાંધી રહ્યો છે. દરેક સમયે સ્થિતિબંધાનુસારે જુદી-જુદી નિષેકરચના થાય છે. પણ **સાગરમાં સમાઈ જતી અનેક નદીની જેમ પૂર્વની જુની નિષેકરચનામાં પછીની નવી નિષેકરચના સમાઈ જાય છે.**

જેમ કે, **अ** નામનો અનાદિએકેન્દ્રિય જીવ પ્રતિસમયે મિ૦મો૦ને બાંધી રહ્યો છે. તે જીવ જઘન્યથી મિ૦મો૦નો **પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ૧ સાગરોપમનો** અને ઉત્કૃષ્ટથી **મિ૦મો૦**નો **૧ સાગરોપમ**નો સ્થિતિબંધ કરે છે. એટલે દરેક સમયે સ્થિતિબંધાનુસારે મિ૦મો૦ની જુદી-જુદી નિષેકરચના થાય છે.

અસત્કલ્પનાથી.....

**૧ સાગરોપમ = ૩૦ સમય**
**પલ્યોપમનો અસં૦ભાગ ન્યૂન ૧ સાગરોપમ = ૨૫ સમય**
**તેના અબાધાકાળનું અંતર્મુહૂર્ત = ૩ સમય**

માનવામાં આવે તો......

**ચિત્રનં.૫** માં બતાવ્યા મુજબ **अ** નામનો હીરો (અનાદિએકેન્દ્રિય-**अ**) નૂતનવર્ષના **૩૦મા સમયે** મિ૦મો૦ની **૧ સાગરોપમ = ૩૦ સમય**ની સ્થિતિને બાંધે છે. તે જ સમયે (નૂતનવર્ષના ૩૦મા સમયે) તેને **૧સાગરોપમ = ૩૦** સમયની સ્થિતિસત્તા પ્રાપ્ત થાય છે. તે સમયે **अ**ને સત્તામાં **૧સાગરોપમ=૩૦ સમય=૩૦ નિષેક** હોય છે.

**ચિત્રનં.૫** માં બતાવ્યા મુજબ હીરો-**अ** ને સત્તામાં વધુમાં વધુ ૧ સાગરોપમમાં બંધાયેલી કર્મલતા = ૩૦ સમયમાં (નૂતનવર્ષના ૧થી ૩૦ સમયમાં) બંધાયેલી ૩૦ કર્મલતા હોય છે.

**ચિત્રનં.૫**માં બતાવ્યા મુજબ હીરો-**अ**ને સત્તામાં **૧લા નિષેકમાં** નૂતનવર્ષના **૧લા** સમયથી **૨૭મા સમયનું બંધાયેલું દલિક** હોય છે. ૨જા નિષેકમાં **૨ થી ૨૮** સમયનું બંધાયેલું દલિક હોય છે. એ રીતે, ૩જા-૪થા વગેરે નિષેકમાં પણ સમજવું.... છેલ્લા **૩૦**મા નિષેકમાં નૂતનવર્ષના **૩૦**મા (એક જ) સમયનું બંધાયેલુ દલિક હોય છે. કારણકે હીરો-**अ** નૂતનવર્ષના ૧લા સમયે મિ૦મો૦નો **૧ સાગરોપમ = ૩૦ સમય**નો સ્થિતિબંધ કરે છે. તે જ સમયથી (નૂતનવર્ષના ૧લા સમયથી)

ચિત્રનં૦૫

# અનેક સમયબદ્ધકર્મલતા



**૧લી કર્મલતામાંથી નીચેની એક-એક સમયે ક્રમશઃ એક-એક સમયનો અબાધાકાળ ઓછો થતો જાય છે.** એટલે નૂતનવર્ષના ૩જા સમયે ૧લી કર્મલતાનો અબાધાકાળ પૂર્ણ થઈ જાય છે. ત્યારબાદ ૪થા સમયથી **૧લી કર્મલતામાંથી નીચેની એક-એક સમયે ક્રમશઃ એક-એક નિષેકમાંથી કર્મદલિક ભોગવાઈને નાશ પામતું જાય છે.** એટલે નૂતનવર્ષના ૩૦મા સમયે **ચિત્રનં.૫**માં બતાવ્યા મુજબ ૧લી કર્મલતામાં છેલ્લા નિષેકનું દલિક બાકી હોય છે. તે જ સમયે (નૂતનવર્ષના ૩૦મા સમયે) ૧લી કર્મલતાના છેલ્લા નિષેકનું દલિક ભોગવાઈને નાશ પામી જાય છે. એટલે **નૂતનવર્ષના ૧લા સમયે બંધાયેલી ૧લી કર્મલતાનો નૂતનવર્ષના ૩૦મા સમયે નાશ થાય[૨] છે.**

એ જ રીતે, **ચિત્રનં.૫** માં બતાવ્યા મુજબ નૂતનવર્ષના ૩૦મા સમયે નૂતનવર્ષના બીજા સમયમાં બંધાયેલી બીજી કર્મલતાના છેલ્લા બે નિષેકમાં જ દલિક બાકી હોય છે. તેમાંથી **૧**લા નિષેકનું દલિક **૩૦**મા સમયે ભોગવાઈને નાશ પામી જાય છે. અને બીજા નિષેકનું દલિક ૩૧મા સમયે ભોગવાઈને નાશ પામી જાય છે. એટલે **૩૧મા સમયે** બીજી **કર્મલતાનો નાશ થાય છે.** એ રીતે, ત્રીજી-ચોથી વગેરે કર્મલતાઓમાંથી પણ પોત-પોતાનો [૩]**અબાધાકાળ** પૂર્ણ થયા પછી એક-એક સમયે ક્રમશઃ એક-એક નિષેકનું દલિક ભોગવાઈને નાશ પામી રહ્યું છે. જ્યારે ત્રીજી-ચોથી વગેરે કર્મલતાનું બધું જ દલિક નાશ પામી જાય છે. ત્યારે ત્રીજી-ચોથી વગેરે કર્મલતાનો પણ નાશ થાય છે. એટલે અનાદિએકેન્દ્રિય-**અ**ને મિ૦મો૦ની એકસમયબદ્ધકર્મલતા વધુમાં વધુ **૧ સાગરોપમ=૩૦ સમય** સુધી જ આત્મા ઉપર રહી શકે છે. તેનાથી વધુ સમય રહી શકતી નથી. એટલે **ચિત્રનં.૫**માં બતાવ્યા મુજબ હીરો-**અ**ને સત્તામાં વધુમાં વધુ **૧ સાગરોપમના સમય** જેટલી કર્મલતા = **૩૦ કર્મલતા** હોય છે. તેનાથી વધુ કર્મલતા હોતી નથી.

---

(૨) પ્રવાહની અપેક્ષાએ મોહનીયકર્મનો બંધ અનાદિકાળથી ચાલુ છે. પણ વ્યક્તિગત રીતે દરેક કર્મલતાની સત્તા સાદિ-સાંત છે. કારણકે બંધ સમયે જે કર્મની જેટલી સ્થિતિ નક્કી થાય છે. તે કર્મના ભાગમાં આવેલા દલિકોને જીવ તેટલા જ કાળ સુધી ભોગવી શકે એવી રીતે ગોઠવાય છે. એટલે તત્કાલીન કર્મલતા તેટલો કાળ આત્મા પર રહી શકે છે. તેનાથી વધુ કાળ રહી શકતી નથી એટલે દરેક કર્મલતાની સ્થિતિસત્તા સાદિ-સાંત છે.

અહીં ખાસ ધ્યાન રાખવું કે,

**સત્તામાં રહેલી મિ૦મો૦ની સ્થિતિથી નવી બંધાતી મિ૦મો૦ની સ્થિતિ ઓછી હોય, તો સત્તામાં રહેલા જૂના નિષેકોમાં જ નવી બંધાતી મિ૦મો૦ના નિષેકો સમાઈ જવાથી તે સમયે નિષેકરચના ઉપર વધતી નથી અને સત્તામાં રહેલી મિ૦મો૦ની સ્થિતિથી નવી બંધાતી મિ૦મો૦ની સ્થિતિ વધારે હોય**, તો જૂના નિષેકો કરતાં નવી બંધાતી મિ૦મો૦ના નિષેકો વધારે હોવાથી, તે સમયે **મિ૦મો૦ની નિષેકરચના ઉપર વધે છે.**

**ચિત્રનં.૬**માં બતાવ્યા મુજબ હીરો-**अ** નૂતનવર્ષના **૩૧**મા સમયે મિ૦મો૦નો **દેશોન સાગરોપમ** = **૨૯** સમયનો સ્થિતિબંધ કરે છે. તે સમયે તેના ભાગમાં આવેલા દલિકોને **અબાધાનું અંતર્મુહૂર્ત** = **૩** સમય છોડીને, તેની ઉપરના **૪** થી **૨૯** સમયમાં વિશેષહીન ક્રમે ગોઠવે છે. તે વખતે **ચિત્રનં.૬**માં બતાવ્યા મુજબ જૂની નિષેકરચનામાં પણ **૨** થી **૩૦** સુધીના **૨૯** નિષેકો હોય છે. તેમાંથી **૨** થી **૪** સુધીના **૩** નિષેકને છોડીને, તેની ઉપરના **૫** થી **૩૦** સુધીના **૨૬** નિષેકમાં નવી બંધાતી કર્મલતાના **૪** થી **૨૯** સુધીના **૨૬** નવા નિષેકો સમાઈ જવાથી તે સમયે નિષેક રચના ઉપર વધતી નથી...

## અનેકસમયબદ્ધકર્મલત્તા



**ધારો કે**, નૂતનવર્ષના **૩૫**મા સમયે **अ** નામનો અનાદિ એકેન્દ્રિય મરણ પામીને **अ નામનો માણસ** થાય છે. તે જ સમયે માણસ-**अ** મિ૦મો૦નો **અંતઃકો૦કો૦સા૦**નો સ્થિતિબંધ કરે છે.

અસત્કલ્પનાથી..... **અંતઃકો૦કો૦સા૦ = ૨૪૦ સમય**

**અબાધાનું અંતર્મુહૂર્ત = ૫ સમય**

માનવામાં આવે તો.....

**ચિત્રનં.૭**માં બતાવ્યા મુજબ **अ** નામનો માણસ નૂતનવર્ષના ૩૫મા સમયે મિ૦મો૦નો **અંતઃકો૦કો૦સા૦ = ૨૪૦** સમયનો સ્થિતિબંધ કરે છે. તે સમયે તેના ભાગમાં આવેલા દલિકોને અબાધાનું **અંતર્મુહૂર્ત = ૫** સમય છોડીને, તેની ઉપરની **અંતર્મુહૂર્તન્યૂન અંતઃકો૦કો૦સા૦ = ૬ થી ૨૪૦** સમયની સ્થિતિમાં વિશેષહીન ક્રમે ગોઠવે છે. તે વખતે **ચિત્રનં.૭**માં બતાવ્યા મુજબ પૂર્વની જૂની નિષેકરચનામાં પણ [૪]**૨૫** નિષેકો (દેશાન સાગરોપમના સમય જેટલા નિષેકો) હોય છે. તેમાં નીચેથી **૫** નિષેકને છોડીને **૬** થી **૨૫** સુધીના નિષેકો ગોઠવાઈ જાય છે અને તેની ઉપર **૨૬** થી **૨૪૦** નિષેકો ગોઠવાઈ જાય છે. એટલે **ચિત્રનં.૭**માં બતાવ્યા મુજબ **૨૫** જૂના નિષેક હતાં, અને તેની ઉપર **૨૬** થી **૨૪૦** નિષેક નવા વધી જવાથી નિષેકરચના ઉપર વધે છે. તે સમયે માણસ-**अ** ને મિ૦મો૦ની **અંતઃકો૦કો૦સા૦ની = ૨૪૦ સમય**ની સ્થિતિસત્તા થાય છે. તે સમયે તેને **સત્તામાં ૨૪૦ નિષેકો** હોય છે.

**ધારો** કે, **अ** નામનો માણસ નૂતનવર્ષના **૪૦**મા સમયે મિ૦મો૦નો **૧** કો૦કો૦સા૦નો સ્થિતિબંધ કરે છે, તે જ સમયે તેને મિ૦મો૦ની **૧** કો૦કો૦સા૦ની સ્થિતિસત્તા થાય છે.

---

(૩) કર્મબંધ થયા પછી તે તે કર્મલતા પોત-પોતાનો અબાધાકાળ પૂર્ણ થયા પછી ફળનો અનુભવ કરાવે છે. પણ જો અપવર્તનાકરણથી કર્મદલિકો અબાધાસ્થિતિમાં આવી જાય તો અબાધાકાળ પૂર્ણ થયા પહેલા પણ તે કર્મદલિક ફળનો અનુભવ કરાવતું હોય છે. (ઉદયમાં આવતું હોય છે.)

(૪) અનાદિ એકેન્દ્રિય-अ નૂતનવર્ષના **૩૪** મા સમયે (મરણ સમયે) મિ૦મો૦ની **દેશોન સાગરોપમ** = **૨૬** સમયની સ્થિતિને બાંધે છે. તેમાંથી તે જ સમયે નીચેની ૧ સમયની સ્થિતિ નાશ પામી જાય છે એટલે નૂતનવર્ષના **૩૫**મા સમયે **अ** નામનો જીવ **દેશોન સા૦ = ૨૫ સમય = ૨૫ નિષેકો** પૂર્વભવમાંથી લઈને પરભવમાં આવે છે.

# અનેકસમયબદ્ધ કર્મલતા



અસત્‌કલ્પનાથી.....

**૧કો૦કો૦સા૦ = ૨૫૦ સમય**

**અબાધાના ૧૦૦ વર્ષ = ૧૦ સમય**

માનવામાં આવે તો.....

**ચિત્રનં.૮**માં બતાવ્યા મુજબ **अ** નામનો માણસ નૂતનવર્ષના ૪૦ મા સમયે મિ૦મો૦નો **૧ કો૦કો૦સા૦ = ૨૫૦ સમય**નો સ્થિતિબંધ કરે છે. તે જ સમયે તેના ભાગમાં આવેલા દલિકોને અબાધાના **૧૦૦ વર્ષ = ૧૦ સમય** છોડીને, તેની ઉપરની **૧૦૦ વર્ષ ન્યૂન ૧કો૦કો૦સા૦ = ૧૧ થી ૨૫૦ સમય**ની સ્થિતિમાં વિશેષહીન ક્રમે ગોઠવે છે. તે વખતે **ચિત્રનં.૮**માં બતાવ્યા મુજબ પૂર્વભવની (અનાદિ એકેન્દ્રિયભવની) જૂની નિષેકરચનામાં ૨૦ નિષેકો હોય છે અને ચાલુ ભવની જૂની નિષેકરચનામાં **અંતઃકો૦કો૦સા૦ = ૨૩૯**[૫] નિષેકો હોય છે. તેમાં નીચેથી **૧૦** નિષેકને છોડીને, તેની ઉપરના **૧૧** થી **૨૩૯** સુધીના જૂના નિષેકમાં જ નવી બંધાતી મિ૦મો૦ના **૧૧** થી **૨૩૯** નિષેકો ગોઠવાઈ જાય છે. એટલે **ચિત્રનં.૮માં** બતાવ્યા મુજબ જૂના **૨૩૯** નિષેક હતાં અને તેની ઉપરના **૨૪૦** થી **૨૫૦** નિષેકો વધી જવાથી નિષેકરચના ઉપર વધે છે. એ રીતે, જેમ જેમ સ્થિતિબંધ વધતો જાય છે તેમ તેમ નિષેકરચના ઉપર-ઉપર વધતી જાય છે.

**अ** નામનો માણસ જે સમયે મિ૦મો૦નો **૭૦કો૦કો૦સા૦**નો સ્થિતિબંધ કરે છે. તે સમયે માણસ-**अ** ને **૭૦ કો૦કો૦સા૦**ની સ્થિતિસત્તા પ્રાપ્ત થાય છે. અને જે સમયે મિ૦મો૦નો **૭૦ કો૦કો૦સા૦**નો ઉ૦ સ્થિતિબંધ થાય છે. તે જ સમયે બાકીના **જ્ઞાના૦ ૬** કર્મોનો પણ **ઉ૦ સ્થિતિબંધ** થાય છે. એટલે તે જ સમયે **જ્ઞાના૦ ૬** કર્મોની પણ **ઉ૦ સ્થિતિસત્તા** પ્રાપ્ત થાય છે.

---

(૫) **अ** નામનો માણસ નૂતનવર્ષના **૪૪**મા સમયે મિ૦મો૦નો અંતઃકો૦કો૦સા૦નો સ્થિતિબંધ કરે છે. તે જ સમયે તેને અંતઃકો૦કો૦સા૦ = ૨૪૦ નિષેકો હોય છે. તેમાંથી નીચેની - ૧ સમયની સ્થિતિ (૧ નિષેક) નાશ પામી જવાથી **૪૫**મા સમયે **अ** ને સત્તામાં ૨૩૯ નિષેકો હોય છે.



ચિત્રનં૮
અનેકસમયબદ્ધ કર્મલતા
મિથ્યાત્વમોહનીયની ૧કોકોસા૦ = ૨૫૦ સમયની સ્થિતિ
આયામ - ૩
મિથ્યાત્વમોહનીયની જુની નિપેકરચના
મિથ્યાત્વમોહનીયની જુની નિપેકરચના
મિથ્યાત્વમોહનીયની જુની નિપેકરચના
જુની નિપેક રચના
અબાધા
અબાધા

**ધારો કે,** નૂતનવર્ષના **૪૫**મા સમયે માણસ-**અ**......

મિ૦મો૦નો **૭૦ કો૦કો૦સા૦**નો ઉ૦ સ્થિતિબંધ કરે છે.

ચા૦મો૦નો **૪૦ કો૦કો૦સા૦**નો ઉ૦ સ્થિતિબંધ કરે છે.

જ્ઞાના૦૪નો **૩૦ કો૦કો૦સા૦**નો ઉ૦ સ્થિતિબંધ કરે છે.

નામ-ગોત્રનો **૨૦ કો૦કો૦સા૦**નો ઉ૦ સ્થિતિબંધ કરે છે.

તે જ સમયે માણસ-**અ**ને સત્તામાં અસત્કલ્પનાથી.....

મિ૦મો૦ની **૭૦કો૦કો૦સા૦=૧૭૫૦૦ સમય=૧૭૫૦૦** નિષેક હોય છે.

ચા૦મો૦ની **૪૦કો૦કો૦સા૦=૧૦૦૦૦સમય=૧૦૦૦૦** નિષેક હોય છે.

જ્ઞાના૦૪ની **૩૦કો૦કો૦સા૦=૭૫૦૦સમય=૭૫૦૦** નિષેક હોય છે.

નામ-ગોત્રની **૨૦કો૦કો૦સા૦=૫૦૦૦સમય=૫૦૦૦** નિષેક હોય છે.

એ જ રીતે, બંધયોગ્ય **૧૨૦** ઉત્તરપ્રકૃતિમાંથી **૪** આયુષ્યને છોડીને, બાકીની **૧૧૬** પ્રકૃતિમાંથી માણસ-**અ**ને સત્તામાં જેટલી પ્રકૃતિ હોય, તે દરેક પ્રકૃતિની ઓછામાં ઓછી અંતઃકો૦કો૦સા૦ જેટલી સ્થિતિસત્તા હોય છે અને વધુમાં વધુ પોત-પોતાના ઉ૦સ્થિતિબંધ જેટલી ઉ૦સ્થિતિસત્તા હોય છે. તેથી માણસ-**અ**ને સત્તામાં રહેલી કર્મપ્રકૃતિના ઓછામાં ઓછા અંતઃકો૦કો૦સા૦ના જેટલા સમય થાય તેટલા નિષેકો હોય છે અને વધુમાં વધુ પોત-પોતાના ઉ૦સ્થિતિબંધના જેટલા સમય થાય તેટલા નિષેકો હોય છે.

કોઈપણ જીવ પરભવાયુને બાંધતો નથી ત્યાં સુધી તેને પોતાનું ભોગવાતું એક જ આયુષ્ય સત્તામાં હોય છે. જ્યારે તે જીવ પરભવાયુને બાંધે છે ત્યારે તેને સત્તામાં બે આયુષ્ય હોય છે જેમ કે, માણસ-**અ** જ્યાં સુધી પરભવાયુને બાંધતો નથી ત્યાં સુધી તેને એક જ મનુષ્યાયુની સત્તા હોય છે અને જ્યારે માણસ-**અ** **ચિત્રનં.૩**માં બતાવ્યા મુજબ દેવાયુને બાંધે છે ત્યારે તેને **બે આયુષ્યની સત્તા** હોય છે. એટલે એક જીવને એકભવમાં વધુમાં વધુ બે જ આયુષ્યની સત્તા હોય છે. ચારે આયુષ્યની સત્તા હોતી નથી.

સત્તા બે પ્રકારે છે. (૧) **સ્વરૂપસત્તા** (૨) **પરરૂપસત્તા**........

(૧) **સ્વરૂપસત્તા** :- જે કર્મનું પોતાના મૂળસ્વભાવને છોડ્યા સિવાય આત્માની સાથે રહેવું, તે **"સ્વરૂપસત્તા"** કહેવાય.....

બંધ સમયે જે કર્મદલિકમાં જે સ્વભાવ નક્કી થયો હોય, તે કર્મદલિકનો તે **"મૂળસ્વભાવ"** કહેવાય.....

જેમ કે, બંધસમયે ૨૦૦૦ કર્મદલિકોમાં સુખ આપવાનો સ્વભાવ નક્કી થાય છે, તે સુખદાયક સ્વભાવને જ તેનો મૂળસ્વભાવ કહેવાય..... અને જેટલો કાળ તે ૨૦૦૦ કર્મદલિકો સુખદાયક સ્વભાવને જાળવી રાખે છે તેટલા કાળ સુધી તે કર્મદલિકની સ્વરૂપસત્તા કહેવાય છે. એટલે કે, જ્યાં સુધી શાતાવેદનીયકર્મ પોતાના મૂળ સ્વભાવને (સુખ આપવાના સ્વભાવને) જાળવી રાખે છે ત્યાં સુધી શાતાની સ્વરૂપ સત્તા કહેવાય છે.

(૨) **પરરૂપસત્તા** :- જે કર્મોનું અન્ય સજાતીય કર્મપ્રકૃતિમાં સંક્રમીને (પોતાના મૂળસ્વભાવને છોડીને) પરરૂપે થઈને આત્માની સાથે રહેવું, તે **"પરરૂપસત્તા"** કહેવાય છે.

**એકનું બીજામાં રૂપાંતર થવું, તે "સંક્રમ" કહેવાય.....**

સત્તામાં રહેલી કર્મપ્રકૃતિના દલિકો પોતાના મૂળસ્વભાવને છોડીને, બંધાતી સજાતીય કર્મપ્રકૃતિના સ્વભાવને પ્રાપ્ત કરે છે, તે વખતે જે એક કર્મનું બીજા કર્મમાં રૂપાંતર થયું, તે **"સંક્રમ"** કહેવાય.

જેમ કે, સત્તામાં રહેલા અશાતાના કર્મદલિકો પોતાના દુઃખદાયક મૂળસ્વભાવને છોડીને, બંધાતી શાતામાં પડીને, સુખદાયક સ્વભાવને પ્રાપ્ત કરે છે. તે વખતે અશાતાના કર્મદલિકોનું શાતાના કર્મદલિકોમાં જે રૂપાંતર થયું, તે **"સંક્રમ"** કહેવાય છે અને અશાતાના જેટલા કર્મદલિકો શાતારૂપે બને છે તેટલા દલિકો જ્યાં સુધી શાતારૂપે જ આત્મા ઉપર પડ્યા રહે, ત્યાં સુધી તે દલિકોની પરરૂપસત્તા કહેવાય છે.

ચિત્રનં.૯માં બતાવ્યા મુજબ શાતાની નિષેકરચનામાં શાતાના દલિકોની સ્વરૂપસત્તા છે અને અશાતાની નિષેકરચનામાં અશાતાના દલિકોની સ્વરૂપસત્તા છે. પણ ચિત્રનં.૯માં બતાવ્યા મુજબ અશાતાની નિષેકરચનામાંથી જેટલાં દલિકો શાતામાં જઈ રહ્યાં છે તેટલા દલિકો

શાતામાં પડીને, શાતા રૂપે બની રહ્યાં છે. તે સમયે શાતામાં સંક્રમથી આવેલા અશાતાના દલિકો જેટલા કાળ સુધી શાતાની નિષેકરચનામાં પડ્યા રહે છે તેટલા કાળ સુધી તે કર્મદલિકોની **પરરૂપસત્તા** (શાતારૂપે સત્તા) કહેવાય છે.

ચિત્રનં.૯માં બતાવ્યા મુજબ ઉદયવતી શાતાના ઉદય સમયમાં સ્તિબુકસંક્રમથી સંક્રમતું અશાતાના પ્રથમ નિષેકનું કર્મદલિક શાતારૂપે બની જવાથી, તે સમયે અશાતાના પ્રથમનિષેકની **પરરૂપસત્તા** હોય છે.

**સત્તાવિધિમાં ખાસ ધ્યાન રાખવું કે,**

(૧) જ્ઞાનાવરણીયાદિ-૭ કર્મની નિષેકરચનાના નીચેના ભાગમાંથી ક્રમશઃ **એક-એક સમયે એક-એક નિષેકનું દલિક ભોગવાઈને નાશ પામતું જાય છે અને ઉપરના ભાગમાં નિષેકરચના ઉપર વધતી જાય છે.**

(૨) સાગરમાં સમાઈ જતી અનેક નદીની જેમ પૂર્વની નિષેકરચનામાં પછીની કર્મલતા સમાઈ જતી હોવાથી, દરેક નિષેકો કર્મદલિકોથી પુષ્ટ થતાં જાય છે. એટલે **એક-એક નિષેકમાં અસંખ્યસમયનું બંધાયેલુ કર્મદલિક પડ્યું હોય છે.** જેમ કે, ચિત્રનં.૫માં બતાવ્યા મુજબ હીરો-**अ** (અનાદિએકેન્દ્રિય-**अ**)ને **૧લા નિષેકમાં દેશોન સાગરોપમ = ૨૭ સમયનું બંધાયેલું દલિક પડ્યું છે.**

(૩) ચિત્રનં.૫માં બતાવ્યા મુજબ મિ૦મો૦ના અબાધાકાળ વખતે પણ પૂર્વબદ્ધઅનેકકર્મલતાના નિષેકમાં રહેલા કર્મદલિકો ફળનો અનુભવ કરાવી રહ્યાં છે. તેથી અનાદિ એકેન્દ્રિય-**अ**ને મિ૦મો૦ની અબાધાનો (અનુદય અવસ્થાનો) કયારેય અનુભવ થતો નથી. એટલે કે, **अ** પ્રતિસમયે મોહનીયકર્મને ભોગવી રહ્યો છે.

મિ૦મો૦ની સ્થિતિસત્તામાંથી એક-એક સમયે ક્રમશઃ એક-એક નિષેકમાં રહેલું કર્મદલિક ભોગવાઈને નાશ પામી રહ્યું છે. એટલે જ્યાં સુધી સત્તામાં કર્મદલિકો હોય ત્યાં સુધી ઉદય ચાલુ રહે છે એટલે સત્તાવિધિ પછી **ઉદયવિધિ** કહી છે.

ચિત્રનં૦૯

# સ્વરૂપસત્તા-પરરૂપસત્તા



## ઉદયવિધિ

કર્મના ફળનો અનુભવ કરવો, તે **"ઉદય"** કહેવાય.....

કોઈપણ સંજ્ઞીને સત્તામાં રહેલા દરેક કર્મના ઓછામાં ઓછા અંતઃકોડાકોડી સાગરોપમના જેટલા સમય થાય, તેટલા નિષેકો હોય છે અને વધુમાં વધુ પોત-પોતાના ઉત્કૃષ્ટ સ્થિતિબંધના જેટલા સમય થાય તેટલા નિષેકો હોય છે. તે દરેક કર્મની નિષેકરચનામાંથી નીચેની એક-એક સમયે ક્રમશઃ એક-એક નિષેકમાં રહેલું કર્મદલિક ફળનો અનુભવ કરાવીને નાશ પામી રહ્યું છે. તે વખતે એક જીવ એકી સાથે પરસ્પર વિરોધીકર્મના ફળને સ્વરૂપે ભોગવી શકતો નથી. કારણ કે **એક માણસ જ્યારે સુખનો અનુભવ કરતો હોય ત્યારે દુઃખનો અનુભવ કરી શકતો નથી અને જ્યારે દુઃખનો અનુભવ કરતો હોય ત્યારે સુખનો અનુભવ કરી શકતો નથી.** એટલે જ્યારે શાતાના ઉદયપ્રાપ્તનિષેકમાં રહેલું દલિક સુખનો અનુભવ કરાવતું હોય છે ત્યારે અશાતાના ઉદયપ્રાપ્તનિષેકનું દલિક દુઃખનો અનુભવ કરાવી શકતું ન હોવાથી, તે કર્મદલિક શાતામાં સંક્રમીને પરરૂપે = શાતારૂપે ફળનો અનુભવ કરાવીને નાશ પામી જાય છે અને જ્યારે અશાતાના ઉદયપ્રાપ્તનિષેકનું દલિક દુઃખનો અનુભવ કરાવતું હોય ત્યારે શાતાના ઉદયપ્રાપ્તનિષેકનું દલિક સુખનો અનુભવ કરાવી શકતું ન હોવાથી, તે કર્મદલિક અશાતામાં સંક્રમીને પરરૂપે = અશાતારૂપે ફળનો અનુભવ કરાવીને નાશ પામી જાય છે.

એ જ રીતે, એક માણસ જ્યારે હાસ્ય-રતિનો અનુભવ કરતો હોય ત્યારે શોક-અરતિનો અનુભવ કરી શકતો નથી અને જ્યારે શોક-અરતિનો અનુભવ કરતો હોય ત્યારે હાસ્ય-રતિનો અનુભવ કરી શકતો નથી. તેથી જ્યારે હાસ્ય-રતિનું ઉદયપ્રાપ્તનિષેકનું દલિક હાસ્ય-રતિનો અનુભવ કરાવતું હોય ત્યારે શોક-અરતિના ઉદયપ્રાપ્ત નિષેકનું દલિક શોક-અરતિનો અનુભવ કરાવી શકતું ન હોવાથી, તે કર્મદલિક હાસ્ય-રતિમાં સંક્રમીને પરરૂપે = હાસ્ય-રતિરૂપે ફળનો અનુભવ કરાવીને

નાશ પામી જાય છે. અને જ્યારે શોક-અરતિનું ઉદયપ્રાપ્તનિષેકનું દલિક શોક-અરતિનો અનુભવ કરાવતું હોય ત્યારે હાસ્ય-રતિનું ઉદયપ્રાપ્તનિષેકનું દલિક હાસ્ય-રતિનો અનુભવ કરાવી શકતું ન હોવાથી, તે કર્મદલિક શોક-અરતિમાં સંક્રમીને પરરૂપે = શોક-અરતિરૂપે ફળનો અનુભવ કરાવીને નાશ પામી જાય છે. તેથી ઉદય ૨ પ્રકારે કહ્યો છે...

(૧) વિપાકોદય.... (૨) પ્રદેશોદય....

(૧) વિપાકોદય :-

કર્મદલિકોને સ્વરૂપે (પોતાના મૂળસ્વભાવે) ભોગવવા, તે **વિપાકોદય** કહેવાય છે. જેમ કે, શાતાવેદનીયકર્મ સુખનો અનુભવ કરાવતું હોય ત્યારે **શાતાનો વિપાકોદય** કહેવાય.....

(૨) પ્રદેશોદય :-

અનુદયવાળી કર્મપ્રકૃતિના ઉદયપ્રાપ્તનિષેકના સંપૂર્ણ કર્મદલિકો સજાતીય ઉદયવાળીકર્મપ્રકૃતિના ઉદયસમયમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવીને પરરૂપે (ઉદયવાળી પ્રકૃતિરૂપે) ભોગવવા, તે **પ્રદેશોદય** કહેવાય છે.

જેમ કે, **ચિત્રનં.૧૦**માં બતાવ્યા મુજબ અનુદયવાળી અશાતાવેદનીયકર્મના ઉદયપ્રાપ્તનિષેકમાં રહેલા સંપૂર્ણ કર્મદલિકોને સજાતીય ઉદયવાળી શાતાના ઉદય સમયમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવીને શાતારૂપે (પરરૂપે) ભોગવવા, તે **"અશાતાનો પ્રદેશોદય"** કહેવાય છે.

* **જે પ્રકૃતિ સ્વરૂપે ભોગવાતી હોય, તે ઉદયવતી કહેવાય..** જેમ કે, જે સમયે શાતાવેદનીયકર્મ સુખનો અનુભવ કરાવતી હોય, તે સમયે શાતાવેદનીય **ઉદયવતી** કહેવાય છે.

* **જે કર્મપ્રકૃતિનું ઉદયપ્રાપ્તનિષેકનું કર્મદલિક સજાતીય ઉદયવતીના ઉદયસમયમાં સંક્રમીને, પરરૂપે ભોગવાતું હોય, તે પ્રકૃતિ અનુદયવતી કહેવાય છે.** જેમ કે, જે સમયે શાતા, સુખનો અનુભવ કરાવતી હોય, તે સમયે અશાતાવેદનીયનું ઉદયપ્રાપ્તનિષેકનું સંપૂર્ણ કર્મદલિક સ્તિબુકસંક્રમથી ઉદયવતી શાતાના ઉદયસમયમાં સંક્રમીને, પરરૂપે = શાતારૂપે ભોગવાય છે. તેથી તે સમયે અશાતા **અનુદયવતી** કહેવાય છે.

અનુદયવતી કર્મપ્રકૃતિના ઉદયપ્રાપ્તનિષેકના સંપૂર્ણ કર્મદલિકો ઉદયવતીપ્રકૃતિના ઉદયસમયમાં સંક્રમી જવા, તે **સ્તિબુકસંક્રમ** કહેવાય.....

અસત્કલ્પનાથી......

**શાતા-અશાતાની અંતઃકો૦કો૦સા૦ = ૨૪૦ સમય** માનવામાં આવે તો......

**ચિત્રનં.૧૦**માં બતાવ્યા મુજબ શાતાની **અંતઃકો૦કો૦સા૦ =** ૨૪૦ સમયની નિષેકરચનામાંથી **ઉદયપ્રાપ્ત**[૫] પ્રથમનિષેકનું કર્મદલિક **अ** નામના માણસને સુખનો અનુભવ કરાવી રહ્યું છે. તે સમયે તેને **શાતાનો વિપાકોદય** હોય છે. અને તે જ સમયે અનુદયવાળી અશાતાની નિષેકરચનામાંથી ઉદયપ્રાપ્તપ્રથમનિષેકનું સંપૂર્ણ કર્મદલિક ઉદયવતી શાતાના ઉદય સમયમાં સ્તિબુકસંક્રમથી સંક્રમીને પરરૂપે = શાતારૂપે (સુખનો) અનુભવ કરાવી રહ્યું છે. તેથી તે સમયે તેને **અશાતાનો પ્રદેશોદય** હોય છે.

એ જ રીતે, માણસ-**अ** બીજા-ત્રીજા વગેરે જેટલા સમય સુધી સુખને ભોગવે છે. તેટલા સમય સુધી શાતાની નિષેકરચનામાંથી નીચેથી એક-એક સમયે ક્રમશઃ એક-એક નિષેકનું કર્મદલિક સુખનો અનુભવ કરાવીને નાશ પામી જાય છે અને તે જ સમયે અનુદયવતી અશાતાની નિષેકરચનામાંથી એક-એક સમયે ક્રમશઃ એક-એક નિષેકનું દલિક ઉદયવતી શાતાના ઉદયસમયમાં સ્તિબુકસંક્રમથી સંક્રમીને પરરૂપે = શાતારૂપે ભોગવાઈને નાશ પામી જાય છે. એટલે જેટલા સમય સુધી **अ** સુખને અનુભવે છે તેટલા સમય સુધી તેને શાતાનો વિપાકોદય અને અશાતાનો પ્રદેશોદય ચાલુ રહે છે.

અસત્કલ્પનાથી.....

માણસ-**अ** ૧૦ સમય સુધી સુખને ભોગવીને ૧૧મા સમયે દુઃખને અનુભવી રહ્યો છે. તે વખતે **ચિત્રનં.૧૧**માં બતાવ્યા મુજબ માણસ-**अ**ને અશાતાની નિષેકરચનામાંથી ઉદયપ્રાપ્ત૧૧મા નિષેકનું કર્મદલિક દુઃખનો અનુભવ કરાવી રહ્યું છે. તે વખતે તેને **અશાતાનો વિપાકોદય**

---

(૫) શાતા-અશાતાની નિષેકરચનામાં અંતઃકો૦કો૦સા૦ = ૨૪૦ નિષેક છે. તેમાં જે પ્રથમ નિષેક છે તે ઉદયપ્રાપ્તનિષેક કહેવાય છે. તે પ્રથમ સમયે ભોગવાઈને નાશ પામી જાય છે. એટલે બીજા સમયે જે બીજા નિષેકનું કર્મદલિક છે, તે ઉદયપ્રાપ્ત નિષેક કહેવાય. તે નિષેકનું કર્મદલિક બીજા સમયે ભોગવાઈને નાશ પામી જાય છે. એટલે ત્રીજા સમયે જે ત્રીજા નિષેકનું કર્મદલિક છે, તે ઉદયપ્રાપ્તનિષેક કહેવાય.....

# અશાતાનો પ્રદેશોદય
# શાતાનો વિપાકોદય

ચિત્રનં૦૧૦



હોય છે અને તે જ સમયે અનુદયવાળી શાતાની નિષેકરચનામાંથી ઉદયપ્રાપ્ત **૧૧મા** નિષેકનું સંપૂર્ણ કર્મદલિક ઉદયવતી અશાતાના ઉદય સમયમાં સ્તિબુકસંક્રમથી સંક્રમીને પરરૂપે = અશાતારૂપે દુઃખનો અનુભવ કરાવી રહ્યું છે. તેથી તે સમયે તેને **શાતાનો પ્રદેશોદય** હોય છે.

એ જ રીતે માણસ-**अ ૧૨**મા-**૧૩**મા વગેરે જેટલા સમય સુધી દુઃખને ભોગવે છે. તેટલા સમય સુધી અશાતાની નિષેકરચનામાંથી નીચેથી ક્રમશઃ એક-એક સમયે એક-એક નિષેકનું કર્મદલિક દુઃખનો અનુભવ કરાવીને નાશ પામી જાય છે અને અનુદયવાળી શાતાની નિષેકરચનામાંથી નીચેથી ક્રમશઃ એક-એક સમયે એક-એક નિષેકનું કર્મદલિક ઉદયવતી અશાતાના ઉદયસમયમાં સ્તિબુકસંક્રમથી સંક્રમીને પરરૂપે = અશાતારૂપે ભોગવાઈને નાશ પામી જાય છે. એટલે **૧૧**મા સમયથી માંડીને જેટલા સમય સુધી માણસ-**अ** દુઃખને ભોગવે છે તેટલા સમય સુધી અશાતાનો વિપાકોદય અને શાતાનો પ્રદેશોદય ચાલુ રહે છે. એ રીતે, પેજ નં. ૪૪માં (કોઠામાં) બતાવ્યા મુજબ ઉદયમાં ૮૭ પ્રકૃતિ પરસ્પરવિરોધી છે.

ઉદયયોગ્ય **૧૨૨** પ્રકૃતિમાંથી **જ્ઞાના૦૫, દર્શના૦૪, અંતરાય-૫, મિથ્યાત્વ, નિર્માણ, અગુરૂલઘુ, સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, તૈજસ શરીર, કાર્મણશરીર** અને **વર્ણાદિ-૪....** એ ૨૭ પ્રકૃતિ ધ્રુવોદયી છે. બાકીની **૯૫** પ્રકૃતિ **અધ્રુવોદયી** છે. તેમાંથી **ભય-જુગુપ્સા, આતપ-ઉદ્યોત, પરાઘાત, ઉપઘાત, શ્વાસોચ્છ્વાસ** અને **જિનનામ** એ ૮ પ્રકૃતિ સિવાયની બાકીની નિદ્રાપંચકાદિ ૮૭ પ્રકૃતિ ઉદયમાં પરસ્પર વિરોધી છે.

* જે પ્રકૃતિનો વિપાકોદય દરેક જીવને અનાદિકાળથી માંડીને પોત-પોતાના ઉદયવિચ્છેદસ્થાન સુધી સતત હોય છે તે **"ધ્રુવોદયી"** કહેવાય..... જ્ઞાના૦વગેરે **૨૭** પ્રકૃતિનો વિપાકોદય અનાદિકાળથી માંડીને પોત-પોતાના ઉદયવિચ્છેદસ્થાન સુધી સતત હોય છે તેથી તે **"ધ્રુવોદયી"** છે.

* જે પ્રકૃતિનો વિપાકોદય પોત-પોતાના ઉદયવિચ્છેદસ્થાન સુધી ક્યારેક હોય અને ક્યારેક ન હોય, તે **"અધ્રુવોદયી"** કહેવાય છે. જેમ કે, શાતાનો વિપાકોદય **૧૪**મા ગુણઠાણા સુધી ક્યારેક હોય છે અને ક્યારેક નથી હોતો તેથી શાતા અધ્રુવોદયી કહેવાય.....

# શાતાનો પ્રદેશોદય
# અશાતાનો વિપાકોદય

ચિત્રનં૦૧૧




શાતાનું પ્રદેશોદયથી ભોગવાતું દલિક

અશાતાનું વિપાકોદયથી ભોગવાતું દલિક

* અધ્રુવોદયી **૯૫** પ્રકૃતિમાંથી **૪** આયુષ્ય વિના બાકીની **૯૧** પ્રકૃતિનો જ્યારે વિપાકોદય ન હોય ત્યારે પ્રદેશોદય અવશ્ય હોય છે.

* આયુષ્યકર્મનો **વિપાકોદય** જ હોય છે પ્રદેશોદય હોતો નથી.

## ઉદયમાં પરસ્પર વિરોધી કર્મપ્રકૃતિ

| કર્મપ્રકૃતિનું નામ | કોની સાથે વિરોધી ? |
|---|---|
| નિદ્રા - ૫ | પરસ્પર વિરોધી |
| શાતા-અશાતા | પરસ્પર વિરોધી |
| અનં૦ વગેરે-૪ ક્રોધ | બાકીના-૧૨ કષાય સાથે વિરોધી |
| અનં૦ વગેરે-૪ માન | બાકીના-૧૨ કષાય સાથે વિરોધી |
| અનં૦ વગેરે-૪ માયા | બાકીના-૧૨ કષાય સાથે વિરોધી |
| અનં૦ વગેરે-૪ લોભ | બાકીના-૧૨ કષાય સાથે વિરોધી |
| હાસ્ય-રતિ | શોક - અરતિ સાથે વિરોધી |
| શોક-અરતિ | હાસ્ય - રતિ સાથે વિરોધી |
| વેદ-૩ | પરસ્પર વિરોધી |
| આયુષ્ય-૪ | પરસ્પર વિરોધી |
| ગતિ-૪ | પરસ્પર વિરોધી |
| જાતિ-૫ | પરસ્પર વિરોધી |
| ઔ૦શ૦, વૈ૦શ૦, આ૦શ૦ | પરસ્પર વિરોધી |
| ઉપાંગ-૩ | પરસ્પર વિરોધી |
| સંસ્થાન-૬ | પરસ્પર વિરોધી |
| સંઘયણ-૬ | પરસ્પર વિરોધી |
| વિહાયોગતિ-૨ | પરસ્પર વિરોધી |
| આનુપૂર્વી-૪ | પરસ્પર વિરોધી |
| ત્રસ-૪ | સ્થાવરાદિ-૪ સાથે વિરોધી |
| સૌભાગ્યાદિ-૪ | દૌર્ભાગ્યાદિ-૪ સાથે વિરોધી |
| સ્થાવરાદિ-૪ | ત્રસાદિ-૪ સાથે વિરોધી |
| દૌર્ભાગ્યાદિ-૪ | સૌભાગ્યાદિ-૪ સાથે વિરોધી |
| ગોત્ર-૨ | પરસ્પર વિરોધી |

## વિપાકોદયના હેતુ :-

અધ્રુવોદયીપ્રકૃતિનો વિપાકોદય નિમિત્તકારણની અપેક્ષા રાખે છે. તે નિમિત્તો મુખ્ય - **૫** છે. (૧) **દ્રવ્ય** (૨) **ક્ષેત્ર** (૩) **કાળ** (૪) **ભાવ** અને (૫) **ભવ.....**

(૧) શીખંડ વધુ ખાવાથી ઊંઘ વધુ આવે છે તેથી શીખંડ નામનું **દ્રવ્ય** નિદ્રાદર્શનાવરણીકર્મના વિપાકોદયમાં નિમિત્ત બને છે. તથા લીલોતરી ખાવાથી વિકાર ઉત્પન્ન થાય છે તેથી લીલોતરી રાગાદિમોહનીયકર્મના વિપાકોદયમાં નિમિત્ત બને છે.

(૨) સિદ્ધાચલાદિ તીર્થભૂમિમાં શુભપરિણામ ઉત્પન્ન થવાથી પુણ્યકર્મનો ઉદય થાય છે તેથી કર્મના વિપાકોદયમાં **ક્ષેત્ર** પણ નિમિત્ત બને છે.

(૩) અમુક ઋતુમાં શાતાનો વિપાકોદય થાય છે અને અમુક ઋતુમાં અશાતાનો વિપાકોદય થાય છે. તથા હુંડા અવસર્પિણી કાળની કર્મના ઉદય પર અસર થાય છે. તેથી દીક્ષા, પ્રતિષ્ઠાદિ મહોત્સવ કે ચાતુર્માસાદિના પ્રવેશમાં શુભમુહૂર્ત (શુભકાળ) જોવાનું વિધાન છે. એટલે કર્મના વિપાકોદયમાં **કાળ** પણ નિમિત બને છે.

(૪) શુભાશુભભાવો પોતાના કર્મોદયમાં અને બીજાના કર્મોદયમાં પણ નિમિત બને છે. જેમ કે, (1) તીર્થંકરાદિ મહાપુરૂષોના શુભભાવથી અનેક જીવોના ઘાતી-અઘાતી કર્મના ઉદયમાં ઘણો ફેરફાર થઈ જાય છે. (2) ઘરમાં એક વ્યક્તિ પુણ્યશાળી હોય, તો તેના પુણ્ય પ્રભાવે ઘરના સર્વે લોકો સુખને અનુભવે છે અને એક વ્યક્તિ પાપી હોય, તો ઘરના સર્વે લોકો દુઃખને અનુભવે છે. એટલે કર્મના વિપાકોદયમાં **ભાવ** પણ નિમિત્ત બને છે.

(૫) ભવના હાથમાં જ બધા કર્મના વિપાકોદયની ચાવી છે. ભવ બદલાતાં જ શુભાશુભકર્મના વિપાકોદયમાં ઘણો ફેરફાર થઈ જાય છે. એટલે વિપાકોદયમાં પ્રબળ નિમિત્તકારણ **ભવ** છે. જેમ કે, જીવ મનુષ્યભવમાંથી નરકમાં જાય છે ત્યારે શુભકર્મપ્રકૃતિનો વિપાકોદય અટકીને, અશુભકર્મપ્રકૃતિનો વિપાકોદય શરૂ થઈ જાય છે.

એ પ્રમાણે, જ્યારે જે કર્મને દ્રવ્યાદિ નિમિત્તો અનુકૂળ મલી જાય છે ત્યારે તે કર્મ સ્વરૂપે (વિપાકથી) ફળનો અનુભવ કરાવે છે. એટલે કર્મના વિપાકોદયના હેતુ **દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-ભવ** કહ્યાં છે.

**ભવહેતુથી વિપાકોદયમાં પલટો :-**

માણસ-**अ** મનુષ્યભવમાં **મનુષ્યગતિ, પંચે૦જાતિ, ઔદારિકદ્વિક છેવટ્ઠું, હુંડક, શુભ-અશુભ વિહાયોગતિમાંથી-૧, ત્રસચતુષ્ક, સુભગ-દુર્ભગમાંથી-૧, સુસ્વર-દુઃસ્વરમાંથી-૧, આદેય-અનાદેયમાંથી-૧, યશ-અયશમાંથી-૧, પરાઘાત, ઉપઘાત, શ્વાસોચ્છ્વાસ,** (નામકર્મની-૧૮) ક્રોધાદિ-૪ કષાયમાંથી કોઈપણ-૧ કષાય **અનંતાનુબંધી વગેરે ૪ પ્રકારે**[૬] **હાસ્ય-રતિ** અને **શોક-અરતિ** એ બે યુગલમાંથી-૧, **પુરુષવેદ,** (મોહનીયકર્મની-૭) **શાતા-અશાતામાંથી-૧, મનુષ્યાયુ, ઉચ્ચગોત્ર......** એ કુલ **૨૮ + ૨૭** ધ્રુવોદયી = **૫૫** પ્રકૃતિનું એક-એક સમયે ક્રમશઃ એક-એક નિષેકમાં રહેલુ કર્મદલિક વિપાકોદયથી ભોગવીને નાશ કરે છે અને બાકીની અનુદયવતી પ્રકૃતિનું એક-એક સમયે ક્રમશઃ એક-એક નિષેકનું કર્મદલિક પ્રદેશોદયથી ભોગવીને નાશ કરે છે.

અસત્કલ્પનાથી......

**દેવગતિ-મનુષ્યગતિની અંતઃકો૦કો૦સા૦ = ૨૪૦ સમય** માનવામાં આવે, તો......

**ચિત્રનં.૧૨**માં બતાવ્યા મુજબ માણસ-**अ મનુષ્યગતિની અંતઃકો૦કો૦સા૦ = ૨૪૦ સમય**ની નિષેકરચનામાંથી ઉદયપ્રાપ્ત પ્રથમનિષેકનું કર્મદલિક **વિપાકોદયથી** ભોગવીને નાશ કરી રહ્યો છે. તે જ સમયે અનુદયવતી દેવાદિ-૩ગતિનું ઉદયપ્રાપ્તનિષેકનું કર્મદલિક ઉદયવતી મનુષ્યગતિના ઉદયસમયમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવીને **પ્રદેશોદયથી** ભોગવીને નાશ કરી રહ્યો છે.

---

૬. એક જીવને એક સમયે ક્રોધાદિ-૪ કષાયમાંથી કોઈપણ એક જ કષાયનો ઉદય હોય છે. પણ જ્યારે જે કષાયનો ઉદય હોય, ત્યારે મિથ્યાદષ્ટિને તે કષાય અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય અને સંજ્વલન એ ચારે પ્રકારે હોય છે. જેમ કે, જ્યારે મિથ્યાદષ્ટિને ક્રોધનો ઉદય હોય ત્યારે અનં૦ક્રોધ, અપ્રત્યા૦ક્રોધ, પ્રત્યા૦ક્રોધ અને સંજ્વલનક્રોધ..... એ ચારે ક્રોધનો એકી સાથે ઉદય હોય છે. તે વખતે બાકીના-૧૨ કષાયનો પ્રદેશોદય હોય છે.

## મનુષ્યગતિનો વિપાકોદય
## દેવાદિગતિનો પ્રદેશોદય

ચિત્રનં૦૧૨

▶નરકાદિગતિની અંતઃકો૦કો૦સા૦ = ૨૪૦ સમયની સ્થિતિસત્તા◀




▶મનુષ્યગતિની અંતઃકો૦કો૦સા૦ = ૨૪૦ સમયની સ્થિતિસત્તા◀

નરકગતિનો પ્રદેશોદય ◀ દેવગતિનો પ્રદેશોદય મનુષ્યગતિનો વિપાકોદય

એ જ રીતે, પંચેન્દ્રિયજાતિ વગેરે **૫૪** પ્રકૃતિનું ઉદયપ્રાપ્ત નિષેકનું કર્મદલિક વિપાકોદયથી અને બાકીની અનુદયવતી કર્મપ્રકૃતિનું ઉદયપ્રાપ્તનિષેકનું કર્મદલિક સજાતીય ઉદયવતીના ઉદયસમયમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવીને પ્રદેશોદયથી ભોગવી રહ્યો છે.

એ રીતે, માણસ-**अ** મનુષ્યભવના છેલ્લા સમય સુધી-**૫૫**, ક્યારેક-**૫૬**[૭], ક્યારેક-**૫૭**, ક્યારેક-**૫૮** કર્મપ્રકૃતિનું ઉદયપ્રાપ્તનિષેકનું કર્મદલિક વિપાકોદયથી અને બાકીની અનુદયવાળી કર્મપ્રકૃતિનું ઉદયપ્રાપ્ત નિષેકનું કર્મદલિક પ્રદેશોદયથી ભોગવીને નાશ કરે છે.

જ્યારે માણસ-**अ** મરણ પામીને **अ** નામનો દેવ થાય છે. ત્યારે દેવના ભવમાં **દેવગતિ, પંચે૦જાતિ, વૈક્રિયદ્વિક, ૧લું સંસ્થાન, શુભવિહાયોગતિ, પરાઘાત, ઉપઘાત, શ્વાસોચ્છ્વાસ, ત્રસચતુષ્ક, સુભગ-દુર્ભગમાંથી-૧, સુસ્વર-દુઃસ્વરમાંથી-૧, આદેય-અનાદેયમાંથી-૧, યશ-અયશમાંથી-૧,** (નામકર્મની-૧૭), **મોહનીયની-૭, શાતા-અશાતામાંથી-૧, દેવાયુષ્ય, ઉચ્ચગોત્ર....** એ ૨૭+૨૭ ધ્રુવોદયી=**૫૪** પ્રકૃતિનું એક-એક સમયે ક્રમશઃ એક-એક નિષેકનું કર્મદલિક **વિપાકોદય**થી ભોગવીને નાશ કરે છે અને બાકીની પ્રકૃતિનું એક-એક સમયે ક્રમશઃ એક-એક નિષેકનું કર્મદલિક **પ્રદેશોદયથી** ભોગવીને નાશ કરે છે.

અસત્કલ્પનાથી.....

**ચિત્રનં.૧૩**માં બતાવ્યા મુજબ દેવ-**अ** દેવગતિની **અંતઃકો૦કો૦સા૦ = ૨૪૦ સમય**ની નિષેકરચનામાંથી ઉદયપ્રાપ્ત પ્રથમ નિષેકનું કર્મદલિક **વિપાકોદય**થી ભોગવીને નાશ કરી રહ્યો છે. તે જ સમયે અનુદયવતી મનુષ્યાદિ-૩ ગતિનું ઉદયપ્રાપ્ત નિષેકનું કર્મદલિક ઉદયવતી દેવગતિના ઉદયસમયમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવીને પ્રદેશોદયથી ભોગવીને નાશ કરી રહ્યો છે.

---

૭. માણસ-अ ને ભય-જુગુપ્સા-નિદ્રાનો વિપાકોદય ક્યારેક હોય છે, ક્યારેક નથી હોતો. એટલે ક્યારેક **૫૫** + ભયાદિ-૩માંથી-**૧** = **૫૬** પ્રકૃતિનો વિપાકોદય હોય છે. ક્યારેક **૫૫** + ભયાદિ-૩માંથી-**૨** = **૫૭** પ્રકૃતિનો વિપાકોદય હોય છે. ક્યારેક **૫૫** + ભયાદિ-૩ = **૫૮** પ્રકૃતિનો વિપાકોદય હોય છે.

# દેવગતિનો વિપાકોદય મનુષ્યાદિગતિનો પ્રદેશોદય

ચિત્રનં૦૧૩



એ જ રીતે, **પંચેન્દ્રિયજાતિ** વગેરે **૫૩** પ્રકૃતિનું ઉદયપ્રાપ્ત નિષેકનું કર્મદલિક **વિપાકોદયથી** અને બાકીની અનુદયવાળી કર્મપ્રકૃતિનું ઉદયપ્રાપ્તનિષેકનું કર્મદલિક સજાતીય ઉદયવતીના ઉદયસમયમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવીને **પ્રદેશોદયથી** ભોગવી રહ્યો છે.

એ રીતે, દેવ-**अ** દેવભવના છેલ્લા સમય સુધી-**૫૪**, ક્યારેક **૫૪+ ભયાદિ-૩માંથી ૧ = ૫૫**, ક્યારેક **૫૪+ભયાદિ-૩માંથી-૨ = ૫૬**, ક્યારેક **૫૪+ભયાદિ-૩ = ૫૭**, કર્મપ્રકૃતિનું ઉદયપ્રાપ્તનિષેકનું કર્મદલિક **વિપાકોદયથી** અને બાકીની અનુદયવતીકર્મપ્રકૃતિનું ઉદયપ્રાપ્ત નિષેકનું કર્મદલિક **પ્રદેશોદયથી** ભોગવીને નાશ કરી રહ્યો છે.

એ પ્રમાણે, **ચિત્રનં.૧૪**માં બતાવ્યા મુજબ જીવ જે ભવમાં ઉત્પન્ન થાય છે, તે ભવમાં અધ્રુવોદયી ૯૧ પ્રકૃતિમાંથી જેટલી પ્રકૃતિ ઉદયમાં આવે છે તેટલી પ્રકૃતિના ઉદયપ્રાપ્તનિષેકને વિપાકોદયથી ભોગવીને નાશ કરે છે. અને બાકીની પ્રકૃતિના ઉદયપ્રાપ્તનિષેકને પ્રદેશોદયથી ભોગવીને નાશ કરે છે. તથા ધ્રુવોદયી ૨૭+૪ આયુષ્ય=૩૧ પ્રકૃતિનું ઉદયસમયનું દલિક વિપાકોદયથી ભોગવીને નાશ કરે છે.

**અહીં ખાસ ધ્યાન રાખવું કે,** જે સમયે જે આયુષ્યનો ઉદય શરૂ થાય છે, તે સમયે તે આયુષ્યને અનુરૂપ બીજી જે કર્મપ્રકૃતિનો વિપાકોદય શરૂ થાય છે તેમાં તેના ગ્રુપની સજાતીય સર્વે કર્મપ્રકૃતિઓ સ્તિબુકસંક્રમથી સંક્રમે છે.

જેમ કે,(૧) મનુષ્યભવમાં મનુષ્યગતિમાં દેવાદિ-૩ ગતિ.....
(૨) પંચેન્દ્રિયજાતિમાં એકેન્દ્રિયાદિ-૪ જાતિ.....
(૩) ઔદારિકશરીરમાં વૈક્રિયાદિ ૨ શરીર.....

જે કર્મનો વિપાકોદય હોય, તે કર્મની **ઉદીરણા** અવશ્ય થાય છે તેથી ઉદય પછી **ઉદીરણાવિધિ** કહી છે.

## ઉદીરણાવિધિ

**વિપાકોદયવતી કર્મપ્રકૃતિની ઉદયાવલિકાની ઉપરના નિષેકમાંથી કર્મદલિકોને પ્રયત્નવિશેષથી ખેંચીને ઉદયાવલિકામાં[૮] નાંખીને, ભોગવવા, તે ઉદીરણા કહેવાય છે.....**

128904

ચિત્રનં. ૧૪



ઉદયસમયથી માંડીને એક આવલિકામાં ભોગવાય, તેટલા નિષેકોને "ઉદયાવલિકા" કહે છે.

અસત્કલ્પનાથી...... **ઉદયાવલિકા = ૨ સમય**

માનવામાં આવે તો......

**ચિત્રનં.૧૫**માં બતાવ્યા મુજબ **अ** નામનો માણસ મનુષ્યગતિની **અંતઃકો૦કો૦સા૦ = ૨૪૦** સમયની નિષેકરચનામાંથી નીચેથી **ઉદયાવલિકા = ૨ સમય = ૨ નિષેક**ને મૂકીને, તેની ઉપરના ૩ થી **૨૪૦** નિષેકમાંથી કેટલાક[૯] દલિકોને પ્રયત્નવિશેષથી ખેંચીને ઉદયાવલિકામાં નાંખીને ભોગવે છે. તેને **મનુષ્યગતિની ઉદીરણા** કહે છે. એ જ રીતે, માણસ-**अ** ને જે સમયે જેટલી પ્રકૃતિનો વિપાકોદય હોય છે, તેટલી પ્રકૃતિની ઉદીરણા થાય છે. અનુદયવતી પ્રકૃતિની ઉદીરણા થતી નથી......

**૭૫** વર્ષના આયુષ્યવાળા માણસ-**अ** ને ૭૫ વર્ષના છેલ્લાસમય (મરણસમય) સુધી મનુષ્યાયુને છોડીને, મનુષ્યગતિ વગેરે વિપાકોદયવાળી કર્મપ્રકૃતિની ઉદીરણા ચાલુ હોય છે. મનુષ્યાયુની ઉદીરણા **એક આવલિકાન્યૂન ૭૫ વર્ષ** સુધી જ ચાલુ રહે છે. મનુષ્યાયુની **છેલ્લી ઉદયાવલિકા** બાકી રહે છે ત્યારે **મનુષ્યાયુની ઉદીરણા** થતી નથી કારણ કે **મનુષ્યાયુની છેલ્લી ઉદયાવલિકા[૧૦] ઉપર મનુષ્યાયુનું કર્મદલિક જ હોતું નથી.** તેથી મનુષ્યાયુની છેલ્લી ઉદયાવલિકા બાકી રહે છે. ત્યારે મનુષ્યાયુનો ઉદય હોય છે પણ મનુષ્યાયુની ઉદીરણા હોતી નથી.

---

૮. મતાંતરે :- વિપાકોદયવતી કર્મપ્રકૃતિના ઉદયાવલિકા ઉપરના નિષેકોમાંથી કર્મદલિકો ઉદય સમયમાં નાંખવા, તે ઉદીરણા કહેવાય છે.

૯. ઉદયાવલિકાની ઉપરના નિષેકમાંથી અમુક જ દલિકોને ઉપાડીને ઉદયાવલિકામાં નાંખે છે. કોઈપણ નિષેકમાંથી બધા જ દલિકોને ઉપાડીને ઉદયાવલિકામાં નાંખતો નથી. તેથી ઉદયાવલિકા ઉપરનું કોઈપણ નિષેક સંપૂર્ણ નાશ પામતું નથી.

૧૦. નિષેકરચનાના નીચેના ભાગમાંથી જેમ જેમ એક-એક સમયે ક્રમશઃ એક-એક નિષેકનું કર્મદલિક ભોગવાઈને નાશ પામતું જાય છે. તેમ તેમ ઉદયાવલિકા ઉપર-ઉપર વધતી જાય છે. જેમકે મનુષ્યભવના પ્રથમ સમયે મનુષ્યગતિની ૧લા-૨જા સમયની ઉદયાવલિકા છે. બીજા સમયે ૨જા-૩જા સમયની ઉદયાવલિકા હોય છે. ત્રીજા સમયે ૩જા-૪થા સમયની ઉદયાવલિકા હોય છે. એ રીતે, આગળ સમજવું....

ચિત્રનં૦૧૫


મનુષ્યગતિની અંતઃકો૦કો૦સા = ૨૪૦ સમયની સ્થિતિસત્તા
ઉદીરણા
મનુષ્યગતિની સ્થિતિસત્તા
ઉદયાવલિકા

અસત્કલ્પનાથી......

**મનુષ્યાયુના ૭૫ વર્ષ = ૭૫ સમય**

માનવામાં આવે તો......

**ચિત્રનં.૧૬** માં બતાવ્યા મુજબ **अ** નામનો માણસ **૭૫** વર્ષ = **૭૫** સમયની નિષેકરચનામાંથી **૧ આવલિકા = ૨ સમય** છોડીને તેની ઉપરના **૧ આવલિકાન્યૂન ૭૫ વર્ષ** = ૩ થી **૭૫** નિષેકમાંથી કેટલાક દલિકોને પ્રયત્નવિશેષથી ખેંચીને ઉદયાવલિકામાં નાંખીને ભોગવે છે, તેને **મનુષ્યાયુષ્યની ઉદીરણા** કહે છે.

માણસ-**अ** મનુષ્યાયુષ્યની **૭૫ વર્ષ = ૭૫ સમય**ની નિષેક રચનામાંથી એક-એક સમયે ક્રમશઃ એક-એક નિષેકમાં રહેલું કર્મદલિક **વિપાકોદય**થી ભોગવીને નાશ કરી રહ્યો છે. જ્યારે **૫૦** વર્ષ પૂરા થાય છે ત્યારે મનુષ્યાયુની નિષેકરચનામાંથી નીચેથી **૫૦** વર્ષ = **૫૦** સમય = **૫૦** નિષેકનું દલિક ભોગવાઈને નાશ પામી જાય છે. ત્યારપછી **ચિત્રનં.૧૬**માં બતાવ્યા મુજબ મનુષ્યાયુની **૨૫** વર્ષ = **૨૫** સમયની સ્થિતિસત્તા બાકી રહે છે. ત્યારે માણસ-**अ** દેવાયુની-૨ સાગરોપમની સ્થિતિને બાંધે છે. તે વખતે મનુષ્યાયુની **૨૫** વર્ષ = **૨૫** સમયની ઉપર દેવાયુની **૨ સાગરોપમ = ૬૦ સમય**ની નિષેકરચના થાય છે. ત્યારપછી મનુષ્યાયુના એક-એક સમયે ક્રમશઃ એક-એક નિષેકના દલિકને ભોગવીને નાશ કરતાં કરતાં જ્યારે **ચિત્રનં.૧૬**માં બતાવ્યા મુજબ મનુષ્યાયુની છેલ્લી **ઉદયાવલિકા = ૨ સમય** = ૨ (**૭૪મો - ૭૫મો**) નિષેક બાકી રહે છે ત્યારે ઉદયાવલિકાની ઉપર મનુષ્યાયુનું કર્મદલિક હોતું નથી. તેથી મનુષ્યાયુની છેલ્લી ઉદયાવલિકા બાકી રહે છે ત્યારે મનુષ્યાયુનો ઉદય હોય છે પણ મનુષ્યાયુની ઉદીરણા થતી નથી...

માણસ-**अ** છેલ્લા ઉદયપ્રાપ્ત**૭૫**મા નિષેકનું દલિક ભોગવીને નાશ કરે છે તે જ સમયે મરણ પામીને, ત્યારપછીના સમયે **अ** નામનો **દેવ** થાય છે તે જ સમયે **દેવગતિ-દેવાયુષ્ય** વગેરેનો ઉદય (વિપાકોદય) - ઉદીરણા ચાલુ થઈ જાય છે.

# મનુષ્યાયુની ઉદીરણા

ચિત્રનં૦૧૬



અસત્કલ્પનાથી..... **અંતઃકો૦કો૦સા૦ = ૨૪૦ સમય** માનવામાં આવે તો.......

ચિત્રનં.૧૭માં બતાવ્યા મુજબ **अ** નામનો દેવ દેવગતિની **અંતઃકો૦કો૦સા૦ = ૨૪૦ સમય**ની નિષેકરચનામાંથી નીચેથી **ઉદયાવલિકા = ૨ સમય = ૨ નિષેક**ને મૂકીને, તેની ઉપરના ૩ થી **૨૪૦** નિષેકમાંથી કેટલાક દલિકોને પ્રયત્ન વિશેષથી ખેંચીને ઉદયાવલિકામાં નાંખીને ભોગવે છે તેને **દેવગતિની ઉદીરણા** કહે છે.

એ જ રીતે, દેવ-**अ**ને દેવભવના છેલ્લા સમય(મરણસમય) સુધી દેવાયુને છોડીને, બાકીની દેવગતિ વગેરે વિપાકોદયવાળી, પ્રકૃતિની ઉદીરણા ચાલુ રહે છે. દેવાયુની ઉદીરણા **૧ આવલિકાન્યૂન ૨ સાગરોપમ = ૧ થી ૫૮** સમય સુધી ચાલુ રહે છે. ત્યારપછી છેલ્લી ઉદયાવલિકા **= ૨ (૫૯ મો / ૬૦મો) નિષેક**ને ઉદયથી ભોગવીને નાશ કરે છે. કારણકે દેવાયુની છેલ્લી ઉદયાવલિકા ઉપર દેવાયુનું દલિક હોતું નથી તેથી દેવાયુની ઉદીરણા થતી નથી.

ધ્રુવોદયી મતિજ્ઞાનાવરણીયાદિ-૨૭ પ્રકૃતિની ઉદય-ઉદીરણા અનાદિકાળથી ચાલુ છે. જ્યારે **જ્ઞાના૦૫, દર્શના૦૪, અંતરાય-૫**ની છેલ્લી એક આવલિકા જેટલી સ્થિતિસત્તા બાકી રહે છે ત્યારે ઉદીરણા બંધ પડે છે. છેલ્લી આવલિકાને વિપાકોદયથી ભોગવીને નાશ કરે છે. બાકીની **૧૩** પ્રકૃતિની ઉદીરણા પોત-પોતાના ઉદયવિચ્છેદસ્થાન સુધી ચાલુ રહે છે.

## સકલકર્મક્ષયવિધિ

કર્મનો બંધ પ્રવાહની અપેક્ષાએ અનાદિકાળથી ચાલુ છે. તેથી સત્તા પણ અનાદિકાલીન છે અને સત્તામાં રહેલા કર્મો પોત-પોતાનો અબાધાકાળ પૂરો થતાંની સાથે અવશ્ય ફળનો અનુભવ કરાવી રહ્યાં છે તેથી ઉદય-ઉદીરણા પણ અનાદિકાળથી ચાલુ છે. **"જ્યાં સુધી કર્મબંધની પ્રક્રિયા ચાલુ રહે ત્યાં સુધી કર્મસત્તાનો અંત આવતો નથી અને જ્યાં સુધી સત્તામાં કર્મ હોય ત્યાં સુધી ઉદય-ઉદીરણાની પ્રક્રિયાનો પણ અંત આવતો નથી. તેથી સકલકર્મોનો ક્ષય કરવાની ઈચ્છાવાળા જીવોએ સૌ પ્રથમ કર્મબંધની પ્રક્રિયાને અટકાવવી જોઈએ.**

ચિત્રનં૦૧૭

# દેવગતિની ઉદીરણા



## પૂર્ણવિરામ કર્મબંધની પ્રક્રિયાનો :-

કર્મબંધની પ્રક્રિયાના કારણો **મિથ્યાત્વ, અવિરતિ, કષાય** અને **યોગ** છે. જો કારણનો નાશ થાય, તો કાર્યનો નાશ થાય. એ ન્યાયે મિથ્યાત્વાદિ દોષરૂપ કારણનો નાશ થાય, તો કર્મબંધની પ્રક્રિયારૂપ કાર્યનો અંત આવે. એટલે કર્મબંધની પ્રક્રિયાને અટકાવવી હોય, તો મિથ્યાત્વાદિ દોષોને દૂર કરવા જોઈએ અને મિથ્યાત્વાદિ દોષોને દૂર કરવા હોય, તો સમ્યક્ત્વાદિગુણોને પ્રાપ્ત કરવા જોઈએ. કારણકે મિથ્યાત્વની સાથે સમ્યક્ત્વ, અવિરતિની સાથે વિરતિ, કષાયની સાથે વીતરાગતા, અને યોગની સાથે અયોગી અવસ્થા પરસ્પર વિરુદ્ધ હોવાથી સમ્યક્ત્વાદિ ગુણરૂપ પ્રકાશ થતાંની સાથે જ મિથ્યાત્વાદિ દોષરૂપ અંધકારનો નાશ થાય છે અને મિથ્યાત્વાદિ દોષો દૂર થતાંની સાથે જ મિથ્યાત્વાદિ પ્રત્યયિકી કર્મપ્રકૃતિની બંધાદિ પ્રક્રિયાનો અંત આવે છે. તો, હવે કર્મબંધાદિ પ્રક્રિયાના ક્ષયનું કારણ જે સમ્યક્ત્વાદિ ગુણો છે તે કેવી રીતે પ્રાપ્ત થાય ? એ વિચારીએ.....

## આવિર્ભાવ આત્મિકગુણનો :-

અનાદિકાળથી અનંતજ્ઞાનાદિમય શુદ્ધ આત્મા કર્મોથી ઢંકાયેલો છે. જેમ જેમ કર્મમલ ઓછો થતો જાય છે તેમ તેમ આત્મા શુદ્ધ થવાથી જ્ઞાનાદિગુણો અધિકાંશે ખુલતા જાય છે. જ્યારે સકલકર્મોનો ક્ષય થઈ જાય છે ત્યારે જ્ઞાનાદિગુણો સંપૂર્ણતયા પ્રગટે છે. એટલે આત્માની અશુદ્ધ અવસ્થાથી માંડીને સંપૂર્ણ શુદ્ધ અવસ્થા સુધીની જ્ઞાનાદિગુણોના વિકાસને જણાવનારી આત્મિક અવસ્થાઓ અસંખ્ય છે. પરંતુ તે સર્વેનો મહાપુરૂષોએ મિથ્યાદર્શનાદિ કાર્યની અપેક્ષાએ વર્ગીકરણ કરીને ૧૪ વિભાગમાં સમાવેશ કરી આપ્યો છે. તેથી ગુણસ્થાનક ૧૪ કહ્યાં છે. તેને **"મોક્ષમહેલની સીડીના પગથિયાની ઉપમા"** આપી છે.

**મોક્ષ = સકલકર્મક્ષય.**

**મોક્ષમહેલ = સિદ્ધશિલા.**

**મોક્ષમહેલની સીડી = ક્રમશઃ અનંતગુણ વિશુદ્ધપરિણામની ધારા.**

**મોક્ષમહેલની સીડીના પગથિયા = ગુણસ્થાનક.**

જેમ એક માળથી બીજે માળ જવા માટે ગોઠવેલા પગથીયાની પંક્તિને નિસરણી (સીડી) કહે છે. તેમ મોક્ષમહેલમાં જવા માટે ક્રમશઃ અનંતગુણ વિશુદ્ધ પરિણામની ધારાને નિસરણી કહે છે અને મોક્ષમહેલની સીડીના પગથીયાને ગુણસ્થાનક કહે છે.




મુમુક્ષુ **अ** નું મોક્ષમહેલ તરફ જેમ જેમ ચઢાણ થતું જાય છે. તેમ તેમ સમ્યક્ત્વાદિગુણોની પ્રાપ્તિ થતી જાય છે. **મુમુક્ષુ अ જયારે મોક્ષમહેલની સીડીના ચોથા પગથિયે પગ મૂકે છે. ત્યારે મિથ્યાત્વદોષ દૂર થઈને, સમ્યક્ત્વગુણની પ્રાપ્તિ થાય છે.** તે વખતે મિથ્યાત્વ નિમિત્તક કર્મપ્રકૃતિની બંધાદિ પ્રક્રિયા અટકી જાય છે. ત્યારપછી **મુમુક્ષુ अ જ્યારે પાંચમાં, પગથિયે પગ મૂકે છે. ત્યારે અવિરતિ દોષ દૂર થઈને દેશવિરતિ ગુણ પ્રગટે છે અને છટ્ઠા પગથિયે પગ મૂકે છે ત્યારે સર્વથા અવિરતિદોષ દૂર થઈને સર્વવિરતિ ગુણ પ્રગટે છે.**







તે વખતે અવિરતિ નિમિત્તક કર્મબંધાદિ અટકી જાય છે.

ત્યારપછી **મહાત્મા-અ** જ્યારે બારમા પગથિયે પગ મૂકે છે ત્યારે કષાય દોષ દૂર કરીને વીતરાગતા પ્રગટે છે. તે વખતે કાષાયિકબંધાદિ અટકી જાય છે.




ત્યારપછી **વીતરાગી-અ** મહાત્મા જ્યારે ચૌદમા પગથિયે આવે છે ત્યારે યોગમાંથી **મુક્ત થઈને અયોગી અવસ્થાને પ્રાપ્ત કરે છે.** તે વખતે યોગનિમિત્તક શાતાનો બંધ અટકી જાય છે. ત્યારપછી અયોગી કેવળીભગવંત-**અ ૧૪**મા અયોગી ગુણઠાણાના છેલ્લા સમયે સંપૂર્ણકર્મનો ક્ષય કરીને **મોક્ષમહેલમાં પ્રવેશે છે.....** એ રીતે, સકલકર્મનો ક્ષય કરતી વખતે સૌ પ્રથમ મિથ્યાત્વાદિ દોષનો નાશ થઈને સમ્યક્ત્વાદિગુણોની પ્રાપ્તિ થતાં તે તે કર્મબંધની પ્રક્રિયાનો અંત આવે છે. ત્યારપછી ઉદય-ઉદીરણાની પ્રક્રિયાનો અંત આવે છે. ત્યારપછી કર્મસત્તાનો નાશ થાય છે. એટલે




ગ્રન્થકારભગવંતે **કર્મસ્તવ**માં સૌ પ્રથમ **ગુણસ્થાનક**નું સ્વરૂપ કહીને,...

(૧) **બંધવિધિ**
(૨) **ઉદયવિધિ**
(૩) **ઉદીરણાવિધિ**
(૪) **સત્તાવિધિ** કહી છે....

॥ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ॥
॥ श्री भद्रॐकारचंद्रयशगुरुभ्यो नमः ॥
॥ ऐं नमः ॥

# કર્મસ્તવનામદ્વિતીયકર્મગ્રન્થ

મંગલાચરણ :-

**तह थुणिमो वीरजिणं, जह गुणठाणेसु सयलकम्माइं ।**
**बंधु-दओ-दीरणया , सत्तापत्ताणि खवियाणि ॥ १ ॥**

तथा स्तुमो वीरजिनं, यथा गुणस्थानेषु सकलकर्माणि ।
बन्धोदय-दीरणासत्ता, प्राप्तानि क्षपितानि ॥ 1 ॥

**ગાથાર્થ :- જે રીતે, મહાવીરજિનેશ્વરે ગુણસ્થાનકોમાં ચઢતી વખતે બંધ-ઉદય-ઉદીરણા અને સત્તામાં પ્રાપ્ત થયેલા સકલકર્મોનો નાશ કર્યો છે. તે રીતે, અમે મહાવીર જિનેશ્વરની સ્તુતિ કરીએ છીએ...**

**વિવેચન** :- ગ્રન્થકારભગવંત શ્રીદેવેન્દ્રસૂરિમહારાજા "**थुणिमो वीरजिणं**" પદથી આસન્ન ઉપકારી શ્રીમહાવીર જિનેશ્વરની સ્તુતિ કરવા દ્વારા મંગલાચરણ કરી રહ્યાં છે. અને "**सयलकम्माइं खवियाणि**" પદ દ્વારા અપાયાપગમાતિશય ગુણનું સૂચન કરી રહ્યાં છે.

**અપાય = રાગાદિભાવકર્મ અને તેના કારણભૂત દ્રવ્યકર્મ...**
**અપગમ = નાશ...**
**અપાયાપગમાતિશય = સકલકર્મોનો ક્ષય.**

દ્રવ્યકર્મ અને ભાવકર્મનો નાશથવારૂપ જે અતિશય છે તે "અપાયાપગમાતિશય" કહેવાય. તે મહાવીરસ્વામીનો અસાધારણ ગુણ છે. તેથી ગ્રન્થકારભગવંત ગ્રન્થની શરૂઆતમાં "**सयलकम्माइं..... खवियाणि**" પદથી મહાવીરસ્વામીના સકલકર્મક્ષયરૂપ અસાધારણગુણની સ્તુતિ કરી રહ્યાં છે.

**કોઈપણ વ્યક્તિના અસાધારણગુણનું કહેવું, તે સ્તુતિ કહેવાય. જેમકે, અહીં ગ્રન્થકાર ભગવંતશ્રી મહાવીરસ્વામીના સકલકર્મક્ષયરૂપ અસાધારણગુણને કહી રહ્યાં છે સ્તુતિ કહેવાય.**

અનાદિકાળથી પરમાત્મા મહાવીરસ્વામીનો આત્મા પણ આપણી જેમ મતિજ્ઞાનાવરણીયાદિ **૧૪૮** કર્મપ્રકૃતિથી લેપાયેલો હતો પરંતુ જેમ જેમ આત્મિકગુણોનો વિકાસ થતો ગયો તેમ તેમ તેઓ ગુણસ્થાનકે ચઢતા ગયા. તે વખતે તેમને **જે રીતે, જે જે ગુણઠાણે જે જે કર્મપ્રકૃતિનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તામાંથી ક્ષય કર્યો છે તે રીતે, ગ્રન્થકાર ભગવંતશ્રી જાણે મહાવીરસ્વામીની સ્તુતિ કરતાં કરતાં આપણને સકલકર્મક્ષયની વિધિ ન બતાવી રહ્યા હોય ! એ રીતે, આ ગ્રન્થની રચના કરી છે. માટે આ ગ્રન્થનું નામ "કર્મસ્તવ" છે અને સ્તુતિનો વિષય** (સ્તુત્યાત્મક વિષય) **"સકલકર્મક્ષય" છે.**

સકલકર્મક્ષયનું કારણ સમ્યક્ત્વાદિ ગુણો છે. જ્યાં સુધી મુમુક્ષુનું મોક્ષમહેલની સીડીના પગથિયારૂપ ગુણસ્થાનકે ચઢાણ શરૂ ન થાય ત્યાં સુધી સમ્યગ્દર્શનાદિ ગુણો પ્રાપ્ત થતાં નથી અને જ્યાં સુધી સમ્યક્ત્વાદિ ગુણો પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મિથ્યાત્વાદિ દોષનો નાશ થતો નથી અને જ્યાં સુધી મિથ્યાત્વાદિ દોષનો નાશ ન થાય ત્યાં સુધી કર્મબંધની પ્રક્રિયાનો અંત આવતો નથી અને જ્યાં સુધી કર્મબંધની પ્રક્રિયાનો અંત ન આવે ત્યાં સુધી સત્તાનો અંત આવતો નથી. વળી, જ્યાં સુધી કર્મદલિક સત્તામાં હોય ત્યાં સુધી ઉદય-ઉદીરણાની પ્રક્રિયાનો પણ અંત આવતો નથી એટલે કર્મસત્તાનું કારણ કર્મબંધ છે. અને કર્મબંધનું કારણ મિથ્યાત્વાદિ દોષ છે. તેથી જ્યારે મુમુક્ષુનું ગુણસ્થાનકે ચઢાણ શરૂ થાય ત્યારે મિથ્યાત્વાદિ દોષો નાશ પામીને, સમ્યક્ત્વાદિ ગુણો પ્રાપ્ત થતાંની સાથે જ મિથ્યાત્વાદિ નિમિત્તક કર્મપ્રકૃતિની બંધાદિ પ્રક્રિયાનો અંત આવવાથી તે તે કર્મપ્રકૃતિની સત્તાનો નાશ થતો જાય છે. એટલે ગ્રન્થકારભગવંત **સકલકર્મક્ષયની વિધિ**ને કહેતી વખતે સૌ પ્રથમ **ગુણસ્થાનક**નું સ્વરૂપ કહીને, **ચિત્રનં.૧૮**માં બતાવ્યા મુજબ...

(૧) **બંધવિધિ**
(૨) **ઉદયવિધિ**
(૩) **ઉદીરણાવિધિ**
(૪) **સત્તાવિધિ કહી રહ્યાં છે.**

ચિત્રનં૧૮

# બંધ-ઉદય-ઉદીરણા-સત્તા



ગુણસ્થાનકનું સ્વરૂપ :-

**मिच्छे सासणमीसे अविरयदेसे पमत्त अपमत्ते ।**

**निअट्टि अनिअट्टि सुहुमुवसम खीण सजोगिअजोगिगुणा ॥ १ ॥**

मिथ्या सास्वादनो मिश्रोऽविरतो देशः प्रमत्तोऽप्रमत्तः ।

निवृत्तिरनिवृत्तिः सूक्ष्म उपशमः क्षीणः सयोगी-अयोगीगुणः ॥ २ ॥

**ગાથાર્થ :- (૧) મિથ્યાદૃષ્ટિ (૨) સાસ્વાદન (૩) મિશ્ર (૪) અવિરતસમ્યગ્દૃષ્ટિ (૫) દેશવિરતિ (૬) પ્રમત્તસંયત (૭) અપ્રમતસંયત (૮) અપૂર્વકરણ (૯) અનિવૃત્તિકરણ (૧૦) સૂક્ષ્મસંપરાય (૧૧) ઉપશાંતમોહ (૧૨) ક્ષીણમોહ (૧૩) સયોગીકેવળી અને (૧૪) અયોગીકેવળી.... એ ૧૪ ગુણસ્થાનક છે.**

**વિવેચન :-** દરેક વસ્તુ સ્વાભાવિક રીતે જ પોત-પોતાના ગુણથી યુક્ત હોય છે. જેમ કડવાશયુક્ત લીંબડો, મીઠાશયુક્ત સાકર, તીખાશયુક્ત મરચું છે તેમ જ્ઞાનાદિગુણયુક્ત આત્મા છે. પણ આત્માના જ્ઞાનાદિગુણો અનાદિકાળથી કર્મદ્વારા ઢંકાયેલા છે. જો કે સદાકાળને માટે કર્મોનું આવરણ એક સરખું હોતું નથી. તેમાં વધ-ઘટ થયા કરે છે. જ્યારે કર્મમલ વધારે હોય ત્યારે [1]જ્ઞાનાદિગુણો અલ્પાંશે ખુલ્લા હોય છે અને જ્યારે કર્મમલ ઓછો હોય ત્યારે જ્ઞાનાદિગુણો અધિકાંશે ખુલ્લા હોય છે. એટલે જ્ઞાનાદિગુણોનું ઓછા-વધતા અંશે પ્રગટ થવું, તે **ગુણસ્થાનક** કહેવાય.

---

૧. આત્માનો મુખ્ય ગુણ જ્ઞાન છે. પરંતુ મોહનીયકર્મના ક્ષયોપશમ વિના માત્ર જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી આત્મિકવિકાસ થતો નથી અર્થાત્ ગુણસ્થાનકે ચઢાણ થતું નથી. જ્યારે અભવ્યને જ્ઞાનાવરણીયકર્મનો તીવ્રક્ષયોપશમ હોય છે ત્યારે જ્ઞાનગુણ અધિકાંશે ખુલ્લો હોય છે. તેથી તે સાડા નવ પૂર્વ સુધીનો અભ્યાસ કરી શકે છે પરંતુ આત્મિકવિકાસ થતો નથી. અને માતુષ-મારુષ મુનિનો જ્ઞાનગુણ અલ્પાંશે જ ખુલો હોવા છતાં મોહનીયકર્મના ક્ષયોપશમથી સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ અને કેવલજ્ઞાનને પ્રાપ્ત કરીને મોક્ષમાં પહોંચી ગયા. એટલે મિથ્યાત્વગુણઠાણે જ્ઞાનગુણઅધિકાંશે અને પ્રમત-અપ્રમતે જ્ઞાનગુણ અલ્પાંશે ખુલો હોઈ શકે છે. માટે ગુણસ્થાનકની કલ્પના મુખ્યતયા જ્ઞાનાદિગુણ પર આધારિત નથી. પરંતુ મોહનીયકર્મના ક્ષયોપશમજન્ય માધ્યસ્થ્ય, સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ, વીતરાગતા, કેવળજ્ઞાન વગેરે આત્મિકગુણો પર આધારિત છે. એટલે માધ્યસ્થ્ય, સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ વગેરે આત્મિકગુણો વિકાસ પામતા જાય છે તેમ તેમ જીવનું ગુણસ્થાનકે ચઢાણ થતું જાય છે.

કાળામેશ જેવા કપડાને (મસોતાને) સાબુ લગાવીને, મસળવાથી જેમ જેમ કપડાની કાળાશ ઓછી થતી જાય છે તેમ તેમ કપડાનો સ્વાભાવિક રંગ ખુલતો જાય છે. એ રીતે, અનાદિકાળથી કર્મકાદવથી લેપાયેલા આત્માને સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ ધર્મ દ્વારા તપાવવાથી જેમ જેમ કર્મમલ ઓછો થતો જાય છે તેમ તેમ આત્મા શુદ્ધ થવાથી જ્ઞાનાદિગુણો અધિકાંશે ખુલતા જાય છે. એટલે **જ્ઞાનાદિગુણોના વિકાસને જણાવનારી જીવની જુદા જુદા પ્રકારની અવસ્થાને ગુણસ્થાનક[૨] કહે છે.**

**ગુણસ્થાનકની સંખ્યા :-**

જીવ ઉપર ચઢી રહ્યો હોય છે ત્યારે જેમ જેમ વિશુદ્ધિ વધતી જાય છે તેમ તેમ જ્ઞાનાદિગુણો અધિકાંશે ખુલતા જાય છે. જ્યારે જીવ ઘાતીકર્મોનો સંપૂર્ણ નાશ કરીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે ત્યારે જ્ઞાનાદિગુણો સંપૂર્ણ ખુલી જાય છે. એટલે **અત્યંત અલ્પ જ્ઞાનાદિગુણવાળા સૂક્ષ્મનિગોદીયા જીવથી માંડીને અનંતજ્ઞાનાદિમય કેવળીભગવંત સુધીની જ્ઞાનાદિગુણના વિકાસને જણાવનારી જીવની અવસ્થાઓ અસંખ્ય પ્રકારે છે તેથી ગુણસ્થાનક અસંખ્ય પ્રકારે થાય.** પરંતુ તે સર્વ પ્રકારોને સામાન્ય મનુષ્ય સમજી શકે નહીં. એટલે મહાપુરુષોએ જ્ઞાનાદિગુણના વિકાસને જણાવનારી જુદા જુદા પ્રકારની આત્મિક અવસ્થાનું વર્ગીકરણ કરીને, **તે સર્વેનો મિથ્યાત્વદર્શનાદિ કાર્યની અપેક્ષાએ ૧૪ વિભાગમાં સમાવેશ કરીને, મોક્ષમહેલની સીડીના પગથીયારૂપ ગુણસ્થાનકોની સંખ્યા "ચૌદ" કહી છે.**

---

૨. અહીં "સ્થાન" શબ્દ અધિકરણવાચી નથી પરંતુ ભેદદર્શક છે. એટલે જ્ઞાનાદિગુણોની ન્યૂનાધિકતાને જણાવનારી (ભેદદર્શક) આત્મિક અવસ્થાને ગુણસ્થાનક કહેવાય છે. જેમ ચૈતન્યવિકાસને જણાવનારી જીવની જુદા જુદા પ્રકારની અવસ્થાને જીવસ્થાનક કહે છે તેમ જ્ઞાનાદિગુણોના વિકાસને જણાવનારી આત્માની જુદા જુદા પ્રકારની અવસ્થાને ગુણસ્થાનક કહે છે.



## મિથ્યાદૃષ્ટિગુણસ્થાનક

**સર્વજ્ઞ ભગવંતે જે વસ્તુ જેવા સ્વરૂપે કહી છે તે વસ્તુ તેવા સ્વરૂપે ન માનતા, તેનાથી વિપરીત સ્વરૂપે માનવી, તે મિથ્યાદૃષ્ટિ કહેવાય.**

દા.ત. (૧) જેમ ધતુરાનું પાન કરેલા મનુષ્યને ધોળી વસ્તુ પીળી લાગે છે તેમ મિથ્યાત્વમોહનીયના ઉદયવાળા જીવને મોક્ષાદિ ઉપાદેય તત્ત્વો **હેય** અને સંસારાદિ હેય તત્ત્વો **ઉપાદેય** લાગે છે. (૨) મિથ્યાત્વના ઉદયવાળો જીવ અઢારદોષથી રહિત અરિહંતાદિ સુદેવને કુદેવ માને છે, કંચન કામિનીના ત્યાગી, પંચમહાવ્રતધારી સુસાધુને કુગુરુ માને છે અને અહિંસાદિ ધર્મને અધર્મ માને છે.

**મિથ્યાદૃષ્ટિ જીવને જે ગુણસ્થાનક હોય છે, તે મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનક કહેવાય છે. અથવા મિથ્યાદૃષ્ટિજીવના જ્ઞાનાદિગુણોના વિકાસને જણાવનારી અવસ્થાને મિથ્યાદૃષ્ટિગુણસ્થાનક કહે છે.**

**ચિત્રનં.૧૯માં** બતાવ્યા મુજબ [3]**ચરમાવર્તકાળ** અને **અચરમાવર્તકાળ**ની અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિગુણસ્થાનક **બે** વિભાગમાં વહેંચાઈ જાય છે. (૧) **ગાઢમિથ્યાદૃષ્ટિગુણસ્થાનક** (૨) **મંદમિથ્યાદૃષ્ટિગુણસ્થાનક.**

### (૧) ગાઢમિથ્યાદૃષ્ટિગુણસ્થાનક :-

અનાદિકાળથી [4]અંજનચૂર્ણથી ભરેલા ડાભડાની જેમ સંપૂર્ણ લોકમાં સૂક્ષ્મનિગોદીયા જીવો ઠાંસીને ભરેલા છે. ક્યારેય કોઈ પણ જીવ નવો ઉત્પન્ન થતો નથી કે નાશ પામતો નથી. તેના અનાદિકાલીન નિવાસસ્થાનને **"નિગોદ"** કહે છે. તેમાં અનંતાજીવો ભેગા મળીને ચર્મચક્ષુથી ન દેખી શકાય એવું એક સૂક્ષ્મશરીર બનાવે છે. તેથી તે **"સૂક્ષ્મનિગોદીયાજીવો"** કહેવાય છે. તે જીવો જ્યાંસુધી એકવાર પણ



૩. જે જીવ વધુમાં વધુ એક પુદ્‌ગલપરાવર્તકાળમાં અવશ્ય મોક્ષમાં જવાનો હોય, તે ચરમાવર્તકાળવર્તી કહેવાય છે અને જે જીવોને એક પુદ્‌ગલપરાવર્તકાળથી વધુ વખત સંસારમાં પરિભ્રમણ કરવાનું હોય, તે અચરમાવર્તકાળવર્તી કહેવાય છે.

૪. જુઓ દ્રવ્યલોકપ્રકાશ (સર્ગ. ૪માં શ્લોક નં.૩૭.)

સૂક્ષ્મનિગોદમાંથી બહાર નીકળીને પૃથ્વ્યાદિ વ્યવહારને પામતા નથી ત્યાં સુધી તે **"અવ્યવહારરાશિવાળા"** કહેવાય છે અને જે જીવો અવ્યવહારરાશિમાંથી બહાર નીકળીને પ્રથમવાર જ [5]પૃથ્વ્યાદિમાં ઉત્પન્ન થાય છે તે જીવો પૃથ્વ્યાદિ વ્યવહારને પામતા હોવાથી **"વ્યવહારરાશિવાળા"** કહેવાય છે.

અવ્યવહારરાશિમાં રહેલા [6]ભવ્ય-અભવ્ય અને જાતિભવ્ય જીવોમાંથી **"જાતિભવ્યજીવો ક્યારેય અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવી શકતા નથી."** અને કોઈ પણ એક મનુષ્ય પોતાના સકલકર્મોનો ક્ષય કરીને મોક્ષમાં જાય છે ત્યારે અવ્યવહારાશિમાં રહેલા ભવ્ય કે અભવ્યમાંથી કોઈપણ એક જીવ વ્યવહારરાશિમાં આવે છે.

વ્યવહારરાશિમાં આવેલા ભવ્યજીવોમાંથી પણ જે ભવ્યજીવો વધુમાં વધુ એક પુદ્ગલપરાવર્તકાળમાં અવશ્ય મોક્ષમાં જવાના હોય, તે ચરમાવર્તકાળવર્તી ભવ્ય જીવો કહેવાય છે અને જે ભવ્યજીવને એક

---

૫. અવ્યવહારરાશિમાંથી પહેલીવાર બહાર નીકળતો જીવ પૃથ્વ્યાદિમાં ઉત્પન્ન થઈ શકે છે. (દ્રવ્યલોક પ્રકાશ સર્ગ. ૪ માં શ્લોક નં. ૬૫)

૬. (૧) જે જીવો મોક્ષ પામવાની યોગ્યતાવાળા હોય, તે ભવ્ય કહેવાય. અને

(૨) જે જીવમાં મોક્ષ પામવાની યોગ્યતા ન હોય, તે અભવ્ય કહેવાય. જેમ ગાય અને ઊંટડીનું દૂધ, દૂધરૂપે એક સરખું હોવા છતાં ગાયના દૂધમાં દહીં બનવાની યોગ્યતા છે. અને ઊંટડીના દૂધમાં દહીં બનવાની યોગ્યતા નથી. તેમ દરેક જીવો જીવરૂપે એક સરખા હોવા છતાં જે જીવમાં મોક્ષ પામવાની યોગ્યતા હોય, તે ભવ્ય કહેવાય. અને જે જીવમાં મોક્ષ પામવાની યોગ્યતા ન હોય, તે અભવ્ય કહેવાય.

(૩) જે જીવો મોક્ષ પામવાની યોગ્યતાવાળા હોવા છતાં સિદ્ધિપદને માટે જરૂરી સામગ્રી ન મલવાથી મોક્ષ પામી શકતા નથી તે જાતિભવ્ય કહેવાય. જેમ સ્વયંભૂરમણ સમુદ્રમાં રહેલી માટીમાં ઘટ બનવાની યોગ્યતા છે પણ ત્યાં કુભાર, ચક્ર, દંડ વગેરે સામગ્રી ન મલવાથી ઘટ તૈયાર થવાનો જ નથી. તેમ દરેક ભવ્ય જીવમાં મોક્ષ પામવાની યોગ્યતા છે. પણ જે ભવ્ય જીવો ક્યારેય અવ્યવહારરાશિમાંથી બહાર નીકળીને વ્યવહારરાશિમાં આવી શકતા ન હોવાથી, તેઓને સિદ્ધિપદને માટે જરૂરી સામગ્રી મલી શકતી નથી. તેથી તે જીવો ભવ્ય હોવા છતાં, પણ ક્યારેય મોક્ષમાં જઈ શકતા નથી તેથી તે જાતિભવ્ય કહેવાય છે.



પુદ્‌ગલપરાવર્તકાળથી પણ ઘણો વખત સંસારમાં પરિભ્રમણ કરવાનું હોય, તે અચરમાવર્તકાળવર્તી ભવ્યજીવ કહેવાય છે. અભવ્ય જીવોમાં મોક્ષ પામવાની યોગ્યતા ન હોવાથી ચરમાવર્તમાં પ્રવેશી શકતા નથી. તેથી તેઓ અચરમાવર્તકાળવર્તી કહેવાય છે.

અચરમાવર્તકાળવર્તી જીવો સહજભાવમલની (અનાદિકાલીન રાગદ્વેષના પરિણામની) બહુલતાને કારણે મોક્ષ સન્મુખ થઈ શકતા નથી. **જેમ આપણને પેટમાં પુષ્કળ મળ હોય ત્યાં સુધી સારામાં સારા મિષ્ટાન્ન તરફ દ્વેષભાવ થયા કરે છે. તેમ તેઓને સહજભાવમલની બહુલતાને કારણે મોક્ષ, મોક્ષના સાધકો અને મોક્ષના સાધનો પ્રત્યે દ્વેષભાવ થયા કરે છે. તેથી તેઓ મોક્ષ સન્મુખ થઈ શકતા નથી. તે વખતે તેઓને મોક્ષાદિ ઉપાદેય તત્ત્વોમાં હેય અને સંસારાદિ હેય તત્ત્વોમાં ઉપાદેયની બુદ્ધિ ઉત્પન્ન થાય છે. એટલે તેઓ સર્વજ્ઞ કથિત વચનોથી તદ્દન વિપરીત (મિથ્યા) દૃષ્ટિવાળા હોવાથી ગાઢમિથ્યાદૃષ્ટિ કહેવાય છે. તેઓનું જે ગુણસ્થાનક છે. તે "ગાઢમિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનક"** કહેવાય છે.

**(૨) મંદમિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનક :- (આત્મિકવિકાસયાત્રાનો પ્રારંભ)**

ભવ્ય જીવ જ્યાં સુધી અચરમાવર્તકાળમાં હોય ત્યાં સુધી ગાઢમિથ્યાદૃષ્ટિ હોય છે. પછી કાળ પસાર થતાં જ્યારે તે ચરમાવર્તમાં આવે છે. ત્યારે **"સહજ ભાવમલ હ્રસ્વ (અનાદિકાલીન રાગદ્વેષનો પરિણામ મંદ) થતાંની સાથે જ મિથ્યાત્વભાવમાં મંદતા આવી જાય છે. તેથી તે મંદ મિથ્યાદૃષ્ટિ કહેવાય. મંદમિથ્યાદૃષ્ટિને જે ગુણસ્થાનક હોય છે, તે "મંદમિથ્યાદૃષ્ટિગુણસ્થાનક"** કહેવાય.




અચરમાવર્તકાળમાં જીવ ભવાભિનંદી હોય છે. એટલે આત્મિક વિકાસ થતો નથી. પણ, ચરમાવર્તમાં આવ્યા પછી સહજભાવમલ હ્રસ્વ થયા પછી જીવ **"અપુનર્બંધક"** અવસ્થાને પ્રાપ્ત કરે છે. તે વખતે કાંઈક અંશે આત્મિકગુણોનો પ્રાદુર્ભાવ થાય છે. ત્યાંથી જીવની આત્મિકવિકાસ યાત્રા[૭] શરૂ થાય છે.


દેશાવરીતગુણસ્થાનક
ચિત્રનં.૧૯
સમ્યક્ત્વગુણસ્થાનક
મિશ્રગુણસ્થાનક
સાસ્વદનગુણસ્થાનક
મંદમિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનક
ચરમાવર્તકાળ
માર્ગાનુસારી-અ
અપૂર્નબંધક-અ
(મોક્ષાભિમુખી)
મોક્ષમાર્ગ
અચરમાવર્તકાળ
ગાઢમિથ્યાદૃષ્ટિગુણસ્થાનક
ગાઢમિથ્યાદૃષ્ટિ-અ
દેવગતિ
મનુષ્યગતિ
નરકગતિ
તિર્યંચગતિ
અ નો વ્યવહારરાશિમાં પ્રવેશ
સૂક્ષ્મનિગોદ
અનો ચરમાવર્તકાળમાં પ્રવેશ
મિથ્યાદૃષ્ટિગુણસ્થાનક

ધારો કે, **ચિત્રનં.૧૯**માં બતાવ્યા મુજબ કોઈક એક મહાત્મા મોક્ષમાં જાય છે, ત્યારે અવ્યવહારરાશિમાં રહેલો **अ** નામનો ભવ્ય **સૂક્ષ્મનિગોદીયો જીવ** પૃથ્વીકાયમાં **अ** નામના હીરા રૂપે ઉત્પન્ન થાય છે, તે વખતે **अ** નામનો જીવ વ્યવહારરાશિમાં આવે છે. ત્યારપછી અચરમાવર્તકાળમાં રહેલો હીરો-**अ** તિર્યંચ કે મનુષ્યમાં ઉત્પન્ન થઈને ચારેગતિમાં ભટકે છે. તે વખતે **अ** નામનો જીવ ગાઢમિથ્યાદૃષ્ટિ છે. કાલાન્તરે **अ** નામનો જીવ મનુષ્યભવમાં ઉત્પન્ન થાય છે. જ્યારે ગાઢમિથ્યાદૃષ્ટિ માણસ-**अ** અચરમાવર્તકાળમાંથી ચરમાવર્તકાળમાં આવે છે ત્યારે સહજભાવમલ અલ્પ થતાંની સાથે જ મંદમિથ્યાદૃષ્ટિ બની જાય છે. ત્યારપછી તે અપુનર્બંધક[૮] (મોક્ષાભિમુખી) થાય છે.

**મંદમિથ્યાદૃષ્ટિજીવોને નદી ઘોળ ગોળ પાષાણન્યાયે એટલે જેમ નદીના પ્રવાહમાં તણાઈ રહેલો પત્થર પોતાની મેળે જ લીસો બની જાય છે. તેમ સાહજિક રીતે જ આયુષ્ય સિવાયની સાતેકર્મની દીર્ઘસ્થિતિસત્તા કપાઈને અંતઃકોડાકોડી સાગરોપમ થઈ જાય એવો જે**

૭ અચરમાવર્તકાળવર્તી જીવ માખીનો પગ પણ ન નંદવાય એવી રીતે મહાવ્રતોનું પાલન કરે છે. પણ તેઓ મોક્ષપ્રાપ્તિના આશયથી મહાવ્રતોનું પાલન કરતા નથી. માત્ર આલોક અને પરલોકમાં ભૌતિકસુખની પ્રાપ્તિ થાય, એ હેતુથી નિરતિચાર ચારિત્રને પાળે છે. તેથી તે જીવનો આત્મિકવિકાસ થતો નથી.

૮ **સૈદ્ધાન્તિકમતે :-**

ચરમાવર્તકાળવર્તી મિથ્યાદૃષ્ટિજીવ અનેકવાર ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરે છે. પણ ક્યારેક એ જીવને મિથ્યાભાવમાં એવી મંદતા આવી જાય છે કે, હવે તે કેવળી ભગવંતની દૃષ્ટિએ સમગ્રસંસારમાં ફક્ત બેવાર જ મોહનીયકર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરવાને લાયક હોય, ત્યારે તે **"દ્વિર્બંધક"** કહેવાય છે. અને જ્યારે તે જીવ કેવળી ભગવંતની દૃષ્ટિએ સમગ્ર સંસારમાં ફક્ત એકજ વાર ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરવાને લાયક હોય, ત્યારે તે **"સકૃદ્બંધક"** કહેવાય છે. અને તે જીવ એકવાર મોહનીયનો ૭૦ સ્થિતિબંધ કરી લે, પછી ચિત્ર નં. ૧૯માં બતાવ્યા મુજબ તે જીવ સમગ્ર સંસારકાળમાં ક્યારેય મોહનીયકર્મનો ૭૦ સ્થિતિબંધ કરવાનો ન હોવાથી **"અપુનર્બંધક"** કહેવાય છે તે **મોક્ષાભિમુખી** હોય છે. પછી તે **માર્ગાનુસારી** બને છે.



**વિશુદ્ધ અધ્યવસાય ઉત્પન્ન થાય છે તે યથાપ્રવૃત્તકરણ કહેવાય. જ્યારે યથાપ્રવૃત્તકરણ નામનો અધ્યવસાય પ્રાપ્ત થાય છે ત્યારે જીવ "ગ્રન્થિદેશે" (ગ્રન્થિપાસે) આવ્યો કહેવાય છે.**

ગાઢમિથ્યાદૃષ્ટિ અને મંદમિથ્યાદૃષ્ટિજીવો ઘણીવાર ગ્રન્થિદેશે આવે છે. પણ ગાઢમિથ્યાદૃષ્ટિજીવો સંકલેશ વધી જવાથી, ત્યાંથી જ પાછા ફરી જાય છે અને મંદમિથ્યાદૃષ્ટિમાંથી પણ જે જીવ અનંતગુણવિશુદ્ધ પરિણામની ધારાએ ચઢેલો હોય, તે આસન્નભવ્ય ગ્રન્થિભેદ કરવા માટે આગળ જાય છે અને જે અપૂર્વવીર્યોલ્લાસને ફોરવી શકતો નથી તે ત્યાંથી જ પાછો ફરી જાય છે.

જેમ મહાનગરમાં જવાની ઈચ્છાથી નીકળેલા ત્રણ મુસાફરો ભયંકર અટવીમાં પ્રવેશ્યા પછી **"ઘણો માર્ગ"** પસાર થઈ ગયા બાદ તીક્ષ્ણ ધારવાળી તલવાર જેમના હાથમાં છે એવા **"બે ચોરો"** સામેથી આવતા જોઈને, એક મુસાફર તો પાછો ભાગી જાય છે. બીજો મુસાફર ચોરના શરણે થઈ જાય છે. અને ત્રીજો મુસાફર ચોરનો સામનો કરીને, ઈષ્ટનગરે પહોંચી જાય છે. તેમ સંસાર અટવીમાં રહેલા ત્રણ પુરુષ જ્યારે **"અતિદીર્ઘકર્મસ્થિતિ"**નો ક્ષય કરીને **"ગ્રન્થિદેશે"** આવે છે. ત્યારે એક મુસાફર તો રાગ-દ્વેષની ગ્રન્થિરૂપ ભયંકર ચોરને જોઈને ત્યાંથી જ પાછો ફરી જાય છે. બીજો મુસાફર ચોરના શરણે થઈ જાય છે. એટલે કે, તે ગ્રન્થિ ભેદ કરી શકતો નથી કે ત્યાંથી પાછો ફરી શકતો નથી, અમુકકાળ સુધી તે જ અવસ્થામાં રહે છે. અને ત્રીજો મુસાફર રાગદ્વેષરૂપ ચોરોનો સામનો કરીને (ગ્રન્થિભેદ કરીને) સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે.

યથાપ્રવૃત્તકરણવર્તી ગાઢમિથ્યાદૃષ્ટિ અને મંદમિથ્યાદૃષ્ટિજીવ વિશુદ્ધ અધ્યવસાયવાળા હોવા છતાં પણ તે બન્નેની વિશુદ્ધિમાં ઘણો ફરક હોય છે. જે જીવ ગ્રન્થિભેદ કરવાનો છે તે ગાઢમિથ્યાદૃષ્ટિની અપેક્ષાએ **અનંતગુણ વિશુદ્ધિવાળો હોય છે.** તેનું જે યથાપ્રવૃત્તકરણ છે, તે **"ચરમયથાપ્રવૃત્તકરણ"** કહેવાય છે. **અપૂર્વકરણની પૂર્વેનું જે છેલ્લું યથાપ્રવૃત્તકરણ થાય છે, તે ચરમયથાપ્રવૃત્તકરણ કહેવાય છે.**



અસત્કલ્પનાથી..... ૧ કોડાકોડી સાગરોપમ = ૨૫૦ સમય....
અંતઃકોડાકોડી સાગરોપમ = ૨૪૦ સમય....
યથાપ્રવૃત્તકરણનું અંતર્મુહૂર્ત = ૨૮ સમય....
માનવામાં આવે તો......

**ચિત્રનં.૨૦**માં બતાવ્યા મુજબ અનાદિમિથ્યાદષ્ટિ **અ** યથાપ્રવૃત્તકરણ નામના અધ્યવસાયથી મોહનીયકર્મની ૭૦ કો૦કો૦સા૦ = ૧૭૫૦૦ **સમય**, જ્ઞાનાવરણીયાદિ-૪ કર્મની ૩૦ કો૦કો૦સા૦ = ૭૫૦૦ **સમય**, નામ-ગોત્રની ૨૦ કો૦કો૦સા૦ = ૫૦૦૦ **સમય**ની દીર્ઘસ્થિતિસત્તામાંથી માત્ર **અંતઃકોડાકોડીસાગરોપમ = ૨૪૦ સમયની સ્થિતિ** રાખીને બાકીની બધી જ સ્થિતિસત્તાને કાપી નાંખે છે. તે વખતે જીવ **"ગ્રન્થિદેશે"** (ગ્રન્થિની નજદીક) આવ્યો કહેવાય.

જૈનદર્શનમાં **અનાદિકાળથી જીવને વળગેલા રાગદ્વેષના ગાઢ પરિણામને "ગ્રન્થિ" કહે છે. જ્યારે અનાદિકાલીન રાગદ્વેષના તીવ્રપરિણામ રૂપ દુર્ભેદ્યગાંઠને તોડી (ભેદી) નાંખે છે ત્યારે "ગ્રન્થિભેદ" કર્યો કહેવાય.**

ચરમયથાપ્રવૃત્તકરણવર્તી આસન્નભવ્ય મહાત્મા **ચિત્રનં.૨૦માં** બતાવ્યા મુજબ નિષેકરચનાના નીચેના ભાગમાંથી એકેક સમયે ક્રમશઃ એકેક નિષેકમાં રહેલું કર્મદલિક વિપાકોદયથી ભોગવીને નાશ કરતો કરતો આગળ વધી રહ્યો છે. જ્યારે યથાપ્રવૃત્તકરણનું **અંતર્મુહૂર્ત=૨૮ સમય** પૂર્ણ થાય છે ત્યારે તે અત્યંતવીર્યોલ્લાસને ફોરવીને અપૂર્વકરણમાં પ્રવેશ કરે છે.

## અપૂર્વકરણમાં પ્રવેશ :-

પૂર્વે (અનાદિકાળમાં) **ક્યારેય નહિ આવેલા એવા વિશુદ્ધ અધ્યવસાયને અપૂર્વકરણ કહે છે.**

પૂર્વે (અનાદિકાળમાં) **ક્યારેય નહિ થયેલા એવા સ્થિતિઘાતાદિ પદાર્થોના પ્રારંભક અધ્યવસાયને અપૂર્વકરણ કહે છે.**




અપૂર્વકરણનું બીજુ નામ **"નિવૃત્તિકરણ"** પણ છે. કેમકે **એકી સાથે ગ્રન્થિભેદ કરનારા સર્વજીવોના અધ્યવસાયમાં તરતમતા હોય છે. તેથી તેને નિવૃત્તિકરણ પણ કહે છે.**

ચિત્રનં૦૨૦ યથાપ્રવૃત્તકરણમાં પ્રવેશ



અપૂર્વકરણના પ્રથમસમયથી જીવ (૧.) **સ્થિતિઘાત**, (૨.) **રસઘાત**, (૩.) **ગુણશ્રેણી** અને (૪.) **અપૂર્વસ્થિતિબંધ** શરૂ કરે છે.

### (૧) સ્થિતિઘાત :-

આયુષ્ય સિવાયની જ્ઞાનાવરણીયાદિ-૭ કર્મની નિષેકરચનાના ઉપરના ભાગમાંથી [૯]અપવર્તનાકરણથી જઘન્યથી પલ્યોપમનો સંખ્યાતમોભાગ અને ઉત્કૃષ્ટથી સેંકડો સાગરોપમ પ્રમાણ સ્થિતિખંડનો (સ્થિતિના એક ટુકડાનો) નાશ કરવો, તે **સ્થિતિઘાત** કહેવાય.

અસત્કલ્પનાથી.....

**અપૂર્વકરણનું અંતર્મુહૂર્ત = ૨૬ સમય**
**પલ્યોપમનો સંખ્યાતમોભાગ = ૫ સમય**
**સ્થિતિઘાતનું અંતર્મુહૂર્ત = ૨ સમય**

માનવામાં આવે, તો....

**ચિત્રનં.૨૧માં** બતાવ્યા મુજબ અપૂર્વકરણમાં રહેલો **अ** નિષેક રચનાના ઉપરના ભાગમાંથી પલ્યોપમનો સંખ્યાતમોભાગ = **૨૩૬** થી **૨૪૦** સુધીના કુલ **૫** નિષેકમાંથી પ્રથમસમયે થોડા (અસંખ્યાતા) દલિકોને, નીચે ઉતારે છે તેનાથી બીજા સમયે અસંખ્યગુણા દલિકોને નીચે ઉતારે છે. એ રીતે, પૂર્વ-પૂર્વના સમય કરતાં પછી પછીના સમયે અસંખ્યગુણાકારે દલિકોને નીચે ઉતારીને જે સ્થિતિનો નાશ થતો નથી તેમાં નાંખે છે. જ્યારે સ્થિતિઘાતનું અંતર્મુહૂર્ત = **૨** સમય પૂર્ણ થાય છે ત્યારે **૨૩૬** થી **૨૪૦** સુધીના કુલ **૫** નિષેકમાં એક પણ દલિક રહેતું નથી. એટલે **અંતર્મુહૂર્તકાળે=૨ સમયમાં** પલ્યોપમનો સંખ્યાતમોભાગ=**૫** સમયની સ્થિતિનો નાશ થાય છે. તે સમયે **"પ્રથમસ્થિતિઘાત"** પૂર્ણ થાય છે.

અપૂર્વકરણમાં રહેલો-**अ** નિષેકરચનાના નીચેના ભાગમાંથી એક-એક સમયે ક્રમશઃ એક-એક નિષેકમાં રહેલા દલિકોને ભોગવીને નાશ કરી રહ્યો છે અને ઉપરથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ = **૫** નિષેકમાંથી ક્રમશઃ અસંખ્યગુણાકારે દલિકોને નીચે ઉતારીને, જે સ્થિતિનો ઘાત થતો નથી.




૯ જે પ્રયત્નવિશેષથી કર્મની સ્થિતિમાં અને રસમાં ઘટાડો છે. તે અપર્વતનાકરણ કહેવાય.

## સ્થિતિઘાતનો પ્રારંભ

## પ્રથમ સ્થિતિઘાતની સમાપ્તિ

ચિત્રનં૦૨૧



તેમાં નાંખી રહ્યો છે. એટલે **ચિત્રનં.૨૧**માં બતાવ્યા મુજબ જ્યારે સ્થિતિઘાતનું **અંતર્મુહૂર્ત = ૨ સમય** પૂર્ણ થાય છે ત્યારે નીચેથી **૨** સમયની અને ઉપરથી **૨૩૬ થી ૨૪૦** સુધીની **૫** સમયની સ્થિતિનો નાશ થાય છે. એટલે જ્યારે પ્રથમસ્થિતિઘાત પૂર્ણ થાય છે ત્યારે **૩૧ થી ૨૩૫** સમયની સ્થિતિસત્તા રહે છે.

એ જ રીતે, આગળ પણ સમજવું.

અપૂર્વકરણમાં અસત્કલ્પનાથી **૧૩** સ્થિતિઘાત બતાવ્યા છે. પણ વાસ્તવિક રીતે, અપૂર્વકરણમાં **હજારો** સ્થિતિઘાત થાય છે.

**(૨) રસઘાત :-**

**જીવદ્વારા ગ્રહણ કરાયેલા કર્મપુદ્ગલોમાં "કષાયયુક્તલેશ્યાજન્ય" અધ્યવસાયથી ન્યૂનાધિક પ્રમાણમાં શુભાશુભ ફળ આપવાની જે શક્તિ ઉત્પન્ન કરાય છે, તે "રસ" કહેવાય અને સત્તામાં રહેલા અશુભપ્રકૃતિના રસનો અપવર્તનાકરણથી નાશ કરવો, તે "રસઘાત" કહેવાય છે.**

સત્તાગત[10] અશુભકર્મપુદ્ગલોમાં રહેલા રસના અનંતાભાગ કરવા, તેમાંથી એક અનંતમા ભાગ જેટલો રસ રાખીને, બાકીના ઘણા અનંતા ભાગ જેટલા રસનો અંતર્મુહૂર્તકાળમાં નાશ કરવો, તે **"પ્રથમરસઘાત"** કહેવાય છે. ત્યારપછી પ્રથમ રસઘાત કરતી વખતે જે એક અનંતમા ભાગ જેટલો રસ રાખ્યો હતો, તેના અનંતાભાગો કરીને, તેમાંથી એક અનંતમા ભાગ જેટલો રસ રાખીને, બાકીના ઘણા અનંતા ભાગ જેટલા રસનો અંતર્મુહૂર્તકાળમાં નાશ કરવો, તે **"બીજો રસઘાત"** કહેવાય છે.

અસત્કલ્પનાથી...... **અનંતાનંત રસાણુ = ૧ કરોડ રસાણુ**

**અનંતાભાગો = ૫ ભાગ**

માનવામાં આવે, તો......



**ચિત્રનં.૨૨** માં બતાવ્યા મુજબ "ઉદયાવલિકાન્યૂન **અંતઃકોડાકોડી સાગરોપમ = ૩૧ થી ૨૪૦** સમયની સ્થિતિમાં રહેલા કર્મપુદ્ગલોમાં ૧ કરોડ રસાણુ છે. તેના **અનંતાભાગ = ૫** ભાગ કરવા માટે **૧** કરોડ રસાણુનો

# રસઘાતનો પ્રારંભ

ચિત્રનં૦૨૨



**૫** થી ભાગાકાર કરવો એટલે **૨૦,૦૦,૦૦૦** (૨૦ લાખ) રસાણુનો એક-એક ભાગ થશે. એટલે **૧** કરોડ રસાણુમાંથી **૨૦,૦૦,૦૦૦** રસાણુ રાખીને, બાકીના **૮૦,૦૦,૦૦૦** રસાણુનો અંતર્મુહૂર્તમાં નાશ કરવો, તે **પ્રથમ રસઘાત** કહેવાય છે. ત્યારપછી પ્રથમ રસઘાત કરતી વખતે જે **૨૦,૦૦,૦૦૦** રસાણુ રાખ્યા હતા તેના **અનંતાભાગ** = **૫** ભાગ કરવા માટે **૨૦,૦૦,૦૦૦** રસાણુનો **૫** થી ભાગાકાર કરવો. એટલે **૪,૦૦,૦૦૦** રસાણુનો એક-એક ભાગ થશે. એટલે **૨૦,૦૦,૦૦૦** રસાણુમાંથી **૪,૦૦,૦૦૦** રસાણુ રાખીને, બાકીના **૧૬,૦૦,૦૦૦** રસાણુનો અંતર્મુહૂર્તમાં નાશ કરવો, તે **બીજો રસઘાત** કહેવાય છે.

અહીં અસત્કલ્પનાથી **બે** જ રસઘાત બતાવ્યા છે. પણ વાસ્તવિક રીતે એક સ્થિતિઘાત પૂર્ણ થાય, ત્યાં સુધી હજારો [11]રસઘાત થઈ જાય છે.

### (૩) ગુણશ્રેણી :-

**શ્રેણી=ક્રમશઃ (અનુક્રમે)**

**ગુણ=અસંખ્યગુણાકારે કર્મદલિકને ગોઠવવા...**

આયુષ્ય વિના બાકીની કર્મપ્રકૃતિની નિષેકરચનાના ઉપરના ભાગમાંથી અપવર્તનાકરણથી નીચે ઉતરતાં દલિકોને ઉદયવતી કર્મપ્રકૃતિમાં ઉદયસમયથી અને અનુદયવતી કર્મપ્રકૃતિમાં ઉદયાવલિકા ઉપરના પ્રથમસમયથી માંડીને, અંતર્મુહૂર્તના જેટલા સમયો થાય, તેટલા નિષેકમાં પૂર્વ-પૂર્વના નિષેક કરતાં પછી પછીના નિષેકમાં અસંખ્યગુણાકારે ગોઠવવા, તે **"ગુણશ્રેણી"** કહેવાય.

જેમકે :- પહેલા સમયે જેટલા દલિકો ઉપાડ્યા હોય, તેમાંથી ઉદયસમયમાં થોડા, (અસંખ્યાતા) ગોઠવે છે. તેનાથી અસંખ્યગુણા

---

૧૦ અહીં ખાસ ધ્યાન રાખવું કે, અશુભકર્મપ્રકૃતિની જે નિષેકરચના છે. તેમાંથી ઉદયાવલિકાગત નિષેકોમાં રહેલા કર્મપુદ્ગલોમાં રસનો ઘાત થતો નથી. પણ ઉદયાવલિકાની ઉપરના નિષેકોમાં રહેલા કર્મપુદ્ગલોમાં રસનો ઘાત થાય છે.



૧૧ સ્થિતિઘાતના અંતર્મુહૂર્ત કરતાં રસઘાતનું અંતર્મુહૂર્ત ઘણું નાનું હોય છે. માટે એક સ્થિતિઘાત પૂરો થાય ત્યાં સુધીમાં હજારો રસઘાત થઈ જાય છે.

# ગુણશ્રેણીનો પ્રારંભ

ઉદયવતીકર્મપ્રકૃતિની ગુણશ્રેણી

ચિત્રનં૨૩



બીજાનિષેકમાં ગોઠવે છે, તેનાથી અસંખ્યગુણા ત્રીજા નિષેકમાં ગોઠવે છે. એ રીતે, અંતર્મુહૂર્તના જેટલા સમય થાય, તેટલા નિષેકમાં ક્રમશઃ અસંખ્યગુણાકારે દલિકોને ગોઠવવા, તે ગુણશ્રેણી કહેવાય.

**અસત્કલ્પનાથી...**

**ગુણશ્રેણીની રચનાનું અંતર્મુહૂર્ત = ૫૨ સમય...**
**ઉદયાવલિકા = ૨ સમય...**
માનવામાં આવે, તો.....

**ચિત્રનં.૨૩**માં બતાવ્યા મુજબ **अ** નામનો માણસ અપૂર્વકરણના પ્રથમ સમયે મિથ્યાત્વમોહનીયની **અંતઃકો૦કો૦સા૦=૨૯થી૨૪૦ સમય**ની નિષેકરચનાના ઉપરના ભાગમાંથી અપવર્તનાકરણથી અસંખ્ય કર્મદલિકોને નીચે ઉતારીને, તેમાંથી ઉદયવતી પ્રકૃતિના ઉદયસમયમાં થોડા (અસંખ્ય) દલિકોને ગોઠવે છે. તેનાથી અસંખ્યગુણ દલિકોને [૧૨]બીજાનિષેકમાં ગોઠવે છે. તેનાથી અસંખ્યગુણ દલિકોને ત્રીજાનિષેકમાં ગોઠવે છે. એ રીતે, ઉદયસમયથી અંતર્મુહૂર્ત સુધી=૨૯થી ૮૦ સુધીના **૫૨** નિષેકમાં ક્રમશઃ અસંખ્યગુણાકારે દલિકોને ગોઠવે છે. અને **ચિત્રનં.૨૪**માં બતાવ્યા મુજબ અનુદયવતી પ્રકૃતિમાં ઉદયાવલિકાની ઉપરના પ્રથમનિષેકમાં (ત્રીજાનિષેકમાં) થોડા દલિકોને ગોઠવે છે. તેનાથી અસંખ્યગુણ દલિકોને ચોથાનિષેકમાં ગોઠવે છે. એ રીતે, ઉદયાવલિકાની ઉપરના પ્રથમ સમયથી **અંતર્મુહૂર્ત** સુધી = **૩૧થી૮૦** સુધીના **૫૦** નિષેકમાં ક્રમશઃ અસંખ્યગુણાકારે દલિકોને ગોઠવે છે.

એ જ રીતે, **ત્રીજા-ચોથા** વગેરે સમયમાં પણ સમજવું....

### (૪) અપૂર્વસ્થિતિબંધ :-

**પૂર્વે ક્યારેય નહિ થયેલો એવો જે અલ્પસ્થિતિબંધ થાય છે તે અપૂર્વસ્થિતિબંધ કહેવાય છે.**



૧૨ અહીં ખાસ ધ્યાન રાખવાનું કે, નિષેકરચનાની નીચેના ભાગમાંથી જેમ જેમ એક-એક સમયે ક્રમશઃ એક-એક નિષેકમાં રહેલા કર્મદલિકો ભોગવાઈને નાશ પામતા જાય છે તેમ તેમ ગુણશ્રેણીની રચનાનું અંતર્મુહૂર્ત ઘટતું જાય છે. કારણ કે સમ્યક્ત્વ પ્રાપ્તિ વખતે થતી ગુણશ્રેણી ઉપર વધતી નથી.

# ગુણશ્રેણીનો પ્રારંભ
## અનુદયવતી પ્રકૃતિનીગુણશ્રેણી

ચિત્રનં૨૪



સ્થિતિબંધનું કારણ **કષાયોદય** છે.

જેમ કષાયોદય તીવ્ર બનતો જાય છે તેમ સંકિલષ્ટતા વધવાથી સ્થિતિબંધ વધતો જાય છે. અને જેમ કષાયોદય મંદ પડે છે તેમ વિશુદ્ધિ વધવાથી સ્થિતિબંધ ઘટતો જાય છે. એ નિયમાનુસારે વિશુદ્ધપરિણામની ધારાએ ચઢેલો અપૂર્વકરણવર્તીજીવ પૂર્વ-પૂર્વના સ્થિતિબંધ કરતાં પછી પછીનો સ્થિતિબંધ પલ્યોપમના[૧૩] સંખ્યાતમા ભાગ પ્રમાણ ન્યૂન - ન્યૂન કરે છે.

અસત્‌કલ્પનાથી...

**અંતઃકો૦કો૦સા૦સ્થિતિબંધ = ૧૫૦ સમય...**

**પલ્યોપમનો સંખ્યાતમો ભાગ = ૫ સમય...**

**સ્થિતિબંધનું [૧૪]અંતર્મુહૂર્ત = ૨ સમય...**

માનવામાં આવે, તો...

**ચિત્રનં.૨૫**માં બતાવ્યા મુજબ અપૂર્વકરણના પ્રથમ સમયે [૧૫]**અંતઃકો૦કો૦સા૦ = ૧૫૦ સમય**નો સ્થિતિબંધ કરે છે. બીજા સમયે પણ ૧૫૦ સમયનો સ્થિતિબંધ કરે છે. ત્યારપછી **૩જા** સમયે નવો સ્થિતિબંધ શરૂ કરે છે તે સ્થિતિબંધ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન = **૫** સમય ન્યૂન કરે છે. એટલે કે, **૩જા** સમયે **૧૪૫** સમયનો નવો સ્થિતિબંધ શરૂ કરે છે તે સ્થિતિબંધ **૪**થા સમયે પૂર્ણ થાય છે. એ જ રીતે, **૫**મા સમયે **૧૪૦** સમયનો સ્થિતિબંધ કરે છે. એ રીતે **૨૫**મા સમયે **૯૦** સમયનો સ્થિતિબંધ કરે છે. એટલે, અપૂર્વકરણમાં જેટલા સ્થિતિઘાત થાય છે તેટલા જ સ્થિતિબંધ થાય છે.

---

૧૩ સ્થિતિઘાતથી ભૂતકાળમાં બંધાયેલા કર્મોની સ્થિતિમાંથી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિનો નાશ થાય છે. અને અપૂર્વસ્થિતિબંધથી નવા બંધાતા જ્ઞાના૦૭ કર્મોની સ્થિતિમાં પૂર્વસ્થિતિબંધની અપેક્ષાએ પછીના સ્થિતિબંધનું પ્રમાણ પલ્યાપમનો સંખ્યાતમોભાગ ઓછું થઈ જાય છે.

૧૪ સ્થિતિઘાત અને સ્થિતિબંધ બન્ને એકી સાથે શરૂ થાય છે અને એકી સાથે પૂર્ણ થાય છે એટલે તે બન્નેનું અંતર્મુહૂર્ત સરખુ છે.

૧૫ સત્તામાં રહેલી અંતઃકોડાકોડીસાગરોપમની સ્થિતિ કરતાં નવા બંધાતા જ્ઞાના૦ ૭ કર્મની અંતઃકોડાકોડીસાગરોપમની સ્થિતિ નાની હોય છે. અંતર્મુહૂર્તની જેમ અંતઃકોડાકોડીસાગરોપમના અસંખ્યાતભેદ થાય છે.



ચિત્રનં.૨૫

# અપૂર્વસ્થિતિબંધ



એ રીતે, **અ** માણસ નિષેકરચનામાંથી નીચેથી એક-એક સમયે ક્રમશઃ એક-એક નિષેકને ભોગવીને નાશ કરતાં કરતાં અને નિષેકરચનાની ઉપરના ભાગમાંથી સ્થિતિઘાતથી સ્થિતિને ઓછી કરતાં કરતાં આગળ વધી રહ્યાં છે જ્યારે અપૂર્વકરણનું અંતર્મૂહૂર્ત = ૨૬ સમય પૂર્ણ થાય છે ત્યારે **"તીક્ષ્ણકુહાડાની ધાર"** સરખા **"અપૂર્વવીર્યોલ્લાસવડે"** અનાદિકાલીન રાગદ્વેષના તીવ્ર પરિણામરૂપ દુર્ભેદ્ય ગાંઠને તોડીને અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે છે.

**અનિવૃત્તિકરણમાં પ્રવેશ :-**

જે સમયે એકીસાથે ગ્રન્થિભેદ કરનારા સર્વજીવોનો એકસરખો અધ્યવસાય થઈ જાય છે. તે વખતે તેઓ અનિવૃત્તિકરણમાં પ્રવેશ્યા કહેવાય.

**નિવૃત્તિ = તરતમતા**

**અનિવૃત્તિ = તરતમતા ન હોવી....**

અનિવૃત્તિકરણમાં એક જ સમયે રહેલા સર્વજીવોના અધ્યવસાયમાં વિશુદ્ધિની તરતમતા હોતી નથી તેથી તેને **અનિવૃત્તિકરણ** કહે છે.

**ચિત્રનં.૨૬માં** બતાવ્યા મુજબ **અ** મહાત્મા અનિવૃત્તિકરણના પ્રથમ સમયે ઉદયપ્રાપ્ત **૫૫**મા નિષેકમાં રહેલા દલિકોને ભોગવી રહ્યાં છે. સ્થિતિઘાતથી પલ્યોપમનો **સંખ્યાતમો ભાગ = ૫ સમય**ની સ્થિતિમાંથી ક્રમશઃ અસંખ્યગુણાકારે દલિકોને નીચે ઉતારીને **૫૫** થી **૮૦** નિષેક સુધી ક્રમશઃ અસંખ્યગુણાકારે ગોઠવવા રૂપ ગુણશ્રેણીને કરી રહ્યા છે. રસઘાતથી ઉદયાવલિકાની ઉપરની સ્થિતિમાં = **૫૭** થી **૧૭૫** નિષેકમાં રહેલા અશુભકર્મપુદ્‌ગલોમાંથી રસને ઓછો કરી રહ્યા છે. અને **અંતઃકો૦કો૦સા૦ = ૮૫** સમયનો મિ૦મો૦નો નવો સ્થિતિબંધ કરી રહ્યાં છે.




એ રીતે, અનિવૃત્તિકરણમાં રહેલો **અ** નિષેકરચનાની નીચેના ભાગમાંથી ક્રમશઃ એક-એક સમયે એક-એક નિષેકમાં રહેલું દલિક ભોગવીને નાશ કરતો અને નિષેકરચનાના ઉપરના ભાગમાંથી સ્થિતિઘાતથી સ્થિતિને ઓછી કરતો આગળ વધી રહ્યો છે.

ચિત્રનં૦૨૬

# અનિવૃત્તિકરણમાં પ્રવેશ

## અનિવૃત્તિકરણમાં સ્થિતિઘાતાદિ-પ્રક્રિયા



જ્યારે અનિવૃત્તિકરણના અંતર્મુહૂર્તના ઘણા સંખ્યાતા ભાગ ગયા પછી એક સંખ્યાતમો ભાગ બાકી રહે છે ત્યારે અંતરકરણની ક્રિયા શરૂ કરે છે.

**અંતરકરણની ક્રિયાનો પ્રારંભ :-**

મિથ્યાત્વની સ્થિતિમાંથી નીચેથી અનિવૃત્તિકરણના છેલ્લા એક સંખ્યાતમા ભાગ (અંતર્મુહૂર્ત) જેટલી સ્થિતિને છોડીને, તેની ઉપરની અંતર્મુહૂર્ત જેટલી સ્થિતિમાંથી દલિકોને ઉપાડીને, ઉપરની અને નીચેની સ્થિતિમાં નાંખીને તેટલી સ્થિતિને દલિક વિનાની શુદ્ધસ્થિતિ કરવાની જે ક્રિયા થાય છે, તેને **અંતરકરણ**ની ક્રિયા કહે છે.

**અસત્કલ્પનાથી...**

**અનિવૃત્તિકરણનું અંતર્મુહૂર્ત = ૨૪ સમય...**

**અનિવૃત્તિકરણના અંતર્મુહૂર્તના સંખ્યાતા ભાગ = ૩ ભાગ**

**ઘણા સંખ્યાતા ભાગ = ૨ ભાગ=૧૬ સમય**

**છેલ્લો એક સંખ્યાતમો ભાગ = ૮ સમય**

**અંતરકરણનું અંતર્મુહૂર્ત = ૧૦ સમય**

**ગુણશ્રેણીનો સંખ્યાતમો ભાગ = ૨ સમય**

માનવામાં આવે, તો....

**ચિત્રનં.૨૭માં** બતાવ્યા મુજબ **अ** અનિવૃત્તિકરણના ઘણા સંખ્યાતા ભાગ = **૨ ભાગ = ૧૬ સમય** ગયા પછી છેલ્લો એક સંખ્યાતમો ભાગ = ૮ સમય બાકી રહે છે ત્યારે અંતરકરણની ક્રિયા શરૂ કરે છે. તે વખતે મિથ્યાત્વની સ્થિતિમાંથી નીચેની **અંતર્મુહૂર્ત** = ૭૧થી ૭૮ સુધીના ૮ નિષેકને મૂકીને, તેની ઉપરની **અંતર્મુહૂર્ત** = ૭૯થી ૯૨ સુધીના ૧૪ નિષેકમાંથી દલિકોને ઉપાડીને નીચેની અને ઉપરની સ્થિતિમાં નાંખી રહ્યો છે. તેની સાથે જ ગુણશ્રેણીનો સંખ્યાતમો ભાગ=૨ સમય = ૨ નિષેકમાંથી દલિકોને ઉપાડીને નીચેની અને ઉપરની સ્થિતિમાં નાંખી રહ્યો છે.




**ચિત્રનં.૨૭**માં બતાવ્યા મુજબ **अ** અંતરકરણની ક્રિયા શરૂ થયા પછી મિથ્યાત્વની નીચેની સ્થિતિમાં ઉદયાવલિકાની ઉપરના = ૭૩થી ૭૮

ચિત્રનં૦૨૭

# અંતરકરણની ક્રિયાનો પ્રારંભ



નિષેકમાંથી કેટલાક દલિકોને ઉદીરણાકરણથી[૧૬] ઉદયાવલિકામાં નાંખી રહ્યો છે તેને **ઉદીરણા** કહે છે અને ઉપરની સ્થિતિમાંથી કેટલાક દલિકોને ઉદીરણાકરણથી ખેંચીને ઉદયાવલિકામાં નાંખી રહ્યો છે. તેને **આગાલ** કહે છે.

જ્યારે અંતરકરણની ક્રિયાનું **અંતર્મહૂર્ત** = **૨** સમય પૂર્ણ થાય, ત્યારે **૭૯**થી **૯૨** સુધીના નિષેકમાં એક પણ દલિક રહેતું નથી. તે **૭૯**થી **૯૨** સમયની દલિક વિનાની શુદ્ધસ્થિતિને **અંતરકરણ** કહે છે.

જે સમયે આંતરૂ પાડવાની ક્રિયા પૂર્ણ થાય છે તે સમયે મિથ્યાત્વમોહનીયકર્મની સ્થિતિ **બે** વિભાગમાં વહેંચાઈ જાય છે. તેમાં નીચેના ભાગને **"પ્રથમસ્થિતિ"** અથવા **"નીચેની સ્થિતિ"** કહે છે અને ઉપરના ભાગને **"દ્વિતીયસ્થિતિ"** અથવા **"ઉપરની સ્થિતિ"** કહે છે. તેમજ પ્રથમ સ્થિતિ અને દ્વિતીય સ્થિતિની વચ્ચે જે મિથ્યાત્વના દલિક વિનાની શુદ્ધ સ્થિતિ છે. તેને **"ઉપશમાદ્ધા"** કહે છે. પ્રથમ સ્થિતિ **અંતર્મુહૂર્ત** પ્રમાણ અને દ્વિતીયસ્થિતિ **અંતઃકોડાકોડીસાગરોપમ** પ્રમાણ હોય છે.

**મિથ્યાત્વની ઉપશમનાનો પ્રારંભ :-**

અંતરકરણની ક્રિયા પૂર્ણ થયા પછી જીવ મિથ્યાત્વની પ્રથમ સ્થિતિમાંથી એક-એક સમયે ક્રમશઃ એક-એક નિષેકમાં રહેલું કર્મદલિક વિપાકોદયથી ભોગવીને નાશ કરી રહ્યો છે અને દ્વિતીયસ્થિતિમાં રહેલા કર્મદલિકોને પ્રતિસમયે અસંખ્યગુણાકારે ઉપશમાવી રહ્યો છે.

**ચિત્રનં.૨૮માં** બતાવ્યા મુજબ **અ** અંતરકરણની ક્રિયા પૂર્ણ થયા પછી **૧૯**મા સમયે બીજી સ્થિતિમાં રહેલા દલિકોમાંથી થોડા (અસંખ્ય) દલિકોને ઉપશમાવે છે. તેનાથી અસંખ્યગુણ દલિકોને **૨૦**મા સમયે ઉપશમાવે છે. તેનાથી અસંખ્યગુણ દલિકોને **૨૧**મા સમયે ઉપશમાવે છે. એ રીતે, અનિવૃત્તિકરણના છેલ્લા સમય = **૨૪**મા સમય સુધી ક્રમશઃ અસંખ્યગુણાકારે દલિકોને ઉપશમાવે છે.




પાણી છાંટીને રોલર ફેરવવાથી દબાઈ ગયેલી ધૂળની જેમ બીજી સ્થિતિમાં

૧૬. પ્રયત્નવિશેષથી ઉદયાવલિકાની ઉપરના નિષેકોમાંથી દલિકોને ખેંચીને ઉદયાવલિકામાં નાંખવા, તે ઉદીરણાકરણ કહેવાય...

ચિત્રનં૦૨૮

# ઉપશમનાનો પ્રારંભ



રહેલા કર્મદલિકોને અંતર્મુહૂર્ત સુધી પ્રદેશોદયથી કે વિપાકોદયથી ફળનો અનુભવ ન કરાવી શકે એવી સ્થિતિમાં મૂકી દેવા, તે **"ઉપશમ"** કહેવાય. અથવા... **બીજીસ્થિતિમાં રહેલા દલિકોને અંતર્મુહૂર્ત સુધી રાખથી ઢાંકેલા અગ્નિની જેમ પ્રદેશોદયથી કે વિપાકોદયથી ફળનો અનુભવ ન કરાવી શકે એવી સ્થિતિમાં મૂકી દેવા, તે ઉપશમ કહેવાય છે.**

જ્યારે પ્રથમસ્થિતિ ઉદય-ઉદીરણાથી ભોગવાઈને નાશ પામી જાય છે. ત્યારે મિથ્યાત્વમોહનીયકર્મનો બંધ અને ઉદય અટકી જાય છે અને બીજીસ્થિતિમાં રહેલા બધા જ કર્મદલિકો ઉપશાંત થઈ જાય છે. ત્યારપછીના સમયે જીવને ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

**ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ :-**

જેમ સળગતો દાવાનળ ઘાસ વિનાની ઉજ્જડ (ઉખર) ભૂમિમાં પ્રવેશતાંની સાથે જ ઓલવાઈ જાય છે. તેમ **ચિત્રનં.૨૯માં** બતાવ્યા મુજબ **अ** અનિવૃત્તિકરણ પૂર્ણ થયા પછી મિથ્યાત્વના દલિક વિનાની શુદ્ધભૂમિરૂપ ઉપશમાદ્ધામાં પ્રવેશતાની સાથે જ મિથ્યાત્વનો ઉદયરૂપ દાવાનળ ઓલવાઈ જવાથી **ઉપશમસમ્યક્ત્વ**ને પ્રાપ્ત કરે છે.

જ્યારે જીવને ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે ત્યારે તેને જન્માંધ માણસને આંખો મળતા જેટલો આનંદ થાય છે તેના કરતાં પણ વધુ આનંદ થાય છે. અથવા ભયંકર દુઃસાધ્ય રોગથી પીડાતા રોગીને, એ રોગ દૂર થવાથી જેટલો આનંદ થાય છે તેના કરતાં પણ વધુ આનંદ થાય છે.

**ત્રિપુંજકરણ :-**

**ચિત્રનં.૨૯**માં બતાવ્યા મુજબ જીવને જ્યારે ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે ત્યારે વિશુદ્ધ અધ્યવસાયથી દ્વિતીયસ્થિતિમાં રહેલા મિથ્યાત્વ-મોહનીયના દલિકોમાં ન્યૂનાધિક પ્રમાણમાં રસનો ઘટાડો થવાથી, તે કર્મદલિકો ત્રણ વિભાગમાં વહેંચાઈ જાય છે.




(૧) જે દલિકોમાંથી રસ ઘટીને **એકસ્થાનિક** કે **મંદદ્વિસ્થાનિક** થઈ જાય છે. તે દલિકોનો જે વિભાગ છે, તે **"શુદ્ધપુંજ"** કહેવાય છે. એ શુદ્ધપુંજનું નામ છે **સમ્યક્ત્વમોહનીય.**

ચિત્રનં૦૨૯

# ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ
(ત્રિપુંજકરણ)



(૨) જે દલિકોમાંથી રસઘટીને **"મધ્યમદ્વિસ્થાનિક"** થઈ જાય છે. તે દલિકોના વિભાગને **"અર્ધશુદ્ધપુંજ"** કહે છે એ **અર્ધશુદ્ધપુંજ**નું નામ છે **મિશ્રમોહનીય...**

(૩) જે દલિકોમાં રસ તીવ્રદ્વિસ્થાનિક - ત્રિસ્થાનિક-ચતુઃસ્થાનિક હોય છે, તે દલિકોનો જે વિભાગ છે, તે **"અશુદ્ધપુંજ"** કહેવાય છે એ અશુદ્ધપુંજનું નામ છે **મિથ્યાત્વમોહનીયકર્મ....**

અસત્કલ્પનાથી.... **૧** થી **૧૦,૦૦૦** પાવરવાળો રસ **એકઠાણિયો** છે.
**૧૦,૦૦૧** થી **૧૨૦૦૦** પાવરવાળો રસ **મંદબેઠાણિયો** છે.
**૧૨,૦૦૧** થી **૨૫૦૦૦** પાવરવાળો રસ **મધ્યમદ્વિસ્થાનિક** છે.
**૨૫૦૦૧** થી **૩૦,૦૦૦** પાવરવાળો રસ **તીવ્રદ્વિસ્થાનિક** છે.
**૩૦,૦૦૧** થી **૬૦,૦૦૦** પાવરવાળો રસ **ત્રિસ્થાનિક** છે.
**૬૦,૦૦૧** થી **૧૦૦,૦૦૦** પાવરવાળો રસ **ચતુઃસ્થાનિક** છે.
એમ માનવામાં આવે, તો....

**ચિત્રનં.૨૯**માં બતાવ્યા મુજબ ઉપશમસમ્યક્ત્વી **અ.........**

(૧) **૧૫૦૦૧** થી **૧૦૦,૦૦૦** (૧ લાખ) પાવરવાળા મિથ્યાત્વના કર્મદલિકોમાંથી રસ ઘટાડીને જેટલા દલિકોમાં **૧૦૦૦૦** પાવર સુધીનો **એકસ્થાનિકરસ** અથવા **૧૦,૦૦૧** થી **૧૨૦૦૦** પાવર સુધીનો મંદદ્વિસ્થાનિકરસ કરી નાંખે છે. તેટલા દલિકના વિભાગને **શુદ્ધપુંજ** કહે છે. એ શુદ્ધપુંજનું નામ **સમ્યક્ત્વમોહનીય** છે.

(૨) ૧૫૦૦૧ થી **૧ લાખ** પાવરવાળા મિથ્યાત્વના કર્મદલિકોમાંથી રસ ઘટાડીને, જેટલા દલિકોમાં **૧૨૦૦૧** થી **૧૫૦૦૦** પાવરવાળો મધ્યમદ્વિસ્થાનિકરસ કરી નાંખે છે, તેટલા દલિકના વિભાગને **અર્ધશુદ્ધપુંજ** કહે છે. એ **અર્ધશુદ્ધપુંજ**નું નામ **મિશ્રમોહનીય** છે.




(૩) **૧૫૦૦૦** થી અધિક પાવરવાળા કર્મદલિકના વિભાગને **અશુદ્ધપુંજ** કહે છે. એ **અશુદ્ધપુંજ**નું નામ **મિથ્યાત્વમોહનીય** છે.

એ રીતે, અનાદિમિથ્યાદૃષ્ટિ જીવને જ્યારે ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે

ત્યારે મિથ્યાત્વના દલિકો ત્રણ વિભાગમાં વહેંચાઇ જવાથી સત્તામાં મોહનીયની ૨૮ કર્મપ્રકૃતિ થાય છે.

## સાસ્વાદનસમ્યગ્દૃષ્ટિગુણસ્થાનક

ઉપશમસમ્યક્ત્વીને ઉપશમસમ્યક્ત્વનો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ આવલિકા જેટલો કાળ બાકી રહે, ત્યારે જો તે જીવને અનંતાનુબંધીકષાયનો ઉદય થઈ જાય, તો જેમ ખીર પીધેલા માણસને ખીરનું વમન થતી વખતે ખીરનો સ્હેજ સ્વાદ અનુભવાય છે. તેમ ઉપશમસમ્યક્ત્વીને ઉપશમસમ્યક્ત્વનું વમન થતી વખતે સમ્યક્ત્વના સ્હેજ સ્વાદને અનુભવવારૂપ સાસ્વાદનભાવની પ્રાપ્તિ થાય છે.

સ + આ + સ્વાદન = સાસ્વાદન
↓ ↓ ↓
સહિત યત્કિંચિત્ સમ્યક્ત્વના રસનો સ્વાદ

જે જીવ સમ્યક્ત્વના સ્હેજ રસને અનુભવે છે, તે સાસ્વાદનસમ્યગ્દૃષ્ટિ કહેવાય...

**સ + આયસાદન = સાસાદન.**[૧૭]

**આ = લાભ, સાદન = નાશ.**

જે ઉપશમસમ્યક્ત્વના લાભનો નાશ કરે છે તે આયસાદન કહેવાય. અનંતાનુબંધીકષાયનો ઉદય ઉપશમસમ્યક્ત્વના લાભનો નાશ કરે છે. તેથી તે આસાદન કહેવાય. (અહીં पृषोदरादयः સૂત્રથી ય નો લોપ થયો છે.)

સ + આસાદન = આસાદન
↓ ↓ ↓
સહિત અનંતાનુબંધી કષાયનો ઉદય અનંતાનુબંધી કષાયોદયવાળો

ઉપશમાદ્ધામાં રહેલા અનંતાનુબંધીકષાયના ઉદયવાળા જીવને **સાસાદનસમ્યગ્દૃષ્ટિ** પણ કહે છે. સાસ્વાદનસમ્યગ્દૃષ્ટિને જે ગુણસ્થાનક હોય છે, તે **સાસ્વાદનગુણસ્થાનક** કહેવાય છે.

ધારો કે, अ, ब, क, ड એ ચારે એકી સાથે ઉપશમસમ્યક્ત્વને પામે છે. તેમાંથી ચિત્રમાં બતાવ્યા મુજબ ઉપશમસમ્યક્ત્વી **ब** ચોથા ગુણઠાણેથી પડીને બીજાગુણઠાણે આવે છે.



ચિત્રનં.૩૦માં બતાવ્યા મુજબ અંતરકરણમાં રહેલા **ब** મહાત્માને અનંતાનુબંધીનો ઉદય થઈ જવાથી, તે સાસ્વાદનસમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. તે વખતે મિથ્યાત્વનો ઉદય હોતો નથી. પણ અનંતાનુબંધીનો ઉદય અવશ્ય હોય છે. જ્યારે ઉપશમસમ્યક્ત્વનો કાળ પૂર્ણ થાય છે, ત્યારે તેને અવશ્ય મિથ્યાત્વનો ઉદય થઈ જાય છે. તેથી **ब** સાસ્વાદનગુણઠાણેથી અવશ્ય મિથ્યાત્વગુણઠાણે આવી જાય છે.

## ત્રણપુંજમાંથી કોઈપણ એક પુંજનો ઉદય :-

ઉપશમસમ્યક્ત્વીને ઉપશમસમ્યક્ત્વનો કાળ પૂર્ણ થાય ત્યારે ત્રણપુંજમાંથી કોઈપણ એક પુંજનો ઉદય અવશ્ય થઈ જાય છે.

(૧) ઉપશમસમ્યક્ત્વીને ઉપશમ સમ્યક્ત્વનો કાળ પૂર્ણ થયા પછી જો અશુભપરિણામ આવી જાય, તો મિથ્યાત્વપુંજનો ઉદય થઈ જવાથી, તે જીવ ચોથાગુણઠાણેથી મિથ્યાત્વગુણસ્થાનકે આવી જાય છે.




ચિત્રમાં બતાવ્યા મુજબ ઉપશમસમ્યક્ત્વી क ને ઉપશમસમ્યક્ત્વનો કાળ પૂર્ણ થયા પછી અશુભપરિણામ આવી જવાથી સમ્યક્ત્વગુણઠાણેથી મિથ્યાત્વગુણઠાણે આવી જાય છે.

(૨) ઉપશમસમ્યક્ત્વીને ઉપશમસમ્યક્ત્વનો કાળ પૂર્ણ થયા પછી જો મધ્યમપરિણામ આવી જાય, તો મિશ્રપુંજનો વિપાકોદય થવાથી, તે જીવ સમ્યક્ત્વગુણઠાણેથી મિશ્રગુણઠાણે આવી જાય છે.

ચિત્રમાં બતાવ્યા મુજબ ઉપશમસમ્યક્ત્વી ड ને ઉપશમસમ્યક્ત્વનો કાળ પૂર્ણ થયા પછી મધ્યમપરિણામ આવી જવાથી સમ્યક્ત્વગુણઠાણેથી ड મિશ્રગુણઠાણે આવી જાય છે.




૧૭. सासादन એવો પણ બીજો પાઠ છે.

ચિત્રનં૦૩૦

# સાસ્વાદનસમ્યક્ત્વની પ્રાપ્તિ






(૩) ઉપશમસમ્યક્ત્વી મહાત્મા ઉપશમસમ્યક્ત્વનો કાળ પૂર્ણ થયા પછી પણ જો શુભ પરિણામને જાળવી રાખે, તો તેને શુદ્ધપુંજનો વિપાકોદય થવાથી ક્ષયોપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

ચિત્રમાં બતાવ્યા મુજબ **अ** નામનો માણસ ઉપશમસમ્યક્ત્વનો કાળ પૂર્ણ થયા પછી પણ શુભપરિણામને જાળવી રાખે છે. તેથી તેને શુદ્ધપુંજનો ઉદય થવાથી **ક્ષયોપશમસમ્યક્ત્વ** પ્રાપ્ત થાય છે.

**ક્ષયોપશમસમ્યક્ત્વ :-**

ઉદયપ્રાપ્તનિષેકમાં રહેલા મિથ્યાત્વના દલિકોમાંથી અને મિશ્રના દલિકોમાંથી રસ ઘટાડીને સમ્યક્ત્વમોહનીયના દલિકોમાં રહેલા રસ તુલ્ય કરી નાંખવો, તે **"ક્ષય"** કહેવાય, અને ઉદયાવલિકાની ઉપરના નિષેકોમાં રહેલા દલિકો અપવર્તનાદિકરણથી સ્વસ્વરૂપે ઉદયમાં ન આવી જાય એવી રીતે દબાવી રાખવા, તે **"ઉપશમ"** કહેવાય... એ ક્ષય અને ઉપશમની પ્રક્રિયાથી જે વિશુદ્ધ પરિણામ ઉત્પન્ન થાય છે, તે **"ક્ષયોપશમસમ્યક્ત્વ"** કહેવાય.

ચિત્રનં.૩૧માં બતાવ્યા મુજબ **अ** મહાત્માને ઉપશમસમ્યક્ત્વનો કાળ પૂર્ણ થયા પછી ઉદયપ્રાપ્ત૯૩મા નિષેકમાં રહેલા ત્રણેપુંજના દલિકો ઉદયમાં આવી જાય છે. પણ તે વખતે **अ** ને એવી વિશુદ્ધિ છે કે, તે વધુમાં વધુ **૧૦૦૦૦** પાવરવાળા દલિકોને ભોગવી શકે, તેનાથી વધુ પાવરવાળા દલિકોને ભોગવી શકે નહીં, એટલે ૯૩મા નિષેકમાં રહેલા **૧૫૦૦૦**થી અધિક પાવરવાળા મિથ્યાત્વના દલિકોમાંથી અને **૧૨૦૦૦**થી અધિક પાવરવાળા મિશ્રના દલિકોમાંથી રસ ઘટાડીને સ૦મો૦ની તુલ્ય **૧૦૦૦૦** પાવર સુધીનો રસ કરી નાંખે છે, તે **"ક્ષય"** કહેવાય છે. તથા ૯૩મા નિષેકમાં રહેલા સ૦મો૦ના દલિકોમાંથી **૧૦૦૦૦**થી અધિક પાવરનો અને ઉદીરણાથી ઉદયમાં આવતાં સ૦મો૦ના દલિકોમાંથી પણ **૧૦૦૦૦**થી અધિક પાવરનો નાશ કરી નાંખે છે, તે પણ **"ક્ષય"** કહેવાય છે. તેમજ ઉદયાવલિકાની ઉપરના **૯૫**થી **૧૨૦** નિષેકમાં રહેલા ત્રણેપુંજના દલિકોમાંથી

ઉદયપ્રાપ્ત રસથી અધિક રસવાળા દલિકો અપવર્તનાકરણથી ઉદયમાં ન આવી જાય એવી રીતે દબાવી રાખે છે, તે **"ઉપશમ"** કહેવાય. એ **ક્ષય અને ઉપશમની પ્રક્રિયાથી અ** નામના માણસને જે **વિશુદ્ધપરિણામ ઉત્પન્ન** થાય છે, તે "ક્ષયોપશમસમ્યક્ત્વ" કહેવાય.

## ક્ષયોપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ

**ચિત્રનં૦૩૧**




## મિશ્રદૃષ્ટિગુણસ્થાનક

જેમ ખાંડ અને દહીના મિશ્રણથી બનાવેલા શીખંડને જમતા એકલી ખટાશ કે એકલી મીઠાશનો અનુભવ થતો નથી પણ ખટ-મીઠા સ્વાદનો અનુભવ થાય છે. તેમ મિશ્રમોહનીયકર્મના ઉદય વખતે એકલા સમ્યક્ત્વની શુદ્ધિ કે એકલા મિથ્યાત્વની મલીનતાનો અનુભવ થતો નથી પણ



સમ્યક્ત્વની શુદ્ધિ અને મિથ્યાત્વની મલીનતાનો મિશ્રભાવે અનુભવ થાય છે. તેથી તે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ અર્થાત્ મિશ્રદૃષ્ટિ કહેવાય છે. તેઓનું જે ગુણસ્થાનક છે, તે **મિશ્રદૃષ્ટિ ગુણસ્થાનક** કહેવાય છે.

મિશ્રદૃષ્ટિજીવને **"નાલિકેર દ્વીપના મનુષ્યની જેમ"** સર્વજ્ઞભગવંતોના વચનો પર રાગ કે દ્વેષ હોતો નથી. કારણ કે જે જીવ મિથ્યાત્વગુણસ્થાનકેથી મિશ્રગુણસ્થાનકે આવે છે તેને મિથ્યાભાવનો ત્યાગ કરેલો હોવાથી, સર્વજ્ઞ ભગવંતના વચન પર જે અરૂચિ (દ્વેષ) હતી તે દૂર થઈ ગઈ છે અને સમ્યક્ત્વના અભાવે રૂચિ (રાગ) તો હતી જ નહીં. એટલે મિશ્રદૃષ્ટિ જીવને સર્વજ્ઞભગવંતના વચન પર રાગ કે દ્વેષ હોતો નથી. તથા જે જીવ સમ્યક્ત્વગુણસ્થાનકેથી મિશ્રગુણસ્થાનકે આવે છે તે સમ્યક્ત્વભાવને છોડીને આવતો હોવાથી સર્વજ્ઞ ભગવંતના વચનો પર જે રૂચિ હતી તે દૂર થઈ ગઈ છે અને મિથ્યાત્વના અભાવે અરૂચિ તો હતી જ નહીં. એટલે મિશ્રદૃષ્ટિને સર્વજ્ઞ ભગવંતોના વચન ઉપર રૂચિ કે અરૂચિ હોતી નથી. મિશ્રભાવ જીવને માત્ર અંતર્મુહૂર્તકાળ સુધી જ રહી શકે છે. એટલે મિશ્રદૃષ્ટિગુણસ્થાનકનો કાળ અંતર્મુહૂર્ત છે. ત્યાં જીવ અંતર્મુહૂર્ત રહીને, પછી જો તે અશુદ્ધ અધ્યવસાય તરફ ઝૂકેલો હોય, તો મિથ્યાત્વગુણસ્થાનકે આવી જાય છે અને વિશુદ્ધ અધ્યવસાય તરફ ઝૂકેલો હોય, તો અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે ચાલ્યો જાય છે.

## અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક

સંસારી જીવોમાંથી જે જીવો (૧) વ્રતોનું સ્વરૂપ જાણતા હોય, (૨) આત્મસાક્ષીએ અને દેવ-ગુરૂની સાક્ષીએ વિધિપૂર્વક વ્રતોનો સ્વીકાર કરેલો હોય અને (૩) વ્રતોને પાળતા હોય, તે **"વિરત"** કહેવાય છે. અને બાકીના સર્વે **અવિરત** કહેવાય છે.




વ્રતોનું સ્વરૂપ જાણવું, તે **જ્ઞાન** કહેવાય. દેવ-ગુરૂની સાક્ષીએ વિધિપૂર્વક વ્રતોનું પચ્ચક્ખાણ કરવું, તે **ગ્રહણ** કહેવાય. અને વ્રતોને પાળવા, તે **પાલન** કહેવાય. અહીં **જ્ઞાન-ગ્રહણ-પાલન....** એ ત્રણ પદના ૮ ભાંગા થાય છે.

## -: અષ્ટભંગી દર્શક કોઠો :-

| ક્રમ | યથાર્થ જ્ઞાન છે ? | વ્રતોનું ગ્રહણ છે ? | વ્રતોનું પાલન કરે છે ? | કોણ ? |
|---|---|---|---|---|
| ૧ | ના. | ના. | ના. | સઘળા જીવો. |
| ૨ | ના. | ના. | હા. | અજ્ઞાનતપસ્વી. |
| ૩ | ના. | હા. | ના. | પાસત્થા વગેરે |
| ૪ | ના. | હા. | હા. | અગીતાર્થમુનિ. |
| ૫ | હા. | ના. | ના. | શ્રેણિકાદિ. |
| ૬ | હા. | ના. | હા. | અનુત્તરદેવ.[૧૮] |
| ૭ | હા. | હા. | ના. | સંવિગ્નપાક્ષિક |
| ૮ | હા. | હા. | હા. | વિરતિધર |

આ-૮ ભાંગામાંથી પહેલા ૭ ભાંગામાં રહેલા જીવો અવિરત જ હોય છે, જો કે, **બીજા - ચોથા - છઠ્ઠા** ભાંગામાં વ્રતોનું પાલન બતાવ્યું છે પણ **ઘુણાક્ષરન્યાયે**[૧૯] પળાયેલા વ્રતો મોક્ષફળને આપતા નથી. તેથી **૨જા, ૪થા, ૬ઠ્ઠા** ભાંગામાં રહેલા જીવોને વ્રતોનું પાલન હોવા છતાં પણ અવિરત કહ્યાં છે... એટલે પહેલા **સાત** ભાંગામાં રહેલા જીવો **અવિરત** છે. તેમાંથી પહેલા-૪ ભાંગામાં રહેલા જીવોને સમ્યગ્જ્ઞાન ન હોવાથી તે જીવો **મિથ્યાદૃષ્ટિ** છે પછીના ૩ ભાંગામાં રહેલા જીવોને સમ્યગ્જ્ઞાન હોવાથી **સમ્યગ્દૃષ્ટિ** છે પણ સમ્યગ્ગ્રહણ અને સમ્યગ્પાલન ન હોવાથી, તે જીવો **અવિરતસમ્યગ્દૃષ્ટિ** છે.

---

૧૮ પ્રશ્નઃ અનુત્તરદેવોને વ્રતોના ગ્રહણ વિના વ્રતોનું પાલન કેવી રીતે હોય ?
જવાબ : અનુત્તરદેવોને વ્રતોનું પચ્ચક્ખાણ નથી પણ હિંસાદિ-પાપ પ્રવૃત્તિ કરતા નથી તેથી તે વ્રતોનું પાલન કરે છે. એમ વ્યવહારથી કહેવાય છે.

૧૯ કાષ્ટનો કીડો કાષ્ટમાં જવા-આવવાની ક્રિયાથી કાષ્ટની અંદર અક્ષરની સુંદર કોતરણી કરે છે પણ તેને ખબર નથી કે મારે આવી કોતરણી કરવાની છે. અનાભોગ રીતે જ એ ક્રિયા થઈ જાય છે તેને **ઘુણાક્ષરન્યાય** કહે છે.



## અવિરત સમ્યગ્દૃષ્ટિજીવનું સ્વરૂપ :-

જિનેશ્વરભગવંતે જે કહ્યું છે તે જ નિઃશંકપણે સત્ય છે એવી **અચલિત શ્રદ્ધા** હોય. (૨) સંસાર કેદખાનું લાગે. શરીર સાંસારિક પ્રવૃત્તિમાં જોડાયેલું હોય પણ મન તો મોક્ષના સાધક **દેવ-ગુરુ-ધર્મ**ની સેવામાં રમતું હોય. (૩) આજીવિકા માટે હિંસાદિ-પાપપ્રવૃત્તિ કરવી પડે તો પણ **"તપ્તલોહપદન્યાસ"**ની જેમ દુઃખાતા હૃદયે કરે. (૪) જેમ ક્ષુધાતુર માણસની સામે સ્વાદિષ્ટ ભોજનનો થાળ પડેલો હોવા છતાં પણ હાથ-પગમાં બેડી હોવાથી ખાઈ શકતો નથી તેમ સમ્યગ્દૃષ્ટિ જીવને વિરતિનું ભોજન કરવાની તીવ્ર ઈચ્છા હોવા છતાં પણ અપ્રત્યાખ્યાનીય કષાયોદયની બેડીથી બંધાયેલો હોવાથી અલ્પ પણ હિંસાદિ-પાપપ્રવૃત્તિનું પચ્ચક્ખાણ કરી શકતો નથી. અર્થાત્ અલ્પાંશે પણ વિરતિનો સ્વીકાર કરી શકતો નથી. તેથી તે **અવિરત સમ્યગ્દૃષ્ટિ** કહેવાય છે. તેઓને જે ગુણસ્થાનક છે તે **"અવિરતસમ્યગ્દૃષ્ટિગુણસ્થાનક"** કહેવાય છે. એને ટૂંકમાં [20]સમ્યક્ત્વગુણઠાણું પણ કહે છે.

પૂર્વના ત્રણગુણસ્થાનક કરતા સમ્યક્ત્વગુણસ્થાનકે અનંતગુણી વિશુદ્ધિ હોય છે. અને દેશવિરતિગુણસ્થાનકની અપેક્ષાએ અનંતગુણહીનવિશુદ્ધિ હોય છે. જ્યારે અપ્રત્યાખ્યાનીય કષાયોદય અટકીને, તેનો ક્ષયોપશમ શરૂ થાય છે ત્યારે દેશવિરતિ ગુણઠાણુ પ્રાપ્ત થાય છે.

## દેશવિરતિગુણસ્થાનક




હિંસાદિ પ્રવૃત્તિનું અલ્પાંશે કે અધિકાંશે પચ્ચક્ખાણ કરવું, તે દેશવિરતિધર્મ[21] કહેવાય.

**દેશવિરતિધર્મ :-**

(૧) નિરપરાધી ત્રસજીવોની હિંસા કરવી નહીં એવી જે પ્રતિજ્ઞા કરવી, તે **"સ્થૂલપ્રાણાતિપાત-વિરમણવ્રત"** કહેવાય.

(૨) મોટકું જાુઠું બોલવું નહીં એવી જે પ્રતિજ્ઞા કરવી, તે

---

૨૦ "સમકિતગુણઠાણે પરિણમ્યા ॥" (સ્નાત્રપૂજા)

**"સ્થૂલમૃષાવાદવિરમણવ્રત"** કહેવાય.

(૩) ચોરીનું કલંક લાગી જાય એવી રીતે પારકું ધન લેવું નહીં એવી જે પ્રતિજ્ઞા કરવી, તે **"સ્થૂલઅદત્તાદાનવિરમણવ્રત"** કહેવાય.

(૪) પુરુષે પરસ્ત્રીની સાથે અને સ્ત્રીએ પરપુરુષની સાથે મૈથુન સેવન કરવું નહીં એવી જે પ્રતિજ્ઞા કરવી, તે **"સ્થૂલમૈથુનવિરમણવ્રત"** કહેવાય.

(૫) ધન, ધાન્ય, ખેતર, ઘર, સોનું, રૂપું, લોખંડ વગેરે ધાતુ, દાસ-દાસી અને ચતુષ્પદ એ ૯ વસ્તુને અમુક પ્રમાણથી વધુ ન રાખવી એવી જે પ્રતિજ્ઞા કરવી, તે **"સ્થૂલપરિગ્રહવિરમણવ્રત"** કહેવાય.

એ પાંચેવ્રતો મહાવ્રતની અપેક્ષાએ ઘણા નાના હોવાથી **"અણુવ્રત"** કહેવાય છે.

(૬) દશ દિશામાંથી અમુકદિશામાં અમુક અમુક માઈલ સુધી ન જવાની પ્રતિજ્ઞા કરવી, તે **"દિક્પરિમાણવ્રત"** કહેવાય.

(૭) **ભોગ્ય** અને **ઉપભોગ્ય** વસ્તુ અમુક સંખ્યાથી વધુ ન વાપરવી " એવી જે પ્રતિજ્ઞા કરવી, તે **"ભોગોપભોગવિરમણવ્રત"** કહેવાય.

(1) જે વસ્તુનો એક જ વાર ઉપયોગ થઈ શકે, તે **ભોગ્ય** કહેવાય. દા. ત. અનાજ, ફળ, ફૂલ, વગેરે.

(2) જે વસ્તુનો વારંવાર ઉપયોગ થઈ શકે, તે **ઉપભોગ્ય** કહેવાય. દા. ત. કપડાં આભૂષણ વગેરે.

(૮) સ્વશરીર અને કુટુમ્બાદિના જીવન નિર્વાહ આદિ માટે જે પાપ કરવું પડે છે, તે **અર્થદંડ** કહેવાય. અને તે સિવાયનું જે કાંઈ પાપ થાય છે, તે **અનર્થદંડ** કહેવાય. તેનો ત્યાગ કરવો, તે **"અનર્થદંડવિરમણવ્રત"** કહેવાય.

૨૧ **વિ+રમ્** ધાતુનો અર્થ અટકવું થાય છે. પણ અહીં પચ્ચક્ખાણપૂર્વક અટકવું એવો અર્થ કરવો. કારણ કે જ્યાં સુધી જીવ હિંસાદિ-પાપ પ્રવૃત્તિ ન કરવાની પ્રતિજ્ઞા કરતો નથી ત્યાં સુધી હિંસાદિ પાપ પ્રવૃત્તિ ન કરવા છતાં પણ અવિરતિનું પાપકર્મ બંધાયા જ કરે છે. માટે હિંસાદિ - પાપ પ્રવૃત્તિનું પચ્ચક્ખાણપૂર્વક અટકવું, તે **"વિરતિ"** કહી છે.



(૯) **સામાયિક** (૧૦) **દેશાવગાસિકવ્રત** (૧૧) **પૌષધવ્રત** (૧૨) **અતિથિસંવિભાગવ્રત** એ છેલ્લા **ચારવ્રત** શ્રાવકને અમુક અંશે વિરતિની શિક્ષા આપે છે. તેથી તે **"શિક્ષાવ્રત"** કહેવાય.

એ **૧૨** વ્રતમાંથી કોઈક **એક** અણુવ્રત, **બે** અણુવ્રત, **ત્રણ** કે **૧૨** વ્રતનો દેવગુરુની સાક્ષીએ સ્વીકાર કરવો, તે **"દેશવિરતિધર્મ"** કહેવાય અને દેશવિરતિધર્મનો સ્વીકાર કરનારો જીવ **"દેશવિરતિશ્રાવક"** કહેવાય.

જ્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ જીવ પાંચ અણુવ્રતમાંથી કોઈપણ એક અણુવ્રત કે ૧૨ વ્રતને વિધિપૂર્વક ગ્રહણ ન કરી શકે ત્યાં સુધી તે દેશવિરતિશ્રાવક ન કહેવાય. જ્યારે સમ્યગ્દૃષ્ટિજીવ પાંચ અણુવ્રતમાંથી એકાદ અણુવ્રત કે ૧૨ વ્રતને દેવગુરુની સાક્ષીએ ગ્રહણ કરીને, તેનું બરોબર પાલન કરતો હોય ત્યારે તે દેશવિરતિશ્રાવક[22] કહેવાય.

દેશવિરતિશ્રાવકને દીક્ષા લેવાની તીવ્ર ઈચ્છા હોય છે. પણ પ્રત્યાખ્યાનીયકષાયનો ઉદય હોવાથી, તે સર્વવિરતિનો સ્વીકાર કરી શકતો નથી. અથવા હિંસાદિ - પાપપ્રવૃતિનો સર્વથા ત્યાગ કરી શકતો નથી. પરંતુ આંશિકત્યાગથી આગળ વધતા વધતા સંવાસાનુમતિ સિવાયના બધા જ પાપ વ્યાપારનો ત્યાગ કરી શકે છે. અનુમતિ ૩ પ્રકારે છે.

**અનુમતિ = અનુમોદન**

(૧) જે પોતે કરેલા કે સ્વજનાદિએ કરેલા પાપકાર્યની અનુમોદના કરે છે અને સાવદ્યારંભથી તૈયાર કરેલા ભોજનને ખાય છે, તેને **"પ્રતિસેવનાનુમતિ દોષ"** લાગે.

(૨) જે પુત્રાદિકે કરેલા પાપકાર્યોને સાંભળે, અનુમોદના કરે પણ નિષેધ ન કરે, તેને **"પ્રતિશ્રવણાનુમતિદોષ"** લાગે.

(૩) જે પુત્રાદિકે કરેલા પાપકાર્યને સાંભળે નહીં અને સારા પણ ન માને, તો પણ તેને માત્ર પુત્રાદિના સહવાસને કારણે **"સંવાસાનુમતિદોષ"** લાગે છે.




૨૨. श्रुणोति जिनवचनमिति श्रावकः (સ્થાનાંગસૂત્રની ટીકા).

આ ત્રણ અનુમતિમાંથી જે સંવાસાનુમતિ સિવાયની બાકીની બે અનુમતિનો ત્યાગ કરે છે તે સૌથી શ્રેષ્ઠ દેશવિરતિશ્રાવક-શ્રાવિકા કહેવાય છે.

એ રીતે, **"જઘન્યથી એક અણુવ્રતથી માંડીને ઉત્કૃષ્ટથી સંવાસાનુમતિદોષ સિવાયના બધા જ પાપકાર્યોનો ત્યાગ કરનારા જીવો દેશવિરતિશ્રાવક કહેવાય."**

આ ગુણસ્થાનકમાં કેટલાક અંશે વિરતિ અને કેટલાક અંશે અવિરતિ હોવાથી **"વિરતાવિરત"** ગુણસ્થાનક પણ કહેવાય છે. એ જ રીતે, **"સંયતાસંયત"** કે **"વ્રતાવ્રત"** ગુણસ્થાનક પણ કહેવાય છે.

જ્યારે પ્રત્યાખ્યાનીયકષાયનો ઉદય દૂર થઈને, તેનો ક્ષયોપશમ શરૂ થાય છે. ત્યારે સંવાસાનુમતિદોષથી મુક્ત થયેલો જીવ **પ્રમત્તસંયતગુણસ્થાનકે** ચાલ્યો જાય છે.

## પ્રમત્તસંયતગુણસ્થાનક

**મન વચન અને કાયાથી કોઈપણ પાપ કરવું નહીં, કરાવવું નહીં, અને અનુમોદવું નહીં. એ રીતે, ૯ પ્રકારે**[૨૩] (૩x૩=૯) **જિંદગી સુધીનું સામાયિકવ્રત** અને **પંચમહાવ્રતનું પચ્ચક્ખાણ કરવું**, તે **સર્વવિરતિધર્મ કહેવાય** અને જે મહાત્મા સર્વવિરતિધર્મનું પાલન કરી રહ્યાં છે, તે **"સંયમી"**, **"અણગાર"** કહેવાય છે.

સંયમી મહાત્માને સંજ્વલનકષાયનો ઉદય હોવાથી, શરીરાદિ અત્યંત નીકટની વસ્તુ પ્રત્યે રાગદ્વેષ થઈ જાય છે. તેથી તેઓ **"સરાગસંયમી"** કહેવાય છે. તેઓ સતત સ્વાધ્યાય, ધ્યાન અને તપ દ્વારા જ્ઞાન, દર્શન અને ચારિત્રગુણને નિર્મળ (શુદ્ધ) કરી રહ્યાં છે. તો પણ સંજ્વલનકષાય, નિદ્રા વગેરે પ્રમાદને લીધે જ્યારે કાંઈક પ્રમાદ આવી જાય છે **ત્યારે તેઓ પ્રમત્તસંયત**




૨૩. દીક્ષાર્થી જિંદગી સુધીનાં સામાયિકવ્રતનું પચ્ચક્ખાણ કરે ત્યારે "તિવિહં તિવિહેણં" પાઠ બોલાય છે. તે વખતે નવપ્રકારે પચ્ચક્ખાણ થાય છે. અને શ્રાવક સામાયિક વ્રતનું પચ્ચક્ખાણ કરે, ત્યારે "दुविहं तिविहेणं" પાઠ બોલાય છે. તે વખતે મન, વચન અને કાયાથી પાપ કરવું નહીં, કરાવવું નહીં એમ ૬ પ્રકારે પચ્ચક્ખાણ થાય છે

કહેવાય છે. તેઓને જે ગુણસ્થાનક છે, તે "પ્રમત્તસંયતગુણસ્થાનક" કહેવાય.




## અપ્રમત્તસંયતગુણસ્થાનક

સંયમી મહાત્મા સતત સ્વાધ્યાય, ધ્યાન અને તપ દ્વારા જ્ઞાન-દર્શન અને ચારિત્રગુણને શુદ્ધ કરી રહ્યાં છે. તે વખતે ચિત્તની જાગૃતિ વિશેષ પ્રકારની હોવાથી જ્યાં સુધી નિદ્રા, વિષય-કષાય વગેરે પ્રમાદો ડોકિયું કરી શકતા નથી ત્યાં સુધી તેઓ **"અપ્રમત્તસંયત" કહેવાય છે.** તેઓને જે ગુણસ્થાનક છે, તે **"અપ્રમત્તસંયતગુણસ્થાનક"** કહેવાય.

અપ્રમત્તસંયમી માત્ર અંતર્મુહૂર્તકાળ સુધી અપ્રમત્તદશામાં રહી શકે છે. કેમ કે, તેઓ છદ્મસ્થ હોવાથી ચિત્તની જાગૃત્તિ અંતર્મુહૂર્તથી અધિક ટકી શકતી નથી. એટલે અપ્રમત્તગુણઠાણે મહાત્મા માત્ર અંતર્મુહૂર્તકાળ રહીને પછી પ્રમત્તે આવી જાય છે. ત્યાં પણ ચિત્તની જાગૃતિ હોવાથી, પ્રમાદદશા અંતર્મુહૂર્તથી વધુ ટકી શકતી નથી. એટલે પ્રમત્તગુણઠાણે મહાત્મા અંતર્મુહૂર્ત રહીને, ફરી પાછા અપમત્ત ગુણઠાણે આવી જાય છે. એ રીતે, **"પ્રમાદભાવનું અને અપ્રમાદભાવનું અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે પરાવર્તન થયા કરે છે. એટલે દેશોનપૂર્વકોડ વર્ષસુધી ચિત્રમાં બતાવ્યા મુજબ મહાત્મા છટ્ઠેથી સાતમે ગુણઠાણે[24] અને સાતમેથી છટ્ઠે ગુણઠાણે હીંચકાની જેમ ગમનાગમન (આવ-જા) કર્યા કરે છે."**



**અપ્રમત્તગુણઠાણામાં રહેલા અપ્રમત્તસંયમીઓમાંથી**

(૧) કોઈકને ક્ષયોપશમસમ્યક્ત્વ હોય છે. (૨) કોઈકને ઔપશમિકસમ્યક્ત્વ હોય છે. (૩) કોઈકને ક્ષાયિકસમ્યક્ત્વ હોય છે.

■ જે ક્ષયોપશમસમ્યક્ત્વી ૪થી ૭ ગુણઠાણામાં દર્શનસપ્તકનો ક્ષય કરીને ક્ષાયિકસમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે, તે **ક્ષાયિકસમ્યક્ત્વી** કહેવાય છે.

■ જે ક્ષયોપશમસમ્યક્ત્વી પ્રમત્ત-અપ્રમત્તગુણઠાણામાં દર્શનસપ્તકને ઉપશમાવીને શ્રેણિગત ઉપશમ[૨૫]સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે, તે **ઔપશમિક-સમ્યગ્દૃષ્ટિ** કહેવાય છે.

(૧) અપ્રમત્તક્ષયોપશમસમ્યક્ત્વી શ્રેણી માંડીને ઉપરના ગુણઠાણે જઈ શકતા નથી. એટલે ત્યાંથી જ પાછા ફરીને પ્રમત્તગુણઠાણે આવી જાય છે. (૨) શ્રેણિગત ઉપશમસમ્યક્ત્વી અવશ્ય ઉપશમશ્રેણીમાં પ્રવેશ કરીને ઉપરના ગુણઠાણે જાય છે. [૨૬]અબદ્ધાયુ ક્ષાયિકસમ્યક્ત્વી ક્ષપકશ્રેણીમાં પ્રવેશ કરીને ઉપરના ગુણઠાણે જાય છે અને (૪) બદ્ધાયુક્ષાયિકસમ્યક્ત્વી જો ઉપશમશ્રેણી માંડે, તો ઉપરના ગુણઠાણે જાય છે. જો ઉપશમશ્રેણી ન માંડે, તો ત્યાંથી પાછા ફરીને પ્રમત્તગુણઠાણે આવી જાય છે.

---

૨૪. સાતમે ગુણઠાણે મનઃપર્યવજ્ઞાન, જંઘાચરણ, વિદ્યાચરણ, સર્વૌષધિ વગેરે અનેક લબ્ધિઓ પ્રાપ્ત થઈ શકે છે. તથા કોષ્ઠાદિબુદ્ધિ અને અક્ષીણમહાનસાદિ બળો ઉત્પન્ન થઈ શકે છે.

૨૫. ઉપશમસમ્યક્ત્વ-૨ પ્રકારે છે. (૧) ગ્રન્થિભેદજન્ય ઉપશમસમ્યક્ત્વ અને (૨) શ્રેણિગતઉપશમસમ્યક્ત્વ.... તેમાં અનાદિમિથ્યાદૃષ્ટિ જીવને સૌ પ્રથમવાર ગ્રન્થિનો ભેદ થવાથી જે ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે, તે ગ્રન્થિભેદજન્યઉપશમસમ્યક્ત્વ (પ્રથમઉપશમસમ્યક્ત્વ) કહેવાય છે અને (૨)પ્રમત્ત-અપ્રમત્તગુણઠાણે દર્શનત્રિકનો સંપૂર્ણ ઉપશમ થવાથી, જે ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. તે શ્રેણિગત ઉપશમસમ્યક્ત્વ (દ્વિતીયઉપશમ-સમ્યક્ત્વ) કહેવાય છે.

૨૬. જે જીવે પરભવનું આયુષ્ય બાંધેલુ હોય, તે બદ્ધાયુ કહેવાય છે અને જે જીવે પરભવનું આયુષ્ય બાંધેલુ ન હોય, તે અબદ્ધાયુ કહેવાય છે.



**ચિત્રનં.૩૨**માં બતાવ્યા મુજબ અપ્રમત્તગુણઠાણામાં રહેલા (૧) ક્ષયોપશમસમ્યક્ત્વી **क** શ્રેણી માંડીને ઉપરના ગુણઠાણે જઈ શકતા ન હોવાથી, ત્યાંથી પાછા ફરીને પ્રમત્તગુણઠાણે આવી રહ્યાં છે.

(૨) ઉપશમસમ્યક્ત્વી **ब** મહાત્મા **સાણસામાં પકડાયેલા સર્પની જેમ** મોહરાજાને ઉપશાંત કરવાને માટે **ધર્મધ્યાન** કે **શુકલધ્યાન** રૂપી ધનુષ્યને પકડીને શૂરવીર લડવૈયાની જેમ ઉપશમશ્રેણીમાં ઝંપલાવી રહ્યાં છે (૩) અબદ્ધાયુ ક્ષાયિકસમ્યક્ત્વી **अ** મહાત્મા ધર્મધ્યાન કે શુકલધ્યાનરૂપી ધનુષ્યને પકડીને શૂરવીર લડવૈયાની જેમ ક્ષપકશ્રેણીમાં ઝંપલાવી રહ્યાં છે.

જે અપ્રમત્તસંયમીઓ મોહનીયકર્મનો સંપૂર્ણક્ષય કે સર્વોપશમના કરવા માટે શ્રેણીમાં પ્રવેશ કરી રહ્યાં છે તેમને શ્રેણીસંબંધી યથાપ્રવૃત્તાદિ-૩ કરણ કરવા પડે છે. એટલે (૧) અપ્રમત્તગુણઠાણે યથાપ્રવૃત્તકરણ કરે છે. (૨) અપૂર્વકરણગુણઠાણે અપૂર્વકરણ કરે છે અને (૩) અનિવૃત્તિગુણઠાણે અનિવૃત્તિકરણ કરે છે.

**ચિત્રનં.૩૨**માં બતાવ્યા મુજબ શ્રેણિગત ઉપશમસમ્યક્ત્વી **ब** અને ક્ષાયિકસમ્યક્ત્વી **अ** અપ્રમત્તગુણસ્થાનકે યથાપ્રવૃત્તકરણ કરીને, અપૂર્વકરણ ગુણઠાણામાં પ્રવેશ કરે છે.

## અપૂર્વકરણગુણસ્થાનક

**(૧) કરણ = અધ્યવસાય**

પૂર્વ ક્યારેય નહીં આવેલા એવા શુભ અધ્યવસાયને **અપૂર્વકરણ** કહે છે.




**(૨) કરણ = પ્રક્રિયા.**

પૂર્વે ક્યારેય નહીં થયેલી એવી સ્થિતિઘાતાદિની પ્રક્રિયા જેમાં થાય છે, તે અપૂર્વકરણ કહેવાય.

અહીં **"પૂર્વે ક્યારેય નહીં થયેલી એવી સ્થિતિઘાતાદિની પ્રક્રિયા થઈ રહી છે."** તેથી **તેને અપૂર્વકરણ કહ્યું છે. અને અપૂર્વકરણવર્તી જીવોનું જે ગુણસ્થાનક છે, તે અપૂર્વકરણ-ગુણસ્થાનક કહેવાય છે.**



ચિત્રનં૦૩૨
શ્રેણીનો પ્રારંભ
અયોગીકેવલીગુણસ્થાનક
સયોગીકેવલીગુણસ્થાનક
ક્ષીણમોહગુણસ્થાન
ઉપશાંતમોહગુ
સૂક્ષ્મસં
અપૂર્વકરણગુણસ
ક્ષાયિકસમ્યક્ત્વી-अ
ઉપશાંતમોહગુણસ્થાનક
સંપરાયગુણસ્થાનક
સ્થાનક
પૂર્વકરણગુણસ્થાનક
ઉપશમશ્રેણીગતગુણસ્થાનક
ઉપશમસમ્યક્ત્વી-ब
મત્તગુણ
થાનક
ક્ષયોપશમસમ્યક્ત્વી-क
પ્રમત્તગુણસ્થાનક
દેશવિરતિગુણસ્થાનક
સમ્યક્ત્વગુણસ્થાનક
મિશ્રગુણસ્થાનક
સાસ્વાદનગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક

અપૂર્વકરણગુણઠાણાના પ્રથમ સમયથી (૧) **સ્થિતિઘાત** (૨) **રસઘાત** (૩) **ગુણશ્રેણી** (૪) **ગુણસંક્રમ** (૫) **અપૂર્વસ્થિતિબંધ** એ પાંચે પદાર્થો એકી સાથે શરૂ થાય છે. તેમાંથી સ્થિતિઘાતાદિ-૪ પદાર્થનું સ્વરૂપ પૂર્વે કહ્યાં મુજબ સમજી લેવું.

**ગુણસંક્રમ :- ગુણ = અસંખ્યગુણાકારે.**

**સંક્રમ = એકનું બીજામાં રૂપાંતર થવું તે....**

જ્યારે સત્તામાં રહેલી કર્મપ્રકૃતિના દલિકો પોતાના મૂળસ્વભાવને છોડીને, [૨૭]બંધાતી સજાતીય કર્મપ્રકૃતિનાં સ્વભાવને પ્રાપ્ત કરે છે ત્યારે જે એક કર્મનું બીજા કર્મમાં રૂપાંતર થયું, તે **સંક્રમ** કહેવાય. જેમ કે, જ્યારે સત્તામાં રહેલા અશાતાના કર્મદલિકો પોતાના દુઃખદાયક સ્વભાવને છોડીને, બંધાતી શાતામાં પડીને, સુખદાયક સ્વભાવને પ્રાપ્ત કરે છે ત્યારે જે અશાતાવેદનીયકર્મનું શાતાવેદનીય કર્મમાં રૂપાંતર થયું, તે **સંક્રમ** કહેવાય.

અપૂર્વકરણગુણસ્થાનકથી માંડીને દસમાગુણસ્થાનક સુધી **બંધાતી સજાતીય કર્મપ્રકૃતિમાં નહીં બંધાતી અશુભકર્મપ્રકૃતિના દલિકોને પૂર્વ-પૂર્વના સમય કરતાં પછી પછીના સમયે અસંખ્યગુણાકારે સંક્રમાવવા, તે ગુણસંક્રમ કહેવાય.** જેમ કે, બંધાતી **શાતા**માં નહીં બંધાતી **અશાતા**ના દલિકો પ્રથમ સમયે થોડા (અસંખ્ય) સંક્રમે છે. તેનાથી બીજા સમયે અસંખ્યગુણદલિકો સંક્રમે છે. તેનાથી ત્રીજા સમયે અસંખ્યગુણ દલિકો સંક્રમે છે. એ રીતે, **૧૦**મા ગુણઠાણાના છેલ્લા સમય સુધી સમજવું.

અસત્કલ્પનાથી..... **શાતા-અશાતાની અંતઃકો૦કો૦સા૦ = ૨૦૦ સમય**

**અસંખ્યદલિક = ૧૦ દલિક**

**અસંખ્યગુણા = ૧૦ ગુણા**

માનવામાં આવે, તો...




**ચિત્રનં. ૩૩**માં બતાવ્યા મુજબ **અ** મહાત્મા અપૂર્વકરણના પ્રથમ સમયે બંધાતી શાતામાં નહીં બંધાતી અશાતાના અસંખ્ય = ૧૦ દલિકો સંક્રમાવે છે. બીજા સમયે

૨૭ સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયનો બંધ ન હોવા છતાં પણ સમ્યક્ત્વમોહનીયકર્મમાં મિશ્રનો અને મિથ્યાત્વનો તથા મિશ્રમોહનીયમાં મિથ્યાત્વનો સંક્રમ થાય છે.

ચિત્રનં૦૩૩

# ગુણસંક્રમ



૧૦x૧૦=૧૦૦ દલિકો સંક્રમાવે છે. ત્રીજા સમયે ૧૦૦x૧૦ = ૧૦૦૦ દલિકો સંક્રમાવે છે. એ રીતે, ૧૦મા ગુણઠાણાના છેલ્લાસમય સુધી સમજવું....

અપૂર્વકરણ ગુણઠાણામાં જીવો- ૨ પ્રકારે હોય છે.

(૧) **ક્ષપક** (૨) **ઉપશમક.**

(૧) જે જીવ ચારિત્રમોહનીયકર્મનો ક્ષય કરી રહ્યો છે તે **"ક્ષપક"** કહેવાય છે અને (૨) જે જીવ ચારિત્રમોહનીયકર્મને ઉપશમાવી રહ્યો છે તે **"ઉપશમક"** કહેવાય છે.

જો કે, ચારિત્રમોહનીયકર્મનો સર્વથા ક્ષય અને ઉપશમ નવમા-દશમા ગુણસ્થાનકે થાય છે. આઠમાગુણસ્થાનકે તો ચારિત્રમોહનીયની એક પણ કર્મપ્રકૃતિનો ક્ષય કે ઉપશમ થતો નથી. તો પણ જેમ ભવિષ્યમાં રાજકુંવરમાં રાજા થવાની યોગ્યતા હોવાથી રાજકુંવરને રાજા કહેવાય છે તેમ અપૂર્વકરણગુણસ્થાનકમાં રહેલા જીવો ચારિત્રમોહનીયકર્મનો ક્ષય કે ઉપશમ કરવાની યોગ્યતાવાળા હોવાથી, તેને ક્ષપક કે ઉપશમક કહેવાય છે.

## અધ્યવસાયનું સ્વરૂપ :-

સ્થિતિબંધનું કારણ **"કષાયોદય"** છે.

કષાયોદયથી ઉત્પન્ન થતાં પરિણામને **સ્થિતિબંધનો અધ્યવસાય** કહે છે.

રસબંધનું કારણ **"કષાયોદયયુક્તલેશ્યા"** છે.

કષાયોદય સહિત લેશ્યાથી જન્ય પરિણામને **રસબંધનો અધ્યવસાય** કહે છે.

એક જીવને એક સમયે એક જ અધ્યવસાય હોય છે. એકથી વધુ ન હોય. એટલે એક જીવની અપેક્ષાએ એક સમયે એક જ અધ્યવસાય હોય છે અને ત્રિકાળવર્તી અનેક જીવની અપેક્ષાએ એક સમયે અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ અધ્યવસાય કેવળી ભગવંતે કહ્યાં છે.




## અધ્યવસાયમાં વિશુદ્ધિ :-

વિશુદ્ધિ-૨ પ્રકારે છે.

(૧) **તિર્યગ્મુખી**

(૨) **ઉર્ધ્વમુખી...**

(૧) એક જ સમયના અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા અધ્યવસાયોમાં વિશુદ્ધિની ન્યૂનાધિકતાનો વિચાર કરવો, તે તિર્યગ્‌મુખીવિશુદ્ધિ કહેવાય.

(૨) પૂર્વ - પૂર્વના સમયની અપેક્ષાએ પછી - પછીના સમયના અધ્યવસાયોમાં વિશુદ્ધિની ન્યૂનાધિકતાનો વિચાર કરવો, તે ઉર્ધ્વમુખી વિશુદ્ધિ કહેવાય.

## (૧) તિર્યગ્‌મુખી વિશુદ્ધિ :

અપૂર્વકરણના પ્રથમસમયે જ૦વિશુદ્ધિવાળા રસબંધના અધ્યવસાયથી માંડીને ઉ૦વિશુદ્ધિવાળા રસબંધના અધ્યવસાય સુધીના સર્વેને ચઢતા ક્રમે ગોઠવી દેવામાં આવે, તો... પૂર્વ - પૂર્વના અધ્યવસાયથી પછી પછીના અધ્યવસાયમાં વિશુદ્ધિ થોડી વધારે - વધારે હોય છે. એટલે વિશુદ્ધિના અસંખ્યભેદ થાય છે. પણ જ્ઞાની ભગવંતે તે સર્વે વિશુદ્ધિનું વર્ગીકરણ કરીને, તે સર્વેનો (૧) **અનંતભાગ** (૨) **અસંખ્યાતભાગ** (૩) **સંખ્યાતભાગ** (૪) **સંખ્યાતગુણ** (૫) **અસંખ્યાતગુણ** અને (૬) **અનંતગુણ** એ-૬ વિભાગમાં સમાવેશ કરી આપ્યો છે. એને શાસ્ત્રમાં ષટ્સ્થાન (છસ્થાન) કહે છે.

યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયે **જ૦વિશુદ્ધિવાળા અધ્યવસાયથી ઉ૦વિશુદ્ધિવાળા અધ્યવસાય તરફ જઈએ,** તો.... જ૦વિશુદ્ધિવાળા અધ્યવસાયની અપેક્ષાએ... કેટલાક અધ્યવસાયમાં **અનંતભાગાધિકવિશુદ્ધિ** હોય છે. કેટલાક અધ્યવસાયમાં **અસંખ્યભાગાધિકવિશુદ્ધિ** હોય છે. કેટલાક અધ્યવસાયમાં **સંખ્યાતભાગાધિકવિશુદ્ધિ** હોય છે. કેટલાક અધ્યવસાયમાં **સંખ્યાતગુણાધિકવિશુદ્ધિ** હોય છે. કેટલાક અધ્યવસાયમાં **અસંખ્યાતગુણાધિકવિશુદ્ધિ** હોય છે. કેટલાક અધ્યવસાયમાં **અનંતગુણાધિક-વિશુદ્ધિ** હોય છે. એને શાસ્ત્રમાં **"ષટ્સ્થાનવૃદ્ધિ"** કહે છે.




યથાપ્રવૃત્તકરણના પ્રથમસમયે **ઉ૦વિશુદ્ધિવાળા અધ્યવસાયથી જ૦વિશુદ્ધિવાળા અધ્યવસાય તરફ જઈએ,** તો.... ઉ૦વિશુદ્ધિવાળા અધ્યવસાયની અપેક્ષાએ...

કેટલાક અધ્યવસાયમાં **અનંતભાગહીનવિશુદ્ધિ** હોય છે.
કેટલાક અધ્યવસાયમાં **અસંખ્યાતભાગહીનવિશુદ્ધિ** હોય છે.
કેટલાક અધ્યવસાયમાં **સંખ્યાતભાગહીનવિશુદ્ધિ** હોય છે.
કેટલાક અધ્યવસાયમાં **સંખ્યાતગુણહીનવિશુદ્ધિ** હોય છે.
કેટલાક અધ્યવસાયમાં **અસંખ્યાતગુણહીનવિશુદ્ધિ** હોય છે.
કેટલાક અધ્યવસાયમાં **અનંતગુણહીનવિશુદ્ધિ** હોય છે.

એને શાસ્ત્રમાં **"ષટ્સ્થાનહાનિ"** કહે છે. એટલે યથાપ્રવૃત્તકરણના પ્રથમસમયના અધ્યવસાયો ષટ્સ્થાનવૃદ્ધિ કે ષટ્સ્થાનહાનિ યુક્ત હોય છે.

## અનંતભાગાદિનું સ્વરૂપ :-

(૧) એકવસ્તુના અનંત ટુકડા કરવા, તેમાંનાં કોઈપણ એક ટુકડાને, તે વસ્તુનો **અનંતમો ભાગ** કહેવાય.

અસત્કલ્પનાથી,...**અનંત** = **૧૦૦૦**
**અસંખ્યાત** = **૧૦૦**
**સંખ્યાત** = **૧૦**

માનવામાં આવે, તો...

એક મીટર કાપડના **અનંત** = **૧૦૦૦** ટુકડા કરવા, તેમાંના કોઈ પણ એક ટુકડાને, **૧** મીટર કાપડનો **અનંતમોભાગ** કહેવાય.

(૨) એક વસ્તુના અસંખ્ય ટુકડા કરવા, તેમાંના કોઈપણ એક ટુકડાને, તે વસ્તુનો અસંખ્યાતમો ભાગ કહેવાય.

એક મીટર કાપડના **અસંખ્ય** = **૧૦૦** ટુકડા કરવા. તેમાંના કોઈપણ એક ટુકડાને એક મીટર કાપડનો અસંખ્યાતમો ભાગ કહેવાય.

(૩) એક વસ્તુના સંખ્યાતા ટુકડા કરવા, તેમાંનો કોઈપણ એક ટુકડાને, તે વસ્તુનો સંખ્યાતમો ભાગ કહેવાય.



એક મીટર કાપડના **સંખ્યાત** = ૧૦ ટુકડા કરવા. તેમના કોઈપણ એક ટુકડાને, એક મીટર કાપડનો સંખ્યાતમો ભાગ કહેવાય.

**ષટ્સ્થાનવૃદ્ધ અધ્યવસાયોની સમજુતિ :**

(૧) ધારો કે, અપૂર્વકરણના પ્રથમ સમયે જઘન્યવિશુદ્ધિવાળા અધ્યવસાયમાં વિશુદ્ધિ **૧૦૦૦૦** પાવર છે. તેના અનંતાભાગ કરવા માટે... **૧૦૦૦૦**નો અનંત = **૧૦૦૦**થી ભાગાકાર કરવો. એટલે **૧૦૦૦૦ ÷ ૧૦૦૦ = ૧૦** આવશે. એટલે **૧૦૦૦૦**માંથી **૧૦** પાવરવિશુદ્ધિનો એક-એક ભાગ કરતાં કુલ **અનંત = ૧૦૦૦** ભાગ થશે. તેમાંના **૧૦** પાવરવાળા કોઈપણ એક ભાગને **"અનંતમોભાગ"** કહેવાય.

**ચિત્રનં.૩૪**માં બતાવ્યા મુજબ **૧૦૦૦૦** પાવરવાળા પ્રથમ અધ્યવસાયની અપેક્ષાએ **૧૦૦૦૦ + ૧૦** (અનંતમોભાગ) = **૧૦૦૧૦** પાવરવાળો **બીજો** અધ્યવસાય,... **૧૦૦૧૦ + ૧૦ = ૧૦૦૨૦** પાવરવાળો ત્રીજો અધ્યવસાય વગેરે કેટલાક અધ્યવસાયો **અનંતભાગાધિકવિશુદ્ધિવાળા** હોય છે.

(૨) **૧૦૦૦૦**ના અસંખ્યાતાભાગ કરવા માટે....**૧૦૦૦૦**નો **અસંખ્યાત=૧૦૦**થી ભાગાકાર કરવો. એટલે **૧૦૦૦૦÷૧૦૦=૧૦૦** આવશે. એટલે **૧૦૦૦૦**માંથી **૧૦૦** પાવરવિશુદ્ધિનો એક-એક ભાગ કરતાં કુલ **અસંખ્ય=૧૦૦** ભાગ થશે. તેમાંના **૧૦૦** પાવરવાળા કોઈપણ એક ભાગને **"અસંખ્યાતમોભાગ"** કહેવાય.

**ચિત્રનં.૩૪**માં બતાવ્યા મુજબ **૧૦૦૦૦** પાવરવાળા પ્રથમ અધ્યવસાયની અપેક્ષાએ **૧૦૦૦૦ + ૧૦૦ = ૧૦૧૦૦** પાવરવાળો અધ્યવસાય **અસંખ્યાતભાગાધિક** વિશુદ્ધિવાળો કહેવાય... ત્યારપછીનો **૧૦૧૧૦**[૨૮] પાવરવાળો... **૧૦૧૨૦** પાવરવાળો... **૧૦૧૩૦** પાવરવાળો... વગેરે કેટલાક અધ્યવસાયો **અસંખ્યાતભાગાધિકવિશુદ્ધિવાળા** હોય છે.




૨૮. વિશેષ સમજુતિ માટે જુઓ કમ્મપયડીમાં બંધનકરણ...

(૩) **૧૦૦૦૦**ના સંખ્યાતાભાગ કરવા માટે **૧૦૦૦૦**નો **સંખ્યાત=૧૦**થી ભાગાકાર કરવો. **૧૦૦૦૦÷૧૦=૧૦૦૦** આવશે. એટલે **૧૦૦૦૦**માંથી **૧૦૦૦** પાવરનો એક-એક ભાગ કરતાં કુલ **સંખ્યાત=૧૦** ભાગ થશે. તેમાંના **૧૦૦૦** પાવરવાળા કોઈપણ એક ભાગને **"સંખ્યાતમોભાગ"** કહેવાય.

**ચિત્રનં.૩૪**માં બતાવ્યા મુજબ **૧૦૦૦૦** પાવરવાળા પ્રથમ અધ્યવસાયની અપેક્ષાએ **૧૦૦૦૦+૧૦૦૦=૧૧૦૦૦** પાવરવાળો અધ્યવસાય **સંખ્યાતભાગાધિકવિશુદ્ધિવાળો** કહેવાય. ત્યારપછીનો **૧૧૦૧૦** પાવરવાળો... **૧૧૦૨૦** પાવરવાળો... **૧૧૦૩૦** પાવરવાળો વગેરે કેટલાક અધ્યવસાયો સંખ્યાતભાગાધિકવિશુદ્ધિવાળા હોય છે.

(૪) મૂળરકમનો **સંખ્યાત=૧૦ સંખ્યા**થી ગુણાકાર કરતાં જે રકમ આવે, તે **સંખ્યાતગુણી** કહેવાય.... જેમ કે, મૂળરકમ ૧૦૦૦૦X૧૦=૧૦૦૦૦૦ (૧ લાખ) થશે. એટલે **ચિત્રનં.૩૪**માં બતાવ્યા મુજબ **૧૦૦૦૦** પાવરવાળા પ્રથમ અધ્યવસાયની અપેક્ષાએ **૧૦૦૦૦૦** (૧ લાખ) પાવરવાળો અધ્યવસાય **"સંખ્યાતગુણાધિક"** વિશુદ્ધિવાળો કહેવાય. ત્યારપછીનો **૧૦૦૦૧૦** પાવરવાળો... **૧૦૦૦૨૦** પાવરવાળો... **૧૦૦૦૩૦** પાવરવાળો... વગેરે કેટલાક અધ્યવસાયો સંખ્યાતગુણાધિકવિશુદ્ધિવાળા હોય છે.

(૫) મૂળરકમનો **અસંખ્યાત=૧૦૦** સંખ્યાથી ગુણાકાર કરતાં જે રકમ આવે, તે **અસંખ્યાતગુણી** કહેવાય.




જેમકે, **૧૦૦૦૦X૧૦૦=૧૦,૦૦૦૦૦** (૧૦ લાખ) થશે. એટલે **૧૦૦૦૦** પાવરવાળા પ્રથમ અધ્યવસાયની અપેક્ષાએ ૧૦,૦૦૦૦૦ (૧૦ લાખ) પાવરવાળો અધ્યવસાય **અસંખ્યાતગુણાધિકવિશુદ્ધિવાળો** કહેવાય.... ત્યારપછીનો **૧૦,૦૦૦૧૦** પાવરવાળો.....**૧૦,૦૦૦૨૦** પાવરવાળો..... **૧૦૦૦૦૩૦** પાવરવાળો.... વગેરે કેટલાક

ચિત્ર નં. ૩૪

# ષટ્સ્થાનવૃદ્ધ અધ્યવસાયો



અધ્યવસાયો **અસંખ્યાતગુણાધિકવિશુદ્ધિવાળા** હોય છે.

(૬) મૂળરકમનો **અનંત=૧૦૦૦**થી ગુણાકાર કરતાં જે રકમ આવે, તે અનંતગુણી કહેવાય.

જેમકે, મૂળરકમ **૧૦૦૦૦×૧૦૦૦=૧૦૦૦૦૦૦૦** (૧ ક્રોડ) થશે. એટલે **૧૦૦૦૦** પાવરવાળા પ્રથમ અધ્યવસાયની અપેક્ષાએ **૧૦૦૦૦૦૦૦** (૧ ક્રોડ) પાવરવાળો અધ્યવસાય **અનંતગુણાધિક-વિશુદ્ધિવાળો** કહેવાય... ત્યારપછીનો **૧૦૦૦૦૦૧૦** પાવરવાળો. **૧૦૦૦૦૦૨૦** પાવરવાળો.... **૧૦૦૦૦૦૩૦** પાવરવાળો... વગેરે કેટલાક અધ્યવસાયો **અનંતગુણાધિકવિશુદ્ધિવાળા** હોય છે.

**ષટ્સ્થાનહીન અધ્યવસાયોની સમજુતિ :-**

(૧) મૂળરકમમાંથી એક અનંતમો ભાગ બાદ કરતાં જે રકમ આવે, તે મૂળરકમની અપેક્ષાએ **અનંતભાગહીન** કહેવાય.

મૂળરકમ ૧૦૦૦૦૦૦૦ (૧ ક્રોડ)માંથી અનંતમો ભાગ = ૧૦ બાદ કરવા. એટલે **૧૦૦૦૦૦૦૦−૧૦ = ૯૯,૯૯,૯૯૦** થશે. એટલે **ચિત્રનં.૩૫**માં બતાવ્યા મુજબ પ્રથમસમયના ૧ ક્રોડ પાવરવાળા ૭૦અધ્યવસાયની અપેક્ષાએ ૯૯,૯૯,૯૯૦ પાવરવાળો અધ્યવસાય અનંતભાગહીન વિશુદ્ધિવાળો કહેવાય. તેની આગળના ૯૯,૯૯,૯૮૦ પાવરવાળો.... ૯૯,૯૯,૯૭૦ પાવરવાળો.... વગેરે કેટલાક અધ્યવસાયો અનંતભાગહીન વિશુદ્ધિવાળા હોય છે.




(૨) મૂળરકમમાંથી એક અસંખ્યાતમો ભાગ બાદ કરતાં જે રકમ આવે, તે મૂળરકમની અપેક્ષાએ **અસંખ્યાતભાગહીન** કહેવાય.

૧૦૦૦૦૦૦૦ (૧ક્રોડ)માંથી **અસંખ્યાતમો ભાગ = ૧૦૦** બાદ કરવા. એટલે **૧૦૦૦૦૦૦૦−૧૦૦=૯૯,૯૯,૯૦૦** થશે. એટલે **૯૯,૯૯,૯૦૦** પાવરવાળો અધ્યવસાય અસંખ્યાતભાગહીન વિશુદ્ધિવાળો કહેવાય.

# ષટ્સ્થાનહીન અધ્યવસાયો

ચિત્ર નં. ૩૫



તેની આગળના ૯૯,૯૯,૮૯૦ પાવરવાળો... ૯૯,૯૯,૮૮૦ પાવરવાળો.... વગેરે કેટલાક અધ્યવસાયો **અસંખ્યાતભાગહીનવિશુદ્ધિવાળા** હોય છે.

(૩) મૂળરકમમાંથી એક સંખ્યાતમો ભાગ બાદ કરતાં જે રકમ આવે, તે મૂળરકમની અપેક્ષાએ **સંખ્યાતભાગહીન** કહેવાય.

**૧૦૦૦૦૦૦૦** (૧ ક્રોડ)માંથી **સંખ્યાતમોભાગ = ૧૦૦૦** બાદ કરવા. એટલે **૧૦૦૦૦૦૦૦–૧૦૦૦=૯૯,૯૯,૦૦૦** થશે. એટલે ૧ ક્રોડ પાવરવાળા અધ્યવસાયની અપેક્ષાએ **૯૯,૯૯૦૦૦** પાવરવાળો અધ્યવસાય સંખ્યાતભાગહીન વિશુદ્ધિવાળો કહેવાય. તેની આગળના **૯૯,૯૮૯૯૦** પાવરવાળો... **૯૯,૯૮,૯૮૦** પાવરવાળો... વગેરે કેટલાક અધ્યવસાયો **સંખ્યાતભાગહીનવિશુદ્ધિવાળા** હોય છે.

(૪) મૂળરકમનો **સંખ્યાત=૧૦ સંખ્યા**થી ભાગાકાર કરતાં જે રકમ આવે, તે મૂળરકમની અપેક્ષાએ સંખ્યાતગુણહીન કહેવાય.

જેમકે **૧૦૦૦૦૦૦૦÷૧૦=૧૦૦૦૦૦૦** (૧૦ લાખ) થશે. એટલે **ચિત્રનં.૩૫**માં બતાવ્યા મુજબ ૧ ક્રોડ પાવરવાળા અધ્યવસાયની અપેક્ષાએ ૧૦લાખ પાવરવાળો અધ્યવસાય **સંખ્યાતગુણહીન** કહેવાય. તેની આગળના **૯૯૯૯૯૦** પાવરવાળો... **૯૯૯૯૮૦** પાવરવાળો.... વગેરે કેટલાક અધ્યવસાયો **સંખ્યાતગુણહીનવિશુદ્ધિવાળા** હોય છે.

(૫)મૂળરકમનો **અસંખ્યાત=૧૦૦**થી ભાગાકાર કરતાં જે રકમ આવે, તે **અસંખ્યાતગુણહીન** કહેવાય. એટલે **૧૦૦૦૦૦૦૦ ÷ ૧૦૦ = ૧૦૦૦૦૦** (૧ લાખ) થશે. એટલે ૧ ક્રોડ પાવરવાળા અધ્યવસાયની અપેક્ષાએ ૧ લાખ પાવરવાળો અધ્યવસાય **અસંખ્યાત ગુણહીન** કહેવાય. તેની આગળના **૯૯૯૯૦** પાવરવાળો... **૯૯૯૮૦** પાવરવાળો.... વગેરે કેટલાક અધ્યવસાયો **અસંખ્યાતગુણહી-વિશુદ્ધિવાળા** હોય છે.




(૬) મૂળરકમનો **અનંત = ૧૦૦૦**થી ભાગાકાર કરતાં જે રકમ આવે, તે

અનંતગુણહીન કહેવાય. એટલે ૧૦૦૦૦૦૦૦ ÷ ૧૦૦૦ = ૧૦૦૦૦ થશે. એટલે ૧ ક્રોડ પાવરવાળા અધ્યવસાયની અપેક્ષાએ ૧૦૦૦૦[૨૯] પાવરવાળો અધ્યવસાય **અનંતગુણહીન** કહેવાય. તેની આગળના ૯૯૯૦ પાવરવાળો... ૯૯૮૦ પાવરવાળો.... વગેરે કેટલાક અધ્યવસાયો **અનંતગુણહીન** હોય છે.

એ રીતે, એક જ સમયના અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ અધ્યવસાયોમાં વિશુદ્ધિની અનંતભાગાદિ-૬ પ્રકારે તિર્ચ્છી વિચારણા કરવી, તે **તિર્યગ્મુખીવિશુદ્ધિ** કહેવાય.

અપૂર્વકરણના પ્રથમસમયથી માંડીને છેલ્લાસમય સુધીના દરેક સમયે અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાયો ષટ્સ્થાનપતિત હોય છે. એટલે દરેકસમયના અધ્યવસાયોમાં તિર્યગ્મુખીવિશુદ્ધિ સંભવે છે.

અપૂર્વકરણના પ્રથમ સમયે અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ રસબંધના અધ્યવસાયો હોય છે. તેનાથી થોડા વધારે (વિશેષાધિક) બીજા સમયે હોય છે. તેનાથી થોડા વધારે (વિશેષાધિક) ત્રીજા સમયે હોય છે. તેનાથી થોડા વધારે (વિશેષાધિક) ચોથા સમયે હોય છે. એ પ્રમાણે, અપૂર્વકરણગુણઠાણાના છેલ્લા સમય સુધી સમજવું.

અસત્કલ્પનાથી,....

**અપૂર્વકરણનું અંતર્મૂહૂર્ત = ૨૬ સમય**

**અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાય = ૨૦**

**વિશેષાધિક = ૨**

માનવામાં આવે, તો...

૨૯. ૧કરોડની અપેક્ષાએ,

(૧) અનંતગુણહીન = ૧૦૦૦૦ છે અને અનંતમો ભાગ = ૧૦૦૦૦ છે. એટલે જે અનંતગુણહીન છે તે જ અનંતમો ભાગ છે.

(૨) અસંખ્યાતગુણહીન=૧ લાખ છે અને અસંખ્યાતમો ભાગ = ૧ લાખ છે. એટલે જે અસંખ્યાત-ગુણહીન છે તે જ અસંખ્યાતમો ભાગ છે.

(૩) સંખ્યાતગુણહીન = ૧૦ લાખ છે અને સંખ્યાતમો ભાગ = ૧૦ લાખ છે. એટલે જે સંખ્યાતગુણહીન છે તે જ સંખ્યાતમો ભાગ છે.



**ચિત્રનં.૩૬**માં બતાવ્યા મુજબ અપૂર્વકરણના પ્રથમ સમયે **અસંખ્યલોકાકાશપ્રદેશ = ૨૦ અધ્યાવસાય** હોય છે. બીજા સમયે **૨૦** + ૨ (વિશેષાધિક) = **૨૨** અધ્યવસાય હોય છે. ત્રીજા સમયે **૨૨** + ૨ (વિશેષાધિક) = **૨૪** અધ્યવસાય હોય છે. એ રીતે, એક-એક સમયે બે-બે અધ્યવસાય વધવાથી **છેલ્લા સમયે** = **૨૬**મા સમયે કુલ **૭૦** અધ્યવસાય હોય છે. તેની આકૃતિ **વિષમચતુરસ્ર** થાય છે. દરેક સમયના અધ્યવસાયો ષટ્સ્થાનપતિત હોય છે.

## ઉર્ધ્વમુખીવિશુદ્ધિ :-

અપૂર્વકરણમાં પ્રથમસમયના પ્રથમ અધ્યવસાયની અપેક્ષાએ તે જ સમયના છેલ્લા અધ્યવસાયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી હોય છે. તેના કરતાં બીજા સમયના પ્રથમ અધ્યવસાયની જઘન્યવિશુદ્ધિ અનંતગુણી હોય છે. તેનાં કરતાં તે જ સમયના છેલ્લા અધ્યવસાયની ઉ૦વિશુદ્ધિ અનંતગુણી હોય છે, તેનાં કરતાં ત્રીજા સમયના પ્રથમ અધ્યવસાયની જઘન્યવિશુદ્ધિ અનંતગુણી હોય છે, તેના કરતાં તે જ સમયના છેલ્લા અધ્યવસાયની ઉ૦વિશુદ્ધિ અનંતગુણી હોય છે. એ રીતે, પૂર્વ - પૂર્વના સમય કરતાં પછી પછીના સમયની વિશુદ્ધિનો વિચાર કરવો, તે **ઉર્ધ્વમુખીવિશુદ્ધિ** કહેવાય.

**ચિત્રનં.૩૬માં** બતાવ્યા મુજબ "**अ**" અને "**ब**" નામની બે વ્યક્તિ એકીસાથે અપૂર્વકરણગુણઠાણામાં પ્રવેશ કરે છે, તેમાં "**अ**" જઘન્ય વિશુદ્ધિવાળો છે. અને "**ब**" ઉત્કૃષ્ટ વિશુદ્ધિવાળો છે.




અપૂર્વકરણના પ્રથમ સમયે **अ**ની જ૦વિશુદ્ધિથી તે જ સમયે **ब**ની ઉ૦વિશુદ્ધિ અનંતગુણી હોય છે. તેનાથી બીજા સમયે **अ**ની જ૦વિશુદ્ધિ અનંતગુણી હોય છે. તેનાથી તે જ સમયે **ब**ની ઉ૦વિશુદ્ધિ અનંતગુણી હોય છે. તેનાથી ત્રીજા સમયે **अ**ની જ૦વિશુદ્ધિ અનંતગુણી હોય છે. તેનાથી તે જ સમયે **ब**ની ઉ૦વિશુદ્ધિ અનંતગુણી હોય છે.

ચિત્ર નં. ૩૬

# અપૂર્વકરણમાં અધ્યવસાયો
## અધ્યવસાયમાં વિશુદ્ધિ



એ રીતે, અપૂર્વકરણના **છેલ્લા = ૨૬મા સમય** સુધી સમજવું...

અપૂર્વકરણગુણઠાણામાં એકીસાથે પ્રવેશ કરનારા સર્વજીવોના અધ્યવસાયની વિશુદ્ધિમાં તરતમતા હોય છે. તેથી તે ગુણસ્થાનકને **નિવૃત્તિગુણસ્થાનક** પણ કહે છે.

## અનિવૃત્તિબાદરસંપરાયગુણસ્થાનક

**નિવૃત્તિ = વિશુદ્ધિમાં તરતમતા.**

**અનિવૃત્તિ = વિશુદ્ધિમાં તરતમતા ન હોવી...**

અનિવૃત્તિમાં સમાનકાળે (એક જ સમયે) રહેલા સર્વજીવોના અધ્યવસાયમાં વિશુદ્ધિની તરતમતા હોતી નથી. તેથી તેને **અનિવૃત્તિકરણ** કહે છે.

**બાદર = સ્થૂલ**

**સંપરાય = કષાયોદય**

સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકની અપેક્ષાએ અનિવૃત્તિકરણમાં રહેલા જીવો સ્થૂલકષાયોદયવાળા હોય છે. તેથી અનિવૃત્તિકરણમાં રહેલા જીવોનું જે ગુણસ્થાનક હોય છે, તે **અનિવૃત્તિબાદરસંપરાયગુણસ્થાનક** કહેવાય છે. તેમાં પૂર્વે કહ્યાં મુજબ સ્થિતિઘાતાદિ-પાંચે પ્રક્રિયા ચાલુ હોય છે.

### અનિવૃત્તિકરણમાં અધ્યવસાય :-

અનિવૃત્તિકરણના પ્રથમસમયે જે જીવો **"હતા"**, હાલમાં **"છે"** અને ભવિષ્યમાં **"હશે"** તે સર્વે જીવોને એકસરખી વિશુદ્ધિવાળો અધ્યવસાય હોય છે. તેથી પ્રથમસમયે અધ્યવસાયમાં ભેદ પડતો નથી. એટલે પ્રથમસમયે એક જ અધ્યવસાયસ્થાન હોય છે.

એ જ રીતે, બીજા-ત્રીજાદિ સમયે પણ એક-એક જ અધ્યવસાયસ્થાન હોય છે. એટલે અનિવૃત્તિકરણના અંતર્મુહૂર્તના જેટલા સમય થાય તેટલા અધ્યવસાયસ્થાન હોય છે.



### અધ્યવસાયમાં વિશુદ્ધિ :-

અનિવૃત્તિકરણના પ્રથમસમયે ત્રણેકાળમાં રહેલા સર્વજીવોને એક જ સરખી વિશુદ્ધિવાળા અધ્યવસાય હોય છે. એટલે તે અધ્યવસાયો ષટ્સ્થાનપતિત હોતા નથી. તેથી તેમાં તિર્યગ્મુખીવિશુદ્ધિ હોતી નથી માત્ર ઉર્ધ્વમુખીવિશુદ્ધિ હોય છે.




### ઉર્ધ્વમુખીવિશુદ્ધિ :-

અનિવૃત્તિકરણના પ્રથમસમયથી બીજાસમયનું અધ્યવસાયસ્થાન અનંતગુણવિશુદ્ધ હોય છે. તેનાથી ત્રીજાસમયનું અધ્યવસાયસ્થાન અનંતગુણવિશુદ્ધ હોય છે. એ રીતે, અનિવૃત્તિકરણના છેલ્લા સમય સુધી પૂર્વ-પૂર્વના સમય કરતાં પછી-પછીના સમયે અધ્યવસાયસ્થાન અનંતગુણ વિશુદ્ધ હોય છે. તેથી તેની આકૃતિ ચિત્રમાં બતાવ્યા મુજબ ક્રમશઃ **"મોટા મોટા મોતીની માળાની શેર"** જેવી થાય છે.

અહીં પૂર્વ - પૂર્વના અધ્યવસાયથી પછી-પછીનો અધ્યવસાય ક્રમશઃ અનંતગુણાધિકવિશુદ્ધિવાળો હોય છે. એ જણાવવા માટે પૂર્વ-પૂર્વથી પછી-પછીનું મોતી મોટું મૂકેલ છે.

અનિવૃત્તિગુણઠાણામાં જીવો-૨ પ્રકારે હોય છે.

(૧) **ક્ષપક** (૨) **ઉપશમક...**

(૧) ઉપશમક ચારિત્રમોહનીયની ૨૧ પ્રકૃતિમાંથી માત્ર સંજ્વલનલોભ વિનાની ૨૦ કર્મપ્રકૃતિને સર્વથા ઉપશમાવે છે. (૨) ક્ષપકાત્મા ચારિત્રમોહનીયની-૨૧ પ્રકૃતિમાંથી સંજ્વલનલોભ સિવાયની ૨૦ કર્મપ્રકૃતિનો સંપૂર્ણ ક્ષય કરે છે ત્યાર પછી તે જીવો સૂક્ષ્મસંપરાયગુણઠાણામાં પ્રવેશ કરે છે.

### સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક

જ્યારે જીવ સંજ્વલનલોભ-કષાયમોહનીયકર્મમાંથી બનેલી સૂક્ષ્મકિટ્ટીને ભોગવી રહ્યો હોય, ત્યારે તે સૂક્ષ્મકષાયોદયવાળો



કહેવાય છે, **તે સૂક્ષ્મકષાયોદયવાળા જીવને જે ગુણસ્થાનક હોય છે, તે સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક કહેવાય.** તેમાં જીવો ૨ પ્રકારે છે. (૧) **ઉપશમક** (૨) **ક્ષપક**...તેમાં ઉપશમક સંજ્વલનલોભને સર્વથા ઉપશમાવીને, **ઔપશમિક યથાખ્યાતચારિત્રગુણ**ને પ્રાપ્ત કરે છે. અને ક્ષપક સંજ્વલનલોભનો સંપૂર્ણ ક્ષય કરીને, ક્ષાયિકયથાખ્યાતચારિત્રગુણને પ્રાપ્ત કરે છે.

## ઉપશાંતકષાયછદ્મસ્થવીતરાગગુરસ્થાનક

જે જીવે મોહનીયકર્મનો સંપૂર્ણ ઉપશમ કર્યો હોય, તે **"ઉપશાંત-કષાયી"** (ઉપશાંતમોહી) કહેવાય છે. તે વખતે તે જીવ રાગદ્વેષથી રહિત હોવાથી **"વીતરાગી"** કહેવાય છે. તથા જ્ઞાનાવરણીયાદિ ઘાતી કર્મોનો ઉદય હોવાથી **"છદ્મસ્થ"** કહેવાય છે. એટલે ઉપશાંતકષાયછદ્મસ્થવીતરાગી જીવોને જે ગુણસ્થાનક છે, તે **ઉપશાંતકષાયછદ્મસ્થવીતરાગગુણસ્થાનક** કહેવાય તેનો કાળ **"અંતર્મુહૂર્ત"** છે.

હવે મોહનીયની ૨૮ પ્રકૃતિ ક્રમશઃ કેવી રીતે ઉપશાંત થાય છે? એના માટે જુઓ **ઉપશમશ્રેણી.....**

## ઉપશમશ્રેણી :-

જેમાં ક્રમશઃ અનંતગુણવિશુદ્ધ પરિણામની ધારાએ ચઢેલા જીવો ચારિત્રમોહનીયની કર્મપ્રકૃતિને ઉપશમાવે છે, તે **"ઉપશમશ્રેણિ"** કહેવાય.

**શ્રેણિગતઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ :-**




ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિ ૪ થી ૭ ગુણઠાણે સૌ પ્રથમ અનંતાનુબંધીની વિસંયોજના[30] કરે છે. ત્યાર પછી પ્રમત્ત-અપ્રમત્તગુણઠાણે રહેલા સંયમી દર્શનત્રિકને સંપૂર્ણ ઉપશમાવીને **શ્રેણિગતઉપશમસમ્યક્ત્વ**ને પામે છે. ત્યારપછી ચા૦મો૦ને ઉપશમાવવાને માટે ઉપશમશ્રેણીમાં પ્રવેશ કરે છે.

૩૦. કર્મપ્રકૃતિકાર શ્રીશિવશર્મસૂરિમહારાજાના મતે કોઈપણ જીવ અનંતાનુબંધીની વિસંયોજના કર્યા વિના ઉપશમશ્રેણી

## ચારિત્રમોહનીયકર્મની ઉપશમના :-

મોહનીયકર્મની **૨૮** કે **૨૪**ની સત્તાવાળો **ઔપશમિક અપ્રમત્તસંયમી** કે **બદ્ધાયુક્ષાયિક** (મોહનીયકર્મની **૨૧**ની સત્તાવાળો) **અપ્રમત્તસંયમી** ઉપશમશ્રેણિમાં પ્રવેશ કરે છે ત્યારે અપ્રમત્તગુણઠાણે યથાપ્રવૃત્તકરણ કરીને, અપૂર્વકરણગુણઠાણામાં પ્રવેશ કરે છે. ત્યાં અપૂર્વકરણ કરીને, અનિવૃત્તિગુણઠાણામાં પ્રવેશ કરે છે. ત્યાં અનિવૃત્તિકરણ કરે છે. જ્યારે અનિવૃત્તિકરણના સંખ્યાતાભાગ ગયા પછી છેલ્લો એક સંખ્યાતમોભાગ બાકી રહે, ત્યારે ચારિત્રમોહનીયની ૨૧ પ્રકૃતિનું અંતરકરણ કરે છે. તે વખતે જે જીવને જે વેદ અને જે કષાયનો ઉદય હોય, તે ઉદયવાળી પ્રકૃતિની પ્રથમસ્થિતિ એક અંતર્મુહૂર્ત જેટલી મૂકીને, તેની ઉપરની અંતર્મુહૂર્ત જેટલી સ્થિતિમાંથી દલિકોને ખસેડીને તેટલી સ્થિતિને દલિક વિનાની શુદ્ધસ્થિતિ (અંતરકરણ) કરે છે અને બાકીની અનુદયવાળી ૧૯ પ્રકૃતિની પ્રથમસ્થિતિ ૧ આવલિકા જેટલી મૂકીને, તેની ઉપરની અંતર્મુહૂર્ત જેટલી સ્થિતિમાંથી દલિકોને ખસેડીને તેટલી સ્થિતિને દલિક વિનાની શુદ્ધસ્થિતિ (અંતરકરણ) કરે છે.

અસત્કલ્પનાથી.....

**ચા૦મો૦ની અંતઃકો૦કો૦સા૦ = ૧૫૦ સમય**
**અનિવૃત્તિનો છેલ્લો સંખ્યાતમો ભાગ = ૩૪ સમય**
**અંતરકરણની ક્રિયાનું અંતર્મુહૂર્ત = ૨ સમય**
**ઉદયાવલિકા = ૨ સમય**

માનવામાં આવે, તો....




---

શરૂ કરી શકતો નથી. તેથી તેઓના મતે અનં૦૪ વિના મોહનીયની-૨૪ની સત્તાવાળા જીવો ઉપશમશ્રેણી માંડી શકે છે. અને કેટલાક આચાર્ય મહારાજના મતે અનંતાનુબંધીની ઉપશમના કરનારા (મોહનીયની ૨૮ની સત્તાવાળા) જીવો પણ ઉપશમશ્રેણી માંડી શકે છે.

**ચિત્રનં.૩૭**માં બતાવ્યા મુજબ **અ** મહાત્મા અનિવૃત્તિકરણના છેલ્લા એક સંખ્યાતમા ભાગના પ્રથમસમયે અંતરકરણની ક્રિયા શરૂ કરે છે, તે વખતે ઉદયવાળી સં૦ક્રોધની **અંતર્મુહૂર્ત = ૨૦ સમય**ની પ્રથમસ્થિતિને મૂકીને, તેની ઉપરની **અંતર્મુહૂર્ત = ૨૧થી ૫૦ સમય**ની સ્થિતિમાંથી દલિકોને ઉપાડીને, સં૦ક્રોધની પ્રથમસ્થિતિમાં અને બીજીસ્થિતિમાં નાંખે છે. પુ૦વેદની પ્રથમસ્થિતિ **અંતર્મુહૂર્ત = ૧૬ સમય**ની મૂકીને, તેની ઉપરની **અંતર્મુહૂર્ત = ૧૭થી ૫૦ સમય**ની સ્થિતિમાંથી દલિકોને ઉપાડીને, પુ૦વેદની પ્રથમસ્થિતિમાં અને બીજાસ્થિતિમાં નાંખે છે, બાકીની અનુદયવાળી **૧૯** પ્રકૃતિની પ્રથમસ્થિતિ **૧** આવલિકા = **૨** સમયની મૂકીને, તેની ઉપરની **અંતર્મુહૂર્ત = ૫૦ સમય**ની સ્થિતિમાંથી દલિકોને ઉપાડીને પુ૦વેદાદિમાં નાંખે છે. એ જ રીતે, બીજા સમયે પણ સમજવું.

અંતરકરણ કર્યા પછી સૌ પ્રથમ **નપુંસકવેદ**ને ઉપશમાવે છે. ત્યારબાદ **સ્ત્રીવેદ**ને ઉપશમાવે છે. ત્યારબાદ એકીસાથે **"હાસ્યષટ્ક"**ને ઉપશમાવે છે. ત્યારબાદ **પુરુષવેદ**ને ઉપશમાવે છે. પછી એકીસાથે **અપ્ર૦ક્રોધ-પ્રત્યા૦ક્રોધ**ને ઉપશમાવે છે. પછી **સં૦ક્રોધ**ને ઉપશમાવે છે. પછી એકીસાથે **અપ્ર૦માન-પ્રત્યા૦માન**ને ઉપશમાવે છે. ત્યારબાદ **સં૦માન**ને ઉપશમાવે છે. ત્યારબાદ એકીસાથે **અપ્ર૦માયા-પ્રત્યા૦માયા**ને ઉપશમાવે છે. તે વખતે સંજ્વલનમાયાનો બંધ-ઉદય-ઉદીરણા નાશ પામે છે. ત્યારપછીથી **૧૦**મા ગુણઠાણાના છેલ્લા સમય સુધી માત્ર લોભનો ઉદય હોય છે.




હવે લોભનો ઉદય જેટલો કાળ રહેવાનો છે. તે ઉદયકાળના ૩ ભાગ કરે છે. તેમાં પહેલાવિભાગને **"અશ્વકર્ણકરણાદ્ધા"** કહે છે. બીજા વિભાગને **"કિટ્ટિકરણાદ્ધા"** કહે છે. અને ત્રીજા વિભાગને **"કિટ્ટિવેદનાદ્ધા"** કહે છે.

અશ્વકર્ણકરણાદ્ધામાં સંજ્વલન માયા ઉપશાંત થઈ જાય છે. ત્યારપછી કિટ્ટિકરણાદ્ધાના ચરમસમયે એકી સાથે **અપ્રત્યાખ્યાનીયલોભ**

ચિત્રનં૦૩૭

# ચા૦મો૦ની ૨૧ પ્રકૃતિની અંતરકરણની ક્રિયાનો પ્રારંભ



અને **પ્રત્યાખ્યાનીય લોભને ઉપશમાવે** છે. તે વખતે **સંજ્વલનલોભનો બંધવિચ્છેદ** થાય છે અને **બાદરલોભનો ઉદયવિચ્છેદ** થાય છે તે સમયે **અનિવૃત્તિબાદર-સંપરાયગુણસ્થાનક** પૂર્ણ થાય છે. પછી જીવ સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકે આવે છે. ત્યાં પૂર્વે જે કિટ્ટીકરણાદ્ધામાં લોભની કિટ્ટિઓ કરી હતી. તેમાંની કેટલીક કિટ્ટિ ઉદય-ઉદીરણાથી ભોગવી રહ્યો છે અને કેટલીક કિટ્ટિને ઉપશમાવી રહ્યો છે. જ્યારે ઉપશમક સૂક્ષ્મસંપરાયગુણઠાણાના ચરમસમયે આવે છે. ત્યારે સંજ્વલનલોભ સંપૂર્ણ ઉપશાન્ત થાય છે. તે વખતે મોહનીયકર્મની **૨૮** પ્રકૃતિ સંપૂર્ણ ઉપશાંત થઈ જાય છે. ત્યારપછીના સમયે અંતરકરણમાં પ્રવેશ કરતાંની સાથે જ ઉપશાંતમોહગુણસ્થાનકે **"ઔપશમિક વીતરાગતા"** પ્રાપ્ત થાય છે.

અસત્ કલ્પનાથી.......

નપુંસકવેદાદિની ઉપશમક્રિયાનું અંતર્મુહૂર્ત = ૪ સમય માનવામાં આવે તો......

**ચિત્રનં.૩૮**માં બતાવ્યા મુજબ **अ** મહાત્મા ચા૦મો૦નું અંતરકરણ કર્યા પછીના **સમયે** = ૩જા સમયે **નપુંસકવેદ**ને ઉપશમાવાનું ચાલુ કરે છે. **૬ઠ્ઠા** સમયે (અંતર્મુહૂર્તમાં) **નપું૦વેદ** સંપૂર્ણ ઉપશાંત થઈ જાય છે. **૭**મા સમયે **સ્ત્રીવેદ**ને ઉપશમવાનું ચાલુ કરે છે. **૧૦મા** સમયે (અંતર્મુહૂર્તમાં) **સ્ત્રીવેદ** સંપૂર્ણ ઉપશમી જાય છે. **૧૧**મા સમયે **હાસ્યાદિ-૬** અને **પુ૦વેદ**ને (૭ નોકષાયને) ઉપશમવાનું ચાલુ કરે છે. **૧૪**મા સમયે (અંતર્મુહૂર્તમાં) **હાસ્યાદિ-૬** સંપૂર્ણ ઉપશાંત થાય છે. તે જ સમયે પુ૦વેદનો બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે. ત્યારપછી **૧૫**મા સમયે **अ** મહાત્મા **અવેદી** બને છે. તે જ સમયે **ત્રણે ક્રોધ**ને ઉપશમવાનું ચાલુ કરે છે. ત્યારપછી **૧૭**મા સમયે **પુ૦વેદ** સંપૂર્ણ ઉપશાંત થાય છે. ત્યારપછી **૧૮**મા સમયે (અંતર્મુહૂર્તમાં) **અપ્રત્યા૦-પ્રત્યા૦ક્રોધ** સંપૂર્ણ ઉપશાંત થાય છે. તે જ સમયે સં૦ક્રોધનો બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે, ત્યારપછી **૧૯**મા સમયે **अ** મહાત્મા બીજીસ્થિતિમાંથી સં૦માનના દલિકોને અપવર્તનાથી નીચે લાવીને



ચિત્રનં૦૩૮

# અંતરકરણક્રિયાની સમાપ્તિ
# નપુંસકવેદની ઉપશમનાનો પ્રારંભ



સંoમાનની પ્રથમ સ્થિતિને બનાવે છે અને તે જ સમયે સંoમાનનો ઉદય-ઉદીરણા ચાલુ થાય છે તે જ સમયે ત્રણે માનને ઉપશમાવવાનું ચાલુ કરે છે. **૨૧**મા સમયે **સંoક્રોધ** સંપૂર્ણ ઉપશાંત થાય છે ત્યારપછી **૨૨**મા સમયે **અપ્રo-પ્રત્યાo માન** સંપૂર્ણ ઉપશાંત થાય છે. તે જ સમયે સંoમાનનો બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે ત્યારપછીના **૨૩**મા સમયે **એ** મહાત્મા બીજીસ્થિતિમાંથી સંoમાયાના દલિકોને અપવર્તનાથી નીચે લાવીને સંoમાયાની પ્રથમસ્થિતિને બનાવે છે. તે જ સમયે સંoમાયાનો ઉદય-ઉદીરણા ચાલુ થાય છે અને તે જ સમયે ત્રણે માયાને ઉપશમાવવાનું ચાલુ કરે છે. **૨૫**મા સમયે **સંoમાન** સંપૂર્ણ ઉપશાંત થાય છે. ત્યારપછી **૨૬**મા સમયે **અપ્રo-પ્રત્યાo માયા** સંપૂર્ણ ઉપશાંત થાય છે. તે જ સમયે સંoમાયાનો બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે, ત્યારપછી **૨૭**મા સમયે **એ** મહાત્મા બીજીસ્થિતિમાંથી સંoલોભના દલિકોને અપવર્તનાથી નીચે લાવીને ૨૭ થી ૩૪ નિષેકમાં ગોઠવીને લોભની પ્રથમસ્થિતિને બનાવે છે. તે જ સમયે સંoલોભનો ઉદય-ઉદીરણા ચાલુ થાય છે અને તે જ સમયે **ત્રણે લોભ**ને ઉપશમાવાનું ચાલુ કરે છે.

હવે લોભના ઉદયકાળના ૩ ભાગ કરે છે. તેમાંથી....

(૧) **૨૭**થી **૩૦** સમયના પ્રથમવિભાગને **અશ્વકર્ણકરણાદ્ધા** કહે છે

(૨) **૩૧**થી **૩૪** સમયના બીજા વિભાગને **કિટ્ટીકરણાદ્ધા** કહે છે.

(૩) **૩૫** થી **૩૮** સમયના ત્રીજા વિભાગને **કિટ્ટિવેદનાદ્ધા** કહે છે.

### (૧) અશ્વકર્ણકરણાદ્ધા :-




**અશ્વ = ઘોડો, કર્ણ = કાન**

**કરણ = ક્રિયા, અદ્ધા = કાળ.**

જે કાળમાં સત્તામાં રહેલા પૂર્વસ્પર્દ્ધકમાંથી[30] ઘોડાના કાનની જેમ અનુક્રમે હીન - હીન રસવાળા અપૂર્વસ્પર્દ્ધકો કરવાની

૩૦. જેમ ઘોડાનો કાન મૂળમાં વિસ્તારવાળો હોય છે અને પછી અનુક્રમે હીન-હીન વિસ્તારવાળો થતો જાય છે. તેમ અહીં પ્રથમ ઘણા રસવાળા અને પછી અનુક્રમે હીન-હીન રસવાળા અપૂર્વસ્પર્દ્ધકો બને છે.

ક્રિયા થાય છે, તે **અશ્વકર્ણકરણાદ્ધા** કહેવાય.

**પૂર્વે ક્યારેય નહીં થયેલા એવા જે અલ્પરસવાળા નવા સ્પર્દ્ધકો બનાવવા, તે અપૂર્વસ્પર્દ્ધક કહેવાય છે.**

**(૨) કિટ્ટિકરણાદ્ધા...**

જે કાળમાં સંજ્વલનલોભની કિટ્ટિ કરવાની ક્રિયા થાય છે, તે **કિટ્ટિકરણાદ્ધા** કહેવાય.

**(૩) કિટ્ટિવેદનાદ્ધા :-**

જે કાળમાં લોભની કિટ્ટિનું વેદન થાય છે, તે **કિટ્ટિવેદનાદ્ધા** કહેવાય.

**अ** મહાત્મા ૨૭મા સમયે અશ્વકર્ણકરણાદ્ધામાં પ્રવેશ કરે છે તે જ સમયથી લોભના અપૂર્વસ્પર્ધકો બનાવવાનું ચાલુ કરે છે. ૨૯મા સમયે સં૦માયા સંપૂર્ણ ઉપશાંત થાય છે. ૩૦મા સમયે અશ્વકર્ણકરણાદ્ધા પૂર્ણ થયા પછી **૩૧**મા સમયે **अ** મહાત્મા **કિટ્ટિકરણાદ્ધામાં પ્રવેશ** કરે છે તે જ સમયથી સં૦લોભની કિટ્ટિઓ બનાવવાનું ચાલુ કરે છે. **૩૪** મા સમયે કિટ્ટિકરણનો કાળ પૂર્ણ થાય છે તે જ સમયે **અપ્ર૦-પ્રત્યા૦ લોભ** સંપૂર્ણ ઉપશાંત થાય છે. તે જ સમયે **સં૦લોભનો બંધવિચ્છેદ** થાય છે. **બાદરલોભ**નો ઉદયવિચ્છેદ થાય છે તે જ સમયે અનિવૃત્તિ ગુણસ્થાનકે પૂર્ણ થાય છે ત્યારપછી **૩૫**મા સમયે **अ** મહાત્મા સૂક્ષ્મસંપરાયગુણઠાણામાં પ્રવેશ કરે છે. તે વખતે સૂક્ષ્મસંપરાયચારિત્ર પ્રાપ્ત થાય છે.

૧૦ ગુણઠાણે **अ** મહાત્મા લોભની કેટલીક કિટ્ટિને ઉદય-ઉદીરણાથી ભોગવી રહ્યાં છે. અને કેટલીક કિટ્ટિને ઉપશમાવી રહ્યાં છે. ૧૦મા ગુણઠાણાના છેલ્લા સમયે સં૦લોભની બધી જ કિટ્ટિ ઉપશાંત થઈ જાય છે. તે વખતે ચારિત્રમોહનીયની-૨૧ પ્રકૃતિ સંપૂર્ણ ઉપશાંત થઈ જાય છે. ત્યારપછી ૩૯મા સમયે **अ** મહાત્મા ઉપશાંતમોહગુણઠાણામાં પ્રવેશ કરે છે.



ચિત્રનં૦૩૯માં બતાવ્યા મુજબ બીજી સ્થિતિમાં ચા૦મો૦ની ૨૧ પ્રકૃતિનું સંપૂર્ણ દલિક ઉપશાંત થયા પછીના સમયે **अ** મહાત્મા અંતરકરણમાં પ્રવેશ કરે છે, ત્યારે ઔપશમિકયથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત થાય છે.

## ઔપશમિકયથાખ્યાતચારિત્રની પ્રાપ્તિ

ચિત્રનં૦૩૯



રાખથી ઢંકાયેલા અગ્નિની જેમ મોહનીયકર્મ ઉપશાંત હોય ત્યાં સુધી **अ** મહાત્માને વીતરાગતાનો અનુભવ થાય છે. પણ જે સમયે પવનના ઝપાટાથી ઉડી ગયેલ રાખની જેમ ઉપશાંત અવસ્થા નાશ પામવાથી કષાયનો ઉદય થઈ જાય છે. તે જ સમયે **अ** મહાત્મા ઉપશમશ્રેણીથી નીચે પડે છે.

## ઉપશમશ્રેણીથી પતન :-

ઉપશાંતમોહગુણઠાણામાં જીવ જઘન્યથી **૧સમય** અને **ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત** રહીને અવશ્ય નીચે પડે છે. ઉપશમશ્રેણીથી પતન-૨ પ્રકારે થાય છે. (૧) **ભવક્ષયથી પતન** (૨) **કાલક્ષયથી પતન.**

### (૧) ભવક્ષયથી પતન :-

ઉપશાંતમોહગુણઠાણાના કોઈપણ સમયે ઔપશમિકયથાખ્યાતસંયમી મહાત્માનું આયુષ્ય પૂર્ણ થાય, તો તે મહાત્મા ત્યાંથી મરણ પામીને [૩૩]વૈમાનિકદેવમાં ઉત્પન્ન થાય છે. તે મહાત્મા મનુષ્યભવના છેલ્લાસમય સુધી **૧૧મા ગુણઠાણે** હોય છે અને દેવભવના પ્રથમસમયે **૪થા ગુણઠાણે** આવી જાય છે.

**ચિત્રનં૦૪૦**માં બતાવ્યા મુજબ **ઔપશમિક યથાખ્યાતસંયમી ब** મહાત્મા આયુષ્ય પૂર્ણ થતાં મૃત્યુ પામીને **૧૧**મા ગુણઠાણેથી પડીને સીધા **૪થા ગુણઠાણે** વૈમાનિકદેવમાં ઉત્પન્ન થાય છે.

ચિત્ર નં. ૪૦



એ જ રીતે, ઉપશમશ્રેણીથી નીચે ઉતરતાં જો ૧૦મા, ૯મા, ૮મા, ૭મા કે ૬ઠ્ઠાગુણઠાણે આયુષ્ય પૂર્ણ થઈ જાય, તો ત્યાંથી પડીને સીધા **૪થા ગુણઠાણે** વૈમાનિકદેવમાં ઉત્પન્ન થાય છે. એ રીતે, શ્રેણીમાં મનુષ્યભવનો નાશ થવાથી જે પતન થાય છે તે **"ભવક્ષયથી પતન"** થયું કહેવાય.

**(૨) કાલક્ષયે પતન :-**

ઔપશમિક યથાખ્યાતસંયમી મહાત્મા ૧૧મા ગુણઠાણાનો કાળ પૂર્ણ થયા પછી ૧૦મા ગુણઠાણે આવે છે. ત્યાંથી ૯મા ગુણઠાણે આવે છે. ત્યાંથી ૮મા ગુણઠાણે આવે છે. ત્યાંથી ૭મા ગુણઠાણે થઈને ૬ઠ્ઠાગુણઠાણે આવે છે. એટલે **જે ક્રમે ચઢ્યા હતાં તે જ ક્રમે નીચે આવી જાય છે. તે "કાલક્ષયથી પતન"** થયું કહેવાય.

**ચિત્રનં૦૪૧**માં બતાવ્યા મુજબ **अ** મહાત્મા ૧૧મા ગુણઠાણાનો કાળ પૂર્ણ થયા પછી ત્યાંથી ક્રમશઃ ૧૦મે, ૯મે, ૮મે, ૭મે, થઈને ૬ઠ્ઠાગુણઠાણે આવી જાય છે. એટલે **अ** મહાત્મા જે ક્રમે ચઢ્યા હતાં, તે જ ક્રમે પડતાં પડતાં ૬ઠ્ઠા ગુણઠાણા સુધી આવી જાય છે. તે **"કાલક્ષયથી પતન"** થયું કહેવાય.

કોઈક મહાત્મા ૬ઠ્ઠે ગુણઠાણે સ્થિર ન થાય, તો ૫મે ગુણઠાણે સ્થિર થાય, ત્યાં પણ સ્થિર ન થાય, તો ૪થા ગુણઠાણે સ્થિર થાય છે, ત્યાં પણ સ્થિર ન થાય, તો મિથ્યાત્વગુણઠાણે આવી જાય છે.

જીવ **"ભવચક્રમાં ૪ વાર"** અને **"એકભવમાં બે વાર"** ઉપશમશ્રેણી માંડી શકે છે. [૩૨]**કર્મગ્રન્થનાં મતે** જે જીવ એકભવમાં એકવાર ઉપશમશ્રેણી માંડે, તે જીવ તે જ ભવમાં ક્ષપકશ્રેણી માંડી શકે છે. પણ જો એકભવમાં બે વાર ઉપશમશ્રેણી માંડી હોય, તો તે જીવ તે જ ભવમાં ક્ષપકશ્રેણી માંડી શકતો નથી.

ઉપશમક સૂક્ષ્મસંપરાયગુણઠાણેથી ઉપશાંતમોહગુણઠાણે આવે છે. અને ક્ષપક સૂક્ષ્મસંપરાયગુણઠાણેથી સીધા ક્ષીણમોહગુણઠાણે આવે છે.

---

૩૧. પંચસંગ્રહમાં કહ્યું છે કે, ઉપશાંતમોહગુણઠાણે આયુષ્ય પૂર્ણ થાય, તો તે જીવ સર્વાર્થસિદ્ધવિમાનમાં ઉત્પન્ન થાય.

૩૨. સિદ્ધાંતનાં મતે, ઉપશમશ્રેણી એકભવમાં એક જ વાર માંડી શકે છે. અને જે જીવે જે ભવમાં ઉપશમશ્રેણી માંડી હોય, તે જીવ તે જ ભવમાં ક્ષપકશ્રેણી માંડી શકતો નથી.

# કાલક્ષયે પતન

ચિત્ર નં. ૪૧



ચિત્રનં૦૪૨

# ગુણઠાણે ચઢાણ

- ૧ લા ગુણઠાણેથી સીધો ૪ થા ગુણઠાણે જ જાય છે.
- ૧લા ગુણઠાણેથી સીધો ૫મા, ૬ઠ્ઠા કે ૭મા ગુણઠાણે પણ જઈ શકે છે.
- ૧લા ગુણઠાણેથી સીધો ૩જા ગુણઠાણે પણ જઈ શકે છે.
- ૩ જા ગુણઠાણેથી ૪ થા ગુણઠાણે જઈ શકે છે.
- ૪ થા ગુણઠાણેથી ૫મા, ૬ ઠ્ઠા કે ૭ મા ગુણઠાણે પણ જઈ શકે છે.
- ૫ મા ગુણઠાણેથી ૬ ઠ્ઠા કે ૭ મા ગુણઠાણે પણ જઈ શકે છે
- ૬ ઠ્ઠા ગુણઠાણાથી ૭ મા ગુણઠાણે જઈ શકે છે
- ઉપશમક ૭ માથી ૮ મા ગુણઠાણે, ૮માથી ૯મા ગુણઠાણે, ૯માથી ૧૦ માગુણઠાણે, ૧૦માથી ૧૧મા ગુણઠાણે જાય છે.
- ક્ષપક૧૦ માથી સીધા૧૨મા ગુણઠાણે જાય છે.
  ૧૨માથી ૧૩ મા ગુણઠાણે અને ૧૩ માથી ૧૪ મા ગુણઠાણે જાય છે.



ચિત્ર નં૦૪૩

# ગુણઠાણેથી પતન

- ચિત્ર નં૦૪૩માં બતાવ્યા મુજબ ભવક્ષયથી પતન થવાથી મહાત્મા.....
- ૧૧ માથી ૪ થા, ૧૦ માથી ૪ થા, ૯ માથી ૪ થા, ૮ માથી ૪ થા, ૭ માથી ૪ થા, ૬ ઠ્ઠાથી ૪ થા ગુણઠાણે આવે છે.
- કાલક્ષયથી પતન થવાથી ૧૧ માથી ૧૦ મા, ૧૦ માથી ૮ મા, ૯ માથી ૮ મા, ૮ માથી ૭ મા અને ૭ માથી ૬ ઠ્ઠા ગુણઠાણે આવે છે.
- ૬ ઠ્ઠાથી ૫ મા, ૬ ઠ્ઠાથી ૪ થા, ૬ ઠ્ઠાથી ૧ લા ગુણઠાણે પણ આવી શકે છે.
- ૫ માથી ૪ થા, ૫ માથી સીધા ૧ લા ગુણઠાણે આવી શકે છે.
- ૪ થા થી ૩ જા, ઉપશમક ૪ થા થી ૨ જા, ૪ થા થી ૧ લા ગુણઠાણે પણ આવી શકે છે.
- ૩ જા થી ૧ લા ગુણઠાણે આવી શકે છે
- ૨ જાથી ૧ લા ગુણઠાણે જ આવે છે.



## ક્ષીણકષાયછદ્મસ્થવીતરાગગુણસ્થાનક

જે જીવે મોહનીયકર્મનો સંપૂર્ણ નાશ કર્યો છે. તે **ક્ષીણકષાયી** કહેવાય છે. તથા રાગ-દ્વેષનો સંપૂર્ણ નાશ કરેલો હોવાથી **વીતરાગી** કહેવાય છે. પણ જ્ઞાનાવરણીયાદિ ઘાતીકર્મનો ઉદય હોવાથી **છદ્મસ્થવીતરાગી** કહેવાય છે. એ **ક્ષીણકષાયછદ્મસ્થવીતરાગી** જીવોને જે ગુણસ્થાનક છે, તે **ક્ષીણકષાયછદ્મસ્થવીતરાગગુણસ્થાનક** કહેવાય.

મોહરાજાની સાથે ભયંકર યુદ્ધ કરીને, વિજેતા બનેલો ક્ષીણમોહછદ્મસ્થવીતરાગી મહાત્મા અંતર્મુહૂર્ત વિશ્રામ લઈને, ૧૨મા ગુણઠાણાના ચરમ સમયે **જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય** અને **અંતરાયકર્મ**નો એક જ ઝાટકે ક્ષય કરી નાંખે છે. તે વખતે **કેવળજ્ઞાન, કેવળદર્શન** અને **અનંતવીર્યાદિ** ગુણો પ્રગટે છે.[૩૫]

હવે જ્ઞાનાવરણીયાદિ ઘાતીકર્મપ્રકૃતિનો ક્રમશઃ કેવી રીતે ક્ષય થાય છે ? એના માટે જુઓ **ક્ષપકશ્રેણી........**

## ક્ષપકશ્રેણી

જેમાં અનંતગુણવિશુદ્ધ પરિણામની ધારાએ ચઢેલો જીવ ક્રમશઃ ઘાતીકર્મોનો સંપૂર્ણ ક્ષય કરે છે, તે **ક્ષપકશ્રેણી** કહેવાય.

**દર્શનસપ્તકનો ક્ષય :-**

ક્ષપકશ્રેણીની શરૂઆત કરનારો **સાધિક ૮ વર્ષ**ની ઉંમરવાળો, **પ્રથમસંઘયણી** મનુષ્ય જ હોય છે. તે સૌ પ્રથમ ૪ થી ૭ ગુણઠાણામાંથી કોઈપણ ગુણસ્થાનકે **અનંતાનુબંધી**કષાયનો ક્ષય કરે છે. ત્યારબાદ ક્રમશઃ **મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય** અને **સમ્યક્ત્વમોહનીય**નો ક્ષય કરે છે. તે વખતે ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.




૩૩. નિશ્ચયનયની અપેક્ષાએ જે સમયે ઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય થાય છે. તે જ સમયે કેવળજ્ઞાનાદિગુણો પ્રગટે છે અને વ્યવહારનયની અપેક્ષાએ જે સમયે ઘાતીકર્મનો ક્ષય થાય છે. ત્યારપછીના સમયે કેવળજ્ઞાનાદિગુણો પ્રગટે છે.

## ચારિત્રમોહનીયકર્મનો ક્ષય :-

ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ અપ્રમત્તગુણઠાણે યથાપ્રવૃત્તકરણ કરીને, અપૂર્વ-કરણગુણઠાણામાં અપૂર્વકરણ કરે છે. ત્યારબાદ અનિવૃત્તિગુણઠાણામાં અનિવૃત્તિકરણ કરે છે. અનિવૃત્તિકરણના પ્રથમસમયે **અપ્રત્યાખ્યાનીય ક્રોધાદિ-૪** અને **પ્રત્યાખ્યાનીયક્રોધાદિ-૪**ની માત્ર પલ્યોપમના અસંખ્યાતમાભાગ પ્રમાણ સ્થિતિસત્તા રહે છે. અનિવૃત્તિકરણના સંખ્યાતાભાગ ગયા પછી **થીણદ્ધિત્રિક, નરકદ્વિક, તિર્યંચદ્વિક, એકેન્દ્રિયાદિજાતિચતુષ્ક, સ્થાવર, આતપ, ઉદ્યોત, સૂક્ષ્મ અને સાધારણ**નામકર્મ એ કુલ **૧૬** પ્રકૃતિની સ્થિતિસત્તા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ રહે છે. જો કે અપ્રત્યા૦-૪ + પ્રત્યા૦-૪ને ક્ષય કરવાની શરૂઆત પહેલા કરી હતી પરંતુ તેનો સંપૂર્ણ ક્ષય થયો નથી અને વચ્ચમાં જ **થીણદ્ધિત્રિકાદિ ૧૬** પ્રકૃતિનો ક્ષય કરી નાંખે છે. ત્યારબાદ અંતર્મુહૂર્તકાળે **કષાયાષ્ટક**નો ક્ષય કરે[૩૪] છે.

ત્યારપછી **૯નોકષાય+સં૦૪=૧૩** પ્રકૃતિનું **અંતરકરણ** કરે છે. તે વખતે જે જીવને જે વેદ અને જે કષાયનો ઉદય હોય, તે વેદ અને તે કષાયની પ્રથમસ્થિતિ અંતર્મુહૂર્ત જેટલી રાખીને, અને અનુદયવતી પ્રકૃતિની પ્રથમસ્થિતિ ૧ આવલિકા જેટલી રાખીને, તેની ઉપર અંતર્મુહૂર્ત જેટલી સ્થિતિમાંથી દલિકોને ખસેડીને, તેટલી સ્થિતિને દલિક વિનાની શુદ્ધિસ્થિતિ (અંતરકરણ) કરે છે. ત્યારબાદ અનુક્રમે **નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્યષટ્ક, પુરુષવેદ, સં૦ક્રોધ, સં૦માન, સં૦માયા** અને **બાદરલોભ**નો




૩૪. કેટલાક આચાર્યમહારાજના મતે અનિવૃત્તિકરણના પ્રથમસમયે થીણદ્ધિ વગેરે ૧૬ની માત્ર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ સ્થિત્તિસત્તા રહે છે અને અનિવૃત્તિકરણના સંખ્યાતાભાગ જાય ત્યારે કષાયાષ્ટકનો માત્ર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ સ્થિતિસત્તા રહે છે. એટલે વચ્ચમાં ૮ કષાયનો ક્ષય કરીને પછી થીણદ્ધિ વગેરે ૧૬ પ્રકૃતિનો ક્ષય કરે છે.

ક્ષય કરે છે. તે વખતે **નવમું ગુણસ્થાનક** પૂર્ણ થાય છે. પછી **૧૦**મા ગુણસ્થાનકે **"સૂક્ષ્મલોભ"**નો ક્ષય કરે છે. તે વખતે મોહનીયકર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી **ક્ષાયિકયથાખ્યાતચારિત્ર** પ્રાપ્ત થાય છે.

ક્ષપકમહાત્મા **૧૦**મા ગુણઠાણેથી સીધા **૧૨**મા ક્ષીણમોહવીતરાગ-છદ્મસ્થગુણસ્થાનકે આવે છે. ત્યાં દ્વિચરમસમયે **"નિદ્રાદ્વિક"**નો ક્ષય થાય છે. અને ચરમસમયે **જ્ઞાનાવરણીય-૫ દર્શનાવરણીય-૪** અને **અંતરાય-૫** એ **૧૪** પ્રકૃતિનો ક્ષય થાય છે. તે વખતે ઘાતીકર્મોનો સંપૂર્ણ ક્ષય થાય છે. ત્યારપછીના સમયે આત્મા **કેવળજ્ઞાની** બને છે.

અસત્કલ્પનાથી... અંતરકરણની ક્રિયાના પ્રારંભકાળે......

**ચા૦મો૦નો પલ્યોપમનો અસં૦ભાગ = ૧૪૦ સમય**

**અનિવૃત્તિકરણનો કાળ = ૩૮ સમય**

માનવામાં આવે, તો....

**ચિત્રનં.૪૪**માં બતાવ્યા મુજબ **अ** મહાત્મા **૯નોકષાય + સં૦૪ = ૧૩** પ્રકૃતિની અંતરકરણની ક્રિયા શરૂ કરે છે તે વખતે ઉદયવતી ક્રોધની **અંતર્મુહૂર્ત = ૨૪ સમય**ની પ્રથમસ્થિતિને મૂકીને, તેની ઉપરની **અંતર્મુહૂર્ત = ૨૫થી ૪૨ સમય**ની સ્થિતિમાંથી દલિકોને ઉપાડીને, ક્રોધની પ્રથમસ્થિતિમાં અને બીજી સ્થિતિમાં નાંખે છે, ઉદયવતી પુ૦વેદની **અંતર્મુહૂર્ત = ૧૪ સમય**ની પ્રથમસ્થિતિને મૂકીને, તેની ઉપરની **અંતર્મુહૂર્ત = ૧૫થી ૪૨ સમય**ની સ્થિતિમાંથી દલિકોને ઉપાડીને, પુ૦વેદની પ્રથમસ્થિતિમાં અને બીજીસ્થિતિમાં નાંખે છે. બાકીની **અનુદયવાળી-૧૧** પ્રકૃતિની **૧** આવલિકા=**૨ સમય**ની પ્રથમસ્થિતિને મૂકીને, તેની ઉપરની **અંતર્મુહૂર્ત=૩થી ૪૨** સમયની સ્થિતિમાંથી દલિકોને ઉપાડીને પુ૦વેદાદિમાં નાંખે છે.




એ જ રીતે, **ચિત્રનં.૪૫**માં બતાવ્યા મુજબ **अ** મહાત્મા **અંતર્મુહર્ત**માં = **૨ સમય**માં ક્રોધની **૨૫ થી ૪૨** સમયની, પુ૦વેદની **૧૫ થી** ૪૨ સમયની અને બાકીની

ચિત્રનં૦૪૪

# ચા૦મો૦ની ૧૩ પ્રકૃતિની અંતરકરણની ક્રિયાનો પ્રારંભ



૧૧ પ્રકૃતિની ૩ **થી** ૪૨ સમયની સ્થિતિને દલિકવિનાની શુદ્ધસ્થિતિ (અંતરકરણ) કરી નાંખે છે.

**ચિત્રનં.૪૫**માં બતાવ્યા મુજબ **अ** મહાત્મા ચાoમોoનું અંતરકરણ કર્યા પછીના **સમયે** = **૩જા** સમયે નપુંસકવેદનો નાશ કરવાની શરૂઆત કરે છે. **૬ઠ્ઠા** સમયે (અંતર્મુહૂર્તમાં) **નપુંસકવેદનો સંપૂર્ણ નાશ** થાય છે. **૭**મા સમયે સ્ત્રીવેદનો નાશ કરવાની શરૂઆત કરે છે. **૧૦**મા સમયે (અંતર્મુહૂર્તમાં) **સ્ત્રીવેદનો સંપૂર્ણ** નાશ થાય છે. **૧૧**મા સમયે હાસ્યાદિ-૬ અને પુoવેદનો નાશ કરવાની શરૂઆત કરે છે. **૧૪**મા સમયે (અંતર્મુહૂર્તમાં) **હાસ્યાદિ-૬નો સંપૂર્ણ નાશ** થાય છે. તે જ સમયે પુoવેદનો બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે. ત્યારપછીના સમયે = **૧૫**મા સમયે **अ** મહાત્મા **અવેદી** બને છે.

અવેદી **अ** મહાત્મા **૧૫**મા સમયે અશ્વકર્ણકરણાદ્ધામાં પ્રવેશ કરે છે. ત્યાં ક્રોધાદિ-૪ના અપૂર્વસ્પર્ધકો બનાવે છે. **૧૭**મા સમયે **પુoવેદનો સંપૂર્ણ નાશ** થાય છે. **૧૮**મા સમયે અશ્વકર્ણકરણાદ્ધા પૂર્ણ કરીને **૧૯**મા સમયે **अ** મહાત્મા કિટ્ટિકરણાદ્ધામાં પ્રવેશ કરે છે. ત્યાં ક્રોધાદિ-૪ની કિટ્ટિઓ બનાવે છે. **૨૨**મા સમયે કિટ્ટિકરણનો કાળ પૂર્ણ કરીને, **૨૩**મા સમયે **अ** મહાત્મા કિટ્ટિવેદનકાળમાં પ્રવેશ કરે છે ત્યાં ક્રોધની કિટ્ટિને ઉદય-ઉદીરણાથી ભોગવે છે, **૨૬**મા સમયે ક્રોધનો બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે.




**૨૭**મા સમયે બીજીસ્થિતિમાંથી માનના કિટ્ટિકૃત દલિકોને અપવર્તનાથી નીચે લાવીને માનની પ્રથમસ્થિતિને બનાવે છે. તે જ સમયે માનની કિટ્ટિનો ઉદય-ઉદીરણા ચાલુ થઈ જાય છે. **૨૯**મા સમયે **ક્રોધનો સંપૂર્ણ નાશ** થાય છે, **૩૦**મા સમયે માનનો બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે. **૩૧**મા સમયે બીજીસ્થિતિમાંથી માયાના દલિકોને અપવર્તનાથી નીચે લાવીને માયાની પ્રથમસ્થિતિને બનાવે છે. તે જ સમયે માયાની કિટ્ટિનો ઉદય-ઉદીરણા ચાલુ

# અંતરકરણક્રિયાની સમાપ્તિ
# નપુંસકવેદના ક્ષયનો પ્રારંભ



થઈ જાય છે. ૩૩મા સમયે **માનનો સંપૂર્ણ નાશ** થાય છે. ૩૪મા સમયે માયાનો ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે. ૩૫મા સમયે બીજીસ્થિતિમાંથી લોભના દલિકોને અપવર્તનાથી નીચે લાવીને લોભની પ્રથમસ્થિતિને બનાવે છે. તે જ સમયે લોભની કિટ્ટિનો ઉદય-ઉદીરણા ચાલુ થઈ જાય છે. ૩૭મા સમયે **માયાનો સંપૂર્ણ નાશ** થાય છે. ૩૮મા સમયે લોભનો બંધવિચ્છેદ થાય છે અને બાદરલોભનો ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે. તે જ સમયે **૯મું ગુણસ્થાનક પૂર્ણ** થાય છે. ત્યારપછી **એ** મહાત્મા **સૂક્ષ્મસંપરાય-ગુણઠાણમાં પ્રવેશ** કરે છે. ત્યારે **સૂક્ષ્મસંપરાયચારિત્ર**ની પ્રાપ્તિ થાય છે.

૧૦મા ગુણઠાણામાં લોભની સૂક્ષ્મકિટ્ટિનો નાશ કરીને, ત્યાંથી સીધા **૧૨મા ગુણઠાણે** આવે છે. ૧૨મા ગુણઠાણામાં **એ** મહાત્મા દ્વિચરમ સમયે **નિદ્રાદ્વિક**નો નાશ કરે છે. અને છેલ્લા સમયે **જ્ઞાના૦૫, દર્શના૦૪, અંતરાય-૫** એ **૧૪** પ્રકૃતિનો નાશ કરે છે. તે સમયે ઘાતીકર્મોનો સંપૂર્ણ નાશ થાય છે. ત્યાર પછીના સમયે **એ** મહાત્મા **કેવળજ્ઞાની** બને છે.

## સયોગીકેવલિગુણસ્થાનક

જે ક્ષપક મહાત્મા જ્ઞાનાવરણીયાદિ ઘાતીકર્મોનો સંપૂર્ણ ક્ષય કરીને, કેવળજ્ઞાનાદિગુણોને પ્રાપ્ત કરે છે તે કેવળી કહેવાય છે. તેમાં પણ તીર્થંકરનામકર્મના ઉદયવાળા કેવળી ભગવંતને તીર્થંકરકેવળી કહે છે અને જે તીર્થંકરનામકર્મના ઉદય વિનાના હોય, તે સામાન્યકેવળી કહેવાય.




જે કેવળીભગવંતો મન-વચન અને કાયાની પ્રવૃત્તિવાળા હોય છે, તે સયોગીકેવળી કહેવાય. સયોગી કેવળીભગવંતને ભાવમન હોતું નથી. કારણ કે તેમને કોઈપણ પદાર્થનું ચિંતન-મનન કરવાનું હોતું નથી માટે ચિંતનાત્મક ભાવમનની જરૂર નથી. પરંતુ મન:પર્યવજ્ઞાની કે અનુત્તરવાસિદેવને મનથી પૂછેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપવા માટે કેવલિભગવંત મનોદ્રવ્યને ગ્રહણ કરીને, પ્રશ્નને અનુરૂપે પરિણમાવે છે, તે પરિણત

મનોદ્રવ્યને દેખીને મન:પર્યવજ્ઞાની કે અનુત્તરવાસિદેવ પોતાના પ્રશ્નોના જવાબને અનુમાનથી જાણે છે. એટલે કેવલિભગવંતને પ્રશ્નોના ઉત્તર આપવા માટે દ્રવ્યમનની જરૂર રહે છે. તથા દેશના સમયે વચનની પ્રવૃત્તિ હોય છે અને વિહારાદિમાં કાયાની પ્રવૃત્તિ હોય છે. તેથી તે સયોગીકેવળી કહેવાય છે. તેઓને જે ગુણસ્થાનક છે તે **"સયોગીકેવલિગુણસ્થાનક"** કહેવાય.

કોઈક ક્ષપક પોતાનું માત્ર અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે, ત્યારે ઘાતીકર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. તે સયોગી અવસ્થામાં માત્ર અંતર્મુહૂર્તકાળ રહીને, પછી અયોગ અવસ્થાને પ્રાપ્ત કરીને મોક્ષમાં પહોંચી જાય છે. અને કોઈક પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળો ક્ષપક સાધિક ૮ વર્ષ ન્યૂન પૂર્વક્રોડવર્ષ (દેશોનપૂર્વક્રોડવર્ષ) સુધી સયોગીકેવલી અવસ્થામાં રહીને, પછી અયોગીકેવલી અવસ્થાને પ્રાપ્ત કરીને મોક્ષમાં પહોંચી જાય છે. એટલે **સયોગીગુણસ્થાનકનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વક્રોડવર્ષ** કહ્યો છે.

સયોગીકેવલિભગવંત પોતાનું આયુષ્ય અંતર્મુહૂર્ત બાકી રહે ત્યારે **"ભવોપગ્રાહી"** કર્મોને ખપાવવા માટે **કેવલીસમુદ્ઘાત** કે **યોગનિરોધની** વિશિષ્ટ ક્રિયાઓ કરતા પહેલા **"આયોજિકાકરણ"** કરે છે.

**આ=મર્યાદા, યોજિકા=વ્યાપાર, કરણ=ક્રિયા,**

કેવળીની દૃષ્ટિરૂપ મર્યાદાવાળા અત્યંત પ્રશસ્ત મન-વચન અને કાયાના વ્યાપારને **આયોજિકાકરણ** કહે છે. જો કે કેવલિભગવંતને મન-વચન અને કાયાનો વ્યાપાર શુભ (પ્રશસ્ત) જ હોય છે. તો પણ જેનાથી કેવલીસમુદ્ઘાત કે યોગનિરોધની વિશિષ્ટ ક્રિયા થઈ શકે એવા અત્યંતશુભ મન-વચન અને કાયાના વ્યાપારને આયોજિકાકરણ કહે છે.

આયોજિકાકરણ કર્યા પછી જે કેવળી ભગવંતને પોતાના આયુષ્યની સ્થિતિ કરતાં વેદનીયાદિની સ્થિતિ અધિક હોય તે કેવલી ભગવંતો પોતાના આયુષ્યની જેટલી



સ્થિતિ બાકી હોય તેટલી જ વેદનીયાદિની સ્થિતિને રાખીને બાકીની સ્થિતિનો નાશ કરવા માટે કેવલીસમુદ્ઘાત કરે છે. અને જે કેવલિભગવંતને ચારે અઘાતીકર્મોની સ્થિતિ સરખી હોય છે તે કેવલીસમુદ્ઘાત કરતા નથી.

**કેવલિસમુદ્ઘાત : -**

**સમ્ = ફરીવાર ઘાત ન કરવો પડે એવી રીતે,**

**ઉદ્ = પ્રબલતાથી..... ઘાત = વેદનીયાદિનો નાશ...**

ફરીથી નાશ ન કરવો પડે એવી રીતે પ્રબલતાથી વેદનીયાદિકર્મોનો નાશ જે ક્રિયામાં થાય છે તે ક્રિયાને **"સમુદ્ઘાત"** કહે છે.

જેમ ભીની સાડી પહોળી કરવાથી જલ્દી સુકાઈ જાય છે તેમ સમુદ્ઘાતમાં શરીરમાંથી જીવપ્રદેશો બહાર નીકળીને ચારે તરફ ફેલાઈ જવાથી જલ્દીથી કર્મરૂપીપાણી સૂકાઈ જાય છે.

કેવલીસમુદ્ઘાત કરતી વખતે (૧) પ્રથમસમયે શરીરમાંથી કેટલાક આત્મપ્રદેશો બહાર નીકળીને સ્વશરીર પ્રમાણ જાડી અને ૧૪ રાજલોક પ્રમાણ લાંબી **દંડાકૃતિ** કરે છે. (૨) તે આત્મપ્રદેશોને પૂર્વ-પશ્ચિમ કે ઉત્તર-દક્ષિણ દિશામાં ફેલાવીને બીજા સમયે **કપાટાકૃતિ** કરે છે. (૩) ત્રીજા સમયે બાકી રહેલી બે દિશામાં લોકના અંત સુધી આત્મપ્રદેશોને ફેલાવીને **મંથાન** કરે છે. (૪) ચોથા સમયે ખાંચાખૂંચીવાળો લોકનો જે અસંખ્યાતમોભાગ બાકી રહ્યો છે ત્યાં પણ આત્મપ્રદેશો ફેલાઈ જવાથી **વિદિશાના આંતરા પૂરાઈ** જાય છે. તે વખતે આત્મા સંપૂર્ણ લોકવ્યાપી બને છે. હવે ઉલ્ટી ક્રિયા થાય છે. (૫) પાંચમા સમયે વિદિશાના આંતરામાંથી આત્મપ્રદેશો ખેંચાઈ જાય છે. તે વખતે **મંથાન** બને છે. (૬) છઠ્ઠા સમયે પૂર્વ-પશ્ચિમ કે ઉત્તર-દક્ષિણમાંથી આત્મપ્રદેશો ખેંચાઈ જાય છે તે વખતે **કપાટાકૃતિ** બને છે. (૭) સાતમા સમયે બાકી રહેલી બે દિશામાંથી આત્મપ્રદેશો ખેંચાઈ જાય છે. તે વખતે **દંડાકૃતિ** બને છે. (૮) ૮મા સમયે દંડમાંથી આત્મપ્રદેશો ખેંચાઈ જાય છે તે વખતે કેવલીભગવંત **શરીરસ્થ** બને છે.



સયોગીકેવલીભગવંતો કેવલીસમુદ્ઘાત કર્યા પછી અંતર્મુહૂર્ત ગયા બાદ યોગનિરોધની ક્રિયા ચાલુ કરે છે. કારણ કે જ્યાં સુધી **૨** સમયની સ્થિતિવાળી શાતાવેદનીયનો બંધ ચાલુ રહે ત્યાં સુધી મોક્ષ થતો નથી તેથી કેવલીભગવંતો યોગનિમિત્તક બંધ અને લેશ્યાને અટકાવવાને માટે યોગનિરોધ કરે છે.

**યોગનિરોધ :-**

આત્મપ્રદેશોની હલન-ચલન રૂપ ક્રિયાને **"યોગ"** કહે છે. **આત્મપ્રદેશોની હલન-ચલન રૂપ ક્રિયાને અટકાવવી**, (આત્મપ્રદેશોને સ્થિર કરવા) **તે "યોગનિરોધ" કહેવાય...**

દરેક જીવમાં વીર્યાન્તરાયકર્મના ક્ષયોપશમથી ઓછુ-વધતું લબ્ધિવીર્ય અને વીર્યાંતરાયકર્મના ક્ષયથી સંપૂર્ણ લબ્ધિવીર્ય (શક્તિરૂપવીર્ય) પ્રગટેલું જ હોય છે. એ લબ્ધિવીર્યનો ઉપયોગ જીવ શરીરાદિની સહાયતાથી જ કરી શકે છે. એટલે શરીરાદિની સહાયતાથી જેટલા અંશે લબ્ધિવીર્યનો વ્યાપાર થઈ રહ્યો છે તેટલા વીર્યવ્યાપારને (આત્મપ્રદેશોને હલન-ચલન રૂપ ક્રિયામાં પ્રવર્તતા વીર્યને) **યોગ** (કરણવીર્ય) કહે છે. તેમાં પણ...

(૧) જે વીર્યનો વ્યાપાર શરીરને યોગ્ય પુદ્ગલોની સહાયતાથી થઈ રહ્યો છે, તે વીર્યને **"કાયયોગ"** કહે છે.

(૨) જે વીર્યનો વ્યાપાર ભાષાપુદ્ગલોની સહાયતાથી થઈ રહ્યો છે, તે વીર્યવ્યાપારને **"વચનયોગ"** કહે છે.

(૩) જે વીર્યનો વ્યાપાર મનોદ્રવ્યની સહાયતાથી થઈ રહ્યો છે, તે વીર્યવ્યાપારને **"મનયોગ"** કહે છે. એ ત્રણે યોગ **બે** પ્રકારે છે...

**(૧) સૂક્ષ્મકાયયોગ (૧) બાદરકાયયોગ**
**(૨) સૂક્ષ્મવચનયોગ (૨) બાદરવચનયોગ**
**(૩) સૂક્ષ્મમનોયોગ (૩) બાદરમનોયોગ**

જેમ ૭ માળની હવેલીમાં ક્રમશઃ ૧લા માળના આધારે, **બીજો**માળ, બીજાના આધારે **ત્રીજો** માળ... છેવટે **૬ઠ્ઠા**ના આધારે ૭મો માળ રહેલો છે. તેથી તે હવેલીને પાડવી



હોય તો... ક્રમશઃ ૭મો, ૬ઠ્ઠો, ૫મો, ૪થો, ૩જો, ૨જો, ૧લો માળ પાડવો પડે, તેમ સૂક્ષ્મયોગના આધારે બાદરયોગ રહેલો છે. તેમાં પણ સૂક્ષ્મકાયયોગના આધારે સૂક્ષ્મમનોયોગ-સૂક્ષ્મવચનયોગ રહેલા છે અને બાદરકાયયોગના આધારે બાદરમનોયોગ-બાદરવચનયોગ-શ્વાસોચ્છ્વાસાદિ ક્રિયા ચાલી રહી છે. તેથી યોગનિરોધ કરતી વખતે કેવલીભગવંત ક્રમશઃ (૧) **બાદરવચનયોગ** (૨) **બાદરમનોયોગ** (૩) **શ્વાસોચ્છ્વાસ** (૪) **બાદરકાયયોગ** (૫) **સૂક્ષ્મવચનયોગ** (૬) **સૂક્ષ્મમનોયોગ** અને (૭) **સૂક્ષ્મકાયયોગને** રોકે છે.

સૂક્ષ્મકાયયોગને રોકતી વખતે કેવલીભગવંત **સૂક્ષ્મક્રિયા-અપ્રતિપ્રાતી** નામના શુકલધ્યાનના ત્રીજાપાયા પર ચઢેલા હોય છે. તે ધ્યાનના બળથી પેટાદિના પોલાણ ભાગમાં આત્મપ્રદેશો પૂરાઈ જાય છે એટલે પોતાના શરીરના $\frac{૧}{૩}$ ભાગમાંથી આત્મપ્રદેશો સંકોચાઈને પોતાના શરીરના $\frac{૨}{૩}$ ભાગમાં રહી જાય છે.

**સૂક્ષ્મ = અતિઅલ્પ**

**અપ્રતિપાતી = પતનથી રહિત**

જેમાં માત્ર **કાયાની સૂક્ષ્મક્રિયા જ ચાલુ હોય છે** અને ત્યાંથી **પરિણામનું પતન થતું નથી.** તેને **સૂક્ષ્મક્રિયા-અપ્રતિપાતી** નામનું શુકલધ્યાન કહે છે.

**ધ્યાન = આત્મપ્રદેશોની સ્થિરતા....**

કેવલીભગવંતોને ભાવમન હોતું નથી. તેથી છદ્મસ્થોની જેમ મનને સ્થિર કરવારૂપ ધ્યાન હોતું નથી. પરંતુ ૧૩મા ગુણઠાણાના અંતે આત્મપ્રદેશોને સ્થિર કરવારૂપ ધ્યાન હોય છે. જો કે બાદર મન-વચન-કાયયોગ રોકાઈ ગયા પછી આત્મપ્રદેશોની હલન-ચલનરૂપ ક્રિયા લગભગ રોકાઈ જાય છે. માત્ર સૂક્ષ્મકાયયોગ પૂરતી જ ચાલુ હોય છે, તેને પણ સ્થિર કરવાની ક્રિયા ચાલુ હોય છે. માટે ત્યાં **આત્મપ્રદેશોને સ્થિર કરવારૂપ ધ્યાન હોય છે. તેને સૂક્ષ્મક્રિયા-અપ્રતિપાતી ધ્યાન કહે છે.**



સયોગીગુણઠાણાના **ચરમસમયે** (૧) **યોગનો** (કરણવીર્યનો) **નાશ** થવાથી આત્મપ્રદેશોની હલન-ચલનરૂપ ક્રિયા અટકી જાય છે તેથી આત્મા મેરૂપર્વત (શૈલેશ)ની જેમ સ્થિર બની જાય છે. (૨) યોગનો અભાવ થવાથી **શાતાનો બંધવિચ્છેદ** થાય છે. (૩) યોગનો અભાવ થવાથી **નામ-ગોત્રની ઉદીરણા** અટકી જાય છે. (૪) યોગનો અભાવ થવાથી **સ્થિતિઘાતનો નાશ** થાય છે. (૫) યોગનો અભાવ થવાથી **રસઘાતનો નાશ** થાય છે. (૬) યોગનો અભાવ થવાથી **શુકલલેશ્યાનો નાશ** થાય છે. તેથી આત્મા અલેશી બને છે. (૭) **સૂક્ષ્મક્રિયા-અપ્રતિપાતી ધ્યાનનો નાશ થાય છે.** ત્યારપછી **अ** મહાત્મા અયોગીકેવલીગુણઠાણામાં પ્રવેશ કરે છે.

## અયોગીકેવલીગુણસ્થાનક

જ્યારે કેવલીભગવંતને મન-વચન-કાયયોગ અટકી જાય છે ત્યારે તે **"અયોગીકેવલીભગવંત"** કહેવાય છે તેમની અયોગીકેવલી અવસ્થાને **"અયોગીકેવલીગુણસ્થાનક"** કહે છે. તેનો કાળ **अ-इ-उ-ऋ-लृ...** એ પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચારણ જેટલો (અંતર્મુહૂર્ત) હોય છે.

૧૪મા ગુણઠાણે અયોગીકેવલીભગવંત **શૈલેશીકરણ** કરે છે.

**શૈલેશ=મેરૂપર્વત... કરણ=ક્રિયા** (કર્મનિર્જરારૂપક્રિયા)

અયોગીકેવલીભગવંત શૈલેશી (મેરૂપર્વતની જેમ નિષ્કંપ) અવસ્થામાં **નામ-ગોત્ર-વેદનીય કર્મની અસંખ્યગુણાકારે કર્મનિર્જરા** કરે છે તેને **"શૈલેશીકરણ"** કહે છે.

**૧૪**મા ગુણઠાણે અયોગીકેવલીભગવંતને **વ્યુચ્છિન્નક્રિયા** (વ્યુપરત)-**અપ્રતિપાતી** નામનું ચોથું શુકલધ્યાન હોય છે.

**વ્યુચ્છિન્ન ક્રિયા = સર્વથા શારીરિકાદિ**
**ક્રિયાનું** નાશ પામવું...

**અપ્રતિપાતી = પતનથી રહિત.**

જેમાં સર્વથા મન-વચન-કાયાદિની પ્રવૃત્તિ અટકી ગઈ છે અને ત્યાંથી પરિણામનું પતન થતું નથી તેને **વ્યુપરતક્રિયા-અપ્રતિપાતી** ધ્યાન કહે છે.



અયોગીકેવલીભગવંત-અને **પંચેન્દ્રિયજાતિ, ત્રસ-બાદર-પર્યાપ્ત, સુભગ, આદેય, યશ** અને **ઉચ્ચગોત્ર....** એ ૧૧ ઉદયવાળી પ્રકૃતિની સ્થિતિસત્તા **૧૪**મા ગુણઠાણાના કાળ જેટલી હોય છે. અને બાકીની અનુદયવાળી ૭૩ પ્રકૃતિની સ્થિતિસત્તા સ્વરૂપસત્તાની અપેક્ષાએ **૧૪**મા ગુણઠાણાના કાળથી **૧સમયન્યૂન** હોય છે.

અસત્કલ્પનાથી....

**અયોગીગુણઠાણાનું અંતર્મુહૂર્ત = ૪ સમય**

માનવામાં આવે, તો...

**અયોગીગુણઠાણાના પ્રથમ સમયે :-**

**ચિત્રનં.૪૬માં** બતાવ્યા મુજબ અયોગીગુણઠાણાના પ્રથમસમયે અનુદયવાળી પ્રકૃતિનું ઉદયપ્રાપ્તનિષેકનું (પ્રથમ નિષેકનું) દલિક સજાતીય ઉદયવતી પ્રકૃતિના ઉદયસમયમાં સ્તિબુકસંક્રમથી સંક્રમી જાય છે. એટલે પ્રથમ સમયે અનુદયવતી પ્રકૃતિના પ્રથમનિષેકની સ્વરૂપસત્તા હોતી નથી. એટલે ચિત્રનં૦૪૬માં બતાવ્યા મુજબ **અ** મહાત્મા પ્રથમ સમયે અનુદયવતીનું પ્રથમ નિષેકનું દલિક પ્રદેશોદયથી અને ઉદયવતીનું પ્રથમનિષેકનું દલિક વિપાકોદયથી ભોગવીને નાશ કરે છે. તે જ સમયે પ્રથમસમયની સ્થિતિનો નાશ થાય છે. ત્યારપછી **અ** મહાત્માને અઘાતીકર્મની ૨ થી ૪ સમયની સ્થિતિ બાકી રહે છે.

એ જ રીતે, **બીજા-ત્રીજા** સમયમાં સમજવું....

**અયોગીગુણઠાણાના ચરમસમયે :-**

**ચિત્રનં.૪૬**માં બતાવ્યા મુજબ **અ** મહાત્માને અયોગીગુણઠાણાના છેલ્લા સમયે અનુદયવતી પ્રકૃતિનું ઉદયપ્રાપ્તચરમનિષેકનું દલિક સજાતીયઉદયવતી પ્રકૃતિના ઉદયસમયમાં (છેલ્લા નિષેકમાં) સ્તિબુકસંક્રમથી સંક્રમી જવાથી અનુદયવતી ૭૩ પ્રકૃતિની સ્વરૂપસત્તા હોતી નથી. પણ પરરૂપે સત્તા હોય એટલે ચિત્રનં૦૪૬માં બતાવ્યા મુજબ




અયોગીકેવલીગુણઠાણાનો પ્રથમસમય
અયોગીકેવલીભગવંત-અ
ઉદયવતીમાં અનુદયવતીનો સ્તિબુકસંક્રમ
અનુદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી
ઉદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી
૪
૩
૨
૧
પ્રદેશોદયથી ભોગવાતું અનુદયવતીનું દલિક
વિપાકોદયથી ભોગવાતું ઉદયવતીનું દલિક
અયોગીકેવલીગુણઠાણાનો બીજોસમય
અયોગીકેવલીભગવંત-અ
ઉદયવતીમાં અનુદયવતીનો સ્તિબુકસંક્રમ
અનુદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી
ઉદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી
૪
૩
૨
પ્રદેશોદયથી ભોગવાતું અનુદયવતીનું દલિક
વિપાકોદયથી ભોગવાતું ઉદયવતીનું દલિક
અયોગીકેવલીગુણઠાણાનો દ્વિચરમસમય
અયોગીકેવલીભગવંત-અ
ઉદયવતીમાં અનુદયવતીનો સ્તિબુકસંક્રમ
અનુદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી
ઉદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી
૪
૩
પ્રદેશોદયથી ભોગવાતું અનુદયવતીનું દલિક
વિપાકોદયથી ભોગવાતું ઉદયવતીનું દલિક
અયોગીકેવલીગુણઠાણાનો ચરમસમય
અયોગીકેવલીભગવંત-અ
ઉદયવતીમાં અનુદયવતીનો સ્તિબુકસંક્રમ
અનુદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી
ઉદયવતી કર્મપ્રકૃતિની ગુણશ્રેણી
૪
પ્રદેશોદયથી ભોગવાતું અનુદયવતીનું દલિક
વિપાકોદયથી ભોગવાતું ઉદયવતીનું દલિક

अ મહાત્મા અનુદયવતીના ચરમનિષેકના દલિકને પ્રદેશોદયથી અને ઉદયવતીના ચરમનિષેકના દલિકને વિપાકોદયથી ભોગવીને નાશ કરે છે. તે વખતે......

**વેદનીયકર્મ**નો સંપૂર્ણ નાશ થવાથી **"અક્ષયસુખ"** પ્રાપ્ત થાય છે.

**આયુષ્યકર્મ**નો સંપૂર્ણ નાશ થવાથી **"અક્ષયસ્થિતિ"** પ્રાપ્ત થાય છે.

**નામકર્મ**નો સંપૂર્ણ નાશ થવાથી **"અરૂપીપણું"** પ્રાપ્ત થાય છે.

**ગોત્રકર્મ**નો સંપૂર્ણ નાશ થવાથી **"અગુરૂલઘુગુણ"** પ્રગટે છે.

ત્યારપછીના સમયે અષ્ટકર્મથી રહિત અયોગીકેવલીભગવંત-**अ** જેટલા આકાશપ્રદેશને પોતે અવગાહીને રહેલા છે તેટલા જ આકાશપ્રદેશનો સ્પર્શ કરતાં કરતાં ઋજુશ્રેણીથી એક જ સમયમાં મનુષ્યલોકથી ૭ રાજ ઉપર રહેલી ૪૫ લાખ યોજનાના વિસ્તારવાળી સિદ્ધશિલામાં "ઈષત્પ્રાગ્ભાર" નામની પૃથ્વી પર લોકાંતે પહોંચી જાય છે. ત્યાંથી આગળ અલોકમાં સિદ્ધભગવંત-**अ** ધર્માસ્તિકાય ન હોવાથી જઈ શકતા નથી. એટલે લોકાન્તે જ સ્થિર થઈ જાય છે.




સિદ્ધભગવંતની અવગાહના પૂર્વભવના શરીરની અપેક્ષાએ $\frac{2}{3}$ ભાગ જેટલી હોય છે. આકૃતિ **"અનીર્વચનીય"** હોય છે. સ્થિતિ **"સાદિઅનંત"** હોય છે. કારણ કે જેમ બળી ગયેલા બીજમાંથી ફરી અંકુરો ઉત્પન્ન થતો નથી તેમ કર્મરૂપી બીજ બળી જવાથી સિદ્ધભગવંતને ફરી સંસારમાં આવીને જન્મ લેવો પડતો નથી. એટલે **સિદ્ધભગવંતો મોક્ષમાં અનંતોકાળ નિજગુણોની રમણતામાં પરમ આનંદને અનુભવે છે.**



# બંધવિધિ

પહેલા ગુણઠાણે કર્મપ્રકૃતિનો બંધ :-

**अभिनव कम्मग्गहणं, बंधो ओहेणं तत्थ वीससयं ।**
**तित्थयरा-हारगदुगवज्जं मिच्छंमि सतरसयं ॥ 3 ॥**

अभिनवकर्मग्रहणं बन्ध ओघेन तत्र विंशतिशतम् ।
तीर्थंकरा-हारकद्विकवर्जं मिथ्यात्वे सप्तदशशतम् ॥ 3 ॥

**ગાથાર્થ :- નવાકર્મોનું ગ્રહણ કરવું, તે બંધ કહેવાય. તેમાં ઓઘે (સામાન્યથી) ૧૨૦ કર્મપ્રકૃતિ હોય છે. મિથ્યાત્વગુણઠાણે તીર્થંકરનામકર્મ અને આહારકદ્વિક વિના ૧૧૭ કર્મપ્રકૃતિ બંધાય છે.**

**વિવેચન :-** મિથ્યાત્વાદિ હેતુથી જીવ જે કાર્મણસ્કંધોને ગ્રહણ કરી રહ્યો છે, તે કાર્મણસ્કંધોનો આત્મપ્રદેશની સાથે **દૂધ** અને **પાણીની** જેમ અથવા **લોખંડ** અને **અગ્નિની** જેમ સંબંધ થાય છે, તેને **કર્મબંધ** કહે છે.

**ઓઘબંધ :-**

ગુણસ્થાનક કે જીવાદિની વિવક્ષા કર્યા વિના સામાન્યથી બંધને લાયક **૧૨૦** કર્મપ્રકૃતિનું કહેવું, તે **ઓઘબંધ** (સામાન્યબંધ) કહેવાય.

| જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ના૦ | ગો૦ | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ + | ૯ + | ૨ + | ૨૬ + | ૪ + | ૬૭[1] + | ૨ + | ૫ | = ૧૨૦ |

**મિથ્યાત્વે ૧૧૭ કર્મપ્રકૃતિનો બંધ :-**

બંધયોગ્ય **૧૨૦** પ્રકૃતિમાંથી મિથ્યાત્વગુણઠાણે તીર્થંકરનામકર્મ, આહારકશરીર અને આહારકઅંગોપાંગ વિના **૧૧૭** પ્રકૃતિ બંધાય છે.

| જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ના૦ | ગો૦ | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ + | ૯ + | ૨ + | ૨૬ + | ૪ + | ૬૪[2] + | ૨ + | ૫ | = ૧૧૭ |

મિથ્યાત્વગુણઠાણે તીર્થંકરનામકર્મ અને આહારકદ્વિકનો **અબંધ** હોય છે.

---

૧. ગતિ - ૪ + જાતિ - **૫** + શરીર - **૫** + ઉપાંગ - ૩ + સં૦ ૬ + સં૦ ૬ + વર્ણાદિ - ૪ + વિહા૦૨ + આનુ૦૪ = ૩૯ + પ્રત્યેક - ૮ + ત્રસાદિ - ૧૦ + સ્થાવરાદિ ૧૦ = ૬૭.

**અબંધ અને બંધવિચ્છેદ :-**

**જે ગુણઠાણે જે કર્મપ્રકૃતિ ન બંધાય, પણ ત્યારપછીના જે ગુણઠાણે તે પ્રકૃતિ બંધાતી હોય, તેની પૂર્વેના ગુણઠાણામાં તે પ્રકૃતિનો અબંધ કહેવાય છે. અને જે ગુણઠાણાથી, પછીના કોઈપણ ગુણઠાણે તે કર્મપ્રકૃતિ ન બંધાતી હોય, તો તે ગુણઠાણે તે પ્રકૃતિનો બંધવિચ્છેદ કહેવાય.** દા.ત. મિથ્યાત્વગુણઠાણે તીર્થંકરનામકર્મ ન બંધાય પરંતુ સમ્યક્ત્વગુણઠાણે તીર્થંકરનામકર્મ બંધાય છે એટલે મિથ્યાત્વ ગુણઠાણે તીર્થંકરનામકર્મનો અબંધ કહેવાય છે અને મિથ્યાત્વગુણઠાણે મિથ્યાત્વમોહનીય બંધાય છે પણ સાસ્વાદનાદિ ગુણઠાણે મિથ્યાત્વમોહનીય બંધાતી નથી એટલે મિથ્યાત્વગુણઠાણે મિ૦મો૦નો બંધવિચ્છેદ કહેવાય છે.

તીર્થંકરનામકર્મના બંધનું કારણ સમ્યક્ત્વ છે. તે ચોથાગુણઠાણે પ્રાપ્ત થાય છે. તેની પૂર્વેના ગુણઠાણે પ્રાપ્ત થતું નથી. એટલે તીર્થંકરનામકર્મ ચોથાદિ ગુણઠાણે બંધાય છે પણ મિથ્યાત્વાદિ ગુણઠાણે બંધાતું નથી.

આહારકદ્વિકના બંધનું કારણ અપ્રમત્તસંયમ છે. તે અપ્રમત્તસંયતાદિ ગુણઠાણે પ્રાપ્ત થાય છે. પણ તેની પૂર્વેના ગુણઠાણામાં અપ્રમત્તસંયમભાવ હોતો નથી. તેથી અપ્રમત્તસંયતાદિ ગુણઠાણે આહારકદ્વિક બંધાય છે. તેની પૂર્વેના મિથ્યાત્વાદિગુણઠાણે આહારકદ્વિક બંધાતું નથી. એટલે મિથ્યાત્વગુણઠાણે તીર્થંકરનામકર્મ અને આહારકદ્વિકનો અબંધ કહ્યો છે.

બીજા - ત્રીજા ગુણઠાણે કર્મપ્રકૃતિનો બંધ :-

**नरयतिग-जाइ-थावर चउ हुंडायव- छिवट्ठ-नपु मिच्छं ।**
**सोलंतो इगहियसयं, सासणि तिरि-थीण-दुहगतिगं ॥ ४ ॥**
**अण-मज्झागिइ-संघयण चउनिउज्जोय कुखगइ-त्थित्ति ।**
**पणवीसंतो मीसे चउसयरि दुआउ अ अबंधा ॥ ५ ॥**

नरकत्रिक-जाति-स्थावरचतुष्कं-हुंडका-तप-छेदपृष्ठनपुंसकमिथ्यात्वम् ।
षोडशान्त एकाधिकशतं सास्वादने तिर्यक्-स्त्यानर्द्धिदुर्भगत्रिकं ॥ ४ ॥

---

૨. ગતિ-૪ + જાતિ - **૫** + શરીર - ૪ (આહારકશરીરવિના) + ઉપાંગ - ૨ (આ૦અં૦વિના.) + સં૦૬ + સં૦૬ + વર્ણાદિ-૪ +વિહા૦૨ + આનુ૦૪ = ૩૭ + પ્રત્યેક - ૭ (જિનનામ વિના) + ત્રસાદિ - ૧૦ + સ્થાવરાદિ - ૧૦ = ૬૪

अनन्त-मध्याकृति-संहननचतुष्कं नीचैरूद्योतकुखगतिस्त्रीति ।
पंचविंशत्यन्तो मिश्रे चतुःसप्ततिः द्वयायुष्काबन्धात् ।। ५ ॥

**ગાથાર્થ :- નરકત્રિક, જાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક, હુંડકસંસ્થાન, આતપ, છેવટ્ઠું, નપુંસકવેદ, મિથ્યાત્વમોહનીય.... એ ૧૬ પ્રકૃતિના બંધનો અંત થવાથી સાસ્વાદનગુણઠાણે ૧૦૧ પ્રકૃતિ બંધાય છે. તિર્યંચત્રિક, થિણદ્ધિત્રિક, દૌર્ભાગ્યત્રિક, અનંતાનુબંધીચતુષ્ક, મધ્યાકૃતિ ચતુષ્ક, મધ્યસંઘયણચતુષ્ક, નીચગોત્ર, ઉદ્યોત, અશુભવિહાયોગતિ, અને સ્ત્રીવેદ....એ ૨૫ પ્રકૃતિના બંધનો અંત થવાથી મિશ્રગુણઠાણે ૭૪ કર્મપ્રકૃતિ બંધાય છે. કારણકે ત્યાં તે બે આયુષ્યનો અબંધ છે.**

**વિવેચન :-** મિથ્યાત્વગુણઠાણે (૧) **નરકગતિ**, (૨) **નરકાનુપૂર્વી**, (૩) **નરકાયુષ્ય**, (૪) **એકેન્દ્રિયજાતિ**, (૫) **બેઈન્દ્રિયજાતિ**, (૬) **તેઈન્દ્રિયજાતિ**, (૭) **ચઉરિન્દ્રિયજાતિ**, (૮) **સ્થાવર**, (૯) **સૂક્ષ્મ**, (૧૦) **અપર્યાપ્ત**, (૧૧) **સાધારણ**, (૧૨) **હુંડક**, (૧૩) **આતપ**, (૧૪) **છેવટ્ઠું**, (૧૫) **નપુંસકવેદ** અને (૧૬) **મિથ્યાત્વમોહનીય**ના બંધનો અંત આવે છે.

અહીં **અંત, વિનાશ, ક્ષય, વિચ્છેદ** વગેરે શબ્દો સમાનાર્થક છે. તેનો અર્થ **तत्र भाव उत्तरत्राभावः** કરવો. એટલે કે, જે ગુણઠાણે જે કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ કહ્યો છે, તે ગુણઠાણે તે કર્મપ્રકૃતિ બંધાય છે. ત્યાર પછીના ગુણઠાણામાં તે પ્રકૃતિ બંધાતી નથી એવો અર્થ કરવો. જેમ કે, મિથ્યાત્વગુણઠાણે **નરકત્રિકાદિ-૧૬** પ્રકૃતિનો બંધવિચ્છેદ કહ્યો છે. એટલે તે મિથ્યાત્વગુણઠાણે બંધાય છે પરંતુ ત્યાર પછીના સાસ્વાદનાદિ ગુણઠાણે તે પ્રકૃતિ બંધાતી નથી.

નરકત્રિકાદિ-**૧૬** કર્મપ્રકૃતિના બંધનું કારણ મિથ્યાત્વમોહનીયકર્મનો ઉદય છે. મિથ્યાત્વમોહનીયનો ઉદય મિથ્યાત્વગુણઠાણામાં જ હોય છે, સાસ્વાદનાદિ ગુણઠાણે હોતો નથી. એટલે નરકત્રિકાદિ-**૧૬** પ્રકૃતિ મિથ્યાત્વ-ગુણઠાણા સુધી જ બંધાય છે ત્યાંથી આગળના ગુણઠાણે બંધાતી નથી.

**સાસ્વાદને ૧૦૧ કર્મપ્રકૃતિનો બંધ :-**

મિથ્યાત્વગુણઠાણે નરકત્રિકાદિ-**૧૬** પ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે. એટલે **૧૧૭** પ્રકૃતિમાંથી **૧૬** પ્રકૃતિ ઓછી કરવાથી સાસ્વાદન ગુણઠાણે

૧૦૧ પ્રકૃતિ બંધાય છે.

| જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ના૦ | ગો૦ | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ + | ૯ + | ૨ + | ૨૪ + | ૩ + | ૫૧[3] + | ૨ + | ૫ = | ૧૦૧ |

**સાસ્વાદને ૨૫ કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ :-**

**(૧) તિર્યંચગતિ, (૨) તિર્યંચાનુપૂર્વી, (૩) તિર્યંચાયુષ્ય, (૪) થીણદ્ધિ, (૫) નિદ્રાનિદ્રા, (૬) પ્રચલાપ્રચલા, (૭) દુર્ભગ, (૮) દુઃસ્વર, (૯) અનાદેય, (૧૦) અનંતાનુબંધીક્રોધ, (૧૧) અનં૦માન, (૧૨) અનં૦માયા, (૧૩) અનં૦લોભ, (૧૪) ન્યગ્રોધપરિમંડલ, (૧૫) સાદિ, (૧૬) વામન, (૧૭) કુબ્જ (સંસ્થાનચતુષ્ક), (૧૮) ઋષભનારાચ, (૧૯) નારાચ, (૨૦) અર્ધનારાચ, (૨૧) કીલિકા, (૨૨) નીચગોત્ર, (૨૩) ઉદ્યોત, (૨૪) અશુભવિહા૦, (૨૫) સ્ત્રીવેદ...** એ **૨૫** કર્મપ્રકૃતિનો સાસ્વાદનગુણઠાણે બંધવિચ્છેદ થાય છે. એટલે કે, તે કર્મપ્રકૃતિઓ સાસ્વાદને બંધાય છે પણ મિશ્રાદિગુણઠાણે બંધાતી નથી.

તિર્યંચત્રિકાદિ-**૨૫** કર્મપ્રકૃતિના બંધનું કારણ અનંતાનુબંધીકષાયનો ઉદય છે. તે બે ગુણઠાણા સુધી જ હોય છે. એટલે તિર્યંચત્રિકાદિ-**૨૫** કર્મપ્રકૃતિ બે ગુણઠાણા સુધી જ બંધાય છે. મિશ્રાદિગુણઠાણે બંધાતી નથી.

**મિશ્રે ૭૪ કર્મપ્રકૃતિનો બંધ :-**

સાસ્વાદનગુણઠાણાના અંતે તિર્યંચગતિ વગેરે **૨૫** કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે. એટલે **૧૦૧**માંથી તિર્યંચત્રિકાદિ **૨૫** ઓછી કરતાં મિશ્રે ૭૬ રહે છે અને ત્યાં દેવાયુષ્ય અને મનુષ્યાયુષ્ય બંધાતું નથી. એટલે બે આયુ કાઢી નાંખવાથી મિશ્રગુણઠાણે ૭૪ પ્રકૃતિ બંધાય છે.

| જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | ના૦ | ગો૦ | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ + | ૬ + | ૨ + | ૧૯ + | ૩૬[4] + | ૧ + | ૫ = | ૭૪ |

૩. ગતિ-૩ (નરકગતિ વિના) + જાતિ-૧ (પંચે૦) + શરીર - ૪ (આહા૦વિના) ઉપાંગ-૨ (આહા૦અંગોપાંગ વિના) + સંઘયણ-૫ (છેવટ્ઠાવિના) + સંસ્થાન-૫ (હુંડકવિના) + વર્ણાદિ - ૪ + વિહા૦૨ + આનુપૂર્વી-૩ (નરકાનુ૦વિના) = ૨૯ + પ્રત્યેક - ૬ (આતપ+તીર્થં૦વિના) + ત્રસાદિ-૧૦ + અસ્થિરાદિ-૬ = ૫૧

મિશ્રદૃષ્ટિ કોઈપણ જાતનું આયુષ્ય બાંધી શકતો નથી. કારણ કે આયુષ્યકર્મના બંધનું કારણ ઘોલના પરિણામ છે. **સામાન્યથી ચડતા-ઉતરતા અધ્યવસાયની પરંપરાને ઘોલના પરિણામ કહે છે.** મિશ્રે ઘોલના પરિણામનો અભાવ હોવાથી મિશ્રદૃષ્ટિ દેવાયુ કે મનુષ્યાયુને બાંધી શકતો નથી પણ તે બન્ને આયુષ્ય ચોથાગુણઠાણે બંધાય છે. એટલે મિશ્રગુણઠાણે તે બન્ને આયુષ્યનો અબંધ કહ્યો છે.

ચોથા - પાંચમા - છઠ્ઠા ગુણઠાણે કર્મપ્રકૃતિનો બંધ :-

**सम्मे सगसयरि जिणाउबंधि वइर नरतिय-बियकसाया ।**
**उरलदुगंतो देसे, सत्तट्ठी तिय कसायंतो ॥ ६ ॥**
**तेवट्ठि पमत्ते, सोग अरइ-अथिरदुग-अजस-अस्सायं ।**
**वुच्छिज्ज छच्च सत्त व नेइ सुराउं जया निट्ठं ॥ ७ ॥**

सम्यक्त्वे सप्तसप्ततिः जिनायुर्बन्धे वज्र-नरत्रिक द्वितीयकषायाः ।
औदारिकद्विकान्तो देशे सप्तषष्टिः तृतीयकषायान्तः ॥ ६ ॥
त्रिषष्टिः प्रमत्ते, शोका-रत्य-स्थिरद्विकायशोऽशातम् ।
व्यवच्छिद्यन्ते षट् च सप्त वा नयति सुरायुर्यदा निष्ठाम् ॥ ७ ॥

**ગાથાર્થ :- અવિરતસમ્યગ્દૃષ્ટિગુણઠાણે જિનનામ અને બે આયુષ્યનો બંધ થવાથી ૭૭ પ્રકૃતિ બંધાય છે. ત્યાં વજ્રઋષભનારાચ, મનુષ્યત્રિક, દ્વિતીય (અપ્રત્યાખ્યાનાવરણ) કષાય અને ઔદારિકદ્વિકનો બંધવિચ્છેદ થવાથી, દેશવિરતિ ગુણઠાણે ૬૭ પ્રકૃતિ બંધાય છે. ત્યાં ત્રીજા (પ્રત્યાખ્યાનાવરણ) કષાયનો અંત થવાથી પ્રમત્તે ૬૩ કર્મપ્રકૃતિ બંધાય છે. ત્યાં શોક, અરતિ, અસ્થિરદ્વિક, અયશકીર્તિ અને અશાતાવેદનીય,... એ ૬ કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે. અથવા જો દેવાયુષ્યના બંધને સમાપ્ત કરે, તો સાત કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે.**

**વિવેચન :-** અવિરતસમ્યગ્દૃષ્ટિગુણઠાણે સમ્યક્ત્વની હાજરી હોવાથી તીર્થંકર નામકર્મ બંધાય છે. અને ઘોલના પરિણામનો સદ્ભાવ

૪. ગતિ - ૨ (નરકગતિ, તિ૦ ગ૦ વિના) + પંચે૦જાતિ + શ૦૪ + ઉ૦૨ + ૧લું સંઘ૦ + ૧લું સં૦ + વર્ણાદિ-૪ + શુભવિહા૦૧ + આનુ૦૨ = ૧૮ + પ્રત્યેક-૫ (તીર્થં૦, આતપ૦ ઉદ્યોત વિના) + ત્રસ-૧૦ + અસ્થિર + અશુભ + અયશ = ૩૬

હોવાથી સમ્યગ્દૃષ્ટિમનુષ્ય અને સમ્યગ્દૃષ્ટિતિર્યંચ દેવાયુષ્યને બાંધે છે. તથા સમ્યગ્દૃષ્ટિદેવ અને સમ્યગ્દૃષ્ટિનારકો મનુષ્યાયુષ્યને બાંધે છે. એટલે ૭૪માં **તીર્થંકરનામકર્મ, દેવાયુ** અને **મનુષ્યાયુ....** એ-૩ કર્મપ્રકૃતિ ઉમેરવાથી અવિરતસમ્યગ્દૃષ્ટિગુણઠાણે ૭૭ પ્રકૃતિ બંધાય છે.

| જ્ઞા૦ | | દ૦ | | વે૦ | | મો૦ | | આ૦ | | ના૦ | | ગો૦ | | અં૦ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| ૫ | + | ૬ | + | ૨ | + | ૧૯ | + | ૨ | + | ૩૭[૫] | + | ૧ | + | ૫ | = | ૭૭ |

**સમ્યક્ત્વે ૧૦ કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ :-**

અવિરતસમ્યગ્દૃષ્ટિગુણઠાણાના અંતે (૧) **વજ્રઋષભનારાચસંઘયણ,** (૨) **મનુષ્યગતિ,** (૩) **મનુષ્યાનુપૂર્વી,** (૪) **મનુષ્યાયુ,** (૫) **અપ્ર૦ક્રોધ,** (૬) **અપ્ર૦માન,** (૭) **અપ્ર૦માયા,** (૮) **અપ્ર૦લોભ,** (૯) **ઔદારિકશરીર** અને (૧૦) **ઔદારિકઅંગોપાંગ.... એ-૧૦** કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે.

સમ્યક્ત્વગુણઠાણે મનુષ્યપ્રાયોગ્ય અને દેવપ્રાયોગ્ય જ કર્મપ્રકૃતિઓ બંધાય છે. કારણ કે **કોઈપણ જીવ દેવ મરીને દેવ ન થાય** અને **દેવ મરીને નરકમાં ન જાય.** એ રીતે, કોઈપણ **જીવ નારક મરીને નારક ન થાય અને નારક મરીને દેવમાં ન જાય.** એવો નિયમ હોવાથી દેવ-નારકો મનુષ્યગતિ કે તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય છે. તેમાં પણ મિથ્યાદૃષ્ટિ દેવ કે નારકો મનુષ્યગતિ કે તિર્યંચગતિમાંથી કોઈપણ એક ગતિમાં ઉત્પન્ન થઈ શકે છે. પણ સમ્યગ્દૃષ્ટિ દેવ-નારકો મનુષ્યગતિમાં જ ઉત્પન્ન થાય છે. કારણ કે **સમ્યક્ત્વની હાજરીમાં કોઈપણ જીવ દુર્ગતિમાં જતો નથી.** એટલે સમ્યગ્દૃષ્ટિ દેવો-નારકો તિર્યંચગતિમાં જતાં નથી તેથી તેઓને અવશ્ય મનુષ્યગતિમાં જ ઉત્પન્ન થવાનું હોવાથી, તે મનુષ્યપ્રાયોગ્ય મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી, ઔદારિકદ્વિકાદિ કર્મપ્રકૃતિને બાંધે છે અને સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્યોને દેવગતિમાં જ ઉત્પન્ન થવાનું હોવાથી, તેઓ દેવભવને યોગ્ય **દેવગતિ, દેવાનુપૂર્વી, વૈક્રિયદ્વિકાદિ** કર્મપ્રકૃતિને બાંધે છે.

---

૫. ગતિ-૨ (મનુ૦ગતિ, દેવગતિ) + પંચેન્દ્રિયજાતિ + શરીર-૪ + ઉપાંગ-૨ + પ્રથમસંઘયણ + પ્રથમસંસ્થાન + વર્ણાદિ-૪ + શુભવિહા ૧ + આનુ૦૨ =૧૮+પ્રત્યેક-૬ (આતપ, ઉદ્યોત વિના) + ત્રસાદિ-૧૦ + અસ્થિર + અશુભ + અયશ = ૩૭

એટલે અવિરતસમ્યગ્દૃષ્ટિગુણઠાણે મનુષ્યભવને યોગ્ય અને દેવભવને યોગ્ય કર્મપ્રકૃતિઓ બંધાય છે પરંતુ દેશવિરતિ વગેરે ગુણઠાણે મનુષ્યભવને યોગ્ય કર્મપ્રકૃતિ બંધાતી નથી. કારણકે દેવો અને નારકો વધુમાં વધુ ચારગુણઠાણા સુધી જઈ શકે છે. ત્યાંથી આગળના દેશવિરતિ વગેરે ગુણઠાણે જઈ શકતા નથી અને દેશવિરતિ તિર્યંચો અને દેશવિરતિ મનુષ્યો દેવપ્રાયોગ્ય કર્મપ્રકૃતિને જ બાંધે છે. તેથી દેશવિરતિ વગેરે ગુણઠાણે [૬]મનુષ્યપ્રાયોગ્ય મનુષ્યત્રિક, ઔદારિકદ્વિક, પહેલું સંઘયણ બંધાતું નથી એટલે સમ્યક્ત્વગુણઠાણાના અંતે મનુષ્યત્રિકાદિ-૬નો બંધવિચ્છેદ કહ્યો છે.

**जे वेएइ, ते बन्धइ** એવું શાસ્ત્રવચન છે. એટલે **જે કષાય ઉદયમાં હોય, તે કષાય બંધાય** એવો સામાન્ય[૭] નિયમ છે. એટલે **ચોથા** ગુણઠાણા સુધી અપ્રત્યાખ્યાનીયકષાયનો ઉદય હોવાથી જીવને **ચોથા** ગુણઠાણા સુધી અપ્રત્યાખ્યાનીયકષાય બંધાય છે. ત્યાર પછીના દેશવિરતિ વગેરે ગુણઠાણે અપ્ર૦કષાયનો ઉદય હોતો નથી કારણ કે તે દેશવિરતિગુણનો ઘાતક હોવાથી, જ્યારે દેશવિરતિગુણપ્રાપ્ત થાય છે ત્યારે અપ્ર૦કષાયનો ઉદયવિચ્છેદ થઈ જાય છે. તેથી દેશવિરતિ વગેરે ગુણઠાણે અપ્ર૦કષાય બંધાય નહીં. એટલે સમ્યક્ત્વગુણઠાણાના અંતે અપ્ર૦કષાયનો બંધવિચ્છેદ કહ્યો છે.

## દેશવિરતિગુણઠાણે-૬૭ નો બંધ :-

અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણઠાણાના અંતે પ્રથમસંઘયણાદિ-૧૦ કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે. એટલે ૭૭માંથી ૧૦ કર્મપ્રકૃતિ ઓછી કરતાં દેશવિરતિગુણઠાણે, ૬૭ કર્મપ્રકૃતિ બંધાય છે.

| જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ના૦ | ગો૦ | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ + | ૬ + | ૨ + | ૧૫ + | ૧ + | ૩૨[૮] + | ૧ + | ૫ = | ૬૭ |

૬. જે પ્રકૃતિ મનુષ્યગતિની સાથે બંધાય છે, તે મનુષ્યપ્રાયોગ્ય કહેવાય છે અને જે પ્રકૃતિ દેવગતિની સાથે બંધાય છે, તે દેવપ્રાયોગ્ય કહેવાય છે.

૭. કોઈપણ સમ્યગ્દૃષ્ટિ જીવ અનંતાનુબંધીની વિસંયોજના કર્યા પછી જો મિથ્યાત્વે આવે, તો ત્યાં અનંતાનુબંધીકષાયનો ઉદય શરૂ થઈ જાય છે. તે વખતે એક આવલિકા સુધી અનંતાનુબંધીના ઉદય વિના પણ અનંતાનુબંધીનો બંધ હોય છે.

## દેશવિરતિગુણઠાણે-૪નો બંધવિચ્છેદ :-

જ્યાં સુધી જે કષાયનો ઉદય હોય ત્યાં સુધી તે કષાય બંધાય એવો સામાન્ય નિયમ છે. એટલે પાંચમા ગુણઠાણા સુધી પ્રત્યાખ્યાનીય કષાયનો ઉદય હોવાથી ત્યાં સુધી પ્રત્યાખ્યાનીયકષાય બંધાય છે. ત્યાર પછીના સર્વવિરતિ વગેરે ગુણઠાણે, પ્રત્યાખ્યાનીયકષાયનો ઉદય હોતો નથી કારણ કે તે સર્વવિરતિનો ઘાતક છે એટલે સર્વવિરતિગુણ પ્રાપ્ત થાય ત્યારે પ્રત્યાખ્યાનીયનો ઉદય વિચ્છેદ થઈ જાય છે. એટલે સર્વવિરતિ વગેરે ગુણઠાણે પ્રત્યાખ્યાનીયકષાય બંધાતો નથી એટલે દેશવિરતિગુણઠાણાના અંતે પ્રત્યાખ્યાનીયકષાયનો બંધવિચ્છેદ કહ્યો છે.

## પ્રમત્તગુણઠાણે-૬૩ નો બંધ :-

દેશવિરતિગુણઠાણાના અંતે પ્રત્યાખ્યાનીયકષાયનો બંધવિચ્છેદ થવાથી ૬૭માંથી ૪ ઓછી કરતાં પ્રમત્તગુણઠાણે-૬૩ કર્મપ્રકૃતિ બંધાય છે.

| જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ના૦ | ગો૦ | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ + | ૬ + | ૨ + | ૧૧ + | ૧ + | ૩૨[૮] + | ૧ + | ૫ = | ૬૩ |

## પ્રમત્તગુણઠાણે ૬ કે ૭ કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ :-

પ્રમત્તગુણઠાણાના અંતે **શોક, અરતિ, અસ્થિર, અશુભ, અયશ** અને **અશાતાવેદનીય...** એ ૬ નો બંધવિચ્છેદ થાય છે. અથવા **શોકાદિ ૬ + દેવાયુ** = ૭ કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે.

શોક, અરતિ વગેરે ૬ કર્મપ્રકૃતિના બંધનું કારણ જીવની પ્રમાદ દશા છે. તે **છટ્ઠા** ગુણઠાણા સુધી જ હોય છે. **સાતમા** ગુણઠાણે જીવ અપ્રમત્ત હોય છે. એટલે પ્રમત્તગુણઠાણાના અંતે પ્રમાદ દશાનો નાશ થવાથી શોક, અરતિ વગેરે ૬ કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે.

આયુષ્ય વિના જ્ઞાનાવરણીયાદિ-૭ કર્મો પ્રતિસમયે બંધાય છે. આયુષ્યકર્મ એકભવમાં એક જ વાર માત્ર અંતર્મુહૂર્ત સુધી બંધાય છે. જે જીવ પ્રમત્તગુણઠાણે દેવાયુષ્યકર્મને બાંધવાની શરુઆત કરીને, દેવાયુને

---

૮. દેવગતિ + પંચે૦જાતિ + શ૦૩ (વૈ૦, તૈ૦, કા૦) + વૈ૦ અંગોપાંગ + પ્રથમસંસ્થાન + વર્ણાદિ-૪ + શુભવિહા૦ + દેવાનુ૦ = ૧૩ + પ્ર૦૬ + ત્રસાદિ - ૧૦ + અસ્થિર +. અશુભ + અયશ = ૩૨.

બાંધતો બાંધતો વિશુદ્ધિના વશથી અપ્રમત્તગુણઠાણે ચાલ્યો જાય છે. અને ત્યાં જ દેવાયુના બંધની ક્રિયા સમાપ્ત કરે છે. તે જીવની અપેક્ષાએ અપ્રમત્તગુણઠાણે દેવાયુષ્યનો બંધવિચ્છેદ થાય છે વળી, જે જીવ પ્રમત્તગુણઠાણે દેવાયુ બાંધવાની શરૂઆત કરીને, ત્યાંજ દેવાયુનો બંધ પૂર્ણ કરે છે. તે જીવની અપેક્ષાએ પ્રમત્તગુણઠાણે દેવાયુનો બંધવિચ્છેદ થાય છે. એટલે પ્રમત્તગુણઠાણાના અંતે શોકાદિ-૬ કર્મપ્રકૃતિનો અથવા **શોકાદિ-૬ + દેવાયુ** = ૭ કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ કહ્યો છે.

અપ્રમત્તગુણઠાણે કર્મપ્રકૃતિનો બંધઃ-

**गुणसट्ठि अप्पमत्ते, सुराउ बंधंतु जइ इहागच्छे ।**
**अन्नह अट्ठावन्ना, जं आहारगदुगं बंधे ॥ ८ ॥**

एकोनषष्टिरप्रमत्ते सुरायुर्बध्नन् तु यदीहागच्छेत् ।
अन्यथा अष्टापञ्चाशत् यदाहारकद्विकं बन्धे ॥ ८ ॥

**ગાથાર્થ :- જો દેવાયુષ્યનો બંધ કરતો કરતો અહીં આવે, તો અપ્રમત્તગુણઠાણે ૫૯ પ્રકૃતિ બંધાય છે. અન્યથા ૫૮ કર્મપ્રકૃતિ બંધાય છે. કારણકે અહીં બન્ધમાં આહારકદ્વિક હોય છે.**

**વિવેચન** :- જે જીવ પ્રમત્તગુણઠાણે દેવાયુનો બંધ ચાલુ કરીને, ત્યાં જ દેવાયુનો બંધ પૂર્ણ કરે છે, તે જીવની અપેક્ષાએ પ્રમત્તગુણઠાણાના અંતે દેવાયુ, શોક, અરતિ વગેરે ૭ કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ થવાથી ૬૩માંથી ૭ પ્રકૃતિ ઓછી કરવાથી **૫૬** પ્રકૃતિ રહે, તેમાં આહારકદ્વિક ઉમેરવાથી અપ્રમત્તગુણઠાણે કુલ **૫૮** કર્મપ્રકૃતિ બંધાય છે.

| જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | ના૦ | ગો૦ | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ + | ૬ + | ૧ + | ૯ + | ૩૧ + | ૧ + | ૫ | = ૫૮ |

જે જીવ પ્રમત્તગુણઠાણે દેવાયુનો બંધ ચાલુ કરીને, દેવાયુને બાંધતો બાંધતો અપ્રમત્તગુણઠાણે આવી જાય છે તે જીવની અપેક્ષાએ પ્રમત્તગુણઠાણાના અંતે શોક, અરતિ વગેરે ૬ કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ થવાથી ૬૩માંથી ૬ પ્રકૃતિ ઓછી કરવાથી **૫૭** રહે, તેમાં આહારકદ્વિક ઉમેરવાથી અપ્રમત્તગુણઠાણે કુલ **૫૯** કર્મપ્રકૃતિ બંધાય છે.

| જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ના૦ | ગો૦ | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ + | ૬ + | ૧ + | ૯ + | ૧ + | ૩૧ + | ૧ + | ૫ = | ૫૯ |

અપ્રમત્તાદિ ગુણઠાણે કોઈપણ જીવ પરભવાયુના બંધનો પ્રારંભ કરી શકતો નથી. કારણ કે આયુષ્યના બંધનું કારણ ઘોલના પરિણામ છે અને અપ્રમત્તાદિ ગુણઠાણે અત્યંતવિશુદ્ધિ હોવાથી ઘોલના પરિણામ હોતા નથી. તેથી ત્યાં આયુષ્યના બંધનો પ્રારંભ થતો નથી પરંતુ જે જીવ પ્રમત્તગુણઠાણે દેવાયુનો બંધ ચાલુ કરીને દેવાયુને બાંધતો બાંધતો અપ્રમત્તગુણઠાણે આવી જાય છે તે જીવ ત્યાં જ દેવાયુનો બંધ પૂર્ણ કરે, તો અપ્રમત્તગુણઠાણે દેવાયુનો બંધવિચ્છેદ થાય છે. પણ ત્યાં દેવાયુના બંધનો પ્રારંભ થતો નથી એટલે અપ્રમત્તાદિ ગુણઠાણે આયુષ્યકર્મ બંધાતું નથી એમ કહ્યું છે.

અપૂર્વકરણગુણઠાણે કર્મપ્રકૃતિનો બંધ :-

**अडवन्न अपुव्वाइम्मि, निद्ददुगंतो छप्पन्न पणभागे ।**
**सुरदुग-पणिंदि-सुखगइ तसनव उरलविणुतणुवंगा ॥ ९ ॥**
**समचउर-निमिण-जिण-वन्न-अगुरूलहु चउ छलंसि तीसंतो**
**चरमे छवीस बंधो हास-रई कुच्छ-भयभेओ ॥ १० ॥**

अष्टापञ्चाशद् अपूर्वादिमे निद्राद्विकान्तः षट्पञ्चाशत् पञ्चभागे ।
सुरद्विक पञ्चेन्द्रिय-सुखगतित्रसनवक औदारिकं विना तनूपांगानि ॥ ९ ॥
समचतुरस्र-निर्माण-जिन-वर्ण-अगुरूलघुचतुष्कं षष्ठांशे त्रिंशदन्तः ।
चरमे षड्विंशतिबन्धो हास्य-रतिकुत्साभयभेदः ॥ १० ॥

**ગાથાર્થ :- અપૂર્વકરણના પ્રથમભાગમાં ૫૮ પ્રકૃતિ બંધાય છે. ત્યાં નિદ્રાદ્વિકનો અન્ત થાય છે એટલે બીજાથી છઠ્ઠાભાગ સુધીના પાંચભાગમાં ૫૬ પ્રકૃતિ બંધાય છે. છઠ્ઠાભાગના અંતે સુરદ્વિક, પંચેન્દ્રિયજાતિ, શુભવિહાયોગતિ, ત્રસાદિ-નવ, તથા ઔદારિકશરીર અને ઔદારિકઅંગોપાંગ વિના બાકીના શરીર અને અંગોપાંગ, સમચતુરસ્ર, નિર્માણ, જિનનામ, વર્ણાદિચતુષ્ક, અગુરુલઘુચતુષ્ક... એ ૩૦ પ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે. એટલે છેલ્લાભાગે (સાતમાભાગે) છવ્વીશ કર્મપ્રકૃતિ બંધાય છે. ત્યાં હાસ્ય, રતિ, જુગુપ્સા અને ભયનો બંધવિચ્છેદ થાય છે.**

**વિવેચન** :- ૧ થી ૭ ગુણઠાણા સુધી જીવ એક ગુણઠાણાને છોડીને જ્યારે બીજા ગુણઠાણાને પ્રાપ્ત કરે છે ત્યારે જે જે કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે તે તે કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ તે તે ગુણસ્થાનકના અંતે કહ્યો છે. પરંતુ આઠમા ગુણઠાણામાં વચ્ચે વચ્ચે જ કેટલીક કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે. એટલે આઠમા ગુણઠાણે ક્યાં કઈ પ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે.... એ સમજાવવા માટે આઠમા ગુણઠાણાનો જે અંતર્મુહૂર્તકાળ છે તેના ૭ ભાગ પાડવામાં આવ્યા છે.

અસત્કલ્પનાથી.... **અપૂર્વકરણનું અંતર્મુહૂર્ત = ૭૦ સમય** માનવામાં આવે, તો....

અપૂર્વકરણનું **અંતર્મુહૂર્ત = ૭૦ સમય**માંથી દસ-દસ સમયનો એક-એક ભાગ કરવાથી કુલ-૭ ભાગ થશે....તેમાંથી પહેલા ભાગમાં (૧ થી ૧૦ સમય સુધી) **૫૮** પ્રકૃતિ બંધાય છે.

**આઠમા ગુણઠાણાના પહેલા ભાગે "૫૮"નો બંધ:-**

| જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | ના૦ | ગો૦ | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ + | ૬ + | ૧ + | ૯ + | ૩૧ + | ૧ + | ૫ | = ૫૮ |

અપૂર્વકરણગુણઠાણાના પ્રથમભાગને અંતે (૧૦ મા સમયે) **નિદ્રા**[૯] અને **પ્રચલા**નો બંધવિચ્છેદ થાય છે. કારણ કે અપૂર્વકરણના બીજાભાગથી નિદ્રાદ્વિકના બંધને યોગ્ય અધ્યવસાયો હોતા નથી એટલે અપૂર્વકરણના પ્રથમભાગને અંતે નિદ્રાદ્વિકનો બંધવિચ્છેદ કહ્યો છે.

**૨ થી ૬ ભાગ સુધી "૫૬"નો બંધ :-**

અપૂર્વકરણગુણઠાણાના બીજા ભાગથી છઠ્ઠા ભાગ સુધી (૧૧ થી ૬૦ સમય સુધી) ૫૬ કર્મપ્રકૃતિ બંધાય છે.

| જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | ના૦ | ગો૦ | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ + | ૪ + | ૧ + | ૯ + | ૩૧ + | ૧ + | ૫ | = ૫૬ |

૯. પ્રથમકર્મગ્રન્થની ૧૧મી ગાથામાં નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા અને થીણદ્ધિ એ ક્રમે નિદ્રાપંચક કહ્યું છે. પરંતુ અહીં પૂર્વાચાર્યોની રૂઢિના કારણે નિદ્રાદ્વિક એટલે નિદ્રા અને પ્રચલા તથા થિણદ્ધિત્રિક એટલે નિદ્રાનિદ્રા, પ્રચલા-પ્રચલા અને થીણદ્ધિ એ ૩ કર્મપ્રકૃતિ સમજવી.

૮મા ગુણઠાણાના ૬ઠ્ઠા ભાગના અંતે (૧) દેવગતિ, (૨) દેવાનુપૂર્વી, (૩) પંચેન્દ્રિયજાતિ, (૪) શુભવિહાયોગતિ, (૫) ત્રસ, (૬) બાદર, (૭) પર્યાપ્તા, (૮) પ્રત્યેક, (૯) સ્થિર, (૧૦) શુભ, (૧૧) સુભગ, (૧૨) સુસ્વર, (૧૩) આદેય, (૧૪) વૈક્રિયશરીર, (૧૫) વૈક્રિયઅંગોપાંગ, (૧૬) આહારકશરીર, (૧૭) આહારકઅંગોપાંગ, (૧૮) તૈજસશરીર, (૧૯) કાર્મણશરીર, (૨૦) સમચતુરસ્ર, (૨૧) નિર્માણ, (૨૨) જિનનામ, (૨૩) વર્ણ, (૨૪) ગંધ, (૨૫) રસ, (૨૬) સ્પર્શ, (૨૭) અગુરુલઘુ[૧૦], (૨૮) ઉપઘાત, (૨૯) **પરાઘાત** અને (૩૦) **ઉચ્છ્વાસ...** એ દેવપ્રાયોગ્ય-૩૦ કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે.

આઠમા ગુણઠાણાના સાતમા ભાગથી તથાવિધ બંધને યોગ્ય અધ્યવસાય ન હોવાથી દેવપ્રાયોગ્ય ૩૦ કર્મપ્રકૃતિ બંધાતી નથી. એટલે આઠમા ગુણઠાણાના છઠ્ઠા ભાગના અંતે ૩૦ કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ કહ્યો છે.

આઠમા ગુણઠાણાના છઠ્ઠા ભાગના અંતે દેવગતિપ્રાયોગ્ય - ૩૦ કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે. એટલે **૫૬**માંથી ૩૦ કાઢી નાંખતાં, ૨૬ કર્મપ્રકૃતિ આઠમા ગુણઠાણાના સાતમા ભાગે બંધાય છે.

**સાતમા ભાગે ૨૬નો બંધ :-**

| જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | ના૦ | ગો૦ | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ + | ૪ + | ૧ + | ૯ + | ૧ + | ૧ + | ૫ = | ૨૬ |

અપૂર્વકરણગુણઠાણાના છેલ્લાસમય સુધી (૭૦માસમયસુધી) **હાસ્ય, રતિ, ભય** અને **જુગુપ્સા....** એ ૪ કર્મપ્રકૃતિ બંધાય છે પછી તથાવિધ બંધને યોગ્ય અધ્યવસાય ન હોવાથી, તે કર્મપ્રકૃતિ બંધાતી નથી. એટલે આઠમા ગુણઠાણાના છેલ્લા સમયે **હાસ્યાદિ-૪** નો બંધવિચ્છેદ કહ્યો છે.

૯મા-૧૦મા ગુણઠાણે કર્મપ્રકૃતિનો બંધ :-

**अनियट्टिभागपणगे, इगेगहीणो दुवीसविहबंधो ।**
**पुम संजलण चउण्हं, कमेण छेओ सतर सुहुमे ॥ ११ ॥**

---

૧૦. પ્રથમકર્મગ્રન્થની **૨૫**મી ગાથામાં અગુરુલઘુ, તીર્થંકર, નિર્માણ અને ઉપઘાત એ ક્રમે પ્રકૃતિ કહી છે. પરંતુ અહીં પૂર્વાચાર્યોની રૂઢિના કારણે અગુરુલઘુચતુષ્ક એટલે અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત અને ઉચ્છ્વાસ એ ૪ કર્મપ્રકૃતિ સમજવી.

अनिवृत्तिभागपञ्चके एकैकहीनो द्वाविंशतिविधबन्धः ।
पुं-संज्वलनचतुर्णां क्रमेणच्छेदः सप्तदश सूक्ष्मे ॥ ११ ॥

**ગાથાર્થ :- અનિવૃત્તિકરણના પાંચભાગ કરવા. તેમાં પ્રથમભાગે ૨૨ કર્મપ્રકૃતિ બંધાય છે. તેમાંથી પુરુષવેદ અને સંજ્વલનચતુષ્કનો ક્રમશઃ બંધવિચ્છેદ થવાથી એક-એક ભાગે એક-એક પ્રકૃતિ ઓછી થાય છે. એટલે સૂક્ષ્મસંપરાયગુણઠાણે ૧૭ કર્મપ્રકૃતિ બંધાય છે.**

**વિવેચન :** અનિવૃત્તિગુણઠાણાના **અંતર્મુહૂર્તના-૫** ભાગ કરવા.
અસત્કલ્પનાથી....

**અનિવૃત્તિકરણનું અંતર્મુહૂર્ત = ૩૫ સમય**

માનવામાં આવે, તો.....

અનિવૃત્તિકરણનું **અંતર્મુહૂર્ત** = **૩૫ સમય**માંથી ૭ સમયનો એક-એક ભાગ કરવાથી કુલ **૫** ભાગ થશે.

અનિવૃત્તિગુણઠાણાના પ્રથમભાગના અંત સુધી (૧ થી ૭ સમય સુધી) ૨૨ કર્મપ્રકૃતિ બંધાય છે.

| જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | ના૦ | ગો૦ | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ + | ૪ + | ૧ + | ૫ + | ૧ + | ૧ + | ૫ | = ૨૨ |

અનિવૃત્તિગુણઠાણાના પહેલાભાગના અંત સુધી (૭મા સમય સુધી) ૨૨ કર્મપ્રકૃતિ બંધાય છે. ત્યારપછી તથાવિધ બંધને યોગ્ય અધ્યવસાયનો અભાવ હોવાથી **"પુરુષવેદ"** બંધાતો નથી. એટલે બીજા ભાગે ૨૧ કર્મપ્રકૃતિ બંધાય છે.

| જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | ના૦ | ગો૦ | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ + | ૪ + | ૧ + | ૪ + | ૧ + | ૧ + | ૫ | = ૨૧ |

અનિવૃત્તિગુણઠાણાના બીજાભાગના અંતસુધી (૧૪મા સમય સુધી) ૨૧ પ્રકૃતિ બંધાય છે ત્યાર પછી તથાવિધ બંધને યોગ્ય અધ્યવસાય ન હોવાથી **સં૦ક્રોધ** બંધાતો નથી એટલે ત્રીજાભાગે ૨૦ કર્મપ્રકૃતિ બંધાય છે.

| જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | ના૦ | ગો૦ | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ + | ૪ + | ૧ + | ૩ + | ૧ + | ૧ + | ૫ | = ૨૦ |

અનિવૃત્તિગુણઠાણાના ત્રીજાભાગના અંતસુધી (૨૧મા સમય સુધી) ૨૦ પ્રકૃતિ બંધાય છે. ત્યાર પછી તથાવિધ બંધને યોગ્ય અધ્યવસાય ન હોવાથી **સંOમાન** બંધાતો નથી એટલે ચોથા ભાગે ૧૯ કર્મપ્રકૃતિ બંધાય છે.

| જ્ઞાO | દO | વેO | મોO | નાO | ગોO | અંO | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ + | ૪ + | ૧ + | ૨ + | ૧ + | ૧ + | ૫ = | ૧૯ |

અનિવૃત્તિગુણઠાણાના ચોથાભાગના અંત સુધી (૨૮મા સમય સુધી) ૧૯ પ્રકૃતિ બંધાય છે ત્યાર પછી તથાવિધ બંધને યોગ્ય અધ્યવસાય ન હોવાથી **સંOમાયા** બંધાતી નથી એટલે પાંચમાભાગે ૧૮ કર્મપ્રકૃતિ બંધાય છે.

| જ્ઞાO | દO | વેO | મોO | નાO | ગોO | અંO | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ + | ૪ + | ૧ + | ૧ + | ૧ + | ૧ + | ૫ = | ૧૮ |

અનિવૃત્તિગુણઠાણાના છેલ્લા સમય સુધી (૩૫મા સમય સુધી) ૧૮ પ્રકૃતિ બંધાય છે ત્યાર પછી તથાવિધ બંધને યોગ્ય અધ્યવસાય ન હોવાથી **"સંOલોભ"** બંધાતો નથી એટલે ૧૦મા ગુણઠાણે ૧૭ કર્મપ્રકૃતિ બંધાય છે.

| જ્ઞાO | દO | વેO | મોO | નાO | ગોO | અંO | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ + | ૪ + | ૧ + | ૦ + | ૧ + | ૧ + | ૫ = | ૧૭ |

દશમા ગુણઠાણે ૧૭નો બંધવિચ્છેદ :-

**चउदंसणुच्चजस-नाण-विग्धदसगं ति सोलसुच्छेओ ।**
**तिसु सायबन्ध छेओ, सजोगि बंधं तु अणंतो अ ॥ १२ ॥**

चतुर्दर्शनो-च्चै-र्यशः ज्ञानविघ्नदशकमिति षोडशोच्छेदः ।
त्रिषु सातबन्धच्छेदः सयोगिनि बन्धान्तो अनन्तश्च ॥ १२ ॥

**ગાથાર્થ :- દર્શનાવરણીય-૪, ઉચ્ચગોત્ર, યશ:કીર્તિ, જ્ઞાનાવરણીય-૫ અને અંતરાય-૫... એ ૧૬ કર્મપ્રકૃતિનો ૧૦મા ગુણઠાણે બંધવિચ્છેદ થાય છે. એટલે ૧૧ થી ૧૩ ગુણસ્થાનકે શાતાવેદનીયકર્મ બંધાય છે. તેનો સયોગિગુણઠાણે બંધવિચ્છેદ થાય**

છે. એ રીતે, (બંધહેતુનો અભાવ થવાથી) **બંધનો અંત થાય છે. અને (બંધહેતુના સદ્ભાવથી) બંધનો અંત થતો નથી.**

**વિવેચન :-** (૧) **ચક્ષુદર્શનાવરણીય,** (૨) **અચક્ષુદર્શનાવરણીય,** (૩) **અવધિદર્શનાવરણીય,** (૪) **કેવળદર્શનાવરણીય,** (૫) **ઉચ્ચગોત્ર,** (૬) **યશ:કીર્તિ,** (૭) **મતિજ્ઞાનાવરણીય,** (૮) **શ્રુતજ્ઞાનાવરણીય,** (૯) **અવધિજ્ઞાનાવરણીય,** (૧૦) **મન:પર્યવજ્ઞાનાવરણીય,** (૧૧) **કેવળજ્ઞાનાવરણીય,** (૧૨) **દાનાન્તરાય,** (૧૩) **લાભાન્તરાય,** (૧૪) **ભોગાન્તરાય,** (૧૫) **ઉપભોગાન્તરાય,** અને (૧૬) **વીર્યાંતરાય....** એ **૧૬** કર્મપ્રકૃતિનો **૧૦**મા ગુણઠાણાના અંતે બંધવિચ્છેદ થાય છે.

ચક્ષુદર્શનાવરણીયાદિ-**૧૬** કર્મપ્રકૃતિના બંધનું કારણ **કષાયોદય** છે. કષાયનો ઉદય **૧૦**મા ગુણઠાણાના અંત સુધી હોવાથી ચક્ષુદર્શનાવરણીય વગેરે **૧૬** કર્મપ્રકૃતિ **૧૦**મા ગુણઠાણાના અંત સુધી જ બંધાય છે. ત્યાર પછી તે પ્રકૃતિઓ બંધાતી નથી એટલે **૧૦**માના અંતે **૧૬**નો બંધવિચ્છેદ કહ્યો છે. **૧૧** થી **૧૩** ગુણઠાણે માત્ર શાતાવેદનીયકર્મ બંધાય છે.

કર્મબંધ-૪ પ્રકારે થાય છે. (૧) **પ્રકૃતિબંધ** (૨) **સ્થિતિબંધ** (૩) **રસબંધ** અને (૪) **પ્રદેશબંધ....** એમાંથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધનું કારણ **યોગ** છે. તેમજ સ્થિતિબંધ અને રસબંધનું કારણ **કષાયોદય** છે. એટલે કષાયોદય **૧૦**મા ગુણઠાણા સુધી હોવાથી સ્થિતિબંધ અને રસબંધ **૧૦**મા ગુણઠાણા સુધી જ થાય છે. ત્યારબાદ **૧૧** થી **૧૩**મા ગુણઠાણા સુધી યોગજન્ય માત્ર પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય છે. એટલે શાતાવેદનીયકર્મ પ્રથમ સમયે બંધાય છે, બીજા સમયે ઉદયમાં આવે છે અને ત્રીજા સમયે નાશ પામી જાય છે.

સયોગીગુણઠાણે સયોગિકેવળીભગવંતો પોતાનું આયુષ્ય અંતર્મુહૂર્ત જેટલું બાકી રહે છે ત્યારે યોગનિરોધ કરે છે. તે વખતે મન-વચન અને કાયાની પ્રવૃત્તિ (યોગ) અટકી જવાથી યોગજન્ય શાતાવેદનીય કર્મનો બંધવિચ્છેદ થાય છે.

અયોગિગુણઠાણે, અયોગિકેવળી ભગવંતો મન-વચન અને કાયાની પ્રવૃત્તિરૂપ યોગથી રહિત હોવાથી કર્મબંધ થતો નથી. તેથી અયોગિકેવલી ભગવંતોને **"અબંધક"** કહ્યાં છે.

**બંધહેતુના અભાવથી બંધનો અંત અને સદ્ભાવથી કર્મનો બંધ :-**

જે ગુણઠાણે, જે બંધહેતુનો અંત આવે છે, તે ગુણઠાણે તેના નિમિત્તે બંધાતી કર્મપ્રકૃતિના બંધનો અંત આવે છે પણ જ્યાં સુધી જે બંધહેતુનો સદ્ભાવ હોય, ત્યાં સુધી તેના નિમિત્તે બંધાતી કર્મપ્રકૃતિના બંધનો અંત આવતો નથી.

દા. ત. મિથ્યાત્વગુણઠાણાના અંતે **"મિથ્યાત્વ"** નામના બંધહેતુનો અંત આવે છે. તે જ ગુણઠાણાના અંતે તેના નિમિત્તે બંધાતી **નરકત્રિકાદિ-૧૬** કર્મપ્રકૃતિના બંધનો અંત આવે છે પરંતુ સાસ્વાદન ગુણઠાણે અવિરતિ વગેરે બંધ હેતુનો સદ્ભાવ હોવાથી તેના નિમિત્તે બંધાતી તિર્યંચત્રિકાદિ ૧૦૧ કર્મપ્રકૃતિના બંધનો અંત આવતો નથી.

અવિરતસમ્યગ્દૃષ્ટિગુણઠાણાના અંતે **"અવિરતિ"** નામના બંધ હેતુનો અંત આવે છે તે જ ગુણઠાણાના અંતે તેના નિમિત્તે બંધાતી **તિર્યંચત્રિકાદિ-૩૫** કર્મપ્રકૃતિના બંધનો અંત આવે છે. પરંતુ દેશવિરતિ ગુણઠાણે કષાયાદિ બંધહેતુનો સદ્ભાવ હોવાથી તેના નિમિત્તે બંધાતી **પ્રત્યાખ્યાનીયકષાય વગેરે-૬૭** કર્મપ્રકૃતિના બંધનો અંત આવતો નથી.

સૂક્ષ્મસંપરાયગુણઠાણાના અંતે **"કષાયોદય"** નામના બંધહેતુનો અંત આવતો હોવાથી, તેના નિમિત્તે બંધાતી **પ્રત્યાખ્યાનીયકષાય** વગેરે ૬૮ કર્મપ્રકૃતિના બંધનો અંત આવે છે. પરંતુ ઉપશાંતમોહાદિ-૩ ગુણઠાણે **યોગ** નામના બંધહેતુનો સદ્ભાવ હોવાથી, તેના નિમિત્તે બંધાતી માત્ર **શાતાવેદનીય** કર્મનો બંધ ચાલુ રહે છે.

**૧૩**મા ગુણઠાણાના અંતે યોગનિરોધ થવાથી શાતાવેદનીયકર્મના બંધનો અંત આવે છે. એટલે અયોગિકેવળીભગવંતને યોગના અભાવે કર્મબંધ થતો નથી.

એ રીતે જે ગુણઠાણે, જે બંધહેતુનો અંત આવે, તે તે ગુણઠાણે તેના નિમિત્તે બંધાતી કર્મપ્રકૃતિના બંધનો અંત આવે છે. પરંતુ જ્યાં સુધી જે બંધહેતુનો અંત આવતો નથી ત્યાં સુધી તેના નિમિત્તે બંધાતી કર્મપ્રકૃતિના બંધનો અંત આવતો નથી.

**બંધવિધિ સમાપ્ત**

# બંધયંત્ર

| | ગુણસ્થાનક | મૂળ કર્મ | જ્ઞાનાo | દર્શo | વેદo | મોહo | આયુ | નામ | ગોત્ર | અંતo | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘબંધ | ૮ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૭ | ૨ | ૫ | ૧૨૦ |
| ૧ | મિથ્યાત્વ | ૮ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ | ૧૧૭ |
| ૨ | સાસ્વાદન | ૮ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૩ | ૫૧ | ૨ | ૫ | ૧૦૧ |
| ૩ | મિશ્ર | ૭ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૬ | ૧ | ૫ | ૭૪ |
| ૪ | અવિરતસમ્યo | ૮ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૨ | ૩૭ | ૧ | ૫ | ૭૭ |
| ૫ | દેશવિરતિ | ૮ | ૫ | ૬ | ૨ | ૧૫ | ૧ | ૩૨ | ૧ | ૫ | ૬૭ |
| ૬ | પ્રમત્તસંયત | ૮ | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૩૨ | ૧ | ૫ | ૬૩ |
| ૭ | અપ્રમત્તસંયત | ૮/૭ | ૫ | ૬ | ૧ | ૯ | ૧/૦ | ૩૧ | ૧ | ૫ | ૫૯/૫૮ |
| (૮) અપૂર્વકરણગુણસ્થાનક | ૮માનો પહેલો ભાગ | ૭ | ૫ | ૬ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૫૮ |
| | બીજો ભાગ | ૭ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૫૬ |
| | ત્રીજો ભાગ | ૭ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૫૬ |
| | ચોથો ભાગ | ૭ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૫૬ |
| | પાંચમો ભાગ | ૭ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૫૬ |
| | છઠ્ઠો ભાગ | ૭ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૫૬ |
| | સાતમો ભાગ | ૭ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૧ | ૧ | ૫ | ૨૬ |
| (૯) અનિવૃત્તિગુણસ્થાનક | ૯મા નો પહેલો ભાગ | ૭ | ૫ | ૪ | ૧ | ૫ | ૦ | ૧ | ૧ | ૫ | ૨૨ |
| | બીજો ભાગ | ૭ | ૫ | ૪ | ૧ | ૪ | ૦ | ૧ | ૧ | ૫ | ૨૧ |
| | ત્રીજો ભાગ | ૭ | ૫ | ૪ | ૧ | ૩ | ૦ | ૧ | ૧ | ૫ | ૨૦ |
| | ચોથો ભાગ | ૭ | ૫ | ૪ | ૧ | ૨ | ૦ | ૧ | ૧ | ૫ | ૧૯ |
| | પાંચમો ભાગ | ૭ | ૫ | ૪ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૫ | ૧૮ |
| ૧૦ | સૂક્ષ્મસંપરાય | ૬ | ૫ | ૪ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૫ | ૧૭ |
| ૧૧ | ઉપશાન્તમોહ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૨ | ક્ષીણમોહ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૩ | સયોગીકેવળી | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૪ | અયોગીકેવળી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |



-૧૨

# ગુણઠાણામાં ઉત્તરકર્મપ્રકૃતિનો બંધ

| કર્મપ્રકૃતિ | ક્યાંથી ક્યાં સુધી બંધાય ? | કર્મપ્રકૃતિ | ક્યાંથી ક્યાં સુધી બંધાય ? |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય-૫ | ૧ થી ૧૦ | પંચેન્દ્રિયજાતિ | ૧થી૮માનો ૬ઠ્ઠોભાગ |
| દર્શનાવરણીય-૪ | ૧ થી ૧૦ | ઔદારિકદ્વિક | ૧ થી ૪ |
| નિદ્રાદ્વિક | ૧થી ૮માનો૧લો,ભાગ | વૈક્રિયદ્વિક | ૧થી૮માનો ૬ઠ્ઠોભાગ |
| થિણદ્ધિત્રિક | ૧ થી ૨ | આહારકદ્વિક | ૭થી૮માનો ૬ઠ્ઠો ભાગ |
| શાતાવેદનીય | ૧ થી ૧૩ | તૈ૦શ૦,કા૦શ૦ | ૧થી૮માનો ૬ઠ્ઠો ભાગ |
| અશાતાવેદનીય | ૧ થી ૬ | પ્રથમ સંઘયણ | ૧ થી ૪ |
| મિથ્યાત્વમો૦ | ૧ લે, | મધ્યમ-૪ સંઘયણ | ૧ થી ૨ |
| અનંતાનુબંધી-૪ | ૧ થી ૨ | છેલ્લું સંઘયણ | ૧ લે, |
| અપ્રત્યાખ્યાનીય-૪ | ૧ થી ૪ | પ્રથમસંસ્થાન | ૧થી૮માનો ૬ઠ્ઠો ભાગ |
| પ્રત્યાખ્યાનીય-૪ | ૧ થી ૫ | મધ્યમ-૪ સંસ્થાન | ૧ થી ૨ |
| સંજ્વલનક્રોધ | ૧થી૯માનો ૨જોભાગ | છેલ્લું સંસ્થાન | ૧ લે, |
| સંજ્વલનમાન | ૧થી૯માનો ૩જોભાગ | વર્ણચતુષ્ક | ૧થી૮માનો ૬ઠ્ઠો ભાગ |
| સંજ્વલનમાયા | ૧થી૯માનો ૪થોભાગ | શુભવિહાયોગતિ | ૧થી૮માનો૬ઠ્ઠો ભાગ |
| સંજ્વલનલોભ | ૧થી૯માનો ૫મો ભાગ | અશુભ વિહાયોગતિ | ૧ થી ૨ |
| નપુંસકવેદ | ૧ લે, | આતપ | ૧લે, |
| સ્ત્રીવેદ | ૧ થી ૨ | ઉદ્યોત | ૧ થી ૨ |
| પુરુષવેદ | ૧થી૯માનો ૧લો ભાગ | જિનનામ | ૪થી૮માનો ૬ઠ્ઠો ભાગ |
| હાસ્ય-રતિ,ભય,જુગુપ્સા | ૧ થી ૮ | નિર્માણ | ૧થી૮માનો ૬ઠ્ઠો ભાગ |
| શોક-અરતિ | ૧ થી ૬ | અગુરુલઘુ-૪ | ૧થી૮માનો ૬ઠ્ઠોભાગ |
| નરકાયુ | ૧લે, | ત્રસ નવક | ૧થી૮માનો ૬ઠ્ઠોભાગ |
| તિર્યંચાયુ | ૧ થી ૨ | યશ | ૧ થી ૧૦ |
| મનુષ્યાયુ | ૩ જા, વિના ૧થી૪ | સ્થાવર-૪ | ૧ લે, |
| દેવાયુ | ૩ જા, વિના ૧થી૭ | અસ્થિરદ્વિક | ૧ થી ૬ |
| નરકદ્વિક | ૧લે, | દૌર્ભાગ્યત્રિક | ૧ થી ૨ |
| તિર્યંચદ્વિક | ૧ થી ૨ | અપયશ | ૧ થી ૬ |
| મનુષ્યદ્વિક | ૧ થી ૪ | નીચગોત્ર | ૧ થી ૨ |
| દેવદ્વિક | ૧થી૮માનો ૬ઠ્ઠો ભાગ | ઉચ્ચગોત્ર | ૧ થી ૧૦ |
| જાતિચતુષ્ક | ૧ લે, | દાનાંતરાયાદિ-૫ | ૧ થી ૧૦ |

# ઉદયવિધિ

પહેલા ગુણઠાણે કર્મપ્રકૃતિનો ઉદય :-

**उदओ विवागवेयणमुदीरणमपत्ति इह दुवीससयं ।**
**सतरसयं मिच्छे मीस सम्म आहार जिणणुदया ॥ १३ ॥**

उदयो विपाकवेदनमुदीरणमप्राप्ते इह द्वाविंशतिशतम् ।
सप्तदशशतं मिथ्यात्वे मिश्र-सम्यग्-आहारजिनानुदयात् ॥ १३ ॥

**ગાથાર્થ :- કર્મના ફળનો અનુભવ કરવો, તે ઉદય કહેવાય. ઉદયમાં [1]નહીં આવેલા (ઉદયાવલિકાની ઉપર રહેલા) કર્મદલિકોને પ્રયત્નપૂર્વક ઉદયમાં લાવીને ભોગવવા, તે ઉદીરણા કહેવાય.**

**અહીં ઉદય અને ઉદીરણામાં ઓઘે (સામાન્યથી) ૧૨૨ કર્મપ્રકૃતિ હોય છે. મિથ્યાત્વગુણસ્થાનકે મિશ્રમોહનીય, સમ્યક્ત્વમોહનીય, આહારકદ્વિક અને જિનનામકર્મનો અનુદય હોવાથી ૧૧૭ કર્મપ્રકૃતિનો ઉદય હોય છે.**

**વિવેચન** :- કર્મના ફળનો અનુભવ કરવો, તે **ઉદય** કહેવાય. અને ઉદયમાં નહીં આવેલા કર્મોને પ્રયત્નપૂર્વક ઉદયમાં લાવીને ભોગવવા, તે **ઉદીરણા** કહેવાય. ઓઘે ઉદયમાં **૧૨૨** પ્રકૃતિ હોય છે.

| જ્ઞા૦ | | દ૦ | | વે૦ | | મો૦ | | આયુ૦ | | ના૦ | | ગો૦ | | અં૦ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| ૫ | + | ૯ | + | ૨ | + | ૨૮ | + | ૪ | + | ૬૭ | + | ૨ | + | ૫ | = | ૧૨૨ |

**મિથ્યાત્વગુણઠાણે-૧૧૭ પ્રકૃતિનો ઉદય :-**

મિથ્યાત્વગુણઠાણે મિશ્રમોહનીય, સમ્યક્ત્વમોહનીય, આહારકશરીર, આહા૦અંગો૦ અને જિનનામકર્મનો ઉદય હોતો નથી. એટલે **૧૨૨**માંથી

૧. જે સમયે જે કર્મ બંધાય, તે જ સમયે તે કર્મની સ્થિતિ અનુસારે અબાધાકાળ છોડીને, તેની ઉપર નિષેકરચના (ગોપુચ્છાકારે કર્મદલિકની ગોઠવણ) થાય છે. પછી જ્યારે અબાધાકાળ પૂરો થઈ જાય ત્યારે ક્રમશઃ એક-એક સમયે એક-એક નિષેકમાં રહેલા કર્મદલિકો ભોગવાઈને નાશ પામી જાય છે. તે વખતે તે તે કાળે જે વર્તમાન સમય છે, તે **"ઉદયસમય"** કહેવાય છે અને તે તે સમયમાં ભોગવાઈ રહેલા જે કર્મદલિકો છે તે **ઉદયસમયને પ્રાપ્ત** કર્મદલિકો કહેવાય અને ઉદયસમયની ઉપરના નિષેકમાં રહેલા જે કર્મદલિકો છે, તે **"ઉદયસમયને અપ્રાપ્ત"** કર્મદલિકો કહેવાય.

૫ પ્રકૃતિ ઓછી કરવાથી ૧૧૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

| જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આયુ૦ | ના૦ | ગો૦ | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ + | ૯ + | ૨ + | ૨૬ + | ૪ + | ૬૪ + | ૨ + | ૫ = | ૧૧૭ |

મિથ્યાત્વગુણઠાણે મિશ્રમોહનીય, સમ્યક્ત્વમોહનીય, આહારકદ્વિક અને જિનનામકર્મનો અનુદય હોય છે. કારણ કે મિશ્રમોહનીયકર્મનો ઉદય માત્ર મિશ્રગુણઠાણે હોય છે. તે સિવાયના કોઈપણ ગુણઠાણે મિશ્રમોહનીયકર્મનો ઉદય હોતો નથી. એટલે મિથ્યાત્વગુણઠાણે મિશ્રમોહનીયનો અનુદય કહ્યો છે.

સ૦મો૦નો ઉદય ક્ષાયોપશમિકસમ્યગ્દૃષ્ટિને જ હોય છે. તે ૪થી ૭ ગુણઠાણા સુધી જ જઈ શકે છે તેથી સ૦મો૦નો ઉદય માત્ર ૪ થી ૭ ગુણઠાણા સુધી જ હોય છે. તે સિવાયના કોઈપણ ગુણઠાણે સ૦મો૦નો ઉદય હોતો નથી. તેથી મિથ્યાત્વગુણઠાણે સ૦મો૦નો અનુદય કહ્યો છે.

આહારકલબ્ધિધારી ચૌદપૂર્વધર પ્રમત્તસંયમી મહાત્મા જ આહારકલબ્ધિના વશથી આહારકશરીર બનાવી શકે છે. તેથી માત્ર પ્રમત્તગુણઠાણે આહારકશરીર અને આહારકઅંગોપાંગ નામકર્મનો ઉદય હોય છે. તે સિવાયના કોઈપણ ગુણઠાણે આહારકદ્વિકનો ઉદય હોતો નથી. તેથી મિથ્યાત્વગુણઠાણે આહારકદ્વિકનો અનુદય કહ્યો છે અને જિનનામકર્મનો ઉદય ૧૩મે / ૧૪મે ગુણઠાણે જ હોય છે તેથી મિથ્યાત્વાદિ ગુણઠાણે જિનનામનો અનુદય કહ્યો છે.

**અનુદય અને ઉદયવિચ્છેદ :-**

**જે ગુણઠાણે જે કર્મપ્રકૃતિનો ઉદય ન હોય, પણ ત્યારપછીના જે ગુણસ્થાનકે તે કર્મપ્રકૃતિનો ઉદય હોય, તેની પૂર્વેના ગુણઠાણામાં તે પ્રકૃતિનો અનુદય** કહેવાય અને **જે ગુણઠાણાથી આગળના કોઈપણ ગુણઠાણે જે કર્મપ્રકૃતિનો ઉદય ન હોય, તો તે ગુણઠાણે તે પ્રકૃતિનો ઉદયવિચ્છેદ** કહેવાય છે. દા.ત. મિથ્યાત્વગુણઠાણે તીર્થંકરનામકર્મનો ઉદય હોતો નથી પણ ૧૩મા ગુણઠાણે તીર્થંકર નામકર્મનો ઉદય હોય છે. તેથી ૧થી૧૨ ગુણઠાણે જિનનામનો અનુદય કહેવાય છે અને મિથ્યાત્વગુણઠાણે મિથ્યાત્વમોહનીયકર્મનો ઉદય હોય છે પણ ત્યારપછીના સાસ્વાદનાદિ

ગુણસ્થાનકે મિથ્યાત્વનો ઉદય હોતો નથી. તેથી મિથ્યાત્વગુણઠાણે મિથ્યાત્વનો ઉદયવિચ્છેદ કહ્યો છે.

બીજા ગુણઠાણે કર્મપ્રકૃતિનો ઉદય :-

**सुहुमतिगायवमिच्छं, मिच्छंतं सासणे इगारसयं ।**
**निरयाणुपुव्विणुदया, अण थावर इग विगलंतो ॥ १४ ॥**

सूक्ष्मत्रिका-तप-मिथ्यात्वं मिथ्यान्तं सास्वादने एकादशशतम् ।
नरकानुपूर्व्यनुदयाद् अनन्त-स्थावरैकविकलान्तः ॥ १४ ॥

**ગાથાર્થ : મિથ્યાત્વગુણઠાણે સૂક્ષ્મત્રિક, આતપ અને મિથ્યાત્વમોહનીયનો ઉદયવિચ્છેદ થાય છે અને સાસ્વાદનગુણસ્થાનકે નરકાનુપૂર્વીનો અનુદય થવાથી સાસ્વાદને ૧૧૧ કર્મપ્રકૃતિ ઉદયમાં હોય છે. ત્યાં અનંતાનુબંધીચતુષ્ક, સ્થાવર, એકેન્દ્રિયજાતિ અને વિકલેન્દ્રિયજાતિનો ઉદયવિચ્છેદ થાય છે.**

**વિવેચન** :- મિથ્યાત્વગુણઠાણે **સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, આતપ** અને **મિથ્યાત્વમોહનીય**નો ઉદયવિચ્છેદ થાય છે. અહીં વિચ્છેદનો અર્થ **तत्र भाव उत्तरत्राभावः** કરવો. એટલે કે, જે ગુણઠાણે જે કર્મપ્રકૃતિનો ઉદયવિચ્છેદ કહ્યો હોય, ત્યાં તે કર્મપ્રકૃતિનો ઉદય હોય, પરંતુ ત્યાર પછીના ગુણસ્થાનકોમાં તે કર્મપ્રકૃતિનો ઉદય ન હોય. દા.ત. મિથ્યાત્વગુણઠાણે મિ૦મો૦નો ઉદયવિચ્છેદ કહ્યો છે પણ ત્યાં મિથ્યાત્વમોહનીયનો ઉદય હોય છે. ત્યારપછીના સાસ્વાદનાદિગુણઠાણે મિથ્યાત્વમોહનીયનો ઉદય હોતો નથી.

સૂક્ષ્મનામકર્મનો ઉદય સૂક્ષ્મએકેન્દ્રિય જીવોને હોય છે. અપર્યાપ્તા નામકર્મનો ઉદય લબ્ધિ-અપર્યાપ્તા એકેન્દ્રિયાદિ જીવોને હોય છે. અને સાધારણ નામકર્મનો ઉદય સાધારણ વનસ્પતિકાયના જીવોને હોય છે. તેઓ સાસ્વાદનગુણઠાણાને પ્રાપ્ત કરી શકતા નથી. કારણ કે ઉપશમસમ્યક્ત્વથી પડીને મિથ્યાત્વ તરફ ઝુકી રહેલા સંજ્ઞીપંચેન્દ્રિયપર્યાપ્તાને જ સાસ્વાદનગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. તે જીવ જો સાસ્વાદનગુણઠાણે મરણ પામે, તો લબ્ધિ-પર્યાપ્તા (પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા) બાદરપૃથ્વીકાય, બાદરઅપ્કાય, પ્રત્યેકવનસ્પતિ કે વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન થઈ શકે પણ સૂક્ષ્મએકેન્દ્રિયમાં, લબ્ધિઅપર્યાપ્ત-એકેન્દ્રિયાદિમાં કે સાધારણવનસ્પતિમાં ઉત્પન્ન થતો નથી. એટલે સૂક્ષ્મએકે૦ને, લબ્ધિ-અપર્યાપ્તા

એકેન્દ્રિયાદિને કે સાધારણવનસ્પતિને સાસ્વાદનગુણઠાણુ હોતું નથી. તેથી સાસ્વાદનગુણઠાણે સૂક્ષ્મત્રિકનો ઉદય હોતો નથી. એટલે મિથ્યાત્વગુણઠાણે સૂક્ષ્મત્રિકનો ઉદયવિચ્છેદ કહ્યો છે.

મિથ્યાત્વગુણઠાણે આતપનામકર્મનો ઉદયવિચ્છેદ થાય છે કારણ કે સૂર્યના વિમાનની નીચે રહેલા મણિરત્નોમાં બાદરપૃથ્વીકાયના જીવોને શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી આતપનામકર્મનો ઉદય હોય છે. તે વખતે તે જીવોને સાસ્વાદનગુણઠાણુ હોતું નથી. કારણ કે સાસ્વાદનગુણસ્થાનકનો કાળ જઘન્યથી **૧** સમય અને ઉત્કૃષ્ટથી **૬** આવલિકા જેટલો છે. એટલે જે સંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્તો સાસ્વાદનગુણઠાણાને પ્રાપ્ત કર્યા પછી મૃત્યુ પામીને, સૂર્યના વિમાનની નીચે રહેલા મણિરત્નોમાં બાદર પૃથ્વીકાયપણે ઉત્પન્ન થાય, તે જીવ ત્યાં શરીરપર્યાપ્તિ પૂર્ણ થયાં પહેલાં જ સાસ્વાદનગુણસ્થાનક પૂર્ણ કરીને, મિથ્યાત્વે ચાલ્યો જાય છે. પછી તેને આતપનામકર્મનો ઉદય શરૂ થાય છે. એટલે સાસ્વાદનગુણઠાણે આતપનામકર્મનો ઉદય હોતો નથી. તેથી મિથ્યાત્વગુણઠાણે આતપ નામકર્મનો ઉદયવિચ્છેદ કહ્યો છે.

મિથ્યાત્વમોહનીયકર્મનો ઉદય મિથ્યાદષ્ટિજીવોને જ હોય છે. સાસ્વાદનસમ્યગ્દૃષ્ટિ વગેરેને મિથ્યાત્વમોહનીયકર્મનો ઉદય હોતો નથી. તેથી મિથ્યાત્વગુણઠાણે મિથ્યાત્વમોહનીયનો ઉદયવિચ્છેદ કહ્યો છે.

### સાસ્વાદનગુણઠાણે ૧૧૧નો ઉદય :-

મિથ્યાત્વગુણઠાણે સૂક્ષ્મત્રિકાદિ પાંચકર્મપ્રકૃતિનો ઉદયવિચ્છેદ થાય છે એટલે **૧૧૭**માંથી **૫** કર્મપ્રકૃતિ ઓછી કરતાં **૧૧૨** રહે છે અને સાસ્વાદનગુણઠાણે નરકાનુપૂર્વીનો અનુદય છે. કારણ કે સાસ્વાદન ગુણઠાણે રહેલો કોઈપણ તિર્યંચ કે મનુષ્ય મરીને નરકગતિમાં જતો નથી. તેથી સાસ્વાદનગુણઠાણે નરકાનુપૂર્વીનો ઉદય હોતો નથી. તેથી **૧૧૨**માંથી નરકાનુપૂર્વી બાદ કરતાં, સાસ્વાદનગુણઠાણે **૧૧૧** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

| જ્ઞા૦ | | દ૦ | | વે૦ | | મો૦ | | આયુ૦ | | ના૦ | | ગો૦ | | અં૦ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| ૫ | + | ૯ | + | ૨ | + | ૨૫ | + | ૪ | + | ૫૯$^{૨}$ | + | ૨ | + | ૫ | = | ૧૧૧ |

સાસ્વાદનગુણઠાણે **અનં૦ક્રોધ, અનં૦માન, અનં૦માયા, અનં૦લોભ, સ્થાવર, એકેન્દ્રિયજાતિ, બેઈન્દ્રિયજાતિ, તેઈન્દ્રિયજાતિ અને ચઉરિન્દ્રિયજાતિ....** એ ૯ કર્મપ્રકૃતિનો ઉદયવિચ્છેદ થાય છે.

અનંતાનુબંધી કષાયનો ઉદય સમ્યક્ત્વનો ઘાતક છે. એટલે જ્યાં સુધી અનંતાનુબંધી કષાયનો ઉદય હોય ત્યાં સુધી સમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી એટલે અનંતાનુબંધી કષાયના ઉદયવાળા જીવો મિશ્રદૃષ્ટિ કે સમ્યક્ત્વાદિ ગુણઠાણે જઈ શકતા નથી. તેથી સાસ્વાદનગુણસ્થાનકના અંતે અનંતાનુબંધી કષાયનો ઉદયવિચ્છેદ કહ્યો છે.

સ્થાવરનામકર્મ અને એકેન્દ્રિયજાતિનામકર્મનો ઉદય એકેન્દ્રિય જીવોને જ હોય છે. બેઈન્દ્રિયજાતિનામકર્મનો ઉદય બેઈન્દ્રિયજીવોને જ હોય છે. તેઈન્દ્રિયજાતિનામકર્મનો ઉદય તેઈન્દ્રિયજીવોને જ હોય છે અને ચઉરિન્દ્રિય જાતિનામકર્મનો ઉદય ચઉરિન્દ્રિયજીવોને જ હોય છે. તેઓને ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી એટલે ઉપશમસમ્યક્ત્વથી પડીને સાસ્વાદનગુણસ્થાનકે જવાનું હોતું નથી. પરંતુ કોઈક સંજ્ઞીપંચેન્દ્રિયપર્યાપ્તો જીવ ઉપશમસમ્યક્ત્વથી પડીને સાસ્વાદનગુણઠાણે આવ્યા પછી જો મૃત્યુ પામીને લબ્ધિપર્યાપ્તાએકેન્દ્રિયાદિ ભવમાં ઉત્પન્ન થાય, તો સાસ્વાદની એકેન્દ્રિયાદિજીવોને શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી જ સાસ્વાદનગુણસ્થાનક હોય છે. પછી તે મિથ્યાત્વગુણઠાણે આવી જાય છે. એટલે જ્યાં સુધી શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી જ સાસ્વાદન ગુણઠાણે સ્થાવર અને એકેન્દ્રિયાદિજાતિચતુષ્કનો ઉદય હોય છે. તથા મિશ્રાદિગુણસ્થાનકો એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવને પ્રાપ્ત ન થતા હોવાથી, ત્યાં સ્થાવરાદિ-**૫**નો ઉદય હોતો નથી. તેથી સાસ્વાદનગુણસ્થાનકના અંતે સ્થાવરાદિ-**૫** કર્મપ્રકૃતિનો ઉદયવિચ્છેદ કહ્યો છે.

૩થી૫ ગુણઠાણે કર્મપ્રકૃતિનો ઉદય :-

**मीसे सयमणुपुव्वीणुदया मीसोदएण मीसंतो ।**
**चउ सयमजए सम्मा-णु-पुव्विखेवा बिअकसाया ॥ १५ ॥**
**मणु-तिरिणुपुव्वि-विउवट्ठ-दुहग अणाइज्जदुग सतर छेओ ।**
**सगसीइ देसि तिरिगइ-आउ-नि-उज्जोय-तिकसाया ॥ १६ ॥**

---

૨. ગતિ-૪+જાતિ-૫+શ૦૪+ઉપાંગ-૨+સં૦૬+સં૦૬+વર્ણાદિ-૪+આનુ૦૩+વિહા૦૨=૩૬ + પ્ર૦૬ (તીર્થંકર અને આતપ વિના) + ત્રસ-૧૦ + સ્થાવર + અસ્થિરાદિ-૬=૫૯

मिश्रे शतमानुपूर्व्यनुदयात् मिश्रोदयेन मिश्रान्तः ।
चतु:शतं अयते सम्यग्-आनुपूर्वी-क्षेपात् द्वितीयकषाया: ॥ १५ ॥
मनुष्य-तिर्यगानुपूर्वी-वैक्रियाष्टक-दुर्भगाऽनादेयद्विकसप्तदशच्छेद: ।
सप्ताशीतिर्देशे तिर्यग्गत्यायुर्नीचैरूद्योत-तृतीयकषाया: ॥ १६ ॥

**ગાથાર્થ : આનુપૂર્વીનો અનુદય થવાથી અને મિશ્રમોહનીયનો ઉદય થવાથી, મિશ્રગુણસ્થાનકે ઉદયમાં ૧૦૦ કર્મપ્રકૃતિ હોય છે. ત્યાં મિશ્રમોહનીયનો ઉદયવિચ્છેદ થાય છે.**

**અવિરતસમ્યગ્દૃષ્ટિગુણસ્થાનકે સમ્યક્ત્વમોહનીય અને આનુપૂર્વીચતુષ્ક ઉમેરવાથી ૧૦૪ કર્મપ્રકૃતિ ઉદયમાં હોય છે. ત્યાં બીજા (અપ્રત્યાખ્યાનીય) કષાય, મનુષ્યાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી, વૈક્રિયાષ્ટક, દૌર્ભાગ્ય, અનાદેયદ્વિક... એ-૧૭ કર્મપ્રકૃતિનો ઉદયવિચ્છેદ થાય છે. એટલે દેશવિરતિગુણઠાણે ૮૭ કર્મપ્રકૃતિ ઉદયમાં હોય છે. ત્યાં તિર્યંચગતિ, તિર્યંચાયુષ્ય, નીચગોત્ર, ઉદ્યોતનામકર્મ અને ત્રીજા (પ્રત્યાખ્યાનીય) કષાયનો ઉદયવિચ્છેદ થાય છે.**

**વિવેચન :** સાસ્વાદનગુણઠાણાના અંતે અનંતાનુબંધી કષાય વગેરે ૯ કર્મપ્રકૃતિનો ઉદયવિચ્છેદ થાય છે. એટલે **૧૧૧**માંથી ૯ ઓછી કરતાં **૧૦૨** રહે. તેમાંથી મનુષ્યાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી અને દેવાનુપૂર્વી ઓછી કરતાં ૯૯ રહે. તેમાં મિશ્રમોહનીય ઉમેરતાં, મિશ્રગુણઠાણે ઉદયમાં **૧૦૦** કર્મપ્રકૃતિ હોય છે.

| જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આયુ૦ | ના૦ | ગો૦ | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ + | ૯ + | ૨ + | ૨૨ + | ૪ + | ૫૧[૩] + | ૨ + | ૫ = | ૧૦૦ |

મિશ્રગુણઠાણે કોઈપણ જીવ મરણ પામતો નથી. તેથી મિશ્રદૃષ્ટિ જીવને ભવાન્તરમાં જવાનું હોતું નથી. તેથી મિશ્રગુણઠાણે આનુપૂર્વીનો ઉદય થતો નથી. તેથી ત્યાં દેવાદિ-૩ આનુપૂર્વીનો અનુદય કહ્યો છે.

મિશ્રમોહનીયકર્મનો ઉદય માત્ર મિશ્રદૃષ્ટિગુણઠાણે જ હોય છે. તેથી મિશ્રગુણસ્થાનક શરૂ થતાંની સાથે જ મિશ્રમોહનીયકર્મનો ઉદય શરૂ

---

૩. ગતિ-૪+પંચે૦જાતિ+શ૦૪+ઉ૦૨+સં૦૬+સં૦૬+વર્ણાદિ-૪+વિહા૦૨ = ૨૯ + પ્ર૦૬ (જિન, આતપ વિના) + ત્રસાદિ-૧૦ + અસ્થિરાદિ-૬ = ૫૧

થાય છે અને મિશ્રગુણસ્થાનક પૂર્ણ થતાંની સાથે જ મિશ્રમોહનીયકર્મનો ઉદયવિચ્છેદ થાય છે.

**સમ્યક્ત્વગુણઠાણે ૧૦૪નો ઉદય :-**

મિશ્રદૃષ્ટિગુણઠાણે ઉદયમાં **૧૦૦** કર્મપ્રકૃતિ હોય છે. તેમાંથી મિશ્રગુણઠાણાના અંતે મિશ્રમોહનીયનો ઉદયવિચ્છેદ થવાથી અવિરત સમ્યગ્દૃષ્ટિગુણઠાણે ૯૯ રહે છે, તેમાં સમ્યક્ત્વમોહનીય અને દેવાદિ-૪ આનુપૂર્વી ઉમેરતાં ચોથા ગુણઠાણે **૧૦૪** પ્રકૃતિ ઉદયમાં હોય છે. કારણ કે અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે સમ્યક્ત્વમોહનીયકર્મનો ઉદય શરૂ થાય છે અને અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવો મરીને ચારે[૪] ગતિમાં ઉત્પન્ન થાય છે. તેથી તેઓને ભવાન્તરમાં જતી વખતે વિગ્રહગતિમાં ચારે આનુપૂર્વીનો ઉદય હોય છે. એટલે અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે ઉદયમાં ૧૦૪ કર્મપ્રકૃતિ હોય છે.

| જ્ઞા૦ | | દ૦ | | વે૦ | | મો૦ | | આયુ૦ | | ના૦ | | ગો૦ | | અં૦ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| ૫ | + | ૯ | + | ૨ | + | ૨૨ | + | ૪ | + | ૫૫[૫] | + | ૨ | + | ૫ | = | ૧૦૪ |

સમ્યક્ત્વગુણઠાણે **અપ્ર૦ક્રોધ, અપ્ર૦માન, અપ્ર૦માયા, અપ્ર૦લોભ, મનુષ્યાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી, વૈક્રિયશરીર, વૈક્રિયઅંગોપાંગ, દેવગતિ, દેવાનુપૂર્વી, દેવાયુષ્ય, નરકગતિ, નરકાનુપૂર્વી, નરકાયુષ્ય, દૌર્ભાગ્ય, અનાદેય, અયશકીર્તિ...**એ૧૭કર્મપ્રકૃતિનો ઉદયવિચ્છેદ થાય છે.

અપ્રત્યાખ્યાનીયકષાય દેશવિરતિનો ઘાતક છે. એટલે જ્યાં સુધી અપ્રત્યાખ્યાનીયકષાયનો ઉદય હોય ત્યાં સુધી દેશવિરતિ ગુણસ્થાનક પ્રાપ્ત થતું નથી. જ્યારે અપ્રત્યાખ્યાનીયકષાયનો ઉદયવિચ્છેદ થાય છે ત્યારે જ દેશવિરતિગુણઠાણુ પ્રાપ્ત થતું હોવાથી, દેશવિરતિ વગેરે ગુણઠાણે

૪. જેને દેવ-નારક કે યુગલિક મનુષ્ય-તિર્યંચનું આયુષ્ય બાંધેલું હોય, તે ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતી વખતે મિથ્યાત્વમો૦ અને મિશ્રમો૦નો ક્ષય કરીને સ૦મો૦નો ક્ષય કરે છે. તે વખતે સ૦મો૦ની અંતર્મુહૂર્ત જેટલી સ્થિતિ બાકી રહે ત્યારે જો આયુષ્ય પૂર્ણ થઈ જાય, તો તેઓ કાળ કરીને ચારે ગતિમાં ઉત્પન્ન થઈ શકે છે. એ જ રીતે બદ્ધાયુ ક્ષાયિકસમ્યક્ત્વી પણ મરીને ચારે ગતિમાં ઉત્પન્ન થઈ શકે છે. તેથી અવિરતસમ્યગ્દૃષ્ટિને વિગ્રહગતિમાં ચારે આનુપૂર્વીનો ઉદય હોય છે.

૫. ગતિ-૪ + પંચ૦જાતિ + શ૦ ૪ + ઉ૦૨ + સં૦૬ + સં૦૬ + વર્ણાદિ-૪ + આનુ૦૪ + વિહા૦૨ = ૩૩ + પ્ર૦ ૬ + ત્ર૦૧૦ + અસ્થિરાદિ-૬=૫૫

અપ્રoકષાયનો ઉદય હોતો નથી એટલે સમ્યક્ત્વગુણઠાણાના અંતે અપ્રoકષાયનો ઉદયવિચ્છેદ કહ્યો છે.

કોઈપણ જીવને પરભવમાં જતી વખતે નિયમા અવિરતિ હોય છે. કારણકે ૮ વર્ષની ઉંમર પછી કોઈપણ જીવ અણુવ્રતોનું કે મહાવ્રતોનું પચ્ચક્ખાણ કરી શકે છે, તે **"યાવજ્જીવ"** સુધીનું જ હોય છે. તેથી દેશવિરતિધરને મરણ ન પામે ત્યાં સુધી જ દેશવિરતિ ગુણઠાણુ હોય છે અને સર્વવિરતિધરને મરણ ન પામે ત્યાં સુધી જ સર્વવિરતિ ગુણઠાણુ હોય છે. મરણ પામ્યા પછી પરભવમાં જતી વખતે પચ્ચક્ખાણના અભાવે વિરતિ હોતી નથી. એટલે દરેક જીવો નિયમા અવિરત હોય છે. એટલે કોઈપણ જીવને પરભવમાં જતી વખતે દેશવિરતિ વગેરે ગુણઠાણા હોતા નથી. તેથી દેશવિરતિ વગેરે ગુણઠાણે આનુપૂર્વીનો ઉદય હોતો નથી. એટલે અવિરતિસમ્યગ્દૃષ્ટિ ગુણઠાણાના અંતે ચારે આનુપૂર્વીનો ઉદયવિચ્છેદ કહ્યો છે.

વૈક્રિયશરીર, વૈક્રિયઅંગોપાંગ, દેવગતિ, દેવાયુષ્ય, નરકગતિ, અને નરકાયુષ્ય..... એ ૬ કર્મપ્રકૃતિને જીવ દેવભવ અને નરકભવમાં ભોગવી શકતો હોવાથી, તેનો ઉદય દેવ અને નારકીને હોય છે. તેઓ વધુમાં વધુ ચાર ગુણસ્થાનકને પ્રાપ્ત કરી શકે છે. દેશવિરતિ વગેરે ગુણસ્થાનકને પ્રાપ્ત કરી શકતા નથી. તેથી દેશવિરતિગુણઠાણે દેવગતિ વગેરે ૬ કર્મપ્રકૃતિનો ઉદય હોતો નથી એટલે સમ્યક્ત્વગુણઠાણાના અંતે દેવગતિ વગેરે ૬નો ઉદયવિચ્છેદ કહ્યો છે.

દેશવિરતિ વગેરે ગુણઠાણે વિરતિનો સદ્‌ભાવ હોવાથી વિશુદ્ધિ ઘણી હોય છે. એટલે ત્યાં દૌર્ભાગ્ય, અનાદેય અને અપયશકીર્તિ....એ-૩ અશુભકર્મનો ઉદય હોતો નથી. તેથી સમ્યક્ત્વગુણઠાણાના અંતે દુર્ભગાદિ-૩ નો ઉદયવિચ્છેદ કહ્યો છે.

**દેશવિરતિગુણઠાણે ૮૭નો ઉદય :-**

સમ્યક્ત્વગુણઠાણાના અંતે અપ્રoક્રોધાદિ ૧૭ કર્મપ્રકૃતિનો ઉદયવિચ્છેદ થાય છે. એટલે ૧૦૪માંથી ૧૭ પ્રકૃતિ ઓછી કરતા દેશવિરતિગુણઠાણે ૮૭ કર્મપ્રકૃતિ ઉદયમાં હોય છે.

| જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આયુ૦ | ના૦ | ગો૦ | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ + | ૯ + | ૨ + | ૧૮ + | ૨ + | ૪૪[૬] + | ૨ + | ૫ = | ૮૭ |

દેશવિરતિગુણઠાણે **તિર્યંચગતિ, તિર્યંચાયુષ્ય, નીચગોત્ર, ઉદ્યોત, અપ્ર૦ક્રોધ, અપ્ર૦માન, અપ્ર૦માયા અને અપ્ર૦લોભ...... એ ૮ કર્મપ્રકૃતિનો ઉદયવિચ્છેદ થાય છે.**

તિર્યંચગતિ, તિર્યંચાયુષ્ય, નીચગોત્ર અને ઉદ્યોત એ ૪ કર્મપ્રકૃતિ તિર્યંચપ્રાયોગ્ય છે અને તિર્યંચો વધુમાં વધુ દેશવિરતિગુણઠાણા સુધી જઈ શકે છે. ત્યાંથી આગળ જઈ શકતા નથી એટલે પ્રમત્તગુણઠાણે તિર્યંચગતિ, તિર્યંચાયુ, નીચગોત્ર અને ઉદ્યોતનો ઉદય હોતો નથી. તેથી તેનો દેશવિરતિના અંતે ઉદયવિચ્છેદ કહ્યો છે.

પ્રત્યાખ્યાનીયકષાય સર્વવિરતિનો ઘાતક છે. એટલે જ્યાં સુધી પ્રત્યાખ્યાનીયકષાયનો ઉદય હોય, ત્યાંસુધી સર્વવિરતિગુણસ્થાનક પ્રાપ્ત થતું નથી. જ્યારે પ્રત્યાખ્યાનીયકષાયનો ઉદયવિચ્છેદ થાય છે ત્યારે સર્વવિરતિગુણઠાણુ પ્રાપ્ત થાય છે. એટલે સર્વવિરતિ વગેરે ગુણઠાણે પ્રત્યાખ્યાનીયકષાયનો ઉદય હોતો નથી. તેથી દેશવિરતિગુણસ્થાનકના અંતે પ્રત્યાખ્યાનીયકષાયનો ઉદયવિચ્છેદ કહ્યો છે.

છઠ્ઠા-સાતમા ગુણઠાણે કર્મપ્રકૃતિનો ઉદયઃ-

**अट्ठच्छेओ इगसी, पमत्ति आहार जुगलपक्खेवा ।**
**थीणतिगाहारगदुगच्छेओ छसयरि अपमत्ते ॥ १७॥**

अष्टच्छेद एकाशीतिः प्रमत्ते, आहारकयुगलप्रक्षेपात्।
स्त्यानर्द्धित्रिका-हारकद्विकच्छेदः षट्सप्ततिरप्रमत्ते ॥ १७ ॥

**ગાથાર્થ :- આઠ કર્મપ્રકૃતિનો ઉદયવિચ્છેદ થવાથી અને આહારકદ્વિક ઉમેરવાથી પ્રમત્તગુણસ્થાનકે ઉદયમાં ૮૧ કર્મપ્રકૃતિ હોય છે. ત્યાં થીણદ્ધિત્રિક અને આહારકદ્વિકનો ઉદયવિચ્છેદ થાય છે. એટલે અપ્રમત્તગુણસ્થાનકે ઉદયમાં ૭૬ કર્મપ્રકૃતિ હોય છે.**

---

૬. ગતિ - ૨ (મનુ૦ગતિ, તિર્યંચગતિ) + પંચે૦જાતિ + શ૦૩ (ઔ૦, તૈ૦, કા૦) + ઔ૦અં૦ + સં૦૬ + સં૦૬ + વર્ણાદિ-૪ + વિહા૦૨=૨૫ + પ્ર૦૬ (આતપ, જિન૦ વિના) + ત્રસાદિ - ૧૦ + અસ્થિર + અશુભ + દુઃસ્વર = ૪૪

**વિવેચનઃ-** દેશવિરતિગુણઠાણાના અંતે તિર્યંચગતિ વગેરે **૮**નો ઉદયવિચ્છેદ થાય છે. એટલે **૮૭**માંથી **૮** ઓછી કરતાં **૭૯** રહી. તેમાં આહારકદ્વિક ઉમેરવાથી **૮૧** પ્રકૃતિ થાય છે એટલે **પ્રમત્તગુણઠાણે ઉદયમાં ૮૧ કર્મપ્રકૃતિ** હોય છે.

| જ્ઞા૦ | | દ૦ | | વે૦ | | મો૦ | | આયુ૦ | | ના૦ | | ગો૦ | | અં૦ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| ૫ | + | ૯ | + | ૨ | + | ૧૪ | + | ૧ | + | ૪૪[૭] | + | ૧ | + | ૫ | = | ૮૧ |

મહાવિદેહક્ષેત્રમાં જવાની ઉત્સુકતાવાળા આહારકલબ્ધિધારી ચૌદપૂર્વધર મહાત્માને આહારકશરીર બનાવતી વખતે સ્વાધ્યાયાદિમાં એકાગ્રતા (અપ્રમત્તદશા) રહેતી નથી. તેથી તે વખતે તેઓ પ્રમાદ દશા યુક્ત હોય છે. એટલે આહારકશરીરની રચના પ્રમત્તગુણઠાણે જ થાય. અપ્રમતગુણઠાણે થતી નથી તેથી [૮]પ્રમત્તગુણઠાણે આહારકદ્વિકનો ઉદય કહ્યો છે.

પ્રમત્તગુણઠાણે **નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, થીણદ્ધિ, આહારકશરીર અને આહારકઅંગોપાંગ એ ૫ કર્મપ્રકૃતિનો ઉદયવિચ્છેદ થાય છે.**

કોઈપણ જીવને અતિશય પ્રમાદ અવસ્થામાં જ નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા અને થીણદ્ધિનામની ઊંઘ આવે છે. અપ્રમત્ત અવસ્થામાં નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા કે થીણદ્ધિ નામની ઊંઘ આવતી નથી. એટલે અપ્રમત્તગુણઠાણે થીણદ્ધિત્રિકનો ઉદય હોતો નથી. તેથી પ્રમત્તગુણઠાણાના અંતે થીણદ્ધિત્રિકનો ઉદયવિચ્છેદ કહ્યો છે.

આહારકલબ્ધિધારી ચૌદપૂર્વધર મહાત્મા પ્રમાદ દશામાં જ આહારકશરીર બનાવી શકે છે. અપ્રમતદશામાં આહારકશરીર બનાવી

---

૭. મનુષ્યગતિ + પંચે૦ + શ૦૪ + ઉ૦૨ + સં૦૬ + સં૦૬ + વર્ણાદિ-૪ + વિહા૦૨ = ૨૬ + પ્ર૦૫ (આતપ, ઉદ્યોત, જિનનામ વિના) + ત્રસાદિ-૧૦ + અસ્થિર + અશુભ + દુઃસ્વર = ૪૪

૮. આહારકલબ્ધિધારી પ્રમત્તસંયમી મહાત્મા પ્રમત્તગુણઠાણે આહારકશરીર બનાવીને વિશુદ્ધ અધ્યવસાયના વશથી અપ્રમત્તગુણસ્થાનકે આવી શકે છે. તેથી આહારકદ્વિકનો ઉદય પ્રમત્ત-અપ્રમત્ત એ બન્ને ગુણઠાણે હોય છે. પરંતુ આહારકલબ્ધિધારી ચૌદપૂર્વધર મહાત્મા અપ્રમત્તગુણઠાણે નવું આહારકશરીર બનાવી શકતા નથી અને અપ્રમત્તગુણઠાણે થોડો કાલ જ આહારકદ્વિકનો ઉદય હોય છે તેથી પૂર્વાચાર્યોએ અપ્રમત્તગુણઠાણે આહારકદ્વિકના ઉદયની વિવક્ષા કરી નથી.

શકતા નથી. તેથી પ્રમત્તગુણઠાણે આહારકદ્વિકનો ઉદયવિચ્છેદ કહ્યો છે.

**અપ્રમત્તગુણઠાણે ૭૬નો ઉદય :-**

**પ્રમત્તગુણઠાણાના અંતે થીણદ્ધિત્રિક અને આહારકદ્વિકનો ઉદયવિચ્છેદ થાય છે. એટલે ૮૧ માંથી ૫, કર્મપ્રકૃતિ ઓછી કરતાં અપ્રમત્તગુણઠાણે ઉદયમાં ૭૬ કર્મપ્રકૃતિ હોય છે.**

| જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આયુ૦ | ના૦ | ગો૦ | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ + | ૬ + | ૨ + | ૧૪ + | ૧ + | ૪૨[૯] + | ૧ + | ૫ = | ૭૬ |

૮ થી ૧૧ ગુણઠાણે કર્મપ્રકૃતિનો ઉદયઃ-

**सम्मत्तं-तिमसंघयण तियगच्छेओ बिसत्तरि अपुव्वे ।**
**हासाईछक्कअंतो, छसट्ठि अनियट्टि वेयतिगं ॥ १८ ॥**
**संजलणतिगं छच्छेओ सट्ठि सुहमंमि तुरियलोभंतो ।**
**उवसंतगुणे गुणसट्ठि रिसह-नारायदुगअंतो ॥ १९ ॥**

सम्यक्त्वान्तिमसंहननत्रिकच्छेदो द्वासप्ततिरपूर्वे ।
हास्यादिषट्कान्तः षट्षष्टिरनिवृत्तौ वेदत्रिकम् ॥ १८ ॥
संज्वलनत्रिकं षट्छेदः षष्टिः सूक्ष्मे तुर्यलोभान्तः।
उपशान्तगुणे एकोनषष्टिः, ऋषभ-नाराचद्विकान्तः ॥ १९ ॥

**ગાથાર્થ :- (અપ્રમત્તગુણઠાણે) સમ્યક્ત્વમોહનીય અને છેલ્લા ત્રણસંઘયણનો ઉદયવિચ્છેદ થાય છે. એટલે અપૂર્વકરણગુણઠાણે ૭૨ કર્મપ્રકૃતિ ઉદયમાં હોય છે. ત્યાં હાસ્યાદિ-૬નો ઉદયવિચ્છેદ થાય છે. એટલે અનિવૃત્તિગુણઠાણે-૬૬ કર્મપ્રકૃતિ ઉદયમાં હોય છે. ત્યાં વેદત્રિક અને સંજ્વલનત્રિકનો ઉદયવિચ્છેદ થાય છે. એટલે સૂક્ષ્મસંપરાયગુણઠાણે ૬૦ કર્મપ્રકૃતિ ઉદયમાં હોય છે. ત્યાં ચોથા (સંજ્વલન) લોભનો ઉદયવિચ્છેદ થાય છે એટલે ઉપશાંતમોહગુણઠાણે ૫૯ કર્મપ્રકૃતિ ઉદયમાં હોય છે. ત્યાં ઋષભનારાચ અને નારાચસંઘયણનો ઉદયવિચ્છેદ થાય છે.**

૯. મનુ૦ગતિ + પંચેન્દ્રિયજાતિ + શ૦૩ (ઔ૦,કા૦,તૈ૦) + ઔ૦અં૦ + સં૦૬ +સં૦૬ + વર્ણાદિ-૪ + વિહા૦૨ = ૨૪ + પ્ર૦૫ (આતપ, ઉદ્યોત, જિનનામ વિના) + ત્રસાદિ-૧૦ + અસ્થિર + અશુભ + દુઃસ્વર = ૪૨

**વિવેચન:-** અપ્રમત્તગુણઠાણે **સમ્યક્ત્વમોહનીય, અર્ધનારાચ, કીલિકા** અને **છેવટ્ઠુસંઘયણ**નો ઉદયવિચ્છેદ થાય છે. કારણ કે જ્યાં સુધી સ૦મો૦નો ઉદય હોય ત્યાં સુધી જીવ શ્રેણિગતઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરીને અપૂર્વકરણાદિગુણઠાણે જઈ શકતો નથી. એટલે સ૦મો૦નો ઉદય અપ્રમત્તગુણઠાણા સુધી જ હોય છે. ત્યારપછીના અપૂર્વકરણાદિગુણઠાણે સ૦મો૦નો ઉદય હોતો નથી. એટલે અપ્રમત્તગુણઠાણાના અંતે સ૦મો૦નો ઉદયવિચ્છેદ કહ્યો છે.

**અપૂર્વકરણગુણઠાણે ૭૨ પ્રકૃતિનો ઉદય :-**

**અર્ધનારાચ, કીલિકા** અને **છેવટ્ઠાસંઘયણ**વાળા જીવોને ક્ષપકશ્રેણી કે ઉપશમશ્રેણી માંડી શકે એવી વિશુદ્ધિ હોતી નથી. તેથી તેઓ અપૂર્વકરણાદિ ગુણઠાણે જઈ શકતા ન હોવાથી, અપ્રમત્તગુણઠાણે છેલ્લા ત્રણસંઘયણનો ઉદયવિચ્છેદ થાય છે.

અપ્રમત્તગુણઠાણાના અંતે સમ્યક્ત્વમોહનીયાદિ-૪ કર્મપ્રકૃતિનો ઉદયવિચ્છેદ થાય છે. એટલે **૭૬**માંથી ૪ પ્રકૃતિ ઓછી કરતા, **અપૂર્વકરણ ગુણઠાણે ઉદયમાં ૭૨ કર્મપ્રકૃતિ હોય છે.**

| જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આયુ૦ | ના૦ | ગો૦ | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ + | ૬ + | ૨ + | ૧૩ + | ૧ + | ૩૯[૧૦] + | ૧ + | ૫ = | ૭૨ |

હાસ્યષટ્કના ઉદયનું કારણ સંકિલષ્ટપરિણામ છે અને અનિવૃત્તિ-કરણાદિગુણઠાણે સંક્લિષ્ટ પરિણામ હોતા નથી, ત્યાં અત્યંતવિશુદ્ધ પરિણામ હોય છે. તેથી ત્યાં હાસ્યષટ્કનો ઉદય હોતો નથી. એટલે અપૂર્વકરણગુણઠાણાના અંતે **હાસ્ય-રતિ, શોક-અરતિ, ભય-જુગુપ્સાનો** ઉદયવિચ્છેદ કહ્યો છે.

**અનિવૃત્તિગુણઠાણે ૬૬નો ઉદય :-**

અપૂર્વકરણગુણઠાણાના અંતે હાસ્યાદિ-૬ કર્મપ્રકૃતિનો ઉદયવિચ્છેદ થાય છે. એટલે **૭૨**માંથી ૬ કર્મપ્રકૃતિ બાદ કરતાં અનિવૃત્તિગુણઠાણે ઉદયમાં **જ્ઞાના૦૫ + દર્શ૦૬ + વે૦૨ + મોહ૦૭ + આ૦૧ +**

૧૦. મનુ૦ગતિ+પંચેન્દ્રિયજાતિ+શ૦૩+ઔ૦અં૦ + સં૦૩ + સં૦૬ + વર્ણાદિ-૪ + વિહા૦૨ = ૨૧ + પ્ર૦૫ + ત્રસાદિ-૧૦ + અસ્થિર + અશુભ + દુઃસ્વર = ૩૯.

નામ-૩૯ + ગો૦૧ + અંત૦૫ = ૬૬ કર્મપ્રકૃતિ હોય છે.

અનિવૃત્તિગુણઠાણે **પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ, સં૦ક્રોધ, સં૦માન અને સં૦માયા**નો ઉદયવિચ્છેદ થાય છે. કારણકે ક્ષપક અનિવૃત્તિગુણઠાણે સૂક્ષ્મસં૦લોભ સિવાયની ચારિત્રમોહનીયની સર્વકર્મપ્રકૃતિનો ક્ષય કરે છે અને ઉપશમક સૂક્ષ્મલોભ સિવાયની ચા૦મો૦ની સર્વકર્મપ્રકૃતિની સર્વોપશમના કરે છે. એટલે **૧૦**મે ગુણઠાણે સૂક્ષ્મસંજ્વલનલોભ સિવાયની ચારિત્રમોહનીયની કોઈપણ પ્રકૃતિનો ઉદય હોતો નથી. તેથી અનિવૃત્તિગુણઠાણે વેદત્રિક અને સંજ્વલનત્રિકનો ઉદયવિચ્છેદ કહ્યો છે.

**સૂક્ષ્મસંપરાયગુણઠાણે ૬૦નો ઉદય :-**

અનિવૃત્તિગુણઠાણે વેદ - **૩** અને **સં૦ક્રોધાદિ-૩** નો ઉદયવિચ્છેદ થાય છે. એટલે **૬૬**માંથી **૬** ઓછી કરતાં **૬૦** પ્રકૃતિ સૂક્ષ્મસંપરાયગુણઠાણે ઉદયમાં હોય છે.

| જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આયુ૦ | ના૦ | ગો૦ | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ + | ૬ + | ૨ + | ૧ + | ૧ + | ૩૯ + | ૧ + | ૫ = | ૬૦ |

સંજ્વલનકષાય યથાખ્યાત ચારિત્રગુણનો ઘાતક છે. એટલે જ્યાં સુધી સૂક્ષ્મસંજ્વલન લોભનો ઉદય હોય ત્યાંસુધી યથાખ્યાતચારિત્ર પ્રાપ્ત થતું નથી. જ્યારે સં૦લોભનો ઉદયવિચ્છેદ થાય છે ત્યારે ઉપશમકને ૧૧મા ગુણઠાણે ઔપશમિકયથાખ્યાતચારિત્ર પ્રાપ્ત થાય છે અને ક્ષપકને ૧૨મા ગુણઠાણે ક્ષાયિકયથાખ્યાતચારિત્ર પ્રાપ્ત થાય છે એટલે સૂક્ષ્મસંપરાયગુણઠાણે સૂક્ષ્મસંજ્વલનલોભનો ઉદયવિચ્છેદ કહ્યો છે.

**ઉપશાંતમોહગુણઠાણે ૫૯નો ઉદય :-**

સૂક્ષ્મસંપરાયગુણઠાણે ઉદયમાં **૬૦** કર્મપ્રકૃતિ હોય છે. તેમાંથી સંજ્વલનલોભ ઓછો કરતાં, **૫૯** પ્રકૃતિ ઉપશાંતમોહગુણઠાણે ઉદયમાં હોય છે.

| જ્ઞા૦ | દ૦ | વે૦ | આયુ૦ | ના૦ | ગો૦ | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ + | ૬ + | ૨ + | ૧ + | ૩૯ + | ૧ + | ૫ = | ૫૯ |

ઉપશાંતમોહગુણઠાણે **ઋષભનારાચ** અને **નારાચસંઘયણ**નો ઉદયવિચ્છેદ થાય છે. કારણકે પ્રથમના ત્રણસંઘયણવાળા જ ઉપશમશ્રેણી માંડી શકે છે અને ઉપશમક **૧૧**મા ગુણઠાણા સુધી જ જઈ શકે છે. ત્યાંથી આગળના ગુણઠાણે જઈ શકતો નથી. એટલે **૧૧**મા ગુણઠાણા સુધી જ પ્રથમના ત્રણ સંઘયણનો ઉદય હોય છે. **૧૨**મે, ગુણઠાણે ક્ષપકને માત્ર પ્રથમસંઘયણનો ઉદય હોય છે. ઋષભનારાચ કે નારાચસંઘયણનો ઉદય હોતો નથી. તેથી **૧૧**મા ગુણઠાણે ઋષભનારાચ અને નારાચસંઘયણનો ઉદયવિચ્છેદ કહ્યો છે.

૧૨મા-૧૩મા ગુણઠાણે કર્મપ્રકૃતિનો ઉદય:-

**सगवन्न खीणदुचरिमि, निद्दुगंतो अ चरिमि पणवन्ना ।**
**नाणं-तराय-दंसण चउछेओ, सयोगि बायाला ॥ २० ॥**

सप्तपञ्चाशत् क्षीणद्विचरमे, निद्राद्विकान्तश्च चरमे पञ्चपञ्चाशत्।
ज्ञानान्तराय-दर्शनचतुष्कच्छेदः सयोगिनि द्विचत्वारिंशत् ॥ २० ॥

**ગાથાર્થ :- ક્ષીણમોહગુણઠાણાના દ્વિચરમસમયે ૫૭ કર્મપ્રકૃતિ ઉદયમાં હોય છે. તે જ સમયે નિદ્રાદ્વિકનો અંત થાય છે. એટલે ક્ષીણમોહના છેલ્લા સમયે ઉદયમાં ૫૫ કર્મપ્રકૃતિ હોય છે. ત્યાં જ્ઞાનાવરણીય, અંતરાયકર્મ અને દર્શનાવરણીયચતુષ્કનો ઉદયવિચ્છેદ થાય છે. (તથા જિનનામનો ઉદય થાય) એટલે સયોગીકેવલીગુણઠાણે ૪૨ કર્મપ્રકૃતિ ઉદયમાં હોય છે.**

**વિવેચન** :- ઉપશાંતમોહગુણઠાણે ઉદયમાં **૫૯**કર્મપ્રકૃતિ હોય છે. તેમાંથી બીજા-ત્રીજાસંઘયણનો ઉદયવિચ્છેદ થાય છે. એટલે **૫૯**માંથી **૨** કર્મપ્રકૃતિ ઓછી કરતાં, ક્ષીણમોહગુણઠાણે ઉદયમાં **૫૭**પ્રકૃતિ હોય છે.

| જ્ઞા૦ | | દ૦ | | વે૦ | | આયુ૦ | | ના૦ | | ગો૦ | | અં૦ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| ૫ | + | ૬ | + | ૨ | + | ૧ | + | ૩૭[11] | + | ૧ | + | ૫ | = | ૫૭ |

૧૧. મનુ૦ગતિ + પંચેન્દ્રિયજાતિ + શ૦૩ + ઔ૦અં૦ + વજ્રઋષભનારાચસંઘયણ + સં૦૬ + વર્ણાદિ-૪ + વિહા૦૨ = ૧૯ + પ્ર૦૫ + ત્રસાદિ-૧૦ + અસ્થિર + અશુભ + દુ:સ્વર = ૩૭

ક્ષીણમોહગુણઠાણાના છેલ્લા બે સમય બાકી રહે ત્યાં સુધી ઉદયમાં **૫૭** કર્મપ્રકૃતિ હોય છે. તેમાંથી ક્ષીણમોહના દ્વિચરમસમયે **"નિદ્રાદ્વિક"**નો ઉદયવિચ્છેદ થાય છે. કારણકે ક્ષીણમોહના દ્વિચરમ સમય સુધી જ નિદ્રાદ્વિક સત્તામાં હોય છે. એટલે ત્યાં સુધી જ નિદ્રાદ્વિકનો ઉદય હોઈ શકે છે. ત્યારપછી **૧૨**મા ગુણઠાણાના ચરમ સમયે નિદ્રાદ્વિક સત્તામાં ન હોવાથી ઉદયમાં ન હોય. એટલે ક્ષીણમોહના દ્વિચરમ[૧૨] સમયે નિદ્રાદ્વિકનો ઉદયવિચ્છેદ કહ્યો છે.

**ક્ષીણમોહના ચરમસમયે ૫૫નો ઉદય :-**

ક્ષીણમોહગુણઠાણાના દ્વિચરમસમય સુધી **૫૭** કર્મપ્રકૃતિ ઉદયમાં હોય છે. ત્યારબાદ છેલ્લા સમયે નિદ્રાદ્વિકનો ઉદય હોતો નથી. એટલે **૫૭**માંથી નિદ્રાદ્વિક ઓછી કરતાં છેલ્લા સમયે ઉદયમાં **૫૫** પ્રકૃતિ હોય છે.

| જ્ઞા૦ | | દ૦ | | વે૦ | | આયુ૦ | | ના૦ | | ગો૦ | | અં૦ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| ૫ | + | ૪ | + | ૨ | + | ૧ | + | ૩૭ | + | ૧ | + | ૫ | = | ૫૫ |

**સયોગીગુણઠાણે ૪૨નો ઉદય :-**

ક્ષીણમોહગુણઠાણાના છેલ્લા સમયે મતિજ્ઞાનાવરણીયાદિ **૧૪** કર્મપ્રકૃતિનો ઉદયવિચ્છેદ થાય છે. એટલે **૫૫**માંથી **૧૪** કર્મપ્રકૃતિ ઓછી કરતાં સયોગીકેવલી ગુણઠાણે ઉદયમાં **૪૧** રહે, પરંતુ ત્યાં તીર્થંકર નામકર્મનો ઉદય શરૂ થઈ જાય છે. એટલે **૪૧**પ્રકૃતિમાં તીર્થંકર નામકર્મ ઉમેરવાથી સયોગીગુણઠાણે **૪૨** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

| વે૦ | | આયુ૦ | | ના૦ | | ગો૦ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| ૨ | + | ૧ | + | ૩૮[૧૩] | + | ૧ | = | ૪૨ |

---

૧૨. કોઈક આચાર્ય મ. સા. એમ કહે છે કે, નિદ્રાદ્વિકનો ઉદયવિચ્છેદ ઉપશાંતમોહ ગુણસ્થાનકે થાય છે. કારણકે નિદ્રાનો ઉદય ઘોલના પરિણામથી થાય છે. અને ક્ષપકાત્મા અતિવિશુદ્ધિ અધ્યવસાયવાળો હોવાથી, તેને ઘોલના પરિણામ હોતા નથી. તેથી તેને નિદ્રાદ્વિકના ઉદયનો સંભવ નથી પરંતુ ક્ષપકની અપેક્ષાએ ઉપશમક ઓછી વિશુદ્ધિવાળો હોવાથી, તેને નિદ્રાદ્વિકના ઉદયનો સંભવ છે.

૧૪મા ગુણઠાણે કર્મપ્રકૃતિનો ઉદય :–

**तित्थुदया उरला-थिर-खगइदुग-परित्ततिग-छसंठाणा ।**
**अगुरुलहु-वन्नचउ-निमिण-तेय-कम्मा-इ संघयणं ॥ २१ ॥**
**दूसर-सूसर-साया-साएगयरं च तीसवुच्छेओ ।**
**बारस अजोगि सुभगा-इज्ज-जस-न्नयर वेयणिअं ॥ २२ ॥**
**तसतिग-पणिंदि-मणुआउ-गइ-जिणुच्चंति चरम समयंतो ।**

तीर्थोदयात् औदारिका-स्थिर-खगतिद्विक-प्रत्येकत्रिक-षट्संस्थानानि।
अगुरुलघु-वर्णचतुष्क-निर्माण-तैजस-कर्मादिसंहननम् ॥ २१ ॥
दु:स्वर-सुस्वर-साता-सातैकतरं त्रिंशद् व्यच्छेद: ।
द्वादश अयोगिनि सुभगा-देययशोऽन्यतरवेदनीयम् ॥ २२ ॥
त्रसत्रिक-पञ्चेन्द्रिय-मनुजायुर्गतिजिनोच्चमिति चरमसमयान्त:।

**ગાથાર્થ :- સયોગીગુણઠાણે તીર્થંકર નામકર્મનો ઉદય થવાથી ૪૨ કર્મપ્રકૃતિ ઉદયમાં હોય છે. ત્યાં ઔદારિકદ્વિક, અસ્થિરદ્વિક, વિહાયોગતિદ્વિક, પ્રત્યેકત્રિક, ૬ સંસ્થાન, અગુરૂલઘુચતુષ્ક, વર્ણચતુષ્ક, નિર્માણ, તૈજસ, કાર્મણશરીર, પ્રથમસંઘયણ, દુઃસ્વર, સુસ્વર અને શાતા-અશાતામાંથી કોઈપણ એક વેદનીય..... એ ૩૦ કર્મપ્રકૃતિનો ઉદયવિચ્છેદ થાય છે. એટલે અયોગીગુણઠાણે ઉદયમાં ૧૨ કર્મપ્રકૃતિ હોય છે. અયોગીગુણઠાણાના છેલ્લા સમયે સૌભાગ્ય, આદેય, યશ, શાતા-અશાતામાંથી કોઈપણ એક વેદનીય, ત્રસત્રિક, પંચેન્દ્રિયજાતિ, મનુષ્યાયુષ્ય, મનુષ્યગતિ, જિનનામ અને ઉચ્ચગોત્ર.... એ ૧૨ કર્મપ્રકૃતિનો ઉદયવિચ્છેદ થાય છે.**

**વિવેચન :-** સયોગીગુણઠાણે ઉદયમાં ૪૨ કર્મપ્રકૃતિ હોય છે. તેમાંથી **(૧) ઔદારિકશરીર, (૨) ઔદારિકઅંગોપાંગ, (૩) અસ્થિર, (૪) અશુભ, (૫) શુભવિહાયોગતિ, (૬) અશુભવિહાયોગતિ, (૭) પ્રત્યેક, (૮) સ્થિર, (૯) શુભનામકર્મ, (૧૦) સમચતુરસ્ત્ર, (૧૧) ન્યગ્રોધપરિમંડલ, (૧૨) સાદિ, (૧૩) વામન, (૧૪) કુબ્જ, (૧૫) હુંડક, (૧૬) અગુરુલઘુ, (૧૭) પરાઘાત, (૧૮) ઉપઘાત, (૧૯) શ્વાસોચ્છ્વાસ, (૨૦) વર્ણ, (૨૧) ગંધ, (૨૨) રસ,**

---

૧૩. મનુ૦ગતિ + પંચેન્દ્રિયજાતિ + શ૦૩ + ઔ૦અં૦ + પ્રથમ સંઘયણ + સં૦૬ + વર્ણાદિ-૪ + વિહા૦૨ = ૧૯ + પ્ર૦૬ (આતપ, ઉદ્યોત વિના) + ત્રસાદિ-૧૦ + અસ્થિર + અશુભ + દુઃસ્વર = ૩૮

(૨૩) **સ્પર્શ**, (૨૪) **નિર્માણ**, (૨૫) **તૈજસશરીર**, (૨૬) **કાર્મણશરીર**, (૨૭) **પ્રથમસંઘયણ**, (૨૮) **દુઃસ્વર**, (૨૯) **સુસ્વર** અને (૩૦) **શાતા કે અશાતા**માંથી કોઈપણ એક વેદનીય..... એ ૩૦ કર્મપ્રકૃતિનો ઉદયવિચ્છેદ થાય છે.

ઔદારિકશરીર વગેરે **૩૦** કર્મપ્રકૃતિમાંથી શાતા કે અશાતા સિવાયની **૨૯** કર્મપ્રકૃતિ પુદ્‌ગલવિપાકી છે. તેમાં પણ **સુસ્વર** અને **દુઃસ્વર** કર્મપ્રકૃતિ **ભાષારૂપ પુદ્‌ગલ વિપાકી** છે. તે કર્મના ફળનો અનુભવ વચનને થાય છે એટલે જ્યાં સુધી સ્વરનામકર્મનો ઉદય હોય ત્યાં સુધી જીવ ભાષાવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને ભાષારૂપે પરિણમાવીને બોલવાની ક્રિયા કરી શકે છે. જ્યારે સયોગીકેવલી ભગવંત વચનયોગને રોકે છે ત્યારે બોલવાની ક્રિયા અટકી જાય છે તે વખતે **સુસ્વર-દુઃસ્વર** નામકર્મનો ઉદય અટકી જાય છે.

શ્વાસોચ્છ્‌વાસ કર્મપ્રકૃતિ **શ્વાસોચ્છ્‌વાસપુદ્‌ગલવિપાકી** છે. જ્યાં સુધી શ્વાસોચ્છ્‌વાસ નામકર્મનો ઉદય હોય ત્યાં સુધી જીવ શ્વાસ-લેવા મૂકવાની ક્રિયા કરી શકે છે. જ્યારે સયોગીકેવલીભગવંત શ્વાસોચ્છ્‌વાસને રોકે છે ત્યારે શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા અટકી જાય છે. તે વખતે **શ્વાસોચ્છ્‌વાસ** નામકર્મનો ઉદય અટકી જાય છે.

ઔદારિકશરીર વગેરે **૨૬** પ્રકૃતિ **શરીરરૂપ પુદ્‌ગલ વિપાકી** છે. એટલે જ્યાં સુધી ઔદારિકશરીરાદિ-**૨૬** પ્રકૃતિનો ઉદય હોય ત્યાં સુધી જીવ તે તે પ્રકૃતિના ફળને અનુભવે છે જ્યારે સયોગીકેવલીભગવંત કાયયોગને રોકે છે ત્યારે શરીરાશ્રિત (શરીર સાથે સંબંધવાળા) ઔદારિકશરીરાદિ નામકર્મની **૨૬** પ્રકૃતિનો ઉદય અટકી જાય છે.

સયોગીકેવલી ગુણઠાણાના અંતે શાતા-અશાતામાંથી કોઈપણ એકનો ઉદયવિચ્છેદ થાય છે. કારણ કે સયોગીકેવલી ભગવંતને શાતા-અશાતાનો ઉદય પરાવર્તમાનપણે હોય છે. એટલે શાતા-અશાતા બન્ને વારાફરતી ઉદયમાં આવી શકે છે. પરંતુ યોગ નિરોધ કર્યા પછી શાતા-અશાતા વારાફરતી ઉદયમાં આવી શકતી નથી. એટલે શાતા-અશાતામાંથી, કોઈપણ એક જ ઉદયમાં આવતી હોવાથી, અયોગીગુણઠાણે શાતા-અશાતામાંથી કોઈપણ એક જ વેદનીયનો ઉદય હોય છે. એટલે સયોગીગુણઠાણાના અંતે બેમાંથી કોઈપણ એક વેદનીયનો ઉદયવિચ્છેદ કહ્યો છે.

સયોગીગુણઠાણે ઔદારિકશરીરાદિ-૩૦ કર્મપ્રકૃતિનો ઉદયવિચ્છેદ થવાથી ૪૨માંથી ૩૦ કર્મપ્રકૃતિ ઓછી કરતાં અયોગીગુણઠાણે ઉદયમાં **વેદ૦૧ + આયુ૦૧ + નામ૦૯ + ગો૦૧ = ૧૨** કર્મપ્રકૃતિ હોય છે.

અયોગીગુણઠાણાના ચરમસમય સુધી (૧) **શાતા** કે **અશાતા**માંથી એક વેદનીય, (૨) **મનુષ્યાયુષ્ય,** (૩) **મનુષ્યગતિ,** (૪) **પંચેન્દ્રિયજાતિ,** (૫) **જિનનામ,** (૬) **ત્રસ,** (૭) **બાદર,** (૮) **પર્યાપ્ત,** (૯) **સુભગ,** (૧૦) **આદેય,** (૧૧) **યશ** અને (૧૨) **ઉચ્ચગોત્ર** એ **૧૨** કર્મપ્રકૃતિનો ઉદય હોય છે. ત્યારપછીના સમયે અયોગીકેવળી અષ્ટકર્મથી રહિત થઈને મોક્ષમાં પહોંચી જાય છે. ત્યાં તેમને એકેય કર્મનો ઉદય હોતો નથી. એટલે અયોગી ગુણઠાણાના છેલ્લાસમયે **સુભગાદિ-૧૨** કર્મપ્રકૃતિનો ઉદય વિચ્છેદ કહ્યો છે

## ઉદયયંત્ર

| | ગુણસ્થાનક | કર્મ | જ્ઞા૦ | દ૦ | વે૦ | મો૦ | આ૦ | ના૦ | ગો૦ | અં૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | **ઓઘે** | ૮ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ | **૧૨૨** |
| ૧ | **મિથ્યાત્વ** | ૮ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ | **૧૧૭** |
| ૨ | **સાસ્વાદન** | ૮ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૫૯ | ૨ | ૫ | **૧૧૧** |
| ૩ | **મિશ્ર** | ૮ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૧ | ૨ | ૫ | **૧૦૦** |
| ૪ | **સમ્યક્ત્વ** | ૮ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૫ | ૨ | ૫ | **૧૦૪** |
| ૫ | **દેશવિરતિ** | ૮ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૪૪ | ૨ | ૫ | **૮૭** |
| ૬ | **પ્રમત્ત** | ૮ | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૪૪ | ૧ | ૫ | **૮૧** |
| ૭ | **અપ્રમત્ત** | ૮ | ૫ | ૬ | ૨ | ૧૪ | ૧ | ૪૨ | ૧ | ૫ | **૭૬** |
| ૮ | **અપૂર્વકરણ** | ૮ | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૩૯ | ૧ | ૫ | **૭૨** |
| ૯ | **અનિવૃત્તિકરણ** | ૮ | ૫ | ૬ | ૨ | ૭ | ૧ | ૩૯ | ૧ | ૫ | **૬૬** |
| ૧૦ | **સૂક્ષ્મસંપરાય** | ૮ | ૫ | ૬ | ૨ | ૧ | ૧ | ૩૯ | ૧ | ૫ | **૬૦** |
| ૧૧ | **ઉપશાંતમોહ** | ૭ | ૫ | ૬ | ૨ | ૦ | ૧ | ૩૯ | ૧ | ૫ | **૫૯** |
| ૧૨ | **ક્ષીણમોહ** | ૭ | ૫ | ૬/૪ | ૨ | ૦ | ૧ | ૩૭ | ૧ | ૫ | **૫૭/૫૫** |
| ૧૩ | **સયોગીકેવળી** | ૪ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૩૮ | ૧ | ૦ | **૪૨** |
| ૧૪ | **અયોગીકેવળી** | ૪ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૯ | ૧ | ૦ | **૧૨** |

# ગુણઠાણામાં ઉત્તરકર્મપ્રકૃતિનો ઉદય

| કર્મપ્રકૃતિ | ક્યાંથી ક્યાં સુધી ઉદયમાં હોય ? | કર્મપ્રકૃતિ | ક્યાંથી ક્યા સુધી ઉદયમાં હોય ? |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય-૫ | ૧ થી ૧૨ | પ્રથમસંઘયણ | ૧ થી ૧૩ |
| દર્શનાવરણીય-૪ | ૧ થી ૧૨ | બીજું-ત્રીજુંસંઘયણ | ૧ થી ૧૧ |
| નિદ્રાદ્વિક | ૧૨માના દ્વિચરમસમય | છેલ્લા ત્રણ સંઘયણ | ૧ થી ૭ |
| થિણદ્ધિત્રિક | ૧ થી ૬ | ૬ સંસ્થાન | ૧ થી ૧૩ |
| શાતા | ૧ થી ૧૩ કે ૧૪ | વર્ણચતુષ્ક | ૧ થી ૧૩ |
| અશાતા | ૧ થી ૧૩ કે ૧૪ | નરકાનુપૂર્વી | ૧લું, ૪થું |
| મિથ્યાત્વમોહનીય | ૧ લા, સુધી | તિર્યંચાનુપૂર્વી | ૧લું, ૨જું, ૪થું, |
| મિશ્રમોહનીય | ૩ જે, | મનુષ્યાનુપૂર્વી | ૧લું, ૨જું, ૪થું |
| સમ્યક્ત્વમોહનીય | ૪ થી ૭ | દેવાનુપૂર્વી | ૧લું, ૨જું, ૪થું |
| અનંતાનુબંધી | ૧થી ૨ | વિહાયોગતિદ્વિક | ૧ થી૧૩ |
| અપ્રત્યાખ્યાનીય | ૧ થી ૪ | આતપ | ૧લા, સુધી |
| પ્રત્યાખ્યાનીય | ૧ થી ૫ | ઉદ્યોત | ૧થી ૫ |
| સંજ્વલનક્રોધાદિ-૩ | ૧ થી ૯ | જિનનામ | ૧૩ અને ૧૪ |
| સંજ્વલનલોભ | ૧ થી૧૦ | નિર્માણ | ૧ થી ૧૩ |
| હાસ્યાદિ-૬ | ૧ થી ૮ | અગુરુલઘુચતુષ્ક | ૧ થી ૧૩ |
| વેદત્રિક | ૧ થી ૯ | ત્રસત્રિક | ૧ થી ૧૪ |
| નરકાયુ | ૧ થી ૪ | પ્રત્યેક | ૧ થી ૧૩ |
| તિર્યંચાયુ | ૧ થી ૫ | સ્થિરદ્વિક | ૧ થી ૧૩ |
| દેવાયુ | ૧ થી ૪ | સૂક્ષ્મત્રિક | ૧લા, સુધી |
| મનુષ્યાયુ | ૧ થી ૧૪ | સુભગ | ૧ થી ૧૪ |
| નરકગતિ | ૧ થી ૪ | સુસ્વર | ૧ થી ૧૩ |
| તિર્યંચગતિ | ૧ થી ૫ | આદેય-યશ | ૧ થી ૧૪ |
| દેવગતિ | ૧ થી ૪ | સ્થાવર | ૧ અને ૨ |
| મનુષ્યગતિ | ૧ થી ૧૪ | અસ્થિરદ્વિક | ૧થી ૧૩ |
| એકેન્દ્રિયાદિ-૪જાતિ | ૧ થી ૨ | દૌર્ભાગ્ય | ૧ થી ૪ |
| પંચેન્દ્રિયજાતિ | ૧ થી ૧૪ | દુઃસ્વર | ૧ થી ૧૩ |
| ઔદારિકદ્વિક | ૧ થી ૧૩ | અનાદેયદ્વિક | ૧ થી ૪ |
| વૈક્રિયદ્વિક | ૧ થી ૪ | નીચગોત્ર | ૧ થી ૫ |
| આહારકદ્વિક | ૬ઠ્ઠું, | ઉચ્ચગોત્ર | ૧ થી ૧૪ |
| તૈ૦શ૦, કા૦શ૦ | ૧ થી ૧૩ | દાનાન્તરાયાદિ-૫ | ૧ થી ૧૨ |

# ઉદીરણાવિધિ

**उदउव्वुदीरणा परमपमत्ताईसगगुणेसु ॥ २३॥**
**एसा पयडितिगुणा, वेयणिया-हार जुयलथीणतीगं ।**
**मणुयाउ पमत्तंता अजोगि अणुदीरगो भयवं ॥ २४॥**

उदयवदुदीरणा परमप्रमत्तादिसप्तगुणेषु ॥ २३॥
एषा प्रकृतित्रिकोना वेदनीया-हारकयुगलस्त्यानर्द्धित्रिकम् ।
मनुजायुः प्रमत्तान्ता अयोग्यनुदीरको भगवान् ॥ २४॥

**ગાથાર્થ :- ઉદયની જેમ ઉદીરણા જાણવી. પરંતુ અપ્રમત્તાદિ સાત ગુણઠાણામાં ઉદયથી ઉદીરણામાં ત્રણ પ્રકૃતિ ન્યૂન હોય છે. એટલે પ્રમત્તગુણઠાણાના અંતે બે વેદનીય, આહારકદ્વિક, થીણદ્ધિત્રિક અને મનુષ્યાયુની ઉદીરણાનો વિચ્છેદ થાય છે. તથા અયોગીકેવળી ભગવંત અનુદીરક હોય છે.**

**વિવેચન :-** જે ગુણસ્થાનકે જેટલી કર્મપ્રકૃતિનો ઉદય હોય, તે ગુણસ્થાનકે તેટલી કર્મપ્રકૃતિની ઉદીરણા હોય છે. એટલે કે,

૧લા ગુણઠાણે ઉદય-ઉદીરણામાં **૧૧૭** કર્મપ્રકૃતિ હોય છે.
૨જા ગુણઠાણે ઉદય-ઉદીરણામાં **૧૧૧** કર્મપ્રકૃતિ હોય છે.
૩જા ગુણઠાણે ઉદય-ઉદીરણામાં **૧૦૦** કર્મપ્રકૃતિ હોય છે.
૪થા ગુણઠાણે ઉદય-ઉદીરણામાં **૧૦૪** કર્મપ્રકૃતિ હોય છે.
**૫**મા ગુણઠાણે ઉદય-ઉદીરણામાં ૮૭ કર્મપ્રકૃતિ હોય છે.
૬ઠ્ઠા ગુણઠાણે ઉદય-ઉદીરણામાં ૮૧ કર્મપ્રકૃતિ હોય છે.

અપ્રમત્તાદિ-૭ ગુણઠાણે ઉદય-ઉદીરણાની સંખ્યા એક સરખી હોતી નથી. કારણકે પ્રમત્તગુણઠાણાના અંતે થીણદ્ધિત્રિક અને આહારકદ્વિકની ઉદય-ઉદીરણાનો અંત આવે છે. તેમજ અપ્રમત્તાદિ-૭ ગુણઠાણે વેદનીય અને મનુષ્યાયુની ઉદીરણાને યોગ્ય અધ્યવસાયો હોતા નથી. તેથી ત્યાં શાતા-અશાતા અને મનુષ્યાયુનો ઉદય હોય છે પણ ઉદીરણા હોતી નથી. એટલે પ્રમત્તગુણઠાણાના અંતે થીણદ્ધિત્રિકાદિ-**૫**નો ઉદયવિચ્છેદ થવાથી ૮૧માંથી **૫** કર્મપ્રકૃતિ ઓછી કરતાં અપ્રમત્તગુણઠાણે **૭૬** કર્મપ્રકૃતિનો

ઉદય હોય છે અને **૮૧**માંથી થીણદ્ધિત્રિકાદિ-૫, વેદનીય-૨ અને મનુષ્યાયુ- એ ૮ કર્મપ્રકૃતિ ઓછી કરતાં **૭૩** કર્મપ્રકૃતિની ઉદીરણા હોય છે. એ રીતે, આગળના ગુણઠાણે પણ ઉદીરણામાંથી ૩-૩ કર્મપ્રકૃતિ ઓછી કરવી.

**૭**મા ગુણઠાણે ઉદયમાં **૭૬** અને ઉદીરણામાં **૭૩** કર્મપ્રકૃતિ હોય છે.
**૮**મા ગુણઠાણે ઉદયમાં **૭૨** અને ઉદીરણામાં **૬૯** કર્મપ્રકૃતિ હોય છે.
**૯**મા ગુણઠાણે ઉદયમાં **૬૬** અને ઉદીરણામાં **૬૩** કર્મપ્રકૃતિ હોય છે.
**૧૦**મા ગુણઠાણે ઉદયમાં **૬૦** અને ઉદીરણામાં **૫૭** કર્મપ્રકૃતિ હોય છે.
**૧૧**મા ગુણઠાણે ઉદયમાં **૫૯** અને ઉદીરણામાં **૫૬** કર્મપ્રકૃતિ હોય છે.
**૧૨**મા ગુણઠાણે ઉદયમાં **૫૭** અને ઉદીરણામાં **૫૪** કર્મપ્રકૃતિ હોય છે.
**૧૩**મા ગુણઠાણે ઉદયમાં **૪૨** અને ઉદીરણામાં **૩૯** કર્મપ્રકૃતિ હોય છે.

**અયોગીગુણઠાણે ૧૨ કર્મપ્રકૃતિનો ઉદય હોય છે પણ અયોગી કેવળીભગવંત યોગથી રહિત હોવાથી કોઈપણ કર્મની ઉદીરણા કરતા નથી.** એટલે અયોગીગુણઠાણે કોઈપણ કર્મની ઉદીરણા હોતી નથી.

## ઉદીરણાયંત્ર

| | ગુણસ્થાનક | મૂળકર્મ | જ્ઞાના૦ | દર્શના૦ | વેદ૦ | મોહ૦ | આયુ૦ | નામ | ગોત્ર | અંત૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૮ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ | ૧૨૨ |
| ૧ | મિથ્યાત્વ | ૮ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ | ૧૧૭ |
| ૨ | સાસ્વાદન | ૮ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૫૯ | ૨ | ૫ | ૧૧૧ |
| ૩ | મિશ્ર | ૮ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૧ | ૨ | ૫ | ૧૦૦ |
| ૪ | અવિ૦-સમ્ય૦ | ૮ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૫ | ૨ | ૫ | ૧૦૪ |
| ૫ | દેશવિરતિ | ૮ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૪૪ | ૨ | ૫ | ૮૭ |
| ૬ | પ્રમત્તસંયત | ૮ | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૪૪ | ૧ | ૫ | ૮૧ |
| ૭ | અપ્રમત્તસંયત | ૬ | ૫ | ૬ | ૦ | ૧૪ | ૦ | ૪૨ | ૧ | ૫ | ૭૩ |
| ૮ | અપૂર્વકરણ | ૬ | ૫ | ૬ | ૦ | ૧૩ | ૦ | ૩૯ | ૧ | ૫ | ૬૯ |
| ૯ | અનિવૃત્તિબાદર | ૬ | ૫ | ૬ | ૦ | ૭ | ૦ | ૩૯ | ૧ | ૫ | ૬૩ |
| ૧૦ | સૂક્ષ્મસંપરાય | ૬ | ૫ | ૬ | ૦ | ૧ | ૦ | ૩૯ | ૧ | ૫ | ૫૭ |
| ૧૧ | ઉપશાંતમોહ | ૫ | ૫ | ૬ | ૦ | ૦ | ૦ | ૩૯ | ૧ | ૫ | ૫૬ |
| ૧૨ | ક્ષીણમોહ | ૫ | ૫ | ૬/૪ | ૦ | ૦ | ૦ | ૩૭ | ૧ | ૫ | ૫૪ |
| ૧૩ | સયોગીકેવળી | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૮ | ૧ | ૦ | ૩૯ |
| ૧૪ | અયોગીકેવળી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

## ગુણઠાણામાં ઉત્તરકર્મપ્રકૃતિની ઉદીરણા

| કર્મપ્રકૃતિ | ક્યાંથી ક્યાં સુધી ઉદીરણામાં હોય ? | કર્મપ્રકૃતિ | ક્યાંથી ક્યા સુધી ઉદીરણામાં હોય? |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય-૫ | ચરમાવલિકાન્યૂન ૧૨ | આહારકદ્વિક | ૬ઠ્ઠું |
| દર્શનાવરણીય-૪ | ચરમાવલિકન્યૂન ૧૨ | તૈ૦શ૦, કા૦શ૦ | ૧થી૧૩ |
| નિદ્રાદ્વિક | ચરમાવલિકાન્યૂન ૧૨ | પ્રથમ સંઘયણ | ૧થી૧૩ |
| થિણદ્ધિત્રિક | ૧થી૬ | બીજું-ત્રીજું સંઘયણ | ૧થી૧૧ |
| શાતા | ૧થી૬ | છેલ્લા ત્રણ સંઘયણ | ૧થી૭ |
| અશાતા | ૧થી૬ | ૬ સંસ્થાન | ૧થી૧૩ |
| મિથ્યાત્વમોહનીય | ૧ લા, સુધી | વર્ણચતુષ્ક | ૧થી૧૩ |
| મિશ્રમોહનીય | ૩ જું | નરકાનુપૂર્વી | ૧લું, ૪થું |
| સમ્યક્ત્વમોહનીય | ૪ થી ૭ | તિર્યાંચાનુપૂર્વી | ૧લું, ૨જું, ૪થું |
| અનંતાનુબંધી | ૧ થી ૨ | દેવાનુપૂર્વી | ૧લું, ૨જું, ૪થું |
| અપ્રત્યાખ્યાનીય | ૧ થી ૪ | મનુષ્યાનુપૂર્વી | ૧લું, ૨જું, ૪થું |
| પ્રત્યાખ્યાનીય | ૧ થી ૫ | વિહાયોગતિદ્વિક | ૧ થી ૧૩ |
| સંજ્વલન ક્રોધાદિ-૩ | ૧ થી ૯ | આતપ | ૧લા સુધી |
| સંજ્વલન લોભ | ચરમાવલિકાન્યૂન ૧૦ | ઉદ્યોત | ૧ થી ૫ |
| હાસ્યાદિ-૬ | ૧ થી ૮ | જિનનામ | ૧૩મું |
| વેદત્રિક | ૧ થી ૯ | નિર્માણ | ૧ થી ૧૩ |
| નરકાયુ | ૧ થી ૪ | અગુરુલઘુચતુષ્ક | ૧ થી ૧૩ |
| તિર્યંચાયુ | ૧ થી ૫ | ત્રસદશક | ૧ થી ૧૩ |
| દેવાયુ | ૧ થી ૪ | સ્થાવર | ૧ થી ૨ |
| મનુષ્યાયુ | ૧ થી ૬ | સૂક્ષ્મત્રિક | ૧ લા સુધી |
| નરકગતિ | ૧ થી ૪ | અસ્થિરદ્વિક | ૧ થી ૧૩ |
| તિર્યંચગતિ | ૧ થી ૫ | દૌર્ભાગ્ય | ૧ થી ૪ |
| દેવગતિ | ૧ થી ૪ | દુઃસ્વર | ૧ થી ૧૩ |
| મનુષ્યગતિ | ૧ થી ૧૩ | અનાદેયદ્વિક | ૧ થી ૪ |
| એકેન્દ્રિયાદિ-૪ જાતિ | ૧ થી ૨ | નીચગોત્ર | ૧ થી ૫ |
| પંચેન્દ્રિયજાતિ | ૧ થી ૧૩ | ઉચ્ચગોત્ર | ૧ થી ૧૩ |
| ઔદારિકદ્વિક | ૧ થી ૧૩ | દાનાંતરાયાદિ-૫ | ૧ થી ૧૨ |
| વૈક્રિયદ્વિક | ૧ થી ૪ | | |

# સત્તાવિધિ

સત્તાનું લક્ષણ અને સંભવસત્તા :-

**सत्ता कम्माण ठिई, बंधाइ लद्ध अत्त लाभाणं ।**
**संते अडयालसयं जा उवसमु विजिणु बिअ-तइए ॥ २५ ॥**

सत्ता कर्मणां स्थितिः, बंधादिलब्धात्मलाभानाम् ।
सति अष्टचत्वारिंशं शतं यावदुपशमं विजिनं द्वितीयतृतीययोः ॥ २५ ॥

**ગાથાર્થ :- બંધાદિવડે પ્રાપ્ત કર્યું છે સ્વસ્વરૂપ જેને એવા કર્મોનું આત્માની સાથે રહેવું, તે સત્તા કહેવાય. સત્તામાં ઉપશાંતમોહગુણઠાણા સુધી ૧૪૮ કર્મપ્રકૃતિ હોય છે પણ બીજા અને ત્રીજા ગુણસ્થાનકે જિનનામકર્મની સત્તા હોતી નથી.**

**વિવેચન :- આત્મલાભ = પોતાનું સ્વરૂપ.**

**જે કર્મોએ બંધાદિથી પોતાનું જે સ્વરૂપ પ્રાપ્ત કર્યું હોય, તે સ્વરૂપે, તે કર્મોનું આત્માની સાથે રહેવું, તે સત્તા કહેવાય.**

દા. ત. જે સમયે જીવ મિથ્યાત્વાદિ હેતુથી કાર્મણસ્કંધોને ગ્રહણ કરીને કર્મરૂપે પરિણમાવે છે, તે જ સમયે તેમાંથી કેટલાક કર્મપુદ્ગલો **મિથ્યાત્વ**મોહનીય તરીકે પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે. કેટલાક કર્મપુદ્ગલો **દેવગતિ** તરીકે પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે. કેટલાક કર્મપુદ્ગલો **શાતાવેદનીય** તરીકે પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે. એ રીતે, બંધથી જે કર્મપુદ્ગલોએ પોતાનું જે સ્વરૂપ પ્રાપ્ત કર્યું હોય, તે સ્વરૂપે, તે કર્મોનું આત્માની સાથે રહેવું, તે **સત્તા** કહેવાય.

બંધાદિમાં **"આદિ"** શબ્દથી **સંક્રમ** લેવો.

**એકનું અન્યમાં રૂપાંતર થવું, તે "સંક્રમ" કહેવાય.**

દા.ત. સત્તામાં રહેલા અશાતાના જે કર્મદલિકો બંધાતી શાતામાં પડીને, પોતાના દુઃખદાયક સ્વભાવને છોડીને, સુખદાયક સ્વભાવને પ્રાપ્ત કરે છે. તે અશાતાના કર્મદલિકો શાતારૂપે બને છે. તે વખતે તે કર્મપુદ્ગલોએ સંક્રમથી શાતારૂપે પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કર્યું કહેવાય. એ જ રીતે, નરકગતિના જે કર્મદલિકો તિર્યંચગતિમાં સંક્રમી જાય છે. તે કર્મદલિકો તિર્યંચગતિ સ્વરૂપે થઈ જાય છે. તે વખતે તે કર્મપુદ્ગલોએ સંક્રમથી તિર્યંચગતિરૂપે પોતાનું

સ્વરૂપ પ્રાપ્ત કર્યું કહેવાય. એ રીતે, સંક્રમથી જે કર્મપુદ્ગલો પોતાનું જે સ્વરૂપ પ્રાપ્ત કરે છે, તે સ્વરૂપે, તે કર્મોનું આત્માની સાથે રહેવું, તે પણ **સત્તા** કહેવાય. **ઓઘે** સત્તામાં **જ્ઞાના૦ ૫ + દર્શ૦૯ + વે૦૨ + મો૦૨૮ + આયુ૦૪ + નામ-૯૩**[1] **+ ગો૦૨ + અંત૦૫ = ૧૪૮** કર્મપ્રકૃતિ હોય છે.

સત્તા ૨ પ્રકારે છે. (૧) **સંભવસત્તા** (૨) **સદ્ભાવસત્તા.**

(૧) **સંભવસત્તા** :- વર્તમાનકાળમાં જે કર્મપ્રકૃતિ સત્તામાં ન હોય પરંતુ ભવિષ્યમાં જે કર્મપ્રકૃતિની સત્તા પ્રાપ્ત થવાની શક્યતા (સંભાવના) જણાતી હોય, તે કર્મપ્રકૃતિ સંભવસત્તામાં ગણાય છે.

દા.ત. જે જીવે નરકાયુષ્ય અને તિર્યંચાયુષ્ય બાંધેલું હોય, તે જીવ ઉપશમશ્રેણી માંડી શકતો નથી પણ જે જીવે નરકાયુષ્ય અને તિર્યંચાયુષ્ય બાંધેલું ન હોય, તે જીવ ઉપશમશ્રેણી માંડીને **૧૧**મા ગુણસ્થાનક સુધી જાય છે. ત્યાંથી પડીને મિથ્યાત્વે આવીને નરકાયુષ્ય કે તિર્યંચાયુષ્યને બાંધી શકે છે. એટલે ઉપશમશ્રેણીમાં ચઢતી વખતે નરકાયુષ્ય અને તિર્યંચાયુષ્યની સત્તા ન હોવા છતાં પણ ભવિષ્યમાં નરકાયુ અને તિર્યંચાયુની સત્તા પ્રાપ્ત થવાની શક્યતા (સંભાવના) હોવાથી, **૮** થી **૧૧** ગુણઠાણે નરકાયુ અને તિર્યંચાયુ સંભવસત્તામાં ગણાય છે. એટલે સંભવસત્તાની અપેક્ષાએ **૮** થી **૧૧** ગુણઠાણા સુધી **૧૪૮** પ્રકૃતિ સત્તામાં કહી છે.

| | |
|---|---|
| સંભવસત્તામાં, **૧**લે ગુણઠાણે | **૧૪૮** કર્મપ્રકૃતિ હોય છે. |
| **૨**જે, **૩**જે, ગુણઠાણે | **૧૪૭** કર્મપ્રકૃતિ હોય છે. |
| **૪** થી **૧૧** ગુણઠાણાસુધી | **૧૪૮** કર્મપ્રકૃતિ હોય છે. |

મિથ્યાત્વગુણઠાણે અંતર્મુહૂર્તકાળ સુધી જ જિનનામની સત્તા હોય છે. કારણ કે જે જીવે પહેલા નરકાયુષ્ય બાંધેલું હોય, તે વિશુદ્ધ અધ્યવસાયના વશથી ક્ષયોપશમસમ્યક્ત્વ પામીને, તીર્થંકર નામકર્મને બાંધે, તો તે જીવ સ્વાયુષ્યનો માત્ર અંતર્મુહૂર્તકાળ બાકી રહે ત્યારે સમ્યક્ત્વ વમીને મિથ્યાત્વે ચાલ્યો જાય છે. કારણ કે **જે લેશ્યાએ આયુષ્ય બાંધ્યું હોય, તે જ લેશ્યા**

---

૧. ગતિ-૪ + જા૦**૫** + શ૦**૫** + ઉ૦૩ + બંધન-**૫** + સંઘાતન-**૫** + સં૦૬ + સં૦૬ + વર્ણ-**૫** + ગંધ-૨ + રસ-**૫** + સ્પર્શ-૮ + આનુ૦૪ + વિહા૦૨ = **૬૫** + પ્ર૦૮ + ત્રસ-**૧૦** + સ્થાવર-**૧૦** = ૯૩

**મરણસમયે હાજર થઈ જાય છે** એટલે મરણસમયે સંક્લિષ્ટ અધ્યવસાય આવી જવાથી, તે જીવ **સમ્યક્ત્વ** વમીને મિથ્યાત્વે ચાલ્યો જાય છે અને મિથ્યાત્વગુણઠાણુ લઈને નરકગતિમાં ઉત્પન્ન થાય છે. પછી ત્યાં મિથ્યાત્વગુણઠાણેથી સમ્યક્ત્વગુણઠાણે આવી જાય છે. એટલે માત્ર અંતર્મુહૂર્તકાળ સુધી મિથ્યાત્વગુણઠાણે જિનનામકર્મની સત્તા હોય છે.

જિનનામની સત્તાવાળો જીવ તથાસ્વભાવે જ સાસ્વાદનગુણઠાણે અને મિશ્રગુણઠાણે જઈ શકતો નથી. એટલે સાસ્વાદનગુણઠાણે અને મિશ્રગુણઠાણે જિનનામકર્મની સત્તા હોતી નથી.

(૨) **સદ્ભાવસત્તા :-**

**જ્યારે જે કર્મ વિદ્યમાન હોય ત્યારે તે કર્મની સદ્ભાવસત્તા કહેવાય.** દા.ત. બદ્ધાયુષ્યવાળા મનુષ્યે ઉપશમશ્રેણી માંડી હોય, તો તેને દેવાયુષ્યકર્મની વિદ્યમાનતા હોવાથી, તેને દેવાયુષ્યકર્મની સદ્ભાવસત્તા કહેવાય છે.

૪ થી ૭ ગુણઠાણા સુધી સત્તામાં **૧૪૮** કર્મપ્રકૃતિ હોય છે. કારણ કે નરકાદિ ચારે આયુષ્યની સત્તાવાળા ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિજીવો અપ્રમત્તગુણઠાણા સુધી જ આવી શકે છે. ત્યાંથી આગળ જઈ શકતા નથી. એટલે **૪થી૭** ગુણઠાણા સુધી **૧૪૮**ની સત્તા હોય.

**૮ થી ૧૧** ગુણઠાણા સુધી **૧૪૮**ની સત્તા ઘટી શકતી નથી. કારણ કે જે જીવે **નરકાયુ** અને **તિર્યંચાયુ** બાંધેલું ન હોય અને અનંતાનુબંધીની **"વિસંયોજના**[૨]**"** કરી હોય, તે (**૨૪**ની સત્તાવાળો) જીવ ઉપશમશ્રેણી માંડી શકે એવો નિયમ હોવાથી, **૮ થી ૧૧** ગુણઠાણા સુધી અનંતા૦૪, નરકાયુ અને તિર્યંચાયુની સત્તા વિના **"૧૪૨"** ની સત્તા હોય છે.

કેટલાક આચાર્ય મ૦સા૦ના મતે **અનંતાનુબંધીની ઉપશમના કરીને, ઉપશમશ્રેણી માંડી શકાય છે.** તેમના મતે **૮**થી **૧૧** ગુણઠાણા સુધી નરકાયુ અને તિર્યંચાયુ વિના **૧૪૬**ની સત્તા હોય છે.

---

૨. જે કર્મપ્રકૃતિ નાશ પામ્યા પછી પણ નિમિત્ત મળતાં ફરી બંધાતી હોય, એવી કર્મપ્રકૃતિના ક્ષયને વિસંયોજના કહે છે. દા.ત. અનંતાનુબંધીકષાય નાશ પામ્યા પછી પણ મિથ્યાત્વના નિમિત્તે ફરી બંધાય છે. તેથી તે કર્મપ્રકૃતિના નાશને વિસંયોજના કહે છે.

(૧) **મિથ્યાદષ્ટિગુણઠાણે સત્તા :-**

જે જીવો મિથ્યાદષ્ટિગુણઠાણેથી ક્યારેય સાસ્વાદનાદિગુણઠાણે ગયા ન હોય, તે **"અનાદિમિથ્યાદષ્ટિ"** કહેવાય છે, તેને **મિશ્રમોહનીય, સ૦મો૦, જિનનામ** અને **આહારકચતુષ્ક** વિના **"૧૪૧"** કર્મપ્રકૃતિ સત્તામાં હોય છે. કારણકે ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થયા વિના મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયની સત્તા પ્રાપ્ત થતી નથી. અને જ્યાં સુધી સમ્યક્ત્વગુણઠાણુ અને અપ્રમત્તસંયતગુણઠાણુ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જિનનામ અને આહારકદ્વિક બંધાતું નથી એટલે અનાદિમિથ્યાદષ્ટિ જીવને જિનનામ અને આહારક-૪ની સત્તા પ્રાપ્ત થતી નથી.

જે જીવો ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી સમ્યક્ત્વાદિગુણઠાણેથી પડીને મિથ્યાત્વે આવેલા હોય, તે **"સાદિમિથ્યાદષ્ટિ"** કહેવાય. તેઓને સત્તામાં **"૧૪૮"** કર્મપ્રકૃતિ હોય છે.

(૨) **૪ થી ૭ ગુણઠાણે સત્તા :-**

ગ્રન્થિભેદજન્યઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર ઉપશમસમ્યગ્દષ્ટિને ૪ થી ૬ ગુણઠાણે આહારક-૪ વિના કુલ **"૧૪૪"** કર્મપ્રકૃતિ સત્તામાં હોય છે અને ૭મે ગુણઠાણે આહારકદ્વિક બંધાતું હોવાથી, સત્તામાં **"૧૪૮"** કર્મપ્રકૃતિ હોય છે.

ક્ષયોપશમસમ્યગ્દષ્ટિને **"૧૪૮"** કર્મપ્રકૃતિ સત્તામાં હોય છે. અને ક્ષાયિકસમ્યક્ત્વીને દર્શનસપ્તક વિના **"૧૪૧"** કર્મપ્રકૃતિ સત્તામાં હોય છે.

ઉપશમશ્રેણીમાં ૮ થી ૧૧ ગુણઠાણે સત્તા :-

**अपुव्वाइ चउक्के अण-तिरि-निरयाउ विणु बियालसयं ।**
**सम्माइचउसु सत्तगखयंमि इग चत्त सयमहवा ॥२६॥**

अपूर्वादिचतुष्के अनन्त-तिर्यङ्नरकायु र्विना द्विचत्वारिंशं शतम् ।
सम्यगादिचतुर्षु सप्तकक्षये एक चत्वारिंशं शतमथवा ॥२६॥

**ગાથાર્થ :- અપૂર્વકરણાદિ-૪ ગુણઠાણે સત્તામાં અનંતાનુબંધીચતુષ્ક, તિર્યંચાયુ અને નરકાયુ વિના ૧૪૨ કર્મપ્રકૃતિ સત્તામાં હોય છે અને અવિરતસમ્યક્ત્વાદિ-૪ ગુણઠાણે દર્શનસપ્તકનો ક્ષય કર્યા પછી ૧૪૧ કર્મપ્રકૃતિ સત્તામાં હોય છે. અથવા...**

**વિવેચન** :- અપ્રમત્તસંયમી ઉપશમશ્રેણી ત્રણ રીતે માંડી શકે છે. (૧) જે ક્ષયોપશમસમ્યગ્દષ્ટિ મનુષ્યે નરકાયુ અને તિર્યંચાયુ બાંધેલું ન હોય, પણ દેવાયુ બાંધેલું હોય, તે ૪ થી ૭ ગુણઠાણે અનંતાનુબંધીની વિસંયોજના કરીને, શ્રેણીગતઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરીને, ઉપશમશ્રેણી માંડે છે. તેને ૮ થી **૧૧** ગુણઠાણા સુધી સત્તામાં **નરકાયુ, તિર્યંચાયુ** અને **અનંતાનુબંધીચતુષ્ક** વિના, **જ્ઞા૦૫ + દર્શના૦૯ + વે૦૨ + મો૦૨૪ + આયુ૦૨ + નામ-૯૩ + ગોત્ર-૨ + અંત૦૫ = ૧૪૨** કર્મપ્રકૃતિ હોય છે.

(૨) કેટલાક આચાર્ય મ૦સા૦ના મતે જે ક્ષયોપશમસમ્યગ્દષ્ટિ જીવે **"અનંતાનુબંધીની ઉપશમના"** કરી હોય. તેમજ નરકાયુ અને તિર્યંચાયુ બાંધેલું ન હોય પણ વૈમાનિક દેવાયુ બાંધેલું હોય, તે ક્ષયોપશમ સમ્યગ્દષ્ટિ જ્યારે શ્રેણિગતઉપશમસમ્યક્ત્વને પ્રાપ્ત કરીને, ઉપશમશ્રેણી માંડે છે, ત્યારે તેને ૮ થી **૧૧** ગુણઠાણા સુધી સત્તામાં **નરકાયુ** અને **તિર્યંચાયુ** વિના **જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મો૦૨૮ + આયુ૦૨ + નામ-૯૩ + ગોત્ર-૨ + અંત૦૫ = ૧૪૬** કર્મપ્રકૃતિ હોય છે.

(૩) જેને વૈમાનિક દેવનું આયુષ્ય બાંધેલુ હોય એવો ક્ષપક ઉપશમશ્રેણી માંડે છે. ત્યારે તેને ૮ થી **૧૧** ગુણઠાણા સુધી સત્તામાં **જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૧ + આયુ૦૨ + નામ-૯૩ + ગો૦૨ + અંત૦૫ = ૧૩૯** કર્મપ્રકૃતિ હોય છે અને જે ક્ષાયિક- સમ્યક્ત્વી મનુષ્યે પરભવનું આયુષ્ય બાંધેલું ન હોય અને જિનનામ નિકાચિત ન કર્યું હોય, તે અવશ્ય ક્ષપકશ્રેણી માંડે છે.

ક્ષપકશ્રેણીમાં ૯માના ૧લા ભાગ સુધી સત્તા :-

**खवगं तु पप्प चउसुवि, पणयालं नरय-तिरि-सुराउ विणा ।**
**सत्तग विणु अडतीसं, जा अनियट्टि पढमभागो ॥ २७ ॥**

क्षपकं तु प्राप्य चतुर्ष्वपि पञ्चचत्वारिंशं नरक-तिर्यग्सुरायुर्विना ।
सप्तकं विना अष्टात्रिंशं यावद् अनिवृत्तिप्रथमभागः ॥ २७ ॥

ગાથાર્થ :- ક્ષપકને આશ્રયી અવિરતસમ્યક્ત્વાદિ-૪ ગુણઠાણે સત્તામાં નરકાયુષ્ય, તિર્યંચાયુષ્ય અને દેવાયુષ્ય વિના ૧૪૫ કર્મપ્રકૃતિ હોય છે અને દર્શનસપ્તક વિના ૧૩૮ કર્મપ્રકૃતિની સત્તા અનિવૃત્તિ-ગુણઠાણાના પ્રથમભાગ સુધી હોય છે.

**વિવેચન** :- જે જીવ સંપૂર્ણ કર્મનો ક્ષય કરીને, તે જ ભવમાં મોક્ષમાં જવાનો હોય, તે **"ક્ષપક"** કહેવાય. તેને તે જ ભવમાં મોક્ષમાં જવાનું હોવાથી, કોઈપણ આયુષ્ય બાંધતો નથી. તેથી તેને ૪ થી ૭ ગુણઠાણામાં જ્યાં સુધી દર્શનસપ્તકનો ક્ષય ન થાય ત્યાં સુધી દેવાયુ, તિર્યંચાયુ અને નરકાયુ વિના **"૧૪૫"** કર્મપ્રકૃતિ સત્તામાં હોય છે. તે જીવને જે સમયે[3] દર્શનસપ્તકનો ક્ષય થાય છે તે સમયથી માંડીને અનિવૃત્તિગુણઠાણાના પહેલાભાગ સુધી દેવાદિ-ત્રણ આયુષ્ય અને દર્શનસપ્તક વિના **"૧૩૮"** કર્મપ્રકૃતિ સત્તામાં હોય છે.

ક્ષપકશ્રેણીમાં ૯માના ૨ જાથી ૯મા ભાગ સુધી સત્તા :-

**थावर-तिरि-निरया-यवदुग-थीण तिगे-ग विगल-साहारं ।**
**सोलखओ दुवीससयं, बियंसि बिय-तियकसायंतो ॥ २८ ॥**
**तइयाइसु चउदस-तेर-बार-छ-पण-चउ-तिहिय सय कमसो ।**
**नपु-इत्थि-हासछग-पुंस-तुरिय कोह मय मायखओ ॥ २९ ॥**

स्थावर-तिर्यग्-नरका-तपद्विक-स्त्यानर्द्धित्रिकै-क-विकल-साधारणम् ।
षोडशक्षयो द्वाविंशं शतं द्वितीयांशे द्वितीय-तृतीयकषायान्तः ॥ २८ ॥
तृतीयादिषु-चतुर्दश-त्रयोदश द्वादश-षट्-पञ्च-चतुस्त्र्यधिक शतं क्रमशः ।
नपुंस्त्रीहास्यषट्कपुं-तुर्यक्रोध-मदमायाक्षयः ॥ २९ ॥

ગાથાર્થ : સ્થાવરદ્વિક, તિર્યંચદ્વિક, નરકદ્વિક, આતપદ્વિક, થીણદ્ધિત્રિક, એકેન્દ્રિયજાતિ, વિકલેન્દ્રિયજાતિ અને સાધારણ.... એ ૧૬ કર્મપ્રકૃતિનો ક્ષય થાય એટલે બીજા ભાગે સત્તામાં ૧૨૨ કર્મપ્રકૃતિ હોય છે. ત્યાં બીજા (અપ્રત્યાખ્યાનીય) અને ત્રીજા (પ્રત્યાખ્યાનીય) કષાયનો અંત થાય. એટલે ત્રીજા ભાગે સત્તામાં

૩. ચોથાગુણસ્થાનકથી માંડીને સાતમા ગુણસ્થાનક સુધીમાં જીવ કોઈપણ સમયે દર્શન સપ્તકનો ક્ષય કરી શકે છે.

૧૧૪ કર્મપ્રકૃતિ હોય છે. ત્યાં નપુંસકવેદનો અંત થાય છે. એટલે ચોથા ભાગે સત્તામાં ૧૧૩ કર્મપ્રકૃતિ હોય છે. ત્યાં સ્ત્રીવેદનો અંત થાય છે. એટલે પાંચમા ભાગે સત્તામાં ૧૧૨ કર્મપ્રકૃતિ હોય છે. ત્યાં હાસ્યષટ્કનો અંત થાય છે. એટલે છઠ્ઠાભાગે સત્તામાં ૧૦૬ કર્મપ્રકૃતિ હોય છે. ત્યાં પુરુષવેદનો ક્ષય થાય છે. એટલે સાતમા ભાગે સત્તામાં ૧૦૫ કર્મપ્રકૃતિ હોય છે. ત્યાં સંoક્રોધનો ક્ષય થાય છે. એટલે આઠમા ભાગે સત્તામાં ૧૦૪ કર્મપ્રકૃતિ હોય છે. ત્યાં સંoમાનનો ક્ષય થાય છે. એટલે નવમા ભાગે સત્તામાં ૧૦૩ કર્મપ્રકૃતિ હોય છે. ત્યાં સંoમાયાનો ક્ષય થાય છે.

**વિવેચન** :- ૯મા ગુણઠાણાના અંતર્મુહૂર્તના ૯ ભાગ કરવા. અસત્કલ્પનાથી....

**અનિવૃત્તિગુણઠાણાનું અંતર્મુહૂર્ત = ૪૫ સમય**

માનવામાં આવે તો.....

**૪૫** સમયમાંથી પાંચ-પાંચ સમયનો એક-એક ભાગ કરવાથી ૯ ભાગ થશે.

**પ્રથમભાગે ૧૩૮ની સત્તા :-**

અનિવૃત્તિગુણઠાણાના પ્રથમભાગ સુધી (પાંચમા સમય સુધી) સત્તામાં **જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૧ + આ૦૧ + ના૦૯૩ + ગો૦૨ + અંત૦૫** = **૧૩૮** કર્મપ્રકૃતિ હોય છે. તેમાંથી પહેલા ભાગના અંતે (પાંચમાસમયે) **સ્થાવરદ્વિક, તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, નરકગતિ, નરકાનુપૂર્વી, આતપ, ઉદ્યોત, થીણદ્ધિત્રિક, એકેન્દ્રિયજાતિ, વિકલેન્દ્રિયજાતિ** અને **સાધારણ....** એ **૧૬** કર્મપ્રકૃતિનો નાશ થાય છે.

અહીં નાશનો અર્થ "तत्र भाव उत्तरत्राभाव:" કરવો. એટલે જે સમયે જે કર્મપ્રકૃતિનો ક્ષય થાય છે તે સમયે તે કર્મપ્રકૃતિ સત્તામાં હોય છે પણ ત્યારપછીના સમયથી તે કર્મપ્રકૃતિ સત્તામાં હોતી નથી. એમ સમજવું. દા. ત. પહેલા ભાગના છેલ્લા સમય સુધી (પાંચમાસમય સુધી) સ્થાવરાદિ-**૧૬** કર્મપ્રકૃતિ સત્તામાં હોય છે. ત્યારપછીના (છઠ્ઠા) સમયથી સ્થાવરાદિ **૧૬** કર્મપ્રકૃતિ સત્તામાં હોતી નથી. એટલે બીજા ભાગે **૧૨૨** કર્મપ્રકૃતિ સત્તામાં હોય છે.

**બીજા ભાગે ૧૨૨ની સત્તા :-**

અનિવૃત્તિગુણઠાણાના **બીજાભાગે** (૬થી૧૦ સમય સુધી) સત્તામાં

જ્ઞા૦૫ + દ૦૬ + વે૦૨ + મો૦૨૧ + આ૦૧ + નામ-૮૦[૪] + ગો૦૨ + અંત૦૫ = **૧૨૨** કર્મપ્રકૃતિ હોય છે. તેમાંથી બીજા ભાગના અંતે (૧૦મા સમયે) **"અપ્રત્યાખ્યાનીયકષાય"** અને **"પ્રત્યાખ્યાનીયકષાય"** એ ૮નો ક્ષય થવાથી, ત્રીજા ભાગે સત્તામાં **૧૧૪** કર્મપ્રકૃતિ હોય છે.

**ત્રીજા ભાગે ૧૧૪ની સત્તા :-**

અનિવૃત્તિગુણઠાણાના **ત્રીજાભાગે** (**૧૧**થી **૧૫** સમય સુધી) સત્તામાં **જ્ઞા૦૫ + દ૦૬ + વે૦૨ + મો૦૧૩ + આ૦૧ + નામ-૮૦ + ગો૦૨ + અંત૦૫ = ૧૧૪** કર્મપ્રકૃતિ હોય છે. તેમાંથી ત્રીજા ભાગના અંતે (**૧૫**મા સમયે) **"નપુંસકવેદ"**નો ક્ષય થવાથી, ચોથા ભાગે સત્તામાં **૧૧૩** કર્મપ્રકૃતિ હોય છે.

**ચોથા ભાગે ૧૧૩ની સત્તા :-**

અનિવૃત્તિગુણઠાણાના **ચોથા ભાગે** (૧૬થી ૨૦ સમય સુધી) સત્તામાં **જ્ઞા૦૫ + દ૦૬ + વે૦૨ + મો૦૧૨ + આ૦૧ + નામ-૮૦ + ગો૦૨ + અંત૦૫ = ૧૧૩** કર્મપ્રકૃતિ હોય છે. તેમાંથી ચોથા ભાગના અંતે (૨૦ મા સમયે) **"સ્ત્રીવેદ"**નો ક્ષય થવાથી, પાંચમા ભાગે સત્તામાં **૧૧૨** કર્મપ્રકૃતિ હોય છે.

**પાંચમા ભાગે ૧૧૨ની સત્તા :-**

અનિવૃત્તિગુણઠાણાના **પાંચમા ભાગે** (૨૧થી **૨૫** સમય સુધી) સત્તામાં, **જ્ઞા૦૫ + દ૦૬ + વે૦૨ + મો૦૧૧ + આ૦૧ + નામ-૮૦ + ગો૦૨ + અંત૦૫ = ૧૧૨** કર્મપ્રકૃતિ હોય છે. તેમાંથી પાંચમા ભાગના અંતે (**૨૫**મા સમયે) **"હાસ્યાદિ-૬"**નો ક્ષય થવાથી, છઠ્ઠાભાગે સત્તામાં **૧૦૬** કર્મપ્રકૃતિ હોય છે.

**૬ઠ્ઠા ભાગે ૧૦૬ની સત્તા :-**

અનિવૃત્તિગુણઠાણાના **છઠ્ઠાભાગે** (૨૬થી ૩૦ સમય સુધી) સત્તામાં, **જ્ઞા૦૫ + દ૦૬ + વે૦૨ + મો૦૫ + આ૦૧ + નામ-૮૦ +**

---

૪. મનુ૦ગતિ + દેવગતિ + પંચે૦જાતિ + શ૦૫ + ઉ૦૩ + બં૦૫ + સંઘા૦૫ + સં૦૬ + સં૦૬ + વર્ણાદિ-૨૦ + આનુ૦૨ + વિહા૦૨ = ૫૭ + પ્ર૦૬ (ઉદ્યોત, આતપ વિના) + ત્રસ-૧૦ + અપર્યાપ્ત + અસ્થિરાદિ-૬ = ૮૦

ગો૦૨ + **અંત૦૫** = **૧૦૬** કર્મપ્રકૃતિ હોય છે. તેમાંથી છઠ્ઠાભાગના અંતે (૩૦મા સમયે) **"પુરુષવેદ"**નો ક્ષય થવાથી, સાતમા ભાગે સત્તામાં **૧૦૫** કર્મપ્રકૃતિ હોય છે.

**૭મા ભાગે ૧૦૫ની સત્તા :-**

અનિવૃત્તિગુણઠાણાના **સાતમા ભાગે** (**૩૧**થી **૩૫** સમય સુધી) સત્તામાં **જ્ઞા૦૫** + **દ૦૬** + **વે૦૨** + **મો૦૪** + **આ૦૧** + **નામ-૮૦** + **ગો૦૨** + **અંત૦૫** = **૧૦૫** કર્મપ્રકૃતિ હોય છે. તેમાંથી સાતમા ભાગના અંતે (**૩૫**મા સમયે) **"સં૦ક્રોધ"**નો ક્ષય થવાથી, **૮**મા ભાગે સત્તામાં **૧૦૪** કર્મપ્રકૃતિ હોય છે.

**૮મા ભાગે ૧૦૪ની સત્તા :-**

અનિવૃત્તિગુણઠાણાના **આઠમા ભાગે** (**૩૬** થી **૪૦** સમય સુધી) સત્તામાં, **જ્ઞા૦૫** + **દ૦૬** + **વે૦૨** + **મો૦૩** + **આ૦૧** + **નામ-૮૦** + **ગો૦૨** + **અંત૦૫** = **૧૦૪** કર્મપ્રકૃતિ હોય છે. તેમાંથી આઠમા ભાગના અંતે (**૪૦**મા સમયે) **"સં૦માન"**નો ક્ષય થવાથી, નવમા ભાગે સત્તામાં **૧૦૩** પ્રકૃતિ હોય છે.

**૯મા ભાગે ૧૦૩ની સત્તા :-**

અનિવૃત્તિગુણઠાણાના **નવમા ભાગે** (**૪૧**થી **૪૫** સમય સુધી) સત્તામાં, **જ્ઞા૦૫** + **દ૦૬** + **વે૦૨** + **મો૦૨** + **આ૦૧** + **નામ-૮૦** + **ગો૦૨** + **અંત૦૫** = **૧૦૩** કર્મપ્રકૃતિ હોય છે. તેમાંથી નવમા ભાગના અંતે (**૪૫**મા સમયે) **"સં૦માયા"**નો ક્ષય થવાથી, ૧૦મા ગુણઠાણે સત્તામાં **૧૦૨** કર્મપ્રકૃતિ રહે છે.

૧૦મા અને ૧૨મા ગુણઠાણે સત્તા :-

**सुहुमि दुसय लोहंतो, खीणदुचरिमेग सओ दुनिद्दखओ ।**
**नवनवइ चरमसमए, चउदंसण-नाण-विग्घंतो ॥ 30 ॥**

सूक्ष्मे द्विशतं लोभान्तः क्षीणद्विचरमे एकशतं द्विनिद्राक्षयः ।
नवनवतिश्चरमसमये चतुर्दर्शन-ज्ञान-विघ्नान्तः ॥ 30 ॥

**ગાથાર્થ :- સૂક્ષ્મસંપરાયગુણઠાણે સત્તામાં ૧૦૨ કર્મપ્રકૃતિ હોય છે. ત્યાં સં૦લોભનો અંત થાય છે. એટલે ક્ષીણમોહગુણઠાણાના દ્વિચરમ-**

સમય સુધી સત્તામાં ૧૦૧ કર્મપ્રકૃતિ હોય છે. ત્યાં નિદ્રાદ્વિકનો ક્ષય થાય છે. એટલે ક્ષીણમોહના છેલ્લા સમયે સત્તામાં ૯૯ કર્મપ્રકૃતિ હોય છે. ત્યાં ચાર દર્શનાવરણ, પાંચ જ્ઞાનાવરણ અને પાંચ અંતરાયનો ક્ષય થાય છે.

**વિવેચન** :- સૂક્ષ્મસંપરાયગુણઠાણે સત્તામાં, **જ્ઞા૦૫ + દ૦૬ + વે૦૨ + મો૦૧ + આયુ૦૧ + નામ-૮૦ + ગો૦૨ + અં૦૫ = ૧૦૨** કર્મપ્રકૃતિ હોય છે. તેમાંથી સૂક્ષ્મસંપરાયગુણઠાણાના છેલ્લા સમયે **"સં૦લોભ"**નો ક્ષય થાય છે. એટલે ક્ષીણમોહગુણઠાણે સત્તામાં **જ્ઞા૦૫ + દ૦૬ + વે૦૨ + આ૦૧ + નામ-૮૦ + ગો૦૨ + અં૦૫ = ૧૦૧** કર્મપ્રકૃતિ હોય છે. તેમાંથી ક્ષીણમોહગુણઠાણાના દ્વિચરમસમયે (છેલ્લેથી બીજાસમયે) **"નિદ્રા"** અને **"પ્રચલા"**નો ક્ષય થાય છે. એટલે ક્ષીણમોહગુણઠાણાના છેલ્લા સમયે સત્તામાં **જ્ઞા૦૫ + દર્શ૦૪ + વે૦૨ + આ૦૧ + ના૦૮૦ + ગો૦૨ + અં૦૫ =** ૯૯ કર્મપ્રકૃતિ હોય છે. તેમાંથી ક્ષીણમોહગુણઠાણાના છેલ્લા સમયે **જ્ઞાનાવરણીય-૫ દર્શનાવરણીય-૪** અને **અંતરાય-૫** એ ૧૪ કર્મપ્રકૃતિનો ક્ષય થાય છે. એટલે સયોગીગુણઠાણે સત્તામાં **૮૫** કર્મપ્રકૃતિ હોય છે.

૧૩મા, અને ૧૪મા ગુણઠાણે સત્તા :-

**पणसीइ सजोगि अजोगि दुचरिमे देव-खगइ-गंधदुगं ।**
**फासट्ठ-वन्न-रस-तणु-बंधण-संघाय पण निमिणं ॥ ३१ ॥**
**संघयण-अथिर-संठाण छक्क अगुरूलघुचउ अपज्जतं ॥**
**सायं व असायं वा परित्तुवंग-तिग सुसर-निअं ॥ ३२ ॥**

पञ्चाशीतिः सयोगिनि अयोगिनि द्विचरमे देव-खगति-गन्धद्विकम् ।
स्पर्शाष्टक-वर्ण-रस-तनु-बंधन-संघातपञ्चकं निर्माणम् ॥ ३१ ॥
संहनना-स्थिर-संस्थान षट्कं अगुरूलघुचतुष्कं अपर्याप्तम् ।
सातं वाऽसातं वा प्रत्येको-पाङ्गत्रिकं सुस्वर-नीचम् ॥ ३२ ॥

**ગાથાર્થ : સયોગીગુણઠાણે સત્તામાં ૮૫ કર્મપ્રકૃતિ હોય છે. અયોગી ગુણઠાણાના દ્વિચરમ સમયે** દેવદ્વિક, વિહાયોગતિદ્વિક, ગન્ધદ્વિક, **સ્પર્શ-૮, વર્ણ-૫, રસ-૫, શરીર-૫, બંધન-૫, સંઘાતન-૫, નિર્માણ, સંઘયણષટ્ક, અસ્થિરષટ્ક, સંસ્થાનષટ્ક, અગુરુલઘુચતુષ્ક, અપર્યાપ્ત,**

**શાતા અથવા અશાતા, પ્રત્યેકત્રિક, ઉપાંગત્રિક, સુસ્વર અને નીચગોત્ર..... એ-૭૨ કર્મપ્રકૃતિનો ક્ષય થાય છે.**

**વિવેચન** :- સયોગીગુણસ્થાનકથી માંડીને અયોગીગુણઠાણાના છેલ્લા બે સમય બાકી રહે, ત્યાં સુધી સત્તામાં **વે૦૨ + આ૦૧ + ના૦૮૦ + ગો૦૨ = ૮૫** કર્મપ્રકૃતિ હોય છે. તેમાંથી અયોગીગુણઠાણાના દ્વિચરમ સમયે (૧) **દેવગતિ**, (૨) **દેવાનુપૂર્વી** (૩) **શુભવિહાયોગતિ** (૪) **અશુભવિહાયોગતિ**, (૫) **સુગંધ**, (૬) **દુર્ગંધ**, (૭) **ગુરુ**, (૮) **લઘુ**, (૯) **મૃદુ**, (૧૦) **કર્કશ**, (૧૧) **શીત**, (૧૨) **ઉષ્ણ**, (૧૩) **સ્નિગ્ધ**, (૧૪) **રૂક્ષ**, (૧૫) **કૃષ્ણ**, (૧૬) **નીલ**, (૧૭) **રક્ત**, (૧૮) **પીત**, (૧૯) **શ્વેત**, (૨૦) **તિક્ત**, (૨૧) **કટુ**, (૨૨) **કષાય**, (૨૩) **આમ્લ**, (૨૪) **મધુર**, (૨૫) **ઔદારિકશરીર**, (૨૬) **વૈક્રિયશરીર**, (૨૭) **આહારકશરીર**, (૨૮) **તૈજસશરીર**, (૨૯) **કાર્મણશરીર**, (૩૦) **ઔદારિકબંધન**, (૩૧) **વૈક્રિયબંધન**, (૩૨) **આહારકબંધન**, (૩૩) **તૈજસબંધન**, (૩૪) **કાર્મણબંધન**, (૩૫) **ઔ૦સંઘાતન**, (૩૬) **વૈ૦સંઘાતન**, (૩૭) **આ૦સંઘાતન**, (૩૮) **તૈ૦સંઘાતન**, (૩૯) **કા૦સંઘાતન**, (૪૦) **નિર્માણ** (૪૧) **વજ્રૠષભનારાચ**, (૪૨) **ૠષભનારાચ**, (૪૩) **નારાચ**, (૪૪) **અર્ધનારાચ**, (૪૫) **કીલિકા**, (૪૬) **છેવટ્ઠું**, (૪૭) **અસ્થિર**, (૪૮) **અશુભ**, (૪૯) **દુર્ભગ**, (૫૦) **દુઃસ્વર**, (૫૧) **અનાદેય**, (૫૨) **અપયશ**, (૫૩) **સમચતુરસ્ર**, (૫૪) **ન્યગ્રોધ**, (૫૫) **સાદિ**, (૫૬) **વામન**, (૫૭) **કુબ્જ**, (૫૮) **હુંડક**, (૫૯) **અગુરુલઘુ**, (૬૦) **પરાઘાત**, (૬૧) **ઉપઘાત**, (૬૨) **શ્વાસોચ્છ્વાસ**, (૬૩) **અપર્યાપ્ત**, (૬૪) **શાતા** કે **અશાતામાંથી** એક, (૬૫) **પ્રત્યેક**, (૬૬) **સ્થિર**, (૬૭) **શુભ**, (૬૮) **ઔ૦અંગોપાંગ**, (૬૯) **વૈક્રિયઅંગોપાંગ**, (૭૦) **આહારકઅંગોપાંગ**, (૭૧) **સુસ્વર** અને (૭૨) **નીચગોત્ર**..... એ ૭૨ કર્મપ્રકૃતિનો ક્ષય થાય છે. એટલે અયોગીગુણઠાણાના છેલ્લા સમયે સત્તામાં **"૧૩"** કર્મપ્રકૃતિ હોય છે.

અયોગીગુણઠાણાના ચરમસમયે સત્તા :-

**बिसयरि खओ य चरिमे, तेरस मणुय-तसतिग-जसाइज्जं ।**
**सुभग-जिणुच्च-पणिंदिय-साया-सायेगयरच्छेओ ॥ ३३ ॥**

नरअणुपुव्वि विणावा, बारस चरिमसमयंमि जो खविउं ।
पत्तो सिद्धिं देविंद वंदियं नमह तं वीरं ॥ ३४ ॥
द्वासप्ततिक्षयश्च चरमे त्रयोदश मनुज-त्रसत्रिकं यश-आदेयम् ।
सुभग-जिनोच्च-पञ्चेन्द्रिय-सातासातैकतरच्छेदः ॥ ३३ ॥
नरानुपूर्वी विना वा द्वादश चरमसमये यः क्षपित्वा ॥
प्राप्तः सिद्धिं देवेन्द्रवन्दितं नमत तं वीरम् ॥ ३४ ॥

**ગાથાર્થ : (અયોગીગુણઠાણાના દ્વિચરમ સમયે) ૭૨ કર્મપ્રકૃતિનો ક્ષય થાય છે અને છેલ્લાસમયે મનુષ્યત્રિક, ત્રસત્રિક, યશ, આદેય, સુભગ, જિનનામ, ઉચ્ચગોત્ર, પંચેન્દ્રિય, શાતા-અશાતામાંથી એક વેદનીય.... એ ૧૩ કર્મપ્રકૃતિનો ક્ષય થાય છે. અથવા મનુષ્યાનુપૂર્વી વિના ૧૨ કર્મપ્રકૃતિનો અયોગીગુણઠાણાના છેલ્લા સમયે ક્ષય કરીને, મોક્ષને પામેલા અને દેવેન્દ્રવડે વંદન કરાયેલા એવા મહાવીરસ્વામીને નમસ્કાર થાઓ.....**

**વિવેચન** :- અયોગીગુણઠાણાના દ્વિચરમસમયે સત્તામાંથી દેવગતિ વગેરે **૭૨** કર્મપ્રકૃતિનો ક્ષય થાય છે અને અયોગીના છેલ્લા સમયે (૧) **મનુષ્યગતિ**, (૨) **મનુષ્યાનુપૂર્વી**, (૩) **મનુષ્યાયુ**, (૪) **ત્રસ**, (૫) **બાદર**, (૬) **પર્યાપ્ત**, (૭) **પંચેન્દ્રિયજાતિ**, (૮) **યશઃકીર્તિ**, (૯) **આદેય**, (૧૦) **સુભગ**, (૧૧) **જિનનામ**, (૧૨) **ઉચ્ચગોત્ર** અને (૧૩) **શાતા-અશાતા**માંથી એક વેદનીય..... એ **૧૩** કર્મપ્રકૃતિનો ક્ષય થાય છે.

કેટલાક આચાર્ય મહારાજ સાહેબ એમ માને છે કે, મનુષ્યાનુપૂર્વી ક્ષેત્રવિપાકી હોવાથી, તેનો ઉદય વિગ્રહગતિમાં જ હોય છે. ભવસ્થજીવોને આનુપૂર્વીનો ઉદય હોતો નથી. તેથી અયોગીગુણઠાણે મનુષ્યાનુપૂર્વી અનુદયવતી છે. એટલે **ચિત્રનં.૪૬**માં બતાવ્યા મુજબ અયોગીગુણઠાણાના છેલ્લા સમયે અનુદયવતી દેવગતિની જેમ અનુદયવતી મનુષ્યાનુપૂર્વીનું પણ ચરમનિષેકમાં રહેલું કર્મદલિક સજાતિય ઉદયવતી કર્મપ્રકૃતિમાં સ્તિબુકસંક્રમથી સંક્રમી જવાથી, તેની સ્વરૂપસત્તાનો નાશ થાય છે. એટલે અયોગીગુણઠાણાના ચરમસમયે મનુષ્યાનુપૂર્વીની સત્તા હોતી નથી. તેથી ચરમસમયે મનુષ્યગતિ વગેરે **૧૨** કર્મપ્રકૃતિ સત્તામાં હોય છે. એટલે અયોગીગુણઠાણાના દ્વિચરમસમયે ૭૩ કર્મપ્રકૃતિનો અને ચરમસમયે **૧૨** કર્મપ્રકૃતિનો ક્ષય થાય છે.

એ પ્રમાણે, **"સકલકર્મનો ક્ષય"** કરીને સિદ્ધિપદને પામેલા અને દેવના ઈન્દ્ર = **"દેવેન્દ્રવડે"** અથવા **"દેવેન્દ્રસૂરિમહારાજવડે"** વંદન કરાયેલા એવા **"મહાવીરસ્વામીને"** નમસ્કાર થાઓ...

## મિથ્યાદષ્ટિગુણઠાણે ઉત્તરપ્રકૃતિની સત્તા

| અનાદિમિથ્યાદષ્ટિની અપેક્ષાએ | જ્ઞા. | દ. | વે. | મો. | આ. | ના. | ગો. | અં. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અનેકજીવની અપેક્ષાએ. | ૫ | ૯ | ૨ | [૫]૨૬ | [૬]૪ | [૭]૮૮ | ૨ | ૫ | ૧૪૧ |
| બદ્ધાયુ એક જીવની અપેક્ષાએ. | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૮૮ | ૨ | ૫ | ૧૩૯ |
| અબદ્ધાયુ એક જીવની અપેક્ષાએ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૩૮ |

૫. મિથ્યાદષ્ટિગુણઠાણે સત્તામાં **જ્ઞા૦, દ૦, વે૦** અને **અં૦** કર્મમાં કાંઈ જ ફેરફાર થતો નથી. બાકીના **૪** કર્મમાં જ ફેરફાર થાય છે. મોહનીયકર્મમાં અનાદિ મિથ્યાદષ્ટિજીવને સત્તામાં **૨૬** હોય છે. અને સાદિમિથ્યાદષ્ટિ જીવને સત્તામાં **૨૮, ૨૭** કે **૨૬** હોય છે. અનાદિમિથ્યાદષ્ટિ જીવ જ્યારે ઉપશમસમ્યક્ત્વ પામે છે ત્યારે સત્તામાં **૨૮** હોય છે. પછી તે જીવ સમ્યક્ત્વેથી મિથ્યાત્વે ચાલ્યો જાય, તો મિથ્યાત્વગુણઠાણે સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની ઉદ્વલના શરૂ કરે છે. પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જાય ત્યારે સ૦મો૦ની સંપૂર્ણ ઉદ્વલના (નાશ) થઈ જવાથી સત્તામાં **૨૭** પ્રકૃતિ રહે છે. ત્યારબાદ પલ્યોપમનો બીજો અસંખ્યાતમો ભાગ જાય ત્યારે મિશ્રમોહનીયની સંપૂર્ણ ઉદ્વલના થઈ જવાથી સત્તામાં **૨૬** પ્રકૃતિ રહે છે.

૬. આયુષ્યકર્મની બાબતમાં અનાદિમિથ્યાદષ્ટિ કે સાદિમિથ્યાદષ્ટિ જીવો ચારે પ્રકારનું આયુષ્ય બાંધી શકતા હોવાથી, અનેકજીવની અપેક્ષાએ ચારે આયુષ્યની સત્તા ગણાય છે અને એક જીવની અપેક્ષાએ, જો પરભવાયુ બાંધેલુ હોય, તો બે આયુષ્યની સત્તા ગણાય છે અને જો પરભવાયુ બાંધેલુ ન હોય, તો એક જ આયુષ્યની સત્તા ગણાય છે.

અહીં ખાસ ધ્યાન રાખવું કે, જે જીવ મનુષ્ય હોય અને તેને જો પરભવાયુ મનુષ્યનું જ બાધ્યું હોય અને જે જીવ તિર્યંચ હોય અને તેને જો પરભવાયુ તિર્યંચનું જ બાંધ્યું હોય, તો તે સજાતિય હોવાથી બદ્ધાયુવાળો હોવા છતાં પણ તેને એક જ આયુષ્યની સત્તા ગણાય છે.

૭. **સત્તામાં રહેલી કર્મપ્રકૃતિના સમૂહને સત્તાસ્થાન કહે છે.** મિથ્યાત્વગુણઠાણે નામકર્મના **૯૩, ૯૨, ૮૯, ૮૮, ૮૬, ૮૦** અને **૭૮** એમ કુલ **૭** સત્તાસ્થાન હોય છે. કારણકે દરેક સમ્યગ્દષ્ટિ જીવો તીર્થંકરનામકર્મને અને અપ્રમત્તસંયમી આહારકદ્વિકને બાંધે જ એવો નિયમ નથી, કોઈક બાંધે અને કોઈક ન પણ બાંધે. એટલે (૧) જે જીવ તીર્થંકર-

## મિથ્યાદૃષ્ટિગુણઠાણે ઉત્તરપ્રકૃતિની સત્તા

| | સાદિમિથ્યાદૃષ્ટિની અપેક્ષાએ | જ્ઞા. | દ. | વે. | મો. | આ. | ના. | ગો. | અં. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અનેક જીવની અપેક્ષાએ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ | ૧૪૮ |
| ૨. | બદ્ધાયુ જીવની અપેક્ષાએ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | [૮]૯૨ | ૨ | ૫ | ૧૪૫ |
| ૩. | અબદ્ધાયુ જીવની એપક્ષાએ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૯૨ | ૨ | ૫ | ૧૪૪ |
| ૪. | બદ્ધાયુ આહારક ૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૮૯ | ૨ | ૫ | ૧૪૨ |
| ૫. | અબદ્ધાયુ આહારક ૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૮૯ | ૨ | ૫ | ૧૪૧ |
| ૬. | બદ્ધાયુ જિનનામ+આહા૦૪વિના | ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૮૮ | ૨ | ૫ | ૧૪૧ |
| ૭. | અબદ્ધાયુ જિન૦+આહા૦૪વિના | ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૪૦ |
| ૮. | બદ્ધાયુ સ૦મો૦ની ઉદ્વલના કર્યા પછી | ૫ | ૯ | ૨ | ૨૭[૯] | ૨ | ૮૮ | ૨ | ૫ | ૧૪૦ |
| ૯. | અબદ્ધાયુ સ૦મો૦ની ઉદ્વલના કર્યા પછી | ૫ | ૯ | ૨ | ૨૭ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૩૯ |
| ૧૦ | બદ્ધાયુ મિશ્રમો૦ની ઉદ્વલના કર્યા પછી | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૮૮ | ૨ | ૫ | ૧૩૯ |
| ૧૧ | અબદ્ધાયુ મિશ્રમો૦ની ઉદ્વલના કર્યા પછી | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૩૮ |
| ૧૨ | બદ્ધાયુ દેવદ્વિકની ઉદ્વલના કર્યા પછી | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૮૬[૧૦] | ૨ | ૫ | ૧૩૭ |
| ૧૩ | અબદ્ધાયુ દેવદ્વિકની ઉદ્વલના કર્યા પછી | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૮૬ | ૨ | ૫ | ૧૩૬ |
| ૧૪ | બદ્ધાયુ વૈ૦૮ની ઉદ્વલના કર્યા પછી | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૮૦ | ૨ | ૫ | ૧૩૧ |
| ૧૫ | અબદ્ધાયુ વૈ૦૮ની ઉદ્વલના કર્યા પછી | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૮૦ | ૨ | ૫ | ૧૩૦ |
| ૧૬ | ઉચ્ચગોત્રની ઉદ્વલના કર્યા પછી | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૮૦ | ૧ | ૫ | ૧૨૯ |
| ૧૭ | મનુષ્યદ્વિકની ઉદ્વલના કર્યા પછી | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૭૮ | ૧ | ૫ | ૧૨૭ |

નામકર્મ અને આહારકદ્વિકને બાંધે છે તે જીવને સત્તામાં નામકર્મની ૯૩ પ્રકૃતિ હોય છે. (૨) જે જીવ તીર્થંકરનામકર્મને બાંધતો નથી પણ આહારકદ્વિકને બાંધે છે તે જીવને સત્તામાં જિનનામ વિના નામકર્મની ૯૨ પ્રકૃતિ હોય છે. (૩) જે જીવ તીર્થંકરનામકર્મને બાંધે છે પણ આહારકદ્વિકને બાંધતો નથી. તે જીવને આહારકચતુષ્કવિના નામકર્મની ૮૯ પ્રકૃતિ સતામાં હોય છે. (૪) જે તીર્થંકરનામકર્મ અને આહારકદ્વિકને બાંધતો નથી. તે જીવને જિનનામ અને આહા૦૪ વિના નામકર્મની ૮૮ પ્રકૃતિ સત્તામાં હોય છે.

૮. જિનનામકર્મ અને આહારકચતુષ્કની સત્તાવાળો (૯૩ની સત્તાવાળો) જીવ મિથ્યાત્વે આવી શકતો નથી. તેથી મિથ્યાત્વગુણઠાણે એકજીવની અપેક્ષાએ સત્તામાં ૯૩ પ્રકૃતિ હોતી નથી પણ અનેક જીવની અપેક્ષાએ મિથ્યાત્વે સત્તામાં ૯૩ પ્રકૃતિ હોય છે.

૯. જે જીવો, જે અવસ્થામાં, જે કર્મપ્રકૃતિને બાંધી શકતા નથી. તે જીવો તે અવસ્થામાં ઘણો કાળ રહે, તો તે તે કર્મપ્રકૃતિની ઉદ્વલના (સત્તાનો નાશ) કરી નાંખે છે. એટલે

## સાસ્વાદનગુણઠાણે ઉત્તરપ્રકૃતિની સત્તા

| કયા જીવની અપેક્ષાએ | જ્ઞા. | દ. | વે. | મો. | આ. | ના. | ગો. | અં. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અનેક જીવની અપેક્ષાએ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | [૧૧]૯૨ | ૨ | ૫ | ૧૪૭ |
| બદ્ધાયુ એક જીવની અપેક્ષાએ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૯૨ | ૨ | ૫ | ૧૪૫ |
| અબદ્ધાયુ એક જીવની અપેક્ષાએ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૯૨ | ૨ | ૫ | ૧૪૪ |
| બદ્ધાયુ આહારક-૪વિના | ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૮૮ | ૨ | ૫ | ૧૪૧ |
| અબદ્ધાયુ આહારક-૪વિના. | ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૪૦ |

જે જીવે આહારકદ્વિક બાંધ્યું હોય, તે જીવ ત્યાંથી અવિરતિમાં આવી જાય, તો ત્યાં આહારકચતુષ્કની ઉદ્વલના શરૂ કરે છે. પછી જો તે મિથ્યાત્વે આવી જાય, તો ત્યાં સ૦મો૦ અને મિશ્રમો૦ની ઉદ્વલના શરૂ કરે છે. પણ સ૦મો૦ની સંપૂર્ણ ઉદ્વલના થયા પહેલા જ આહારકચતુષ્કની સંપૂર્ણ ઉદ્વલના (નાશ) થઈ જાય છે. એટલે તે જીવને જ્યારે સત્તામાં મોહનીયકર્મની **૨૭** પ્રકૃતિ હોય છે ત્યારે નામકર્મની (આ૦૪ વિના) ૮૮ જ કર્મપ્રકૃતિ હોય છે.

૧૦. જે જીવો પંચેન્દ્રિયમાંથી એકેન્દ્રિયમાં આવી જાય છે. તે જીવો ત્યાં વૈક્રિય-અષ્ટકની ઉદ્વલના શરૂ કરી દે છે. તેમાંથી સૌ પ્રથમ **દેવદ્વિક**ની ઉદ્વલના પૂર્ણ થાય છે. તે વખતે જીવને સત્તામાં નામકર્મની **૮૬** પ્રકૃતિ હોય છે. ત્યારપછી પલ્યોપમનો બીજો અસંખ્યાતમો ભાગ પૂર્ણ થાય ત્યારે **નરકદ્વિક** અને **વૈક્રિયચતુષ્ક**ની ઉદ્વલના પૂર્ણ થાય છે. તે વખતે તે જીવને સત્તામાં નામકર્મની **૮૦** પ્રકૃતિ હોય છે. ત્યારબાદ તે જીવ તેઉકાય અને વાઉકાયમાં જાય, તો ત્યાં મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્રની ઉદ્વલના શરૂ કરી દે છે. તેમાં સૌ પ્રથમ **ઉચ્ચગોત્ર**ની ઉદ્વલના પૂર્ણ થાય છે ત્યારપછી **મનુષ્યદ્વિક**ની ઉદ્વલના પૂર્ણ થાય છે જ્યારે મનુષ્યદ્વિક સંપૂર્ણ ઉવેલાઈ જાય છે. ત્યારે તેઉ-વાઉને સત્તામાં નામકર્મની **૭૮** પ્રકૃતિ હોય છે અને ગોત્રકર્મમાં માત્ર નીચગોત્રની સત્તા રહે છે.

૧૧. તીર્થંકરનામકર્મની સત્તાવાળો જીવ બીજે, ત્રીજે ગુણઠાણે આવી શકતો નથી. તેથી બીજા-ત્રીજા ગુણઠાણે તીર્થંકરનામકર્મની સત્તા હોતી નથી. જે જીવ આહારકદ્વિકને બાંધીને સાસ્વાદને આવ્યો હોય, તેને સત્તામાં નામકર્મની **૯૨** પ્રકૃતિ હોય છે અને જે જીવ આહારકદ્વિકને બાંધ્યા વિના સાસ્વાદનગુણઠાણે આવ્યો હોય, તેને સત્તામાં નામકર્મની ૮૮ પ્રકૃતિ હોય છે.

## મિશ્રદૃષ્ટિગુણઠાણે ઉત્તરપ્રકૃતિની સત્તા

| | કયા જીવની અપેક્ષાએ | જ્ઞા. | દ. | વે. | મો. | આ. | ના. | ગો. | અં. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અનેક જીવની અપેક્ષાએ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૨ | ૨ | ૫ | ૧૪૭ |
| ૨ | બદ્ધાયુ જીવની અપેક્ષાએ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૯૨ | ૨ | ૫ | ૧૪૫ |
| ૩ | અબદ્ધાયુ જીવની અપેક્ષાએ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૯૨ | ૨ | ૫ | ૧૪૪ |
| ૪ | બદ્ધાયુ અનંતા૦૪ વિના. | ૫ | ૯ | ૨ | ૨૪[૧૨] | ૨ | ૯૨ | ૨ | ૫ | ૧૪૧ |
| ૫ | અબદ્ધાયુ અનંતા૦૪ વિના. | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૯૨ | ૨ | ૫ | ૧૪૦ |
| ૬ | બદ્ધાયુ આહા૦૪ વિના. | ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૮૮[૧૩] | ૨ | ૫ | ૧૪૧ |
| ૭ | અબદ્ધાયુ આહા૦૪ વિના. | ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૪૦ |
| ૮ | બદ્ધાયુ અનં૦૪+આ૦૪ વિના. | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૮૮ | ૨ | ૫ | ૧૩૭ |
| ૯ | અબદ્ધાયુ અનં૦૪+આ૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૩૬ |
| ૧૦ | બદ્ધાયુસ૦મો૦ની ઉદ્વલના કર્યા પછી | ૫ | ૯ | ૨ | ૨૭ | ૨ | ૮૮ | ૨ | ૫ | ૧૪૦ |
| ૧૧ | અબદ્ધાયુસ૦મો૦ની ઉદ્વલના કર્યા પછી | ૫ | ૯ | ૨ | ૨૭ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૩૯ |

૧૨. મિશ્રદૃષ્ટિગુણઠાણે સત્તામાં મોહનીયકર્મની ૨૮, ૨૭ કે ૨૪ પ્રકૃતિ હોય છે. કેમકે (૧) જે જીવ ચોથે ગુણઠાણેથી ત્રીજે ગુણઠાણે આવે છે. તે જીવને સત્તામાં ૨૮ પ્રકૃતિ હોય છે. અને (૨) જે જીવ ચોથે ગુણઠાણેથી પહેલે ગુણઠાણે જઈને, ત્યાં સ૦મો૦ની સંપૂર્ણ ઉદ્વલના કર્યા પછી મિશ્રમોહનીયની ઉદ્વલના કરતાં કરતાં ત્રીજે આવી જાય છે તે જીવને ત્રીજે ગુણઠાણે સત્તામાં મોહનીયની ૨૭ પ્રકૃતિ જ હોય છે અને (૩) જે જીવ ૪ થી ૭ ગુણઠાણે અનંતા૦૪ની વિસંયોજના કરીને, ચોથે ગુણઠાણેથી ૩ જે ગુણઠાણે આવે છે, તે જીવને અનંતા૦૪ વિના ૨૪ પ્રકૃતિ સત્તામાં હોય છે.

## ઉપશમસમ્યક્ત્વીને ૪થી૭ ગુણઠાણે ઉત્તરપ્રકૃત્તિની સત્તા

| ઉપશમસમ્યગ્દૃષ્ટિની અપેક્ષાએ | જ્ઞા. | દ. | વે. | મો. | આ. | ના. | ગો. | અં. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અનેક જીવની અપેક્ષાએ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪[૧૪] | ૯૩ | ૨ | ૫ | ૧૪૮ |
| બદ્ધાયુ એકજીવની અપેક્ષાએ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૯૩ | ૨ | ૫ | ૧૪૬ |
| અબદ્ધાયુ એકજીવની અપેક્ષાએ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૯૩ | ૨ | ૫ | ૧૪૫ |
| બદ્ધાયુને જિનનામ વિના | ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૯૨ | ૨ | ૫ | ૧૪૫ |
| અબદ્ધાયુને જિનનામ વિના | ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૯૨ | ૨ | ૫ | ૧૪૪ |
| બદ્ધાયુને આહા૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૮૯ | ૨ | ૫ | ૧૪૨ |
| અબદ્ધાયુને આહા૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૮૯ | ૨ | ૫ | ૧૪૧ |
| બદ્ધાયુને જિનનામ+આહા૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૮૮ | ૨ | ૫ | ૧૪૧ |
| અબદ્ધાયુને જિનનામ+આહા૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૪૦ |

## ક્ષાયિકસમ્યક્ત્વીને ૪થી૭ ગુણઠાણે ઉત્તરપ્રકૃત્તિની સત્તા

| ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિની અપેક્ષાએ | જ્ઞા. | દ. | વે. | મો. | આ. | ના. | ગો. | અં. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અનેક જીવની અપેક્ષાએ | ૫ | ૯ | ૨ | ૨૧ | ૪[૧૫] | ૯૩ | ૨ | ૫ | ૧૪૧ |
| બદ્ધાયુ એકજીવની અપેક્ષાએ | ૫ | ૯ | ૨ | ૨૧ | ૨ | ૯૩ | ૨ | ૫ | ૧૩૯ |
| અબદ્ધાયુ એક જીવની અપેક્ષાએ | ૫ | ૯ | ૨ | ૨૧ | ૧ | ૯૩ | ૨ | ૫ | ૧૩૮ |
| બદ્ધાયુ જિનનામ વિના | ૫ | ૯ | ૨ | ૨૧ | ૨ | ૯૨ | ૨ | ૫ | ૧૩૮ |
| અબદ્ધાયુ જિનનામ વિના | ૫ | ૯ | ૨ | ૨૧ | ૧ | ૯૨ | ૨ | ૫ | ૧૩૭ |
| બદ્ધાયુ આહા૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૧ | ૨ | ૮૯ | ૨ | ૫ | ૧૩૫ |
| અબદ્ધાયુ આહા૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૧ | ૧ | ૮૯ | ૨ | ૫ | ૧૩૪ |
| બદ્ધાયુ જિન+આહા૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૧ | ૨ | ૮૮ | ૨ | ૫ | ૧૩૪ |
| અબદ્ધાયુ જિન+આહા૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૧ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૩૩ |

**૪ થી ૭ ગુણઠાણે ૧૪૭ વિના ૧૩૩ થી ૧૪૮ સુધીના કુલ ૧૫ સત્તાસ્થાનો છે.**

૧૩. અવિરતિમાં આહા૦૪ની સંપૂર્ણ ઉદ્વલના થયા પછી જ સ૦મો૦ની સંપૂર્ણ ઉદ્વલના થાય છે એટલે જે જીવ અપ્રમત્તગુણઠાણે આહારકદ્વિકને બાંધીને, ત્યાંથી પડતો પડતો ત્રીજે ગુણઠાણે આવી જાય છે, તેને સત્તામાં મોહનીયની-૨૮ અને નામકર્મની ૯૨ પ્રકૃતિ હોય છે અને જે જીવે આહારકદ્વિક બાંધેલું ન હોય, તે જીવ ત્રીજે ગુણઠાણે આવી જાય, તો તેને સત્તામાં મોહનીયની ૨૮ અને નામકર્મની ૮૮ પ્રકૃતિ હોય છે.

૧૪. સંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્તો ચારે આયુષ્યમાંનું કોઈપણ આયુષ્ય બાંધ્યા પછી તે આયુષ્યની સત્તા હોતે છતે ઉપશમસમ્યક્ત્વ અને ક્ષયોપશમસમ્યક્ત્વને પ્રાપ્ત કરી શકે છે. એટલે બદ્ધાયુઔપશમિક કે બદ્ધાયુક્ષાયોપશમિકને સત્તામાં બે આયુષ્ય હોય છે અને અબદ્ધાયુ ઉપશમસમ્યક્ત્વીને કે ક્ષયોપશમસમ્યક્ત્વીને સત્તામાં એક જ આયુષ્ય હોય છે, તેમજ અનેકજીવની અપેક્ષાએ ૪ આયુષ્યની સત્તા પણ ગણાય છે.

૧૫. કોઈપણ મનુષ્ય, દેવ-નરક કે યુગલિક તિર્યંચ-મનુષ્યનું આયુષ્ય બાંધ્યા પછી તે આયુષ્યની સત્તા હોતે છતે ક્ષાયિકસમ્યક્ત્વ પામી શકે છે. એટલે બદ્ધાયુ ક્ષાયિકસમ્યક્ત્વીને સત્તામાં બે આયુષ્ય હોય છે. અબદ્ધાયુ ક્ષાયિકસમ્યક્ત્વીને સત્તામાં એક જ આયુષ્ય હોય છે અને અનેક જીવની અપેક્ષાએ સત્તામાં ૪ આયુષ્ય પણ ગણાય છે.

૧૬. ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિને સત્તામાં **૨૮, ૨૪, ૨૩, ૨૨,** પ્રકૃતિ હોય છે. ક્ષયોપશમસમ્યક્ત્વી જ્યાં સુધી અનંતાનુબંધીનો ક્ષય ન કરે ત્યાં સુધી **૨૮**ની સત્તા હોય છે. અનંતાનુબંધી **૪** નો ક્ષય કર્યા પછી સત્તામાં **૨૪** હોય છે. ત્યારબાદ તે દર્શનત્રિકનો ક્ષય કરવાની શરૂઆત કરે છે ત્યારે સૌ પ્રથમ મિથ્યાત્વમોહનીયનો ક્ષય થાય છે, ત્યારે તેને સત્તામાં **૨૩** પ્રકૃતિ રહે છે. ત્યારપછી મિશ્રમોહનીયનો ક્ષય થાય છે ત્યારે તેને સત્તામાં **૨૨** પ્રકૃતિ રહે છે. પછી સ૦મો૦નો ક્ષય થાય છે ત્યારે તેને ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. એટલે ક્ષાયિકસમ્યક્ત્વીને સત્તામાં **૨૧** પ્રકૃતિ હોય છે.

# ક્ષયોપશમસમ્યક્ત્વીને ૪થી૭ ગુણઠાણે ઉત્તરપ્રકૃતિની સત્તા

| ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિની અપેક્ષાએ | | જ્ઞા. | દ. | વે. | મો. | આ. | ના. | ગો. | અં. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અનેકજીવની અપેક્ષાએ | ૫ | ૯ | ૨ | [૧૬] ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ | ૧૪૮ |
| ૨ | બદ્ધાયુ જીવની અપેક્ષાએ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૯૩ | ૨ | ૫ | ૧૪૬ |
| ૩ | અબદ્ધાયુ જીવની અપેક્ષાએ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૯૩ | ૨ | ૫ | ૧૪૫ |
| ૪ | બદ્ધાયુ જિનનામ વિના | ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૯૨ | ૨ | ૫ | ૧૪૫ |
| ૫ | અબદ્ધાયુ જિનનામ વિના | ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૯૨ | ૨ | ૫ | ૧૪૪ |
| ૬ | બદ્ધાયુ આહા૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૮૯ | ૨ | ૫ | ૧૪૨ |
| ૭ | અબદ્ધાયુ આહા૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૮૯ | ૨ | ૫ | ૧૪૧ |
| ૮ | બદ્ધાયુ જિનનામ+આહા૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૮૮ | ૨ | ૫ | ૧૪૧ |
| ૯ | અબદ્ધાયુ જિનનામ+આહા૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૪૦ |
| ૧૦ | અનંતાનુ૦૪ વિના અનેક જીવાશ્રિત | ૫ | ૯ | ૨ | ૨૪ | ૪ | ૯૩ | ૨ | ૫ | ૧૪૪ |
| ૧૧ | બદ્ધાયુ અનંતા૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૯૩ | ૨ | ૫ | ૧૪૨ |
| ૧૨ | અબદ્ધાયુ અનંતા૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૯૩ | ૨ | ૫ | ૧૪૧ |
| ૧૩ | બદ્ધાયુ અનં૦૪+જિનનામવિના | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૯૨ | ૨ | ૫ | ૧૪૧ |
| ૧૪ | અબદ્ધાયુ અનં૦૪+જિન૦વિના | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૯૨ | ૨ | ૫ | ૧૪૦ |
| ૧૫ | બદ્ધાયુ અનં૦૪+આહા૦૪વિના | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૮૯ | ૨ | ૫ | ૧૩૮ |
| ૧૬ | અબદ્ધાયુ અનં૦૪+આહા૦૪વિના | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૮૯ | ૨ | ૫ | ૧૩૭ |
| ૧૭ | બદ્ધાયુ અનં૦૪+જિન૦+આહા૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૮૮ | ૨ | ૫ | ૧૩૭ |
| ૧૮ | અબદ્ધાયુ અનં૦૪+જિન૦+આહા૦૪વિના | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૩૬ |
| ૧૯ | અનં૦૪+મિથ્યા૦વિના અનેકજીવને | ૫ | ૯ | ૨ | ૨૩ | ૪ | ૯૩ | ૨ | ૫ | ૧૪૩ |
| ૨૦ | બદ્ધાયુ અનં૦૪+મિ૦વિના | ૫ | ૯ | ૨ | ૨૩ | ૨ | ૯૩ | ૨ | ૫ | ૧૪૧ |
| ૨૧ | અબદ્ધાયુ અનં૦૪+મિ૦ વિના | ૫ | ૯ | ૨ | ૨૩ | ૧ | ૯૩ | ૨ | ૫ | ૧૪૦ |
| ૨૨ | બદ્ધાયુ અનં૦૪+મિ૦+જિનવિના | ૫ | ૯ | ૨ | ૨૩ | ૨ | ૯૨ | ૨ | ૫ | ૧૪૦ |
| ૨૩ | અબદ્ધાયુ અનં૦૪+મિ૦+જિનવિના | ૫ | ૯ | ૨ | ૨૩ | ૧ | ૯૨ | ૨ | ૫ | ૧૩૯ |
| ૨૪ | બદ્ધાયુ અનં૦૪+મિ૦+આ૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૩ | ૨ | ૮૯ | ૨ | ૫ | ૧૩૭ |
| ૨૫ | અબદ્ધાયુ અનં૦૪+મિ૦+આ૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૩ | ૧ | ૮૯ | ૨ | ૫ | ૧૩૬ |
| ૨૬ | બદ્ધાયુ અનં૦૪+મિ૦+જિન૦+આ૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૩ | ૨ | ૮૮ | ૨ | ૫ | ૧૩૬ |
| ૨૭ | અબદ્ધાયુઅનં૦૪+મિ૦+જિન૦+આ૦૪વિના | ૫ | ૯ | ૨ | ૨૩ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૩૫ |
| ૨૮ | અનં૦૪+મિ૦+મિશ્રવિના અનેકજીવાશ્રિત | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૯૩ | ૨ | ૫ | ૧૪૨ |
| ૨૯ | બદ્ધાયુ અનં૦૪+મિ૦+મિશ્રવિના | ૫ | ૯ | ૨ | ૨૨ | ૨ | ૯૩ | ૨ | ૫ | ૧૪૦ |
| ૩૦ | અબદ્ધાયુ અનં૦૪+મિ૦+મિશ્રવિના | ૫ | ૯ | ૨ | ૨૨ | ૧ | ૯૩ | ૨ | ૫ | ૧૩૯ |
| ૩૧ | બદ્ધાયુ અનં૦૪+મિ૦+મિશ્ર+જિન૦વિના | ૫ | ૯ | ૨ | ૨૨ | ૨ | ૯૨ | ૨ | ૫ | ૧૩૯ |
| ૩૨ | અબદ્ધાયુ અનં૦૪+મિ૦+મિશ્ર+જિન૦વિના | ૫ | ૯ | ૨ | ૨૨ | ૧ | ૯૨ | ૨ | ૫ | ૧૩૮ |
| ૩૩ | બદ્ધાયુ અનં૦૪+મિ૦+મિશ્ર+આ૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૨ | ૨ | ૮૯ | ૨ | ૫ | ૧૩૬ |
| ૩૪ | બદ્ધાયુઅનં૦૪+મિ૦+મિશ્ર૦+જિન૦+આ૦૪વિના | ૫ | ૯ | ૨ | ૨૨ | ૧ | ૮૯ | ૨ | ૫ | ૧૩૫ |
| ૩૫ | અબદ્ધાયુઅનં૦૪+મિ૦+મિશ્ર+જિન૦+આ૦૪વિના | ૫ | ૯ | ૨ | ૨૨ | ૨ | ૮૮ | ૨ | ૫ | ૧૩૫ |
| ૩૬ | અબદ્ધાયુ અનં૦૪+મિશ્ર+જિ૦+આ૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૨ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૩૪ |

## ઉપશમશ્રેણીમાં ૮થી૧૧ ગુણઠાણે ઉત્તરપ્રકૃત્તિની સત્તા

| | ઉપશમકની અપેક્ષાએ | જ્ઞા. | દ. | વે. | મો. | આ. | ના. | ગો. | અં. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | બદ્ધાયુ ઉપશમક | ૫ | ૯ | ૨ | ૨૮ | ૨[૧૭] | ૯૩ | ૨ | ૫ | ૧૪૬ |
| ૨ | અબદ્ધાયુ ઉપશમક | ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૯૩ | ૨ | ૫ | ૧૪૫ |
| ૩ | બદ્ધાયુ જિનનામ વિના | ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૯૨ | ૨ | ૫ | ૧૪૫ |
| ૪ | અબદ્ધાયુ જિનનામ વિના | ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૯૨ | ૨ | ૫ | ૧૪૪ |
| ૫ | બદ્ધાયુ આહા૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૮૯ | ૨ | ૫ | ૧૪૨ |
| ૬ | અબદ્ધાયુ આહા૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૮૯ | ૨ | ૫ | ૧૪૧ |
| ૭ | બદ્ધાયુજિનનામ+આહા૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૮ | ૨ | ૮૮ | ૨ | ૫ | ૧૪૧ |
| ૮ | અબદ્ધાયુ જિનનામ+આહા૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૪૦ |
| ૯ | બદ્ધાયુ ઉપશમક અનં૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૯૩ | ૨ | ૫ | ૧૪૨ |
| ૧૦ | અબદ્ધાયુ ઉપશમક અનં૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૯૩ | ૨ | ૫ | ૧૪૧ |
| ૧૧ | બદ્ધાયુ અનં૦૪+જિનનામવિના | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૯૨ | ૨ | ૫ | ૧૪૧ |
| ૧૨ | અબદ્ધાયુ અનં૦૪+જિનનામવિના | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૯૨ | ૨ | ૫ | ૧૪૦ |
| ૧૩ | બદ્ધાયુ અનં૦૪+આહા૦૪વિના | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૮૯ | ૨ | ૫ | ૧૩૮ |
| ૧૪ | અબદ્ધાયુ અનં૦૪+આહા૦૪વિના | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૮૯ | ૨ | ૫ | ૧૩૭ |
| ૧૫ | બદ્ધાયુ અનં૦૪+જિન૦+આ૦૪વિના | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૮૮ | ૨ | ૫ | ૧૩૭ |
| ૧૬ | અબદ્ધાયુ અનં૦૪+જિન૦+આ૦૪વિના | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૩૬ |

## ઉપશમશ્રેણીમાં ક્ષપકને ૮થી૧૧ ગુણઠાણે ઉત્તરપ્રકૃત્તિની સત્તા

| | ક્ષપકની અપેક્ષાએ | જ્ઞા. | દ. | વે. | મો. | આ. | ના. | ગો. | અં. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | બદ્ધાયુ ક્ષાયિક સમ્યક્ત્વીને | ૫ | ૯ | ૨ | ૨૧ | ૨ | ૯૩ | ૨ | ૫ | ૧૩૯ |
| ૨ | અબદ્ધાયુ ક્ષાયિક સમ્યક્ત્વીને | ૫ | ૯ | ૨ | ૨૧ | ૧ | ૯૩ | ૨ | ૫ | ૧૩૮ |
| ૩ | બદ્ધાયુને જિન૦વિના | ૫ | ૯ | ૨ | ૨૧ | ૨ | ૯૨ | ૨ | ૫ | ૧૩૮ |
| ૪ | અબદ્ધાયુને જિન૦વિના | ૫ | ૯ | ૨ | ૨૧ | ૧ | ૯૨ | ૨ | ૫ | ૧૩૭ |
| ૫ | બદ્ધાયુને આહા૦૪વિના | ૫ | ૯ | ૨ | ૨૧ | ૨ | ૮૯ | ૨ | ૫ | ૧૩૫ |
| ૬ | અબદ્ધાયુ આહા૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૧ | ૧ | ૮૯ | ૨ | ૫ | ૧૩૪ |
| ૭ | બદ્ધાયુ જિ૦+આ૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૧ | ૨ | ૮૮ | ૨ | ૫ | ૧૩૪ |
| ૮ | અબદ્ધાયુ જિ૦+આ૦૪ વિના | ૫ | ૯ | ૨ | ૨૧ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૩૩ |

૧૭. જે જીવે નરક કે તિર્યંચનું આયુષ્ય બાંધેલું હોય, તે જીવ ઉપશમશ્રેણી માંડી શકતો નથી પણ વૈમાનિકદેવાયુ બાંધેલુ હોય, તે જીવ ઉપશમશ્રેણી માંડી શકે છે. એટલે બદ્ધાયુને ઉપશમશ્રેણીમાં દેવાયુ અને મનુષ્યાયુ એ ૨ આયુષ્ય સત્તામાં હોય છે અને અબદ્ધાયુને માત્ર મનુષ્યાયુ જ સત્તામાં હોય છે.

## ક્ષપકશ્રેણીમાં ૮માથી ૯માના છઠ્ઠા ભાગ સુધી ઉત્તરપ્રકૃતિની સત્તા

| | ક્ષપકશ્રેણીમાં ક્ષપકને | જ્ઞા. | દ. | વે. | મો. | આ. | ના. | ગો. | અં. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ક્ષપકને | ૫ | ૯ | ૨ | ૨૧ | ૧ | ૯૩ | ૨ | ૫ | ૧૩૮ |
| ૨ | **જિનનામ** વિનાના ક્ષપકને | ૫ | ૯ | ૨ | ૨૧ | ૧ | ૯૨ | ૨ | ૫ | ૧૩૭ |
| ૩ | **આહા૦૪** વિનાના ક્ષપકને | ૫ | ૯ | ૨ | ૨૧ | ૧ | ૮૯ | ૨ | ૫ | ૧૩૪ |
| ૪ | **જિનનામ+આહા૦૪** વિનાના ક્ષપકને | ૫ | ૯ | ૨ | ૨૧ | ૧ | ૮૮ | ૨ | ૫ | ૧૩૩ |
| ૫ | **સ્થાવરાદિ-૧૬** વિના **બીજા ભાગે** | ૫ | ૬ | ૨ | ૨૧ | ૧ | ૮૦[૧૮] | ૨ | ૫ | ૧૨૨ |
| ૬ | **જિનનામ** વિના બીજા ભાગે | ૫ | ૬ | ૨ | ૨૧ | ૧ | ૭૯ | ૨ | ૫ | ૧૨૧ |
| ૭ | **આહા૦૪** વિના બીજા ભાગે | ૫ | ૬ | ૨ | ૨૧ | ૧ | ૭૬ | ૨ | ૫ | ૧૧૮ |
| ૮ | **જિનનામ+આ૦૪** વિના બીજાભાગે | ૫ | ૬ | ૨ | ૨૧ | ૧ | ૭૫ | ૨ | ૫ | ૧૧૭ |
| ૯ | **૮કષાય** વિના **ત્રીજા ભાગે** | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૮૦ | ૨ | ૫ | ૧૧૪ |
| ૧૦ | **જિનનામ** વિના ત્રીજા ભાગે | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૭૯ | ૨ | ૫ | ૧૧૩ |
| ૧૧ | **આહા૦૪** વિના ત્રીજા ભાગે | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૭૬ | ૨ | ૫ | ૧૧૦ |
| ૧૨ | **જિનનામ+આ૦૪** વિના ત્રીજાભાગે | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૭૫ | ૨ | ૫ | ૧૦૯ |
| ૧૩ | **નપુંસકવેદ** વિના **ચોથા ભાગે** | ૫ | ૬ | ૨ | ૧૨ | ૧ | ૮૦ | ૨ | ૫ | ૧૧૩ |
| ૧૪ | **જિનનામ** વિના ચોથા ભાગે | ૫ | ૬ | ૨ | ૧૨ | ૧ | ૭૯ | ૨ | ૫ | ૧૧૨ |
| ૧૫ | **આહા૦૪** વિના ચોથા ભાગે | ૫ | ૬ | ૨ | ૧૨ | ૧ | ૭૬ | ૨ | ૫ | ૧૦૯ |
| ૧૬ | **જિનનામ+આહા૦૪વિના** ચોથાભાગે | ૫ | ૬ | ૨ | ૧૨ | ૧ | ૭૫ | ૨ | ૫ | ૧૦૮ |
| ૧૭ | **સ્ત્રીવેદ** વિના **પાંચમા ભાગે** | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૮૦ | ૨ | ૫ | ૧૧૨ |
| ૧૮ | **જિનનામ** વિના પાંચમા ભાગે | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૭૯ | ૨ | ૫ | ૧૧૧ |
| ૧૯ | **આહા૦૪** વિના પાંચમા ભાગે | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૭૬ | ૨ | ૫ | ૧૦૮ |
| ૨૦ | **જિન+આહા૦૪** વિના પાંચમાભાગે | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૭૫ | ૨ | ૫ | ૧૦૭ |
| ૨૧ | **હાસ્યાદિ-૬** વિના **છઠ્ઠાભાગે** | ૫ | ૬ | ૨ | ૫ | ૧ | ૮૦ | ૨ | ૫ | ૧૦૬ |
| ૨૨ | **જિનનામ** વિના છઠ્ઠાભાગે | ૫ | ૬ | ૨ | ૫ | ૧ | ૭૯ | ૨ | ૫ | ૧૦૫ |
| ૨૩ | **આહા૦૪** વિના છઠ્ઠાભાગે | ૫ | ૬ | ૨ | ૫ | ૧ | ૭૬ | ૨ | ૫ | ૧૦૨ |
| ૨૪ | **જિનનામ+આહા૦૪** વિના છઠ્ઠાભાગે | ૫ | ૬ | ૨ | ૫ | ૧ | ૭૫ | ૨ | ૫ | ૧૦૧ |

૧૮. ૯મા ગુણઠાણે સ્થાવરાદિ-**૧૩** કર્મપ્રકૃતિંનો ક્ષય થયા પછી ૯૩માંથી **૧૩** બાદ કરતાં ૮૦ રહે છે. ૯૨માંથી **૧૩** બાદ કરતાં **૭૯** રહે છે. ૮૯માંથી **૧૩** બાદ કરતાં **૭૬** રહે છે. અને ૮૮માંથી **૧૩** બાદ કરતાં **૭૫** રહે છે. એટલે બીજા વગેરે ભાગે નામકર્મના ૮૦, ૭૯, ૭૬ અને **૭૫** એ ૪ સત્તાસ્થાન હોય છે.

## ૯મા ગુણઠાણે ૭થી૯ ભાગ સુધી ઉત્તરપ્રકૃતિની સત્તા

| | ક્ષપકશ્રેણીમાં | જ્ઞા. | દ. | વે. | મો. | આ. | ના. | ગો. | અં. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૫ | **પુરુષવેદ** વિના **૭મા ભાગે** | ૫ | ૬ | ૨ | ૪ | ૧ | ૮૦ | ૨ | ૫ | ૧૦૫ |
| ૨૬ | **જિનનામ** વિના ૭મા ભાગે | ૫ | ૬ | ૨ | ૪ | ૧ | ૭૯ | ૨ | ૫ | ૧૦૪ |
| ૨૭ | **આહા૦૪** વિના ૭મા ભાગે | ૫ | ૬ | ૨ | ૪ | ૧ | ૭૬ | ૨ | ૫ | ૧૦૧ |
| ૨૮ | **જિન+આ૦૪** વિના ૭મા ભાગે | ૫ | ૬ | ૨ | ૪ | ૧ | ૭૫ | ૨ | ૫ | ૧૦૦ |
| ૨૯ | **સં૦ ક્રોધ** વિના **૮મા ભાગે** | ૫ | ૬ | ૨ | ૩ | ૧ | ૮૦ | ૨ | ૫ | ૧૦૪ |
| ૩૦ | **જિનનામ** વિના ૮મા ભાગે | ૫ | ૬ | ૨ | ૩ | ૧ | ૭૯ | ૨ | ૫ | ૧૦૩ |
| ૩૧ | **આહા૦૪** વિના ૮મા ભાગે | ૫ | ૬ | ૨ | ૩ | ૧ | ૭૬ | ૨ | ૫ | ૧૦૦ |
| ૩૨ | **જિન+આ૦૪** વિના ૮મા ભાગે | ૫ | ૬ | ૨ | ૩ | ૧ | ૭૫ | ૨ | ૫ | ૯૯ |
| ૩૩ | **સં૦ માન** વિના **૯મા ભાગે** | ૫ | ૬ | ૨ | ૨ | ૧ | ૮૦ | ૨ | ૫ | ૧૦૩ |
| ૩૪ | **જિનનામ** વિના ૯મા ભાગે | ૫ | ૬ | ૨ | ૨ | ૧ | ૭૯ | ૨ | ૫ | ૧૦૨ |
| ૩૫ | **આહા૦૪** વિના ૯મા ભાગે | ૫ | ૬ | ૨ | ૨ | ૧ | ૭૬ | ૨ | ૫ | ૯૯ |
| ૩૬ | **જિનનામ+આ૦૪** વિના૯મા ભાગે | ૫ | ૬ | ૨ | ૨ | ૧ | ૭૫ | ૨ | ૫ | ૯૮ |

૯મા ગુણઠાણે ક્ષપકશ્રેણીમાં **૯૮, ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૦૮, ૧૦૯, ૧૧૦, ૧૧૧, ૧૧૨, ૧૧૩, ૧૧૪, ૧૧૭, ૧૧૮, ૧૨૧, ૧૨૨, ૧૩૩, ૧૩૪, ૧૩૭, ૧૩૮,** એમ કુલ **"૨૫"** સત્તાસ્થાનો હોય છે.

## ક્ષપકશ્રેણીમાં ૧૦મા ગુણઠાણે ઉત્તરપ્રકૃતિની સત્તા

| સૂક્ષ્મસંપરાયી ક્ષપકને | જ્ઞા. | દ. | વે. | મો. | આ. | ના. | ગો. | અં. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **સં૦ માયા** વિના | ૫ | ૬ | ૨ | ૧ | ૧ | ૮૦ | ૨ | ૫ | ૧૦૨ |
| **જિનનામ** વિના | ૫ | ૬ | ૨ | ૧ | ૧ | ૭૯ | ૨ | ૫ | ૧૦૧ |
| **આહા૦૪** વિના | ૫ | ૬ | ૨ | ૧ | ૧ | ૭૬ | ૨ | ૫ | ૯૮ |
| **જિનનામ + આહા૦૪** વિના | ૫ | ૬ | ૨ | ૧ | ૧ | ૭૫ | ૨ | ૫ | ૯૭ |

## ક્ષપકશ્રેણીમાં ૧૨મા ગુણઠાણે ઉત્તરપ્રકૃતિની સત્તા

| ક્ષીણમોહી ક્ષપકને | જ્ઞા. | દ. | વે. | મો. | આ. | ના. | ગો. | અં. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સં૦ લોભ વિના | ૫ | ૬ | ૨ | ૦ | ૧ | ૮૦ | ૨ | ૫ | ૧૦૧ |
| જિનનામ વિના | ૫ | ૬ | ૨ | ૦ | ૧ | ૭૯ | ૨ | ૫ | ૧૦૦ |
| આહા૦૪ વિના | ૫ | ૬ | ૨ | ૦ | ૧ | ૭૬ | ૨ | ૫ | ૯૭ |
| જિનનામ + આહા૦૪ વિના | ૫ | ૬ | ૨ | ૦ | ૧ | ૭૫ | ૨ | ૫ | ૯૬ |
| ૧૨માના ચરમસમયે નિદ્રાદ્વિક વિના | ૫ | ૪ | ૨ | ૦ | ૧ | ૮૦ | ૨ | ૫ | ૯૯ |
| જિનનામ વિના | ૫ | ૪ | ૨ | ૦ | ૧ | ૭૯ | ૨ | ૫ | ૯૮ |
| આહા૦૪ વિના | ૫ | ૪ | ૨ | ૦ | ૧ | ૭૬ | ૨ | ૫ | ૯૫ |
| જિનનામ + આહા૦૪ વિના | ૫ | ૪ | ૨ | ૦ | ૧ | ૭૫ | ૨ | ૫ | ૯૪ |

## ૧૩મા ગુણઠાણે ઉત્તરપ્રકૃતિની સત્તા

| સયોગીકેવળી ભગવંતને | વે૦ | આ૦ | ના૦ | ગો૦ | કુલ. |
|---|---|---|---|---|---|
| જ્ઞાના૦૫+દર્શના૦૪+અં૦૫=૧૪ વિના | ૨ | ૧ | ૮૦ | ૨ | ૮૫ |
| જિનનામ વિના | ૨ | ૧ | ૭૯ | ૨ | ૮૪ |
| આહા૦૪ વિના | ૨ | ૧ | ૭૬ | ૨ | ૮૧ |
| જિનનામ + આહા૦૪ વિના | ૨ | ૧ | ૭૫ | ૨ | ૮૦ |

## ૧૪મા ગુણઠાણે ઉત્તરપ્રકૃતિની સત્તા

| અયોગીકેવળી ભગવંતને | વે૦ | આ૦ | ના૦ | ગો૦ | કુલ. |
|---|---|---|---|---|---|
| અયોગીના દ્વિચરમ સમય સુધી | ૨ | ૧ | ૮૦ | ૨ | ૮૫ |
| જિનનામ વિના | ૨ | ૧ | ૭૯ | ૨ | ૮૪ |
| આહા૦૪ વિના | ૨ | ૧ | ૭૬ | ૨ | ૮૧ |
| જિનનામ + આહા૦૪ વિના | ૨ | ૧ | ૭૫ | ૨ | ૮૦ |
| છેલ્લા સમયે દેવગત્યાદિ ૭૩ વિના | ૧ | ૧ | ૯ | ૧ | ૧૨ |
| છેલ્લા સમયે ૭૩+જિનનામ=૭૪ વિના | ૧ | ૧ | ૮ | ૧ | ૧૧ |

## ગુણઠાણામાં ઉત્તરકર્મપ્રકૃતિનો બંધ, ઉદય, ઉદીરણા, અને સત્તા

| કર્મપ્રકૃતિનું નામ | ક્યાંથી ક્યાં સુધી બંધાય? | ક્યાં સુધી ઉદયમાં હોય? | ક્યાં સુધી ઉદીરણા થાય? | ક્યાં સુધી સત્તામાં હોય? |
|---|---|---|---|---|
| જ્ઞાનાવરણીય-૫ | ૧ થી ૧૦ | ૧ થી ૧૨ | ચરમાવલિકાન્યૂન-૧૨ | ૧ થી ૧૨ |
| દર્શનાવરણીય-૪ | ૧ થી ૧૦ | ૧ થી ૧૨ | ચરમાવલિકાન્યૂન-૧૨ | ૧ થી ૧૨ |
| નિદ્રાદ્વિક | ૧ થી ૮માનો પહેલો ભાગ | ૧૨માનો દ્વિચરમ સમય | ચરમાવલિકાન્યૂન-૧૨ | ૧૨માનો દ્વિચરમ સમય |
| થીણદ્ધિત્રિક | ૧ થી ૨ | ૧ થી ૬ | ૧ થી ૬ | ૯માનો પહેલો ભાગ[૧૯] |
| શાતા | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ કે ૧૪ | ૧ થી ૬ | ૧૪માનો દ્વિચરમસમય કે ૧૪મા સુધી |
| અશાતા | ૧ થી ૬ | ૧ થી ૧૩ કે ૧૪ | ૧ થી ૬ | ૧૪માનો દ્વિચરમસમય કે ૧૪મા સુધી |
| મિથ્યાત્વમોહનીય | ૧લા, સુધી | ૧લા, સુધી | ૧લા, સુધી | ૧ થી ૭ / ઉપશમકને ૧થી૧૧ |
| મિશ્રમોહનીય | – | ૩ જું | ૩ જું | ૧ થી ૭ / ઉપશમકને ૧થી૧૧ |
| સમ્યક્ત્વમોહનીય | – | ૪ થી ૭ | ૪ થી ૭ | ૧ થી ૭ / ઉપશમકને ૧થી૧૧ |
| અનંતાનુબંધી-૪ | ૧ થી ૨ | ૧ થી ૨ | ૧ થી ૨ | ૧ થી ૭ |
| અપ્રત્યાખ્યાનીય-૪ | ૧ થી ૪ | ૧ થી ૪ | ૧ થી ૪ | ૯માનો બીજો ભાગ |
| પ્રત્યાખ્યાનીય-૪ | ૧ થી ૫ | ૧ થી ૫ | ૧ થી ૫ | ૯માનો બીજો ભાગ |
| સંજ્વલનક્રોધ | ૧ થી ૯માનો બીજો ભાગ | ૧ થી ૯ | ૧ થી ૯ | ૯માનો સાતમો ભાગ |
| સંજ્વલન માન | ૧ થી ૯માનો ત્રીજો ભાગ | ૧ થી ૯ | ૧ થી ૯ | ૯માનો આઠમો ભાગ |
| સંજ્વલન માયા | ૧ થી ૯માનો ચોથો ભાગ | ૧ થી ૯ | ૧ થી ૯ | ૯માનો નવમો ભાગ |
| સંજ્વલન લોભ | ૧ થી ૯માનો પાંચમો ભાગ | ૧ થી ૧૦ | ચરમાવલિકાન્યૂન-૧૦ | ૧ થી ૧૦ |

૧૯. ક્ષપકશ્રેણીમાં ક્ષપકની અપેક્ષાએ સત્તા સમજવી.

| કર્મપ્રકૃતિનું નામ | ક્યાંથી ક્યાં સુધી બંધાય ? | ક્યાંથી ક્યાં સુધી ઉદયમાં હોય ? | ક્યાં સુધી ઉદીરણા થાય ? | ક્યાંથી ક્યાં સુધી સત્તામાં હોય ? |
|---|---|---|---|---|
| હાસ્ય-રતિ-ભય-જુગુપ્સા | ૧ થી ૮ | ૧ થી ૮ | ૧ થી ૮ | ૯માનો પાંચમો ભાગ |
| શોક-અરતિ | ૧ થી ૬ | ૧ થી ૮ | ૧ થી ૮ | ૯માનો પાંચમો ભાગ |
| નપુંસકવેદ | ૧લા, સુધી | ૧ થી ૯ | ૧ થી ૯ | ૯માનો ત્રીજો ભાગ |
| સ્ત્રીવેદ | ૧ થી ૨ | ૧ થી ૯ | ૧ થી ૯ | ૯માનો ચોથો ભાગ |
| પુરુષવેદ | ૧ થી ૯માનો પહેલો ભાગ | ૧ થી ૯ | ૧ થી ૯ | ૯માનો છઠ્ઠો ભાગ |
| નરકાયુ | ૧લા, સુધી | ૧ થી ૪ | ૧ થી ૪ | ૧ થી ૭ |
| દેવાયુ | ૩જા વિના ૧ થી ૭ | ૧ થી ૪ | ૧ થી ૪ | ૧ થી ૧૧ |
| તિર્યંચાયુ | ૧ થી ૨ | ૧ થી ૫ | ૧ થી ૫ | ૧ થી ૭ |
| મનુષ્યાયુ | ૩જા વિના ૧ થી ૪ | ૧ થી ૧૪ | ૧ થી ૬ | ૧ થી ૧૪ |
| મનુષ્યગતિ | ૧ થી ૪ | ૧ થી ૧૪ | ૧ થી ૧૩ | ૧ થી ૧૪ |
| તિર્યંચગતિ | ૧ થી ૨ | ૧ થી ૫ | ૧ થી ૫ | ૯માનો પહેલો ભાગ |
| દેવગતિ | ૧ થી ૮માનો છઠ્ઠો ભાગ | ૧ થી ૪ | ૧ થી ૪ | ૧૪માનો દ્વિચરસમય |
| નરકગતિ | ૧લા, સુધી | ૧ થી ૪ | ૧ થી ૪ | ૯માનો પહેલો ભાગ |
| એકેન્દ્રિયાદિ-૪ જાતિ | ૧લા, સુધી | ૧ થી ૨ | ૧ થી ૨ | ૯માનો પહેલો ભાગ |
| પંચેન્દ્રિયજાતિ | ૧ થી ૮માનો છઠ્ઠો ભાગ | ૧ થી ૧૪ | ૧ થી ૧૩ | ૧ થી ૧૪ |
| ઔદારિકદ્વિક | ૧ થી ૪ | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | ૧૪માનો દ્વિચરમસમય |
| ઔ૦ બં૦, ઔ૦ સં૦ | — | — | — | ૧૪માનો દ્વિચરમસમય |
| વૈક્રિયદ્વિક | ૧ થી ૮માનો છઠ્ઠો ભાગ | ૧ થી ૪ | ૧ થી ૪ | ૧૪માનો દ્વિચરમસમય |

| કર્મપ્રકૃતિનું નામ | ક્યાંથી ક્યાં સુધી બંધાય? | ક્યાંથી ક્યાં સુધી ઉદયમાં હોય ? | ક્યાં સુધી ઉદીરણા થાય ? | ક્યાંથી ક્યાં સુધી સત્તામાં હોય ? |
|---|---|---|---|---|
| વૈ૦ બં૦, વૈ૦ સં૦ | – | – | – | ૧૪માનો દ્વિચરમસમય |
| આહારકદ્વિક | ૭માથી ૮માનો છઠ્ઠો ભાગ | ૬ ઠ્ઠું | ૬ ઠ્ઠું | ૧૪માનો દ્વિચરમસમય |
| આ૦ બં૦, આ૦ સં૦ | – | – | – | ૧૪માનો દ્વિચરમસમય |
| કાર્મણશરીર, તૈજસશરીર | ૧થી ૮માનો છઠ્ઠો ભાગ | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | ૧૪માનો દ્વિચરમસમય |
| કા૦બં૦-સં૦,તૈ૦બં૦-સં૦ | – | – | – | ૧૪માનો દ્વિચરમસમય |
| પ્રથમ સંઘયણ | ૧ થી ૪ | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | ૧૪માનો દ્વિચરમસમય |
| બીજું-ત્રીજું સંઘયણ | ૧ થી ૨ | ૧ થી ૧૧ | ૧ થી ૧૧ | ૧૪માનો દ્વિચરમસમય |
| ચોથું-પાંચમું સંઘયણ | ૧ થી ૨ | ૧ થી ૭ | ૧ થી ૭ | ૧૪માનો દ્વિચરમસમય |
| છઠ્ઠું સંઘયણ | ૧લા, સુધી | ૧ થી ૭ | ૧ થી ૭ | ૧૪માનો દ્વિચરમસમય |
| પ્રથમ સંસ્થાન | ૧ થી ૮માનો છઠ્ઠો ભાગ | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | ૧૪માનો દ્વિચરમસમય |
| મધ્યમ-૪ સંસ્થાન | ૧ થી ૨ | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | ૧૪માનો દ્વિચરમસમય |
| હુંડક સંસ્થાન | ૧લા, સુધી | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | ૧૪માનો દ્વિચરમસમય |
| વર્ણાદિ-૨૦ | ૧ થી ૮માનો છઠ્ઠો ભાગ | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | ૧૪માનો દ્વિચરમસમય |
| મનુષ્યાનુપૂર્વી | ૧ થી ૪ | ૩જા વિના ૧ થી ૪ | ૩જા વિના ૧ થી ૪ | ૧ થી ૧૪ |
| તિર્યંચાનુપૂર્વી | ૧ થી ૨ | ૩જા વિના ૧ થી ૪ | ૩જા વિના ૧ થી ૪ | ૯માનો પહેલો ભાગ |
| દેવાનુપૂર્વી | ૧ થી ૮માનો છઠ્ઠો ભાગ | ૩જા વિના ૧ થી ૪ | ૩જા વિના ૧ થી ૪ | ૧૪માનો દ્વિચરમસમય |
| નરકાનુપૂર્વી | ૧લા, સુધી | ૧લું, ૪થું | ૧લું, ૪થું | ૯માનો પહેલો ભાગ |
| શુભવિહાયોગતિ | ૧ થી ૮માનો છઠ્ઠો ભાગ | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | ૧૪માનો દ્વિચરમસમય |
| અશુભ વિહાયોગતિ | ૧ થી ૨ | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | ૧૪માનો દ્વિચરમસમય |
| આતપ | ૧લા, સુધી | ૧લા, સુધી | ૧લા, સુધી | ૯માનો પહેલો ભાગ |

| કર્મપ્રકૃતિનું નામ | ક્યાંથી ક્યાં સુધી બંધાય? | ક્યાંથી ક્યાં સુધી ઉદયમાં હોય ? | ક્યાં સુધી ઉદીરણા થાય ? | ક્યાંથી ક્યાં સુધી સત્તામાં હોય ? |
|---|---|---|---|---|
| ઉદ્યોત | ૧ થી ૨ | ૧ થી ૫ | ૧ થી ૫ | ૯માનો પહેલો ભાગ |
| અગુરુલઘુચતુષ્ક | ૧ થી ૮માનો છઠ્ઠો ભાગ | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | ૧૪માનો દ્વિચરમ સમય |
| જિનનામ | ૪ થી ૮માનો છઠ્ઠો ભાગ | ૧૩ થી ૧૪ | ૧૩મે | બીજા-ત્રીજા વિના ૧થી૧૪ |
| નિર્માણ | ૧ થી ૮માનો છઠ્ઠો ભાગ | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | ૧૪માનો દ્વિચરમસમય |
| ત્રસત્રિક | ૧ થી ૮માનો છઠ્ઠો ભાગ | ૧ થી ૧૪ | ૧ થી ૧૩ | ૧ થી ૧૪ |
| પ્રત્યેકત્રિક | ૧ થી ૮માનો છઠ્ઠો ભાગ | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | ૧૪માનો દ્વિચરમસમય |
| સુભગ | ૧ થી ૮માનો છઠ્ઠો ભાગ | ૧ થી ૧૪ | ૧ થી ૧૩ | ૧ થી ૧૪ |
| સુસ્વર | ૧ થી ૮માનો છઠ્ઠો ભાગ | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | ૧૪માનો દ્વિચરમસમય |
| આદેય | ૧ થી ૮માના છઠ્ઠો ભાગ | ૧ થી ૧૪ | ૧ થી ૧૩ | ૧ થી ૧૪ |
| યશ | ૧ થી ૧૦ | ૧ થી ૧૪ | ૧ થી ૧૩ | ૧ થી ૧૪ |
| સ્થાવર | ૧લા, સુધી | ૧ થી ૨ | ૧ થી ૨ | ૯માનો પહેલો ભાગ |
| સૂક્ષ્મ | ૧લા, સુધી | ૧લા, સુધી | ૧લા, સુધી | ૯માનો પહેલો ભાગ |
| અપર્યાપ્ત | ૧લા, સુધી | ૧લા, સુધી | ૧લા, સુધી | ૧૪માનો દ્વિચરમસમય |
| સાધારણ | ૧લા, સુધી | ૧લા, સુધી | ૧લા, સુધી | ૯માનો પહેલો ભાગ |
| અસ્થિર-અશુભ | ૧ થી ૬ | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | ૧૪માનો દ્વિચરમસમય |
| દુર્ભગ | ૧ થી ૨ | ૧ થી ૪ | ૧ થી ૪ | ૧૪માનો દ્વિચરમસમય |
| દુઃસ્વર | ૧ થી ૨ | ૧ થી ૧૩ | ૧ થી ૧૩ | ૧૪માનો દ્વિચરમસમય |
| અનાદેય | ૧ થી ૨ | ૧ થી ૪ | ૧ થી ૪ | ૧૪માનો દ્વિચરમસમય |
| અયશઃકીર્તિ | ૧ થી ૬ | ૧ થી ૪ | ૧ થી ૪ | ૧૪માનો દ્વિચરમસમય |
| નીચગોત્ર | ૧ થી ૨ | ૧ થી ૫ | ૧ થી ૫ | ૧૪માનો દ્વિચરમસમય |
| ઉચ્ચગોત્ર | ૧ થી ૧૦ | ૧ થી ૧૪ | ૧ થી ૧૩ | ૧ થી ૧૪ |
| દાનાંતરાયાદિ-૫ | ૧ થી ૧૦ | ૧ થી ૧૨ | ચરમાવલિકાન્યૂન૧૨ | ૧ થી ૧૨ |

-: કર્મસ્તવનામદ્વિતીયકર્મગ્રન્થસમાપ્તઃ-

# પ્રશ્નોત્તરી

**પ્રશ્ન : (૧) કર્મવિપાક પછી કર્મસ્તવ કેમ કહ્યો ? પહેલા કર્મસ્તવ કહીને, પછી કર્મવિપાક કહે તો શું વાંધો?**

**જવાબ :-** અનાદિકાળથી સંસારસમુદ્રમાં પરિભ્રમણ કરી રહેલા જીવો દુઃખથી કંટાળી ગયેલા હોવાથી, દુઃખમુક્તિ અથવા શાશ્વતસુખની પ્રાપ્તિના ઉપાયો શોધતા જ હોય છે. એમાં પણ કર્મવિપાકથી જીવ કયા કયા કર્મોદ્વારા કેવા કેવા પ્રકારનાં દુઃખને અનુભવે છે. એ જાણ્યા કે સાંભળ્યા પછી સ્વાભાવિક જિજ્ઞાસા થાય કે કર્મક્ષયનો ઉપાય શું છે ? એટલે કર્મવિપાક પછી સકલકર્મક્ષયની વિધિને બતાવનારા કર્મસ્તવની આવશ્યકતા ઉભી રહે છે. એટલે શાસ્ત્રકારભગવંતોએ કર્મવિપાક પછી કર્મસ્તવ કહ્યો છે.

કર્મવિપાકથી બંધને યોગ્ય **૧૨૦**, ઉદય-ઉદીરણાને યોગ્ય-**૧૨૨** અને સત્તાને યોગ્ય **૧૪૮** કે **૧૫૮** કર્મપ્રકૃતિનું સ્વરૂપ જાણ્યા પછી કર્મસ્તવથી કયા ગુણઠાણે કેટલી કર્મપ્રકૃતિ બંધાય છે? કયા ગુણઠાણે કેટલી કર્મપ્રકૃતિની ઉદય-ઉદીરણા હોય છે? અને કયા ગુણઠાણે કેટલી પ્રકૃતિ સત્તામાં હોય છે એનો બોધ સહેલાઈથી થઈ શકે છે. એટલે ગ્રન્થકારભગવંતે સૌ પ્રથમ કર્મસ્તવ ન કહેતા કર્મવિપાક કહ્યો છે.

**પ્રશ્ન : (૨) પ્રસ્તુતગ્રન્થના નામની સાર્થકતા જણાવો.**

**જવાબ :-** આ ગ્રન્થમાં કયા ગુણઠાણે કઈ કઈ કર્મપ્રકૃતિનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાનો ક્ષય થાય છે? એ સકલકર્મક્ષયની વિધિ ગ્રન્થકાર ભગવંત જાણે મહાવીરસ્વામીના અપાયાપગમાતિશયગુણની સ્તુતિ (સ્તવના) કરતાં કરતાં આપણને ન બતાવી રહ્યા હોય! એ રીતે, ગ્રન્થની રચના કરી છે. એટલે આ ગ્રન્થનું નામ **"કર્મસ્તવ"** છે.

**પ્રશ્ન : (૩) ગ્રન્થની શરૂઆતમાં જ અનુબંધ ચતુષ્ટય કેમ કહ્યું ?**

**જબાબ :- અનુબંધ = હેતુ = કારણ.**

**અનુબંધચતુષ્ટય = ચાર કારણનો સમૂહ.**

ગ્રન્થરચનારૂપ કાર્યમાં કારણભૂત જે (૧) **વિષય**, (૨) **પ્રયોજન**, (૩) **સંબંધ** અને (૪) **અધિકારી** છે, તે અનુબંધચતુષ્ટય કહેવાય.

કોઈપણ વ્યક્તિ ગ્રન્થનો મુખ્ય વિષય શું છે ? એ જાણ્યા પછી આ ગ્રન્થનો અભ્યાસ કરવાથી મને શું લાભ થશે ? એવું વિચારે છે. કારણ કે કોઈપણ બુદ્ધિશાળી વ્યક્તિ વિષય ગમવા માત્રથી તેનો અભ્યાસ શરૂ કરતી નથી. પણ એ અભ્યાસ કરવાથી કાંઈક લાભ થશે એવું લાગે, તો જ અભ્યાસ શરૂ કરે છે. એટલે વિષય પછી પ્રયોજન બતાવવાની જરૂર રહે છે.

વિષય અને પ્રયોજન જાણ્યા પછી પણ સંબંધને જાણવાની આવશ્યકતા રહે છે. કારણ કે જેમ ઘટશબ્દ અને ઘટવસ્તુ વચ્ચે વાચ્યવાચકભાવસંબંધ ન હોય, તો ઘટશબ્દદ્વારા ઘટવસ્તુનું જ્ઞાન થતું નથી તેમ ગ્રન્થ અને વિષય વચ્ચે જો વાચ્યવાચકભાવ સંબંધ ન હોય, તો તે ગ્રન્થથી તે વિષયનું જ્ઞાન ન થાય. એટલે પ્રયોજન પછી સંબંધની પણ આવશ્યકતા રહે છે.

વિષય, પ્રયોજન અને સંબંધ જાણ્યા પછી પણ આ ગ્રન્થ ભણવાની મારામાં યોગ્યતા છે કે નહીં ? એવું દરેક વ્યક્તિ વિચારે છે. એટલે અધિકારિતાની પણ આવશ્યક્તા રહે છે.

એ રીતે., કોઈપણ વ્યક્તિ વિષયાદિ-૪ ને જાણ્યા વિના અભ્યાસમાં પ્રવૃત્તિ કરતી નથી એટલે ગ્રન્થકારભગવંતે ગ્રન્થની શરૂઆતમાં જ વિષયાદિ અનુબંધચતુષ્ટ્ય કહ્યું છે.

**પ્રશ્ન : (૪) ગુણસ્થાનકની સંખ્યા ચૌદ જ કેમ ? ન્યૂનાધિક કેમ નહીં?**

**જવાબ :-** જ્ઞાનાદિગુણોના વિકાસને જણાવનારી જુદા જુદા પ્રકારની આત્મિક અંવસ્થાઓ અસંખ્યપ્રકારે હોવાથી ગુણસ્થાનક અસંખ્યપ્રકારે થાય. પણ મહાપુરુષોએ તે સર્વેનું વર્ગીકરણ કરીને, મિથ્યાદર્શનાદિ કાર્યની અપેક્ષાએ તે સર્વેનો ૧૪ વિભાગમાં સમાવેશ કરી આપ્યો છે. તેથી ગુણસ્થાનકની સંખ્યા ચૌદ જ કહી છે.

જેમકે, એક પાઠશાળામાં ૧૪૦૦ વિદ્યાર્થી અભ્યાસ કરી રહ્યા છે. તેમાંથી ૧૦૦ વિદ્યાર્થી જીવવિચાર, ૧૦૦ વિદ્યાર્થી નવતત્ત્વ, ૧૦૦ વિદ્યાર્થી કર્મવિપાક ભણી રહ્યા છે. એ રીતે, ૧૦૦-૧૦૦ વિદ્યાર્થીઓ અલગ અલગ વિષય કરતા હોવાથી, જીવવિચારાદિ વિષયની અપેક્ષાએ ૧૦૦-૧૦૦ વિદ્યાર્થીનો એક એક વર્ગ (વિભાગ) કરવાથી કુલ ૧૪૦૦ વિદ્યાર્થીનો ૧૪ વર્ગ (વિભાગ)માં સમાવેશ થઈ જાય છે. એ રીતે, અહીં અસંખ્યગુણસ્થાનકમાંથી કેટલાક મિથ્યાદર્શનવાળા છે. તે સર્વેનો એક વિભાગ

(વર્ગ)..... કેટલાક યત્કિંચિત્ સમ્યક્ત્વનો અનુભવ કરનારા છે. તે સર્વેનો બીજો વિભાગ (વર્ગ).... અને કેટલાક મિશ્રદર્શનવાળા છે. તે સર્વેનો ત્રીજો વિભાગ (વર્ગ).... એ રીતે, મિથ્યાદર્શનાદિ કાર્યની અપેક્ષાએ અસંખ્યગુણસ્થાનકનો ૧૪ વિભાગમાં સમાવેશ થઈ જતો હોવાથી, શાસ્ત્રકારભગવંતોએ ગુણસ્થાનકની સંખ્યા કુલ ચૌદ જ કહી છે. ન્યૂનાધિક નથી કહી.

## મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનક

**પ્રશ્ન : (૫) મિથ્યાદૃષ્ટિને ગુણસ્થાનક કેમ કહો છો ? કારણકે મિથ્યાત્વ એ દોષ છે. ગુણ અને દોષ એ પ્રકાશ અને અંધકારની જેમ પરસ્પરવિરૂદ્ધ હોવાથી ગુણની સાથે દોષ કેવી રીતે રહી શકે ?**

**જવાબ :-** મિથ્યાદૃષ્ટિ જીવો ૨ પ્રકારે છે. (૧) ગાઢમિથ્યાદૃષ્ટિ અને (૨) મંદમિથ્યાદૃષ્ટિ.... તેમાંથી ગાઢમિથ્યાદૃષ્ટિ જીવોમાં માધ્યસ્થ્યાદિ સદ્ગુણોનો સર્વથા અભાવ છે તો પણ તેઓનો કોઈક ગુણસ્થાનકમાં અવશ્ય સમાવેશ કરવો પડે છે. એટલે તે જીવો હાલમાં મિથ્યાત્વદશાનો અનુભવ કરી રહ્યાં હોવાથી મિથ્યાત્વરૂપ નામની સામ્યતાને લઈને તે જીવોનો મિથ્યાત્વગુણઠાણામાં સમાવેશ કર્યો છે.

જેમ સૂર્યના કિરણો અત્યંત ગાઢ વાદળથી ઢંકાયેલા હોવા છતાં પણ દિવસ અને રાત્રીનું સ્પષ્ટ જ્ઞાન થાય છે. તેમ અત્યંત પ્રબલ મિથ્યાત્વમોહનીયનો ઉદય હોવા છતાં પણ સર્વજીવોને અક્ષરનો (કેવલજ્ઞાનનો) અનંતમો ભાગ હંમેશા ખુલ્લો હોય છે. નંદીસૂત્રમાં કહ્યું છે કે, **सव्व जीयाणं पि य णं अक्खस्स अणंतभागो निच्चुग्धाडिओ चिट्ठइ।** તીવ્રતમ જ્ઞાનાવરણીયાદિ-કર્મો પણ સંપૂર્ણતયા જ્ઞાનાદિગુણને ઢાંકી શકતા નથી. એટલે **સૂક્ષ્મનિગોદીયા જીવોથી માંડીને સંજ્ઞી સુધીના ગાઢમિથ્યાદૃષ્ટિ જીવોમાં પણ અત્યંત અલ્પ જ્ઞાનાદિગુણો ખુલ્લા હોય છે.** એટલે ગાઢમિથ્યાદૃષ્ટિ જીવોને પણ ઔપચારિક મિથ્યાદૃષ્ટિગુણસ્થાનક કહ્યું છે.

મંદમિથ્યાદૃષ્ટિજીવોમાં મિથ્યાત્વદોષનો નાશ થયો નથી પણ મિથ્યાત્વ મંદ પડી ગયેલું હોવાથી **મોક્ષની ઈચ્છા, ગુણાનુરાગ, દોષ પ્રત્યે દ્વેષ,**

**વિષયકષાય પ્રત્યે અરૂચિ, તીવ્રભાવે પાપ ન કરવું, માધ્યસ્થ્યતા,** (કદાગ્રહનો અભાવ) વગેરે સદ્ગુણો પ્રગટ થાય છે. ત્યાંથી જ આત્મિકવિકાસયાત્રાનો પ્રારંભ થાય છે. એટલે મંદમિથ્યાત્વ દશામાં વાસ્તવિક મિથ્યાદૃષ્ટિ ગુણઠાણું કહ્યું છે.

**પ્રશ્ન : (૬) સમ્યગ્દૃષ્ટિની જેમ મિથ્યાદૃષ્ટિ જીવો પણ અમુક અંશે સદ્દૃષ્ટિવાળા હોવાથી, તેને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં શું વાંધો છે ?**

**જવાબ :-** મિથ્યાદૃષ્ટિ જીવો જો મનુષ્યને મનુષ્ય અને પશુને પશુ કહેવામાત્રથી સમ્યગ્દૃષ્ટિ બની જતાં હોય, તો જગતમાં કોઈ જીવ મિથ્યાદૃષ્ટિ હોય જ નહીં, પણ એવું બનતું નથી. કારણકે બૃહત્સંગ્રહણીની ટીકામાં કહ્યું છે કે,

**पयमक्खरं पि इक्कं, पि जो न रोएइ सुत्तनिद्दिट्ठं ।**
**सेसं रोयंतो वि हु, मिच्छद्दिट्ठी जमालिव्व ॥ १६७॥**

સર્વજ્ઞભગવંતે કહેલા સર્વવચન ઉપર શ્રદ્ધા હોય પણ તેમાંના એકાદ પદ (વચન) પ્રત્યે પણ અશ્રદ્ધા હોય, તો તે જમાલીની જેમ મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. એટલે જે જીવ અમુક અંશે સદ્દૃષ્ટિ= શ્રદ્ધાવાળો હોય અને અમુક અંશે અંધશ્રદ્ધાવાળો હોય, તે સમ્યગ્દૃષ્ટિ કહેવાતો નથી. મિથ્યાદૃષ્ટિ જ કહેવાય છે.

**પ્રશ્ન : (૭) જે જીવને સર્વજ્ઞભગવંતે કહેલા સર્વવચનો પ્રત્યે શ્રદ્ધા હોય પણ તેમાંના એકાદ વચન પ્રત્યે અશ્રદ્ધા હોય, તે જીવ ન્યાયની દૃષ્ટિએ મિશ્રદૃષ્ટિ કહેવાય ને ? તેને મિથ્યાદૃષ્ટિ કેમ કહો છો ?**

**જવાબ :-** જે જીવ સર્વજ્ઞકથિત સર્વવચનો પ્રત્યે શ્રદ્ધાવાળો હોવા છતાં પણ તેમાંના એકાદ વચન પ્રત્યે પણ અશ્રદ્ધાવાળો હોય, તેને સર્વજ્ઞભગવંતમાં સર્વજ્ઞપણાનો વિશ્વાસ ન હોવાથી તે મિથ્યાદૃષ્ટિ જ કહેવાય છે. મિશ્રદૃષ્ટિ કહેવાતો નથી.

**પ્રશ્ન : (૮) સર્વજીવોની ઉત્પત્તિ સૂક્ષ્મનિગોદથી જ થાય છે ?**

**જવાબ :-** કાજળની ડબ્બીમાં ભરેલા કાજળના કણિયાની જેમ સંપૂર્ણ લોકમાં સૂક્ષ્મજીવો ઠાંસી ઠાંસીને ભરેલા છે. તે સર્વે અનાદિકાળથી છે. તેમાંથી કોઈપણ જીવ ક્યારેય નવો ઉત્પન્ન થતો નથી કે કોઈપણ જીવ નાશ પામતો નથી. એટલે સર્વજીવોની ઉત્પત્તિનું સ્થાન નિગોદ નથી પરંતુ સર્વજીવો અનાદિકાળથી નિગોદમાં રહેતા હોવાથી સર્વજીવોનું **"અનાદિકાલીન રહેઠાણ નિગોદ"** છે.

**પ્રશ્ન : (૯) સદૃષ્ટાંત ભવ્ય, અભવ્ય અને જાતિભવ્યનો તફાવત સમજાવો.**

**જવાબ :-** જેમ ગર્ભાધાન કરવાની યોગ્યતાવાળી સ્ત્રીને પતિનો સંયોગ થતાં અવશ્ય સંતાનની પ્રાપ્તિ થાય છે. તેમ મોક્ષ પામવાની યોગ્યતાવાળા ભવ્ય જીવોને સિદ્ધિપદને યોગ્ય સામગ્રી મલતા અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય છે. એટલે **"અવંધ્યા સ્ત્રી જેવા ભવ્યજીવો છે."**

જેમ વાંઝણી સ્ત્રીમાં ગર્ભાધાન કરવાની યોગ્યતા ન હોવાથી, તેને પતિનો સંયોગ થવા છતાં સંતાનની પ્રાપ્તિ થતી નથી. તેમ અભવ્યજીવમાં મોક્ષ પામવાની યોગ્યતા ન હોવાથી, સિદ્ધિપદને યોગ્ય સામગ્રી મલવા છતાં પણ મોક્ષની પ્રાપ્તિ થતી નથી. એટલે **"વંધ્યા સ્ત્રી જેવા અભવ્યજીવો છે."**

જેમ ગર્ભાધાન કરવાની યોગ્યતાવાળી સ્ત્રી હોવા છતાં તેનો પતિ લગ્ન થતાંની સાથે જ ચોરીમાં મૃત્યુ પામી જાય. પછી તે સ્ત્રી સીતા સતીની જેમ સતી જ રહે, તો તેને સંતાનની પ્રાપ્તિ થતી નથી. તેમ જાતિભવ્ય જીવમાં મોક્ષ પામવાની યોગ્યતા હોવા છતાં, તેને સિદ્ધિપદને માટે જરૂરી સામગ્રી મલતી ન હોવાથી, તે જીવોને મોક્ષની પ્રાપ્તિ થતી નથી. એટલે **"સતી સ્ત્રી જેવા જાતિભવ્ય જીવો છે."**

**પ્રશ્ન : (૧૦) કયા કર્મના ઉદયથી જીવ ભવ્ય-અભવ્ય કે જાતિભવ્ય થાય છે ?**

**જવાબ :-** કોઈપણ કર્મના ઉદયથી જીવમાં ભવ્યપણું, અભવ્યપણું કે જાતિભવ્યપણું ઉત્પન્ન થતું નથી. પરંતુ જેમ અગ્નિ દાહક = બાળવાના સ્વભાવવાળો હોય છે. પાણી શીતલ = ઠંડક આપવાના સ્વભાવવાળું હોય છે. તેમ કેટલાક જીવો ભવ્ય = મોક્ષ પામવાના સ્વભાવવાળા હોય છે. તો કેટલાક જીવો અભવ્ય = મોક્ષ નહીં પામવાના સ્વભાવવાળા હોય છે. એટલે ભવ્યપણું-અભવ્યપણું કે જાતિભવ્યપણું એ જીવનો સ્વભાવ જ છે.

**પ્રશ્ન : (૧૧) ભવ્યાદિ જીવો કઈ સાધના દ્વારા ચરમાવર્તમાં પ્રવેશી શકે?**

**જવાબ :-** ભવ્યજીવો કોઈપણ પ્રકારની વિશિષ્ટ સાધના કરવાથી ચરમાવર્તમાં પ્રવેશી શકતા નથી. પરંતુ કાળ પસાર થતાં થતાં આપો આપ જ ચરમાવર્તમાં પ્રવેશે છે. એટલે ચરમાવર્તમાં પ્રવેશ કરવા માટે **"જીવનો ભવ્યત્વસ્વભાવ"** અને **"કાળ"** એ બે જ કારણ છે.

**પ્રશ્ન : (૧૨) ચરમાવર્ત એટલે શું ?**

**જવાબ :-** **ચરમ = છેલ્લું**
**આવર્ત = પુદ્ગલપરાવર્તકાળ.**

સંપૂર્ણ લોકમાં કુદરતી જ આડી અને ઉભી આકાશપ્રદેશની શ્રેણી હોય છે. તેમાંથી કોઈ એક આકાશપ્રદેશની શ્રેણીના અમુક આકાશપ્રદેશમાં રહીને જીવ મરણ પામ્યો હોય, પછી કાલાન્તરે તેની ઉપરના બીજા આકાશપ્રદેશમાં રહીને મરણ પામે. પછી કાલાન્તરે તેની ઉપરના ત્રીજા આકાશપ્રદેશમાં મરણ પામે.

એ રીતે, તે આકાશપ્રદેશની શ્રેણીમાં રહેલાં ક્રમશઃ દરેક આકાશ-પ્રદેશમાં રહીને મરણ પામે. એ જ પ્રમાણે, બીજી શ્રેણી પૂરી કરે, પછી ત્રીજી શ્રેણી પૂરી કરે. એ રીતે, લોકમાં રહેલી સંપૂર્ણ આકાશપ્રદેશની શ્રેણીમાં રહેલા દરેક આકાશપ્રદેશને ક્રમશઃ મરણવડે સ્પર્શ કરતાં જેટલો કાળ પસાર થાય તેટલા કાળને એક **ક્ષેત્રપુદ્ગલપરાવર્તકાળ** કહેવાય.

**૧૦ કોડાકોડી સાગરોપમ = ૧ ઉત્સર્પિણી કે ૧અવસર્પિણી.**

**અનંતઉત્સર્પિણી અને અવસર્પિણી = ૧ પુદ્ગલપરાવર્તકાળ થાય.**

ભવ્યજીવને મોક્ષપ્રાપ્તિ પૂર્વનો જે છેલ્લો એક પુદ્ગલપરાવર્તકાળ હોય છે, તે **ચરમાવર્ત** કહેવાય.

**પ્રશ્ન : (૧૩) આત્મિકવિકાસયાત્રા એટલે શું ? મિથ્યાત્વદશામાં જીવનો આત્મિકવિકાસ કેવા ક્રમથી થાય છે ?**

**જવાબ :-** અનાદિકાળથી કર્મોદ્વારા ઢંકાયેલા ક્ષાયિકભાવના જ્ઞાનાદિગુણોને પ્રગટ કરવા માટે જીવનું મોક્ષતરફ જે ગમન થાય છે, તે **આત્મિકવિકાસયાત્રા** કહેવાય.

અચરમાવર્તકાળવર્તી ભવ્ય જીવો કાળ પસાર થતાં થતાં ચરમાવર્તમાં આવ્યા પછી સહજભાવમલ હ્રસ્વ થતાં **"અપુનર્બંધક"** અવસ્થાને પ્રાપ્ત કરે છે. તે વખતે તે જીવો **મોક્ષાભિલાષી** (મોક્ષાભિમુખી) બને છે. ત્યારબાદ તે જીવ **માર્ગાનુસારી** બને છે. પછી **ચરમયથાપ્રવૃત્તકરણ** કરે છે. ત્યારે જીવ ગ્રંથિદેશે આવે છે. ત્યારબાદ **અપૂર્વકરણ**માં પ્રવેશ કરે છે ત્યારે ગ્રન્થિભેદ થાય છે. પછી **અનિવૃત્તિકરણ**માં પ્રવેશ કરે છે ત્યાં મિથ્યાત્વનું અંતરકરણ કરે છે. તેથી જ્યારે અનિવૃત્તિકરણ પૂર્ણ થાય છે. ત્યારે મિથ્યાત્વનામનો દોષ દૂર થઈને **ઉપશમસમ્યક્ત્વ** પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન : (૧૪) ગાઢમિથ્યાદૃષ્ટિ અને મંદમિથ્યાદૃષ્ટિનો તફાવત જણાવો.**

જવાબ :-

| ગાઢમિથ્યાદૃષ્ટિ | મંદમિથ્યાદૃષ્ટિ |
|---|---|
| ૧. ભવ્યાદિ-૩ પ્રકારના જીવો હોય છે. | ૧. માત્ર ભવ્યજીવો જ હોય છે. |
| ૨. ભવાભિનંદી હોય છે. | ૨. તીવ્ર રાગ-દ્વેષથી પાપ ન કરે. |
| ૩. સહજભાવમલની બહુલતાને કારણ આત્મિકવિકાસ સાધી શકતો નથી. | ૩. સહજભાવમલની મંદતાને કારણે આત્મિકવિકાસનો પ્રારંભ થાય છે. |
| ૪. મોક્ષના દ્વેષી હોય છે. | ૪. મોક્ષાભિલાષી હોય છે. |
| ૫. દ્રવ્યથી ધાર્મિકક્રિયા કરે. | ૫. ભાવથી ધાર્મિકક્રિયા કરે. |
| ૬. યથાપ્રવૃત્તકરણ કરે છે. પણ અપુનર્બંધકાદિ અવસ્થાને પ્રાપ્ત કરી શકતો નથી. | ૬. અપુનર્બંધકાદિ અવસ્થાને પ્રાપ્ત કરી શકે છે. |

**પ્રશ્ન : (૧૫) મિથ્યાત્વ કેટલા પ્રકારે છે?**

જવાબ :- મિથ્યાત્વ આભિગ્રહિકાદિ - ૫ પ્રકારે છે.

**અભિગ્રહ = કદાગ્રહ = પકડ.**

(૧) ધર્મશાસ્ત્રની પરીક્ષા[1] કર્યા વિના **હું જે ધર્મ કરૂ છું તે જ સાચો છે. બાકીના બધા ધર્મો ખોટા છે. એવું માનવું, તે "આભિગ્રહિક-મિથ્યાત્વ" કહેવાય.**

(૨) ધર્મશાસ્ત્રની પરીક્ષા[2] કર્યા વિના **સર્વ ધર્મ સમાન છે.** અથવા બધા ધર્મો સાચા છે. એવું માનવું, તે **"અનાભિગ્રહિકમિથ્યાત્વ"** કહેવાય.

---

૧. જેમ સોનાની પરીક્ષા કસોટી (કષ)થી, છેદથી અને તાપથી થાય છે. તેમ ધર્મશાસ્ત્રની પરીક્ષા પણ કષાદિ-૩ રીતે થાય છે. એ ત્રણે પરીક્ષામાં જે ધર્મશાસ્ત્ર શુદ્ધ હોય, તે જ ધર્મશાસ્ત્ર સાચું ગણાય છે. (૧) જેમાં અહિંસાદિ ધર્મનું વિધાન અને હિંસાદિ-પાપનો નિષેધ કરેલો હોય, તે ધર્મશાસ્ત્ર કષશુદ્ધ કહેવાય. (૨) જેમાં વિધિ અને નિષેધને અનુસરતા આચારો કહેલા હોય, તે છેદશુદ્ધ ગણાય. (૩) જેમાં સ્યાદ્વાદદૃષ્ટિથી આત્માદિ પદાર્થો કથંચિત્ નિત્યાનિત્યાદિ જણાવ્યા હોય, તે શાસ્ત્ર તાપપરીક્ષામાં શુદ્ધ ગણાય.

દા.ત. મીમાંસાદર્શનમાં હિંસાદિ પ્રવૃત્તિનો નિષેધ કરેલો હોવા છતાં ધર્માનુષ્ઠાનો હિંસાદિ-પાપકારક જણાવ્યા હોવાથી, તે ધર્મશાસ્ત્ર છેદપરીક્ષામાં અશુદ્ધ ગણાય છે, અને બૌદ્ધદર્શનમાં આત્માદિને એકાન્તે અનિત્ય તથા સાંખ્યદર્શનમાં આત્માને એકાન્તે નિત્ય જણાવેલા હોવાથી, તે ધર્મશાસ્ત્ર તાપપરીક્ષામાં અશુદ્ધ ગણાય છે. જૈનદર્શનમાં આત્માદિ પદાર્થો સ્યાદ્વાદદૃષ્ટિએ નિત્યાનિત્યાદિ હોવાથી કષાદિ-ત્રણે પરીક્ષામાં શુદ્ધ ગણાય છે.

**અભિનિવેશ = કદાગ્રહ = પકડ.**

(૩) પોતે માનેલો સિદ્ધાંત અસત્ય છે. એમ જાણવા છતાં જમાલીની જેમ **અહંકારાદિને કારણે પોતાની અસત્યમાન્યતાને પકડી રાખવી, તે "આભિનિવેશિકમિથ્યાત્વ"** કહેવાય.

**સંશય = શંકા.**

(૪) **સર્વજ્ઞભગંવતોએ કહેલા વચનો સાચા છે કે ખોટા?** એવી શંકા કરવી, તે **"સાંશયિકમિથ્યાત્વ"** કહેવાય.

**અનાભોગ = અજ્ઞાનતા.**

(૫) **અજ્ઞાનતાના કારણે દેવાદિ ઉપર "અશ્રદ્ધા[3] (શ્રદ્ધાનો અભાવ) કે વિપરીતશ્રદ્ધા હોવી, તે "અનાભોગિકમિથ્યાત્વ"** કહેવાય છે.

એકેન્દ્રિયાદિ મિથ્યાદૃષ્ટિજીવો કોઈ પણ ધર્મ (દર્શન)ને પામેલા નથી. તેથી તેઓને દેવાદિ ઉપર શ્રદ્ધા હોતી નથી. એટલે તેને અશ્રદ્ધારૂપ અનાભોગિકમિથ્યાત્વ કહ્યું છે અને કોઈક સાધુ કે શ્રાવકને અજ્ઞાનતાને કારણે સાચી સમજણશક્તિ નહીં હોવાથી, વિપરીત શ્રદ્ધારૂપ અનાભોગિકમિથ્યાત્વ હોય છે. પરંતુ તેઓ કદાગ્રહી ન હોવાથી, કોઈ વ્યક્તિ સત્ય હકીકતને સમજાવે, તો તુરત જ પોતાની ભૂલનો સ્વીકાર કરી લેતા હોવાથી, જલ્દીથી અનાભોગિકમિથ્યાત્વનો નાશ થઈ જાય.

## ૨ થી ૪ ગુણઠાણા

**પ્રશ્ન : (૧૬) સાસ્વાદનગુણસ્થાનક ક્યારે અને કેટલીવાર પ્રાપ્ત થાય ?**

**જવાબ :-** અનાદિમિથ્યાદૃષ્ટિજીવને ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી ઉપશમસમ્યક્ત્વનો કાળ ઉત્કૃષ્ટથી ૬ આવલિકા અને જઘન્યથી ૧ સમય બાકી રહે, ત્યારે જો અનંતાનુબંધીકષાયનો ઉદય થઈ જાય, તો તે વખતે

---

૨. સામાન્યરીતે મંદબુદ્ધિવાળાજીવો ધર્મશાસ્ત્રની પરીક્ષા કરવામાં પોતે અસમર્થ હોવાથી એમ કહેતા હોય છે કે, બધા ધર્મો સરખા છે. એટલે અનાભિગ્રહિકમિથ્યાત્વનું મુખ્ય કારણ સાચી સમજણનો અભાવ છે.

૩. અશ્રદ્ધાના અર્થ બે થાય છે. ૧. વિપરીતશ્રદ્ધા ૨. શ્રદ્ધાનો અભાવ.

પ્રથમના ત્રણ મિથ્યાત્વમાં વિપરીતશ્રદ્ધા છે. ચોથા મિથ્યાત્વમાં શ્રદ્ધાનો બીલકુલ અભાવ નથી કે પૂર્ણ શ્રદ્ધા પણ નથી અને પાંચમા મિથ્યાત્વમાં શ્રદ્ધાનો બીલકુલ અભાવ છે.

જીવને સાસ્વાદનસમ્યગ્દૃષ્ટિગુણસ્થાનક પ્રાપ્ત થાય છે.

કોઈપણ એકજીવ ભવચક્રમાં વધુમાં વધુ **ચારવાર** ઉપશમશ્રેણી માંડી શકતો હોવાથી, ઉપશમશ્રેણીથી પડીને મિથ્યાત્વે જતાં વચ્ચે **ચારવાર** સાસ્વાદનગુણસ્થાનક પ્રાપ્ત થઈ શકે છે અને ઉપશમસમ્યક્ત્વથી પડતાં એક વાર[૪] સાસ્વાદન પ્રાપ્ત થઈ શકે છે એટલે સંપૂર્ણ ભવચક્રમાં વધુમાં વધુ **"પાંચવાર"** સાસ્વાદનસમ્યગ્દૃષ્ટિગુણસ્થાનક પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન : (૧૭) સમ્યક્ત્વપ્રાપ્તિ કાલે આયુષ્ય કેમ ન બંધાય ?**

**જવાબ :-** આયુષ્યકર્મ ઘોલના પરિણામે જ બંધાય છે. **આયુષ્યકર્મના બંધને યોગ્ય સામાન્યતયા ચઢતા-ઉતરતા અધ્યવસાયને ઘોલના પરિણામ કહે છે.** સમ્યક્ત્વપ્રાપ્તિકાલે જીવ અનંતગુણવિશુદ્ધ પરિણામની ધારાએ ચઢેલો હોવાથી ઘોલના પરિણામ હોતા નથી. તેથી આયુષ્યકર્મ બાંધી શકતો નથી.

**પ્રશ્ન : (૧૮) યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણનો તફાવત જણાવો.**

**જવાબ :-**

| યથાપ્રવૃત્તકરણ | અપૂર્વકરણ |
|---|---|
| ૧. આયુ૦ સિવાય જ્ઞાના૦૭, કર્મની દીર્ઘસ્થિતિસત્તા કપાઈને અંતઃકો૦ કો૦સા૦ થઈ જાય એવા સાહજિક રીતે જ ઉત્પન્ન થતાં અધ્યવસાયને યથાપ્રવૃત્તકરણ કહે છે. | ૧. પૂર્વે (અનાદિકાળમાં) ક્યારેય નહીં ઉત્પન્ન થયેલા અધ્યવસાયને અપૂર્વકરણ કહે છે. |
| ૨. પર્યાપ્તા સંજ્ઞી ભવ્ય-અભવ્યજીવો અનંતીવાર યથાપ્રવૃત્તકરણ કરે છે. | ૨. માત્ર આસન્નભવ્યજીવો સમ્યક્ત્વ પ્રાપ્તિકાલે અપૂર્વકરણ કરે છે. |
| ૩. જીવ ગ્રન્થિદેશે આવ્યો કહેવાય. | ૩. જીવ ગ્રન્થિભેદ કરે છે. |
| ૪. સ્થિતિઘાતાદિકાર્યો ન થાય. | ૪. સ્થિતિઘાતાદિ.-૪ કાર્યો થાય છે. |

**પ્રશ્ન : (૧૯) સ્થિતિઘાતાદિ પ્રક્રિયાથી શું લાભ થાય છે ?**

**જવાબ :-** (૧) સ્થિતિઘાતથી સ્થિતિસત્તા ઓછી થાય છે. જે સ્થિતિખંડ પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલા કાળે નાશ થવાનો હતો, તે સ્થિતિખંડ માત્ર અંતર્મુહૂર્તકાળમાં નાશ પામી જાય છે. (૨) રસઘાતથી અશુભકર્મપુદ્ગલોમાં

---

૪. સાદિમિથ્યાદૃષ્ટિજીવ **૨૬**ની સત્તાવાળો થઈ ગયા પછી ઉપશમસમ્યક્ત્વ ફરીવાર પામતો હોવાથી, ગ્રન્થિભેદજન્ય ઉપશમસમ્યક્ત્વ અનેકવાર પ્રાપ્ત થાય છે. પણ તે જાતિથી એક ગણાય.

રસ ઘણો ઓછો થઈ જાય છે. તેથી તે કર્મદલિકો જ્યારે ઉદયમાં આવે છે ત્યારે અલ્પ પ્રમાણમાં જ દુઃખનો અનુભવ કરાવે છે. (૩) ગુણશ્રેણીથી અસંખ્યગુણાકારે કર્મદલિકો ભોગવાઈને નાશ પામી જાય છે. તેથી જીવ લઘુકર્મી બને છે. (૪) અપૂર્વસ્થિતિબંધથી પૂર્વ-પૂર્વના સ્થિતિબંધની અપેક્ષાએ નવો નવો સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગે ન્યૂન-ન્યૂન થતો જાય છે.

**પ્રશ્ન : (૨૦) અપૂર્વકરણમાં ગુણસંક્રમ કેમ નથી કહ્યો ?**

**જવાબ :-** અપૂર્વકરણાદિકાળે જે અશુભકર્મપ્રકૃતિ ન બંધાતી હોય, તેનો જ બંધાતી સજાતિયકર્મપ્રકૃતિમાં ગુણસંક્રમ થાય છે. બંધાતી અશુભપ્રકૃતિનો ગુણસંક્રમ થતો નથી એ નિયમાનુસારે અપૂર્વકરણમાં મિથ્યાત્વમોહનીયકર્મ બંધાતું હોવાથી, તેનો ગુણસંક્રમ થાય નહીં. તેથી અપૂર્વકરણમાં ગુણસંક્રમ વિના સ્થિતિઘાતાદિ ૪ પદાર્થો કહ્યાં છે.

**પ્રશ્ન : (૨૧) ગ્રન્થિ, ગ્રન્થિદેશ અને ગ્રન્થિભેદ એટલે શું ? તે ક્યારે થાય?**

**જવાબ :- ગ્રન્થિ = અનાદિકાલીન રાગદ્વેષનો ગાઢ પરિણામ.**

**ગ્રન્થિદેશ = ગ્રન્થિની નજદીકનું સ્થાન.**

**ગ્રન્થિભેદ = અનાદિકાલીન રાગદ્વેષની તીવ્રગાંઠને તોડવી, તે....**

જીવને રાગ-દ્વેષનો ગાઢ પરિણામ અનાદિકાળથી વળગેલા હોવાથી, ગ્રન્થિ અનાદિકાળથી છે. ગ્રન્થિદેશની પ્રાપ્તિ યથાપ્રવૃત્તકરણમાં થાય છે અને ગ્રન્થિનો ભેદ અપૂર્વકરણમાં થાય છે.

**પ્રશ્ન : (૨૨) રાગ-દ્વેષનો સમાવેશ કયા કષાયમાં થાય છે?**

**જવાબ :-** વ્યવહારનયથી રાગનો સમાવેશ માયા અને લોભમાં થાય છે અને દ્વેષનો સમાવેશ ક્રોધ અને માનમાં થાય છે.

**પ્રશ્ન : (૨૩) અંતરકરણ એટલે શું ? શા માટે અંતરકરણ કરવું પડ્યું?**

**જવાબ :-** મિથ્યાત્વની જે નિષેકરચના છે. તેમાંથી નીચેથી અંતર્મુહૂર્ત જેટલી સ્થિતિ છોડીને, તેની ઉપરની અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિમાંથી દલિકોને ઉપાડીને, ઉપરની સ્થિતિ અને નીચેની સ્થિતિમાં નાંખીને, તેટલી સ્થિતિને દલિક વિનાની શુદ્ધ સ્થિતિ કરી નાંખે છે, તે શુદ્ધ સ્થિતિને **"અંતરકરણ"** કહે છે.

મિથ્યાત્વની જે નિષેકરચના છે. તેમાં વચ્ચે અંતરકરણ=ખાલી જગ્યા કરવામાં ન આવે, તો મિથ્યાત્વનો ઉદય અટકી શકતો નથી. કારણકે

પ્રતિસમયે ક્રમશઃ એકેક નિષેકમાં રહેલું ઉદયપ્રાપ્ત કર્મદલિક ફળનો અનુભવ કરાવીને નાશ પામી રહ્યું છે એટલે મિથ્યાત્વમોહનીયનો ઉદય ક્યારેય અટકી શકતો ન હોવાથી, ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી. તેથી ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિને માટે જીવને અનિવૃત્તિકરણમાં અવશ્ય અંતરકરણ કરવું પડે છે.

**પ્રશ્ન : (૨૪) અંતરકરણ ક્યારે શરૂ થાય ? અને ક્યારે પૂર્ણ થાય ?**

**જવાબ :-** અનિવૃત્તિકરણના અંતર્મુહૂર્તના ઘણા સંખ્યાતાભાગ ગયા પછી એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે અંતરકરણની ક્રિયા શરૂ થાય છે. તે જ વખતે નવો અપૂર્વસ્થિતિબંધ પણ શરૂ થાય છે અને જે સમયે નવો અપૂર્વસ્થિતિબંધ પૂર્ણ થાય છે તે જ સમયે અંતરકરણની ક્રિયા પણ પૂર્ણ થાય છે. એટલે નવો અપૂર્વસ્થિતિબંધ અને અંતરકરણની ક્રિયાનું અંતર્મુહૂર્ત એક સરખું છે. અને પ્રથમસ્થિતિ કરતાં અંતરકરણની ક્રિયાનું અંતર્મુહૂર્ત કાંઈક નાનું છે. એટલે એક નાના અંતર્મુહૂર્ત પ્રમાણ પ્રથમસ્થિતિ બાકી રહે ત્યારે અંતરકરણની ક્રિયા પૂર્ણ થાય છે.

**પ્રશ્ન : (૨૫) સ્થિતિઘાતાદિ ક્યારે શરૂ થાય ? અને ક્યારે પૂર્ણ થાય ?**

**જવાબ :-** સ્થિતિઘાતાદિ અપૂર્વકરણના પ્રથમસમયથી શરૂ થાય છે અને ઉદીરણા અનાદિકાળથી ચાલુ છે. પ્રથમસ્થિતિની બે આવલિકા બાકી રહે ત્યારે **આગાલ** અને **મિથ્યાત્વ**ની **ગુણશ્રેણી** અટકી જાય છે અને પ્રથમસ્થિતિની એક આવલિકા બાકી રહે, ત્યારે મિથ્યાત્વની **ઉદીરણા, સ્થિતિઘાત** અને **રસઘાત** અટકી જાય છે. પ્રથમસ્થિતિના છેલ્લા સમયે મિથ્યાત્વનો બંધવિચ્છેદ થવાથી **અપૂર્વસ્થિતિબંધ** અટકી જાય છે.

**પ્રશ્ન : (૨૬) ઉપશમ એટલે શું ? તે કેવી રીતે થાય ? ક્યારે શરૂ થાય અને ક્યારે પૂર્ણ થાય ?**

**જવાબ :-** જેમ રસ્તા ઉપર રહેલી ધૂળ પાણી છાંટીને, રોલર ફેરવવાથી થોડા સમય માટે શાંત પડી રહે છે. તેમ દ્વિતીયસ્થિતિમાં રહેલા **મિથ્યાત્વના દલિકોને વિશિષ્ટ અધ્યવસાયથી અંતર્મુહૂર્તકાળ સુધી ઉદય, ઉદીરણા, નિદ્ધત્તિ કે નિકાચના ન થઈ શકે એવી શાંત અવસ્થામાં મૂકી દેવામાં આવે છે, તેને ઉપશમ** કહે છે.

અનિવૃત્તિકરણવર્તી મહાત્મા જે સમયે અંતરકરણની ક્રિયા પૂર્ણ કરે છે. ત્યારપછીના સમયથી દ્વિતીયસ્થિતિમાં રહેલા કર્મદલિકોને ઉપશમાવવાની ક્રિયા

શરૂ કરે છે. પ્રથમસમયે અસંખ્ય કર્મદલિકોને ઉપશમાવે છે. તેનાથી અસંખ્યગુણા બીજાસમયે ઉપશમાવે છે. એ રીતે, અનિવૃત્તિકરણના ચરમસમય સુધી પૂર્વ-પૂર્વના સમય કરતાં પછી-પછીના સમયે અસંખ્યગુણાકારે કર્મદલિકોને ઉપશમાવે છે. અનિવૃત્તિકરણના છેલ્લા સમયે દ્વિતીયસ્થિતિમાં રહેલા મિથ્યાત્વના સંપૂર્ણ કર્મદલિકો ઉપશમી જાય છે. તે સમયે ઉપશમાવાની ક્રિયા પૂર્ણ થાય છે.

**પ્રશ્ન : (૨૭) ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થવાથી જીવને શું લાભ થયો ?**

**જવાબ :-** અનાદિમિથ્યાદૃષ્ટિજીવને ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી ઓછામાં ઓછા અંતર્મુહૂર્ત અને વધુમાં વધુ કાંઈક ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્તકાળ સુધી જ સંસારમાં પરિભ્રમણ કરવાનું હોય છે. પછી તે જીવ અવશ્ય મોક્ષમાં જાય છે. એટલે ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી સંસારનું પરિભ્રમણ મર્યાદિત બની ગયું, એ જ એને મહાન લાભ થયો છે.

**પ્રશ્ન : (૨૮) ઉપશમસમ્યગ્દૃષ્ટિ જીવ શું કરે છે ? શું નથી કરી શકતો?**

**જવાબ :-** ઉપશમસમ્યગ્દૃષ્ટિ જીવ વિશુદ્ધ અધ્યવસાયના વશથી દ્વિતીયસ્થિતિમાં રહેલા મિથ્યાત્વના કર્મપુદ્ગલોમાંથી ન્યૂનાધિક પ્રમાણમાં રસ ઘટાડીને "ત્રણપુંજ" કરે છે.

ઉપશમસમ્યગ્દૃષ્ટિ જીવ **(૧) પરભવાયુનો બંધ કરી શકતો નથી. (૨) મરણ પામતો નથી. (૩) અનંતાનુબંધીકષાયનો બંધ** અને **(૪) અનંતાનુબંધીકષાયનો ઉદય** એ ચારને કરી શકતો નથી.

**પ્રશ્ન : (૨૯) ઉપશમસમ્યક્ત્વનો કાળ કેટલો ? તે કાળ પૂરો થતાં જીવ કયા ગુણઠાણે જાય છે ?**

**જવાબ :-** ઉપશમસમ્યક્ત્વનો કાળ **અંતર્મુહૂર્ત** છે. તેમાંથી જઘન્યની ૧ **સમય** અને ઉત્કૃષ્ટની **૬ આવલિકા** જેટલો કાળ બાકી રહે ત્યારે જો અનંતાનુબંધીકષાયનો ઉદય થઈ જાય, તો તે જીવ **સાસ્વાદનગુણસ્થાનકે** ચાલ્યો જાય છે. ત્યાંથી અવશ્ય મિથ્યાત્વે ચાલ્યો જાય છે.

ઉપશમસમ્યક્ત્વનો કાળ પૂર્ણ થયા પછી જીવ જો શુદ્ધ અધ્યવસાયને જાળવી રાખે, તો સમ્યક્ત્વમોહનીયનો ઉદય થવાથી, **૪થું ગુણઠાણુ** જ રહે છે અને મિશ્રભાવ તરફ ઝુકેલો હોય, તો મિશ્રમોહનીયનો ઉદય થવાથી, તે **મિશ્રદૃષ્ટિ-ગુણસ્થાનકે** ચાલ્યો જાય છે અને અશુદ્ધ અધ્યવસાય તરફ ઝુકેલો હોય, તો મિથ્યાત્વમોહનીયનો ઉદય થવાથી, તે **મિથ્યાત્વગુણસ્થાનકે** ચાલ્યો જાય છે.

**પ્રશ્ન : (૩૦) સમ્યક્ત્વેથી મિથ્યાત્વે આવેલો જીવ વધુમાં વધુ કેટલી સ્થિતિ બાંધી શકે ?**

જવાબ :- **કર્મગ્રન્થના મતે** :- સમ્યક્ત્વેથી મિથ્યાત્વે આવેલો જીવ આયુષ્ય સિવાય જ્ઞાનાવરણીયાદિ ૭ કર્મોની ફરીવાર **"ઉત્કૃષ્ટસ્થિતિ"** બાંધી શકે છે. પણ ઉત્કૃષ્ટરસ બાંધી શકતો નથી. અને **સિદ્ધાંતના મતે** :- સમ્યક્ત્વેથી મિથ્યાત્વે આવેલો જીવ જ્ઞાના૦૭ કર્મોની **"અંતઃકો૦કો૦સા૦"** થી વધારે સ્થિતિ બાંધી શકતો નથી.

**પ્રશ્ન : (૩૧) સમ્યક્ત્વેથી મિથ્યાત્વે આવેલા જીવને પુનઃ સમ્યક્ત્વે જતી વખતે યથાપ્રવૃત્તાદિ-૩ કરણ કરવા પડે ?**

જવાબ :- **કર્મગ્રન્થનાં મતે** :- ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી મિથ્યાત્વે આવેલા જીવને સત્તામાં ત્રણે પુંજ હોય છે. પરંતુ સમ્યક્ત્વેથી મિથ્યાત્વે આવ્યા બાદ જીવ સ૦મો૦ની અને મિશ્રમો૦ની ઉદ્વલના શરૂ કરે છે. તેથી સ૦મો૦ની ઉદ્વલના કરતાં કરતાં જ્યારે વિશુદ્ધિના બળથી સ૦મો૦નો ઉદય થઈ જાય છે ત્યારે જીવને યથાપ્રવૃત્તાદિ-ત્રણ કરણ કર્યા વિના જ ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ જાય છે. પણ જ્યારે સ૦મો૦ની અને મિશ્રમો૦ની સંપૂર્ણ ઉદ્વલના (સત્તાનો નાશ) થઈ જાય છે. ત્યારે મોહનીયકર્મની ૨૬ પ્રકૃતિ જ સત્તામાં રહે છે. ત્યારપછી જીવને મિથ્યાત્વેથી સમ્યક્ત્વે જવું હોય, તો ફરીવાર યથાપ્રવૃત્તાદિ-ત્રણ કરણ કરવા પડે છે.

**પ્રશ્ન : (૩૨) અનાદિમિથ્યાદૃષ્ટિજીવ સૌ પ્રથમ કયું સમ્યક્ત્વ પામે ?**

જવાબ :- **કર્મગ્રન્થનાં મતે** :- અનાદિમિથ્યાદૃષ્ટિજીવ સૌ પ્રથમ **"ઉપશમસમ્યક્ત્વ"** પામે છે અને **સિદ્ધાન્તનાં મતે** :- અનાદિમિથ્યાદૃષ્ટિજીવ **"ઉપશમ[૫] કે ક્ષયોપશમ"** એ બેમાંથી કોઈપણ એક સમ્યક્ત્વને પામે છે.

---

૫. **સિદ્ધાન્તના મતે** :- (૧) અનાદિમિથ્યાદૃષ્ટિજીવ જો સૌ પ્રથમ ઉપશમસમ્યક્ત્વને પામે, તો તે કર્મગ્રન્થમાં કહ્યાં મુજબ યથાપ્રવૃત્તાદિ-૩ કરણ કરીને, ઉપશમસમ્યક્ત્વને પામે છે. પણ ઉપશમસમ્યક્ત્વને પામ્યા પછી દ્વિતીયસ્થિતિમાં રહેલા મિથ્યાત્વના કર્મદલિકોના ત્રણ પુંજ કરતો નથી. તેથી ઉપશમસમ્યક્ત્વનો કાળ પૂર્ણ થયા પછી મિથ્યાત્વમોહનીયનો ઉદય થવાથી, તે અવશ્ય મિથ્યાત્વગુણઠાણે ચાલ્યો જાય છે. (૨) અનાદિમિથ્યાદૃષ્ટિ જીવ જો સૌ પ્રથમ ક્ષયોપશમસમ્યક્ત્વને પામે, તો તે યથાપ્રવૃત્તકરણ કરીને, અપૂર્વકરણમાં પ્રવેશે છે. ત્યાં ગ્રન્થિભેદ કર્યા પછી અપૂર્વકરણવર્તી મહાત્મા અપૂર્વકરણની ઉપરની મિથ્યાત્વની અંતઃકો૦કો૦સા૦

**પ્રશ્ન : (૩૩) આપણામાં સમ્યક્ત્વ છે કે નહીં એ કેવી રીતે જાણી શકાય?**

**જવાબ** :- મિથ્યાત્વના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમથી **જે શુભ પરિણામ ઉત્પન્ન થાય છે, તે સમ્યક્ત્વ** કહેવાય છે. તે ચર્મચક્ષુથી પ્રત્યક્ષ દેખી શકાતું નથી પણ જેમ શ્વાસોચ્છ્વાસાદિ ક્રિયા ચાલુ હોવાથી શરીરમાં જીવ છે એમ કહી શકાય છે. તેમ જે જીવમાં **શમાદિ** પાંચ ચિહ્નો જણાતા હોય, તે જીવમાં સમ્યક્ત્વ હોવું જોઈએ એમ કહી શકાય છે.

**૧. શમ =અનંતાનુબંધીકષાયના અભાવથી ઉત્પન્ન થતો શમભાવ.**
શમભાવવાળો જીવ અપરાધી ઉપર પણ કદાપિ ક્રોધ કરતો નથી.

**૨. સંવેગ = મોક્ષ પ્રત્યેનો રાગ.**

મોક્ષાભિલાષીજીવો ભૌતિકસુખસામગ્રી કે સ્વર્ગાદિસુખને દુઃખરૂપ માને છે અને મોક્ષસુખને જ સાચુ સુખ માને છે.

**૩. નિર્વેદ = સંસાર પ્રત્યે કંટાળો.**

જે જીવને સંસાર કેદખાનુ લાગે, શરીર સાંસારિકકાર્યોમાં જોડાયેલું હોવા છતાં મન તો દેવ-ગુરુ અને ધર્મમાં રમતું હોય, તે નિર્વેદી કહેવાય.

**૪. અનુકમ્પા = દુઃખી જીવો પ્રત્યે કરૂણાભાવ.**

કોઈપણ જાતના સ્વાર્થ વિના દુઃખી જીવો પ્રત્યે અત્યંત દયા ઉત્પન્ન થવી, તે અનુકમ્પા કહેવાય.

**૫. આસ્તિક્ય = વીતરાગદેવના વચનો પ્રત્યે અચલશ્રદ્ધા.**

વીતરાગદેવે જે કહ્યું છે તે જ સાચું છે. એવી જે **અચલશ્રદ્ધા** હોવી, તે **આસ્તિક્ય** કહેવાય.

શમાદિ પાંચે ચિહ્નો જે જીવમાં જણાતા હોય, તે સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે.

**પ્રશ્ન : (૩૪) સમ્યક્ત્વના પ્રકાર જણાવો.**

**જવાબ :- (૧) પૌદ્ગલિકસમ્યક્ત્વ અને અપૌદ્ગલિકસમ્યક્ત્વ**

(૧) જે સમ્યક્ત્વમોહનીયના ઉદયવાળું સમ્યક્ત્વ છે, તે પૌદ્ગલિક સમ્યક્ત્વ કહેવાય અને (૨) જે સમ્યક્ત્વમોહનીયના ઉદય વિનાનું સમ્યક્ત્વ

---

પ્રમાણ સ્થિતિમાં રહેલા મિથ્યાત્વના કર્મદલિકોનાં પૂર્વે કહ્યાં મુજબ ત્રણ પુંજ કરે છે. અને અપૂર્વકરણ પૂર્ણ થયા પછી અવશ્ય શુદ્ધપુંજનો ઉદય થાય છે. તે વખતે અનાદિમિથ્યાદૃષ્ટિજીવને સૌ પ્રથમવાર ક્ષયોપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

છે, તે અપૌદ્‌ગલિકસમ્યક્‌ત્વ કહેવાય.

**(૨) નિશ્ચયસમ્યક્‌ત્વ અને વ્યવહારસમ્યક્‌ત્વ**

(૧) સમ્યગ્‌જ્ઞાન-દર્શન અને ચારિત્રની રમણતારૂપ આત્મિક પરિણામને નિશ્ચયસમ્યક્‌ત્વ કહે છે. (૨) નિશ્ચયસમ્યક્‌ત્વના કારણભૂત જે સમ્યક્‌ત્વ ઉચ્ચરવું, અન્ય દેવ-દેવીને નહીં માનવા, સર્વજ્ઞભગંવતે કહેલા વચનો સત્ય જ છે એવી દૃઢશ્રદ્ધા હોવી, તે વ્યવહારસમ્યક્‌ત્વ કહેવાય.

**(૩) કારક-રોચક-દીપકસમ્યક્‌ત્વ**

(૧) વિશુદ્ધ ચારિત્રવાળા જીવોની સૂત્રાનુસારિણી શુદ્ધક્રિયાને **કારકસમ્યક્‌ત્વ** કહે છે. (૨) જે સમ્યક્‌ક્રિયામાં રૂચિ કરાવે પણ સમ્યક્‌ક્રિયામાં પ્રવૃત્તિ ન કરાવે, તે **રોચકસમ્યક્‌ત્વ** કહેવાય છે. અવિરતસમ્યગ્‌દૃષ્ટિ શ્રેણિકાદિને રોચકસમ્યક્‌ત્વ હતું. (૩) જેમ કોડીયાનો દીવો પોતાની નીચે અંધારૂ રાખે છે અને બહાર ચારે તરફ પ્રકાશ ફેલાવે છે. તેમ અંગારમર્દકાચાર્ય અભવ્યની જેમ જે પોતે સમ્યક્‌ત્વી ન હોવા છતાં બીજા જીવોને ઉપદેશ આપીને સમ્યક્‌ત્વ પ્રાપ્ત કરાવે, તે **દીપકસમ્યક્‌ત્વ** કહેવાય.

એ જ પ્રમાણે **ક્ષાયિક, ઉપશમ** અને **ક્ષયોપશમ** એ ત્રણ પ્રકારે સમ્યક્‌ત્વ છે **ક્ષાયિક, ઉપશમ, ક્ષયોપશમ** અને **વેદક** એ ચાર પ્રકારે સમ્યક્‌ત્વ છે અને **ક્ષાયિક, ઉપશમ, ક્ષયોપશમ, વેદક** અને **સાસ્વાદન** એ પાંચ પ્રકારે સમ્યક્‌ત્વ છે.

**પ્રશ્ન : (૩૫) કયું સમ્યક્‌ત્વ કેટલા ગુણઠાણા સુધી હોય ?**

**જવાબ :-** **ક્ષાયિકસમ્યક્‌ત્વ ૪** થી **૧૪** ગુણઠાણા સુધી હોય છે.
**ઉપશમસમ્યક્‌ત્વ ૪** થી **૧૧** ગુણઠાણા સુધી હોય છે.
**ક્ષયોપશમસમ્યક્‌ત્વ ૪** થી **૭** ગુણઠાણા સુધી હોય છે.

ઉપશમસમ્યક્‌ત્વ-૨ પ્રકારે છે. (૧.) **ગ્રન્થિભેદજન્યઉ૦સ૦** (૨.) **શ્રેણિગતઉ૦સ૦.........** તેમાં અનાદિમિથ્યાદૃષ્ટિ જીવ ગ્રન્થિભેદજન્ય ઉપશમસમ્યક્‌ત્વને પ્રાપ્ત કરે છે. તે વખતે જો તીવ્રવિશુદ્ધિ હોય, તો દેશવિરતિ અને તીવ્રતમવિશુદ્ધિ હોય, તો સર્વવિરતિભાવને પણ પામે છે. તેથી ગ્રન્થિભેદજન્યઉ૦સ૦ **૪** થી **૭** ગુણઠાણા સુધી હોય છે અને શ્રેણિગતઉપશમસમ્યક્‌ત્વ **૬** થી **૧૧** ગુણઠાણા સુધી હોય છે.

**પ્રશ્ન : (૩૬) કયું સમ્યક્‌ત્વ કયા જીવો પ્રાપ્ત કરી શકે ?**

**જવાબ :-** ઉપશમસમ્યક્‌ત્વ અને ક્ષયોપશમસમ્યક્‌ત્વ **"ચારેગતિના**

**સંજ્ઞીપર્યાપ્તા જીવો"** પ્રાપ્ત કરી શકે છે. તથા દર્શનસપ્તકનો ક્ષય કરવાની ક્રિયાનો પ્રારંભ ઓછામાં ઓછી સાધિક આઠવર્ષની ઉંમરવાળો, પ્રથમસંઘયણી ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિ મનુષ્ય જ કરી શકે છે અને દર્શનસપ્તકનો સંપૂર્ણ ક્ષય કરીને, ક્ષાયિકસમ્યક્ત્વની પ્રાપ્તિ **ચારેગતિના સંજ્ઞી જીવો** કરી શકે છે.

જે મનુષ્યે યુગલિકતિર્યંચ, યુગલિકમનુષ્ય, દેવ કે નરકનું આયુષ્ય બાંધેલું હોય, તે મનુષ્ય દર્શનસપ્તકનો ક્ષય કરવાની શરૂઆત કરે છે ત્યારે સૌ પ્રથમ અનંતા૦૪નો સંપૂર્ણ ક્ષય કરે છે. ત્યારપછી મિથ્યાત્વનો ક્ષય કરે છે. ત્યારબાદ મિશ્રમોહનીયનો ક્ષય કરે છે. ત્યારપછી સમ્યક્ત્વમોહનીયનો ક્ષય કરતાં કરતાં છેલ્લી અંતર્મુહૂર્ત જેટલી સ્થિતિ બાકી રહે, ત્યારે તે જીવનું જો આયુષ્ય પૂર્ણ થઈ જાય, તો તે મૃત્યુ પામીને ચારેગતિમાંથી કોઈપણ ગતિમાં ઉત્પન્ન થઈ શકે છે, ત્યાં સ૦મો૦નો સંપૂર્ણ ક્ષય થાય, ત્યારે ક્ષાયિક-સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. એટલે **ચારેગતિના સંજ્ઞીજીવો** ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે. અને દર્શનસપ્તકનો સંપૂર્ણ ક્ષય થઈ જાય ત્યાંસુધી જો આયુષ્ય પૂર્ણ ન થાય, તો તે જીવ તે જ ભવમાં ક્ષાયિકસમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે.

**પ્રશ્ન : (૩૭) કયા ગુણઠાણે, કઈ ગતિમાં, કેટલા સમ્યક્ત્વ હોય ?**

**જવાબ :-** ચોથા ગુણઠાણે ચારેગતિમાં સંજ્ઞીપર્યાપ્તાને **ક્ષાયિકાદિ-૩ સમ્યક્ત્વ** હોય છે. પાંચમા ગુણઠાણે મનુષ્યગતિમાં **ક્ષાયિકાદિ-૩ સમ્યક્ત્વ** હોય છે. અને તિર્યંચગતિમાં ક્ષાયિક [૬]વિના **ક્ષયોપશમસમ્યક્ત્વ** અને **ઉપશમસમ્યક્ત્વ** હોય છે. છઠ્ઠા અને સાતમા ગુણઠાણે મનુષ્યગતિમાં **"ક્ષાયિકાદિ-૩ સમ્યક્ત્વ"** હોય છે. ૮ થી ૧૧ ગુણઠાણા સુધી મનુષ્યગતિમાં **ક્ષાયિકસમ્યક્ત્વ** અને **ઉપશમસમ્યક્ત્વ** હોય છે. ૧૨ થી ૧૪ ગુણઠાણા સુધી મનુષ્યગતિમાં માત્ર **ક્ષાયિકસમ્યક્ત્વ** હોય છે.

**પ્રશ્ન : (૩૮) ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ જીવ વધુમાં વધુ કેટલા ભવ કરી શકે?**

---

૬. દેશવિરતિગુણઠાણું માત્ર સંખ્યાતવર્ષના આયુષ્યવાળા (અયુગલિક) તિર્યંચ અને મનુષ્યને હોય છે. યુગલિકતિર્યંચ અને યુગલિકમનુષ્યને ૧ થી ૪ ગુણઠાણા જ હોય છે. એટલે જે મનુષ્યે યુગલિકતિર્યંચનું આયુષ્ય બાંધ્યા પછી ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું હોય, તે મનુષ્ય મૃત્યુ પામીને યુગલિકતિર્યંચમાં ઉત્પન્ન થાય છે. ત્યાં તેને ૪થું જ ગુણઠાણું હોય છે, પાંચમું ગુણઠાણું પ્રાપ્ત થતું નથી અને કોઈપણ દેશવિરતિતિર્યંચક્ષાયિકસમ્યક્ત્વને પ્રાપ્ત કરી શકતો નથી. તેથી પાંચમા ગુણઠાણે તિર્યંચગતિમાં ક્ષાયિક વિના ઉપશમ અને ક્ષયોપશમ એ બે સમ્યક્ત્વ હોય છે.

**જવાબ** :- અબદ્ધાયુ ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ જીવે જો જિનનામ નિકાચિત ન કર્યું હોય, તો તે જ ભવમાં મોક્ષમાં જાય છે અને બદ્ધાયુ ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ જીવ વધુમાં વધુ ત્રણ કે ચાર ભવ કરી શકે છે.

જે મનુષ્યે પહેલાં દેવ કે નરકનું આયુષ્ય બાંધેલુ હોય, તે મનુષ્ય જો ક્ષાયિકસમ્યક્ત્વ પામે, તો પહેલોભવ મનુષ્યનો ગણાય. તે જીવ ત્યાંથી દેવ કે નરકમાં ઉત્પન્ન થાય, તે બીજો ભવ ગણાય. ત્યાંથી મનુષ્યમાં આવે છે તે ત્રીજો ભવ ગણાય. ત્યાંથી અવશ્ય મોક્ષમાં જાય છે.

જે મનુષ્યે પહેલા યુગલિકતિર્યંચ કે યુગલિકમનુષ્યનું આયુષ્ય બાંધેલું હોય, તે જો ક્ષાયિકસમ્યક્ત્વ પામે, તો પહેલો ભવ મનુષ્યનો ગણાય છે. ત્યાંથી યુગલિકમનુષ્ય કે યુગલિકતિર્યંચમાં ઉત્પન્ન થાય છે તે બીજોભવ ગણાય. ત્યાંથી અવશ્ય દેવમાં ઉત્પન્ન થાય, તે ત્રીજોભવ ગણાય. ત્યાંથી મનુષ્યમાં આવે, તે ચોથોભવ ગણાય છે. ત્યાંથી અવશ્ય મોક્ષમાં જાય છે.

ક્યારેક કોઈજીવ દુપ્પસહસૂરિમહારાજની જેમ વધુમાં વધુ પાંચ ભવ પણ કરે છે. દુપ્પસહસૂરિમહારાજ જે ભવમાં ક્ષાયિકસમ્યક્ત્વ પામ્યા, તે પહેલો ભવ ગણાય છે. ત્યાંથી દેવલોકમાં ગયા, તે બીજો ભવ ગણાય છે. ત્યાંથી મનુષ્યમાં આવીને દુપ્પસહસૂરિ મહારાજ થશે તે ત્રીજો ભવ ગણાય. તે વખતે મોક્ષપ્રાપ્તિને યોગ્ય ક્ષેત્ર, કાળ, સંઘયણાદિ ન મલવાથી, તે મોક્ષમાં જઈ શકતા નથી. એટલે ત્યાંથી દેવલોકમાં જશે, તે ચોથો ભવ ગણાય છે. ત્યાંથી મનુષ્યમાં આવે છે. તે પાંચમો ભવ ગણાય છે. ત્યાંથી અવશ્ય મોક્ષમાં જાય છે.

**પ્રશ્ન : (૩૯) કયું સમ્યક્ત્વ કેટલા કાળ સુધી રહી શકે ?**

**જવાબ** :- ક્ષાયિકસમ્યક્ત્વનો કાળ **"સાદિ-અનંત"** છે. કારણકે જે જીવે ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું હોય, તે જીવ વધુમાં વધુ સાધિક **૩૩** સાગરોપમ સુધી સંસારમાં રહીને, પછી અવશ્ય મોક્ષમાં જાય છે. ત્યાં તે અનંતોકાળ રહે છે. એટલે ક્ષાયિકસમ્યક્ત્વનો કાળ **સાદિ-અનંત** કહ્યો છે. ક્ષયોપશમ સમ્યક્ત્વનો કાળ વધુમાં વધુ સાધિક **૬૬** સાગરોપમ છે અને ઉપશમસમ્યક્ત્વનો કાળ અંતર્મુહૂર્ત છે.

**પ્રશ્નઃ (૪૦) કયું સમ્યક્ત્વ વધુમાં વધુ કેટલીવાર પ્રાપ્ત થઈ શકે?**

**જવાબ** :- એક જીવને ભવચક્રમાં **ક્ષાયિક** અને **વેદક** સમ્યક્ત્વ **એક જ વાર** પ્રાપ્ત થઈ શકે છે. **ઉપશમ** અને **સાસ્વાદન** સમ્યક્ત્વ પાંચ વાર પ્રાપ્ત થઈ શકે છે અને **ક્ષયોપશમસમ્યક્ત્વ અસંખ્યવાર** પ્રાપ્ત થઈ શકે છે.

**પ્રશ્ન : (૪૧) મોહનીયમાં કયા કર્મનો ક્ષયોપશમ થવાથી, કયો ગુણ પ્રાપ્ત થાય છે? અને કયા કર્મનો ઉપશમ થવાથી, કયો ગુણ પ્રાપ્ત થાય છે ?**

**જવાબ :-** મિથ્યાત્વ અને અનંતાનુબંધીચતુષ્કનો ક્ષયોપશમ થવાથી **ક્ષયોપશમસમ્યક્ત્વ** પ્રાપ્ત થાય છે. અપ્રત્યાખ્યાનીયચતુષ્કનો ક્ષયોપશમ થવાથી **દેશવિરતિ** પ્રાપ્ત થાય છે અને પ્રત્યાખ્યાનીયચતુષ્કનો ક્ષયોપશમ થવાથી **સર્વવિરતિ** પ્રાપ્ત થાય છે.

મિથ્યાત્વનો ઉપશમ થવાથી **ગ્રન્થિભેદજન્ય ઉપશમસમ્યક્ત્વ** પ્રાપ્ત થાય છે. દર્શનત્રિકનો (મતાંતરે દર્શકસપ્તકનો) ઉપશમ થવાથી **શ્રેણિગત ઉપશમસમ્યક્ત્વ** પ્રાપ્ત થાય છે અને ચારિત્રમોહનીયકર્મનો ઉપશમ થવાથી **ઔપશમિકભાવનું યથાખ્યાતચારિત્ર** (ઔપશમિકવીતરાગતા) પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન : (૪૧) હિંસાદિ-પાપકાર્યોનું કેન્દ્રસ્થાન મન હોવાથી જીવ મનથી જ સંકલ્પ કરી લે કે, હું હિંસાદિ-પાપો નહીં કરૂં, એટલે તે જીવ તે તે પાપ કરતો અટકી જ જાય છે. તેથી તેને તે પાપની પ્રતિજ્ઞા (પચ્ચક્ખાણ) કરવાની શી જરૂર છે ?**

**જવાબ :-** જિનશાસનમાં **"પાપ કરે તો જ કર્મ બંધાય, પાપ ન કરે તો કર્મ ન બંધાય"** એવો નિયમ નથી. કારણકે નિગોદીયાજીવો હિંસા કરતા નથી, જુઠ્ઠું બોલતા નથી, ચોરી કરતા નથી, મૈથુન સેવન કરતા નથી, પરિગ્રહ પણ હોતો નથી. તેથી તેઓને અણુવ્રતનું પાલન સહેલાઈથી થઈ જાય છે. તેથી તેઓ ત્યાંથી મરીને દેવલોકમાં જવા જોઈએ પણ એવું બનતું નથી. કારણકે જ્યાં સુધી હિંસાદિ-પાપકાર્ય નહીં કરવાની પ્રતિજ્ઞા (પચ્ચક્ખાણ) કરી નથી ત્યાં સુધી અવિરતિનિમિત્તક કર્મબંધ ચાલુ રહે છે.

જેમ મકાનના બારી-બારણા બંધ ન કરો ત્યાં સુધી તેમાં કચરો આવ્યા કરે છે. બારી-બારણા બંધ કરી દીધા પછી મકાનમાં કચરો આવતો અટકી જાય છે. તેમ કંદમૂળનું ભક્ષણ, મૈથુન સેવન ઈત્યાદિ પાપ કાર્યો નહીં કરવાનો સંકલ્પ કર્યો હોવા છતાં પણ જ્યાં સુધી તે તે પાપકાર્યોનું પચ્ચક્ખાણ ન કરો ત્યાં સુધી કસોટીના સમયે પણ તે તે પાપો થઈ જવાની શક્યતા

ઉભી રહે છે. એટલે અવિરતિનિમિત્તક કર્મબંધ ચાલુ રહે છે. એટલે જો કંદમૂળનું ભક્ષણ વગેરે પાપ નહીં કરવાની પ્રતિજ્ઞા કરી લીધી હોય, તો કસોટીના સમયે પણ મન ઉપર કંટ્રોલ આવી જવાથી તે તે પાપ થવાની શક્યતા રહેતી નથી. તેથી અવિરતિનિમિત્તક કર્મબંધ થતો નથી. એટલે કંદમૂળ ભક્ષણાદિ પાપકાર્યો નહીં કરવાની પ્રતિજ્ઞા અવશ્ય કરવી જોઈએ.

**પ્રશ્ન : (૪૩) દેશવિરતિ કે સર્વવિરતિ સ્વીકાર કરતી વખતે मणेणं, वायाए, काएणं કહેવાની શી જરૂર છે ? કારણકે સર્વપાપનું કેન્દ્ર સ્થાન મન છે. એટલે મનથી જ પાપપ્રવૃત્તિ ન કરવાની પ્રતિજ્ઞા કરી લે, તો શું વાંધો ? વચનથી અને કાયાથી પ્રતિજ્ઞા કરવાની શી જરૂર છે?**

**જવાબ** :- તંદુલીયા મત્સ્યની જેમ માત્ર મનથી થતું પાપ જીવને સાતમી નરકમાં ધકેલી દેતું હોવાથી, સર્વપાપનું કેન્દ્રસ્થાન મન છે એ વાત સાચી છે. પરંતુ જિનશાસનમાં વચનયોગ અને કાયયોગને પણ કર્મબંધના હેતુ કહ્યાં છે. કેમકે જ્યાં સુધી કાયા અને વચન અશુભપ્રવૃત્તિમાંથી અટકીને શુભપ્રવૃત્તિમાં જોડાતું નથી ત્યાં સુધી પ્રાયઃ મન પણ અશુભપ્રવૃત્તિમાંથી અટકીને શુભ પ્રવૃત્તિમાં જોડાતું નથી. એટલે કાયાની શુભપ્રવૃત્તિ વિના પ્રાયઃ મનની શુભ પ્રવૃત્તિ અશક્ય છે. તેથી મનની સાથે કાયા અને વચનને પણ પ્રધાનતા આપવામાં આવી છે. એટલે દેશવિરતિ કે સર્વવિરતિનો સ્વીકાર કરતી વખતે **मणेणं** સાથે **वायाए** અને **काएणं** પણ કહ્યું છે.

**પ્રશ્ન : (૪૪) શાસ્ત્રમાં પ્રાણાતિપાતાદિ ૧૮ પાપ કહ્યાં છે, તે ૧૮ પાપની પ્રતિજ્ઞા કરવાનું ન કહેતાં હિંસાદિ-પાંચની જ પ્રતિજ્ઞા કરવાનું કેમ કહ્યું છે ?**

**જવાબ** :- હિંસાદિ-૧૮ પાપમાંથી હિંસા, જુઠ, ચોરી, મૈથુનનું સેવન અને પરિગ્રહ એ પાંચ પ્રકારના પાપ શારીરિકાદિ પ્રવૃત્તિરૂપ છે. અને બાકીના ક્રોધાદિ-૧૩ પ્રકારના પાપો માનસિક પરિણામરૂપ છે. તે સાધનાના પ્રારંભકાળમાં સર્વથા દૂર થઈ શકે તેમ નથી વળી, ક્રોધાદિ કષાયની વૃદ્ધિનું કારણ હિંસાદિ પાપપ્રવૃત્તિ છે. એટલે સૌ પ્રથમ હિંસાદિ-પાપપ્રવૃત્તિને અટકાવવી જોઈએ. જેમ રોગનો નાશ કરવો હોય તો દર્દીએ સૌ પ્રથમ રોગની વૃદ્ધિ કરે એવા અપથ્ય ભોજનાદિનો ત્યાગ કરવો જોઈએ. પછી ઔષધ લેવાથી જલ્દીથી

રોગનો નાશ થાય છે. તેમ અહીં ક્રોધાદિ-૧૮ પાપસ્થાનકનો નાશ કરવો હોય, તો જીવે સૌ પ્રથમ ક્રોધાદિની વૃદ્ધિ કરનારા હિંસાદિ-પાપકાર્યોનો ત્યાગ કરવો જોઈએ. પછી શુભાનુષ્ઠાનરૂપ દવાનું સેવન કરવાથી જલ્દીથી ક્રોધાદિ-પાપસ્થાનકરૂપ રોગનો નાશ થાય છે. એટલે સાધનાના પ્રારંભકાળમાં હિંસાદિ-૧૮ પાપમાંથી માત્ર પાંચ જ પ્રકારની પાપપ્રવૃત્તિની સ્થૂલથી કે સર્વથી પ્રતિજ્ઞા કરાય છે.

**પ્રશ્ન : (૪૫) દેશવિરતિ અને સર્વવિરતિનો તફાવત જણાવો.**

જવાબ :-

| દેશવિરતિ | સર્વવિરતિ |
|---|---|
| ૧. સ્થૂલથી હિંસાદિ પાપ-પ્રવૃત્તિમાંથી અટકવું, તે દેશવિરતિ. | ૧. સર્વથા હિંસાદિ-પાપ પ્રવૃત્તિમાંથી અટકવું, તે સર્વવિરતિ. |
| ૨. અપ્રત્યાખ્યાનીયકષાયનો ક્ષયોપશમ થવાથી દેશવિરતિગુણ પ્રગટ થાય. | ૨. પ્રત્યાખ્યાનીયકષાયનો ક્ષયોપશમ થવાથી સર્વવિરતિગુણ પ્રગટ થાય. |
| ૩. જ૦થી કોઈપણ એકઅણુવ્રત કે ઉ૦થી૧૨ વ્રતનો સ્વીકાર કરનારા જીવને દેશવિરતિશ્રાવક કહેવાય છે. | ૩. યાવજ્જીવનું સામાયિક અને પાંચ મહાવ્રતનો સ્વીકાર કરનારા જીવને સંયમી કહેવાય છે. |
| ૪. સંખ્યાતવર્ષના આયુષ્યવાળા તિ૦ અને મનુ૦ જ દેશવિરતિનો સ્વીકાર કરી શકે છે. | ૪. સંખ્યાતવર્ષના આયુષ્યવાળા મનુષ્યો જ સર્વવિરતિનો સ્વીકાર કરી શકે છે. |
| ૫. અસંખ્યાતા હોય છે. | ૫. ૨ થી ૯ હજાર ક્રોડ હોય છે. |
| ૬. દેશવિરતિનો કાળ જ૦થી અંતર્મુ૦ અને ઉ૦થી દેશોન પૂર્વક્રોડ વર્ષ છે. | ૬. છઠ્ઠાગુણઠાણાનો કાળ જ૦થી ૧ સમય અને ઉ૦થી **અંતર્મુ૦** છે. |
| ૭. સર્વવિરતિની અપેક્ષાએ અનંત-ગુણહીન વિશુદ્ધિ હોય છે. | ૭. દેશવિરતિની અપેક્ષાએ અનંતગુણી વિશુદ્ધિ હોય છે. |
| ૮. એક જીવને એક ભવમાં બે હજારથી નવહજાર વાર અને ભવચક્રમાં અસંખ્યવાર દેશવિરતિનો પરિણામ આવે છે. | ૮. એક જીવને એક ભવમાં બસોથી નવસો વાર અને ભવચક્રમાં બે હજારથી નવહજાર વાર સર્વવિરતિનો પરિણામ આવે છે. |

**પ્રશ્ન : (૪૬) ચારિત્રની પ્રાપ્તિ કયા કર્મોના ક્ષયોપશમથી થાય છે ?**

**જવાબ :-** દર્શનમોહનીય અને અનંતાનુબંધી વગેરે બાર કષાયના[૭] ક્ષયોપશમ વિના ચારિત્ર (ભાવચારિત્ર)ની પ્રાપ્તિ થતી નથી. એટલે ભાવચારિત્રનું મુખ્ય કારણ દર્શનમોહનીયનો અને ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ છે. તેની સાથે જ્ઞાનાવરણીયાદિ-૩ ઘાતીકર્મોનો ક્ષયોપશમ પણ જરૂરી છે. કારણકે ચારિત્રના પાલન માટે જઘન્યથી પણ અષ્ટપ્રવચનમાતાના જ્ઞાનની જરૂર રહે છે. એટલે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ પણ જોઈએ. ઈર્યાસમિતિના પાલન માટે ચક્ષુદર્શનની પણ જરૂર રહે છે. માટે દર્શનાવરણીયકર્મનો ક્ષયોપશમ પણ જોઈએ. અને વિહારાદિમાં શારીરિકશક્તિની જરૂર રહે છે. એટલે અંતરાયકર્મનો ક્ષયોપશમ પણ જોઈએ. એટલે સામાન્યથી ચારિત્રની પ્રાપ્તિનું કારણ ઘાતીકર્મનો ક્ષયોપશમ પણ કહી શકાય છે.

**પ્રશ્ન : (૪૭) અભવ્યને કયા કર્મના ક્ષયોપશમથી ચારિત્રની પ્રાપ્તિ થાય?**

**જવાબ :-** અભવ્યને ભાવચારિત્રના કારણભૂત **દર્શનમોહનીયનો અને ચારિત્ર-મોહનીયનો ક્ષયોપશમ ક્યારેય પ્રાપ્ત થતો નથી.** કારણ કે અભવ્યને મિથ્યાત્વગુણઠાણું જ હોય છે. ત્યાં દર્શનમોહનીય અને અનંતા૦૧૨ કષાયનો ક્ષયોપશમ હોતો નથી. તેથી અભવ્યને ભાવચારિત્ર હોતું નથી પણ દ્રવ્યચારિત્રની પ્રાપ્તિ થાય છે. તેમાં મોહનીય વિના જ્ઞાનાવરણીયાદિ-૩ ઘાતીકર્મોનો ક્ષયોપશમ સહાયક બને છે. જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી અષ્ટપ્રવચનમાતાનું જ્ઞાન, દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી ચક્ષુદર્શનાદિની પ્રાપ્તિથી ઈર્યાસમિતિનું પાલન અને અંતરાય (લાભાંતરાય) કર્મના ક્ષયોપશમથી ચારિત્રને માટે જરૂરી સામગ્રી મળે છે. એટલે અભવ્યને સામાન્યથી ચારિત્રની પ્રાપ્તિનું કારણ મોહનીય વિના જ્ઞાનાવરણીયાદિ-૩ ઘાતીકર્મનો ક્ષયોપશમ પણ કહી શકાય છે.

**પ્રશ્ન : (૪૮) દ્રવ્યચારિત્ર અને ભાવચારિત્ર એટલે શું ?**

**ભાવ = આત્મિકપરિણામ**

**જવાબ :-** દર્શનમોહનીય અને અનંતાનુબંધી વગેરે બાર કષાયનો ક્ષયોપશમ થવાથી જે વિશુદ્ધ પરિણામ ઉત્પન્ન થાય છે, તે **"ભાવચારિત્ર"** કહેવાય.

---

૭. चारित्रमपि दर्शनमोहकषायद्वादशक्षयोपशमाज्जायते सकलविरति लक्षणम्।
(तत्त्वार्थ सूत्र - २/५ नी टीका)

તે ચારિત્ર સર્વવિરતિગુણઠાણે પ્રાપ્ત થાય છે. એટલે સર્વવિરતિગુણઠાણાથી નીચેના ગુણઠાણામાં રહેલા જીવોની જે ભાગવતી દીક્ષા છે, તે **દ્રવ્યચારિત્ર** કહેવાય છે.

મોક્ષાભિલાષી સંયમી મહાત્મા સર્વવિરતિથી નીચેના ગુણઠાણે હોય, તો પણ તેઓનું સંયમીજીવન ભાવચારિત્રનું કારણ હોવાથી, કારણમાં (દ્રવ્યચારિત્રમાં) કાર્યનો (ભાવચારિત્રનો) આરોપ કરીને કારણને = દ્રવ્યચારિત્રને પણ ઉપચારથી ભાવચારિત્ર કહી શકાય છે.

**પ્રશ્ન : (૪૯) ભાવશ્રાવક અને દ્રવ્યશ્રાવક એટલે શું ?**

**જવાબ :-** દર્શનમોહનીય અને અનંતાનુબંધી વગેરે ૮ કષાયના ક્ષયોપશમવાળા જીવને **ભાવશ્રાવક** કહેવાય છે. તેઓને દેશવિરતિગુણઠાણુ હોય છે અને દેશવિરતિગુણઠાણાની નીચેના ગુણઠાણામાં રહેલા જે જીવો અણુવ્રતાદિનું પાલન કરી રહ્યાં છે, તે **દ્રવ્યશ્રાવક** કહેવાય.

**પ્રશ્ન : (૫૦) જો દેશવિરતિ કે સર્વવિરતિ ગુણઠાણાની નીચેના ગુણઠાણામાં પણ દેવગુરુની સાક્ષીએ વિધિપૂર્વક અણુવ્રત કે મહાવ્રતનું ગ્રહણ કરીને દેશવિરતિધર્મ કે સર્વવિરતિધર્મનું પાલન કરી શકાય છે, તો દેશવિરતિ-ધર્મવાળા શ્રાવકને દેશવિરતિગુણઠાણુ અને સર્વવિરતિધર્મવાળા સાધુને સર્વવિરતિગુણઠાણુ હોય છે. એવું કેમ કહી શકાય ?**

જવાબ :- શાસ્ત્રમાં કહ્યું છે કે, **"ભવચક્રમાં જીવે દ્રવ્યથી અનંતીવાર શ્રાવકાદિપણું પ્રાપ્ત કર્યું છે."** આ ઉપરથી એવું નક્કી થયું કે, દેશવિરતિ કે સર્વવિરતિના પરિણામ વિના પણ અણુવ્રત કે મહાવ્રતના પાલનરૂપ વિરતિધર્મની પ્રાપ્તિ થઈ શકે છે એટલે દેશવિરતિ કે સર્વવિરતિ ગુણઠાણાની નીચેના ગુણઠાણામાં પણ અણુવ્રત કે મહાવ્રતના પાલનરૂપ વિરતિધર્મ હોય છે પણ વિરતિનો પરિણામ (ભાવ) હોતો નથી. તેથી ત્યાં ભાવશ્રાવકપણું કે ભાવચારિત્ર હોતું નથી પણ ભાવવિરતિના કારણભૂત વિરતિધર્મની ક્રિયાનું પાલન હોય છે. કારણકે દેશવિરતિ અને સર્વવિરતિ ગુણઠાણાની નીચેના ગુણઠાણામાં પણ જે જીવો મોક્ષાભિલાષી હોય છે. તેઓને **"અણુવ્રત કે મહાવ્રતરૂપ વિરતિધર્મનું શુદ્ધચિત્તે પાલન કરતાં કરતાં અપ્રત્યાખ્યાનીય-કષાયનો ક્ષયોપશમ થવાથી દેશવિરતિનો પરિણામ (ભાવ) ઉત્પન્ન થાય છે, તે વખતે તેઓ દેશવિરતિગુણઠાણાને પ્રાપ્ત કરે છે અને પ્રત્યાખ્યાનીયનો**

**ક્ષયોપશમ થવાથી સર્વવિરતિનો પરિણામ (ભાવ) ઉત્પન્ન થાય છે તે વખતે તેઓ સર્વવિરતિગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે."** ત્યારપછી પણ દેશવિરતિ કે સર્વવિરતિના પરિણામને ટકાવી રાખવા માટે વિરતિધર્મની ક્રિયાનું આલંબન ખાસ જરૂરી છે. જો વિરતિધર્મની શુદ્ધક્રિયાનું આલંબન ન હોય, તો વિરતિનો પરિણામ લાંબો ટાઈમ ટકી શકતો નથી એટલે વિરતિનો પરિણામ ટકાવી રાખવા માટે વિરતિધર્મની ક્રિયા અવશ્ય જોઈએ. ક્યારેક વિરતિના પરિણામનો નાશ થવાથી જીવ **નીચેના ગુણઠાણે ચાલ્યો જાય છે. તે વખતે અણુવ્રત કે મહાવ્રતરૂપ વિરતિધર્મની ક્રિયાનો નાશ થતો નથી. માત્ર વિરતિના પરિણામનો નાશ થાય છે.** એટલે દેશવિરતિગુણઠાણાની નીચેના ગુણઠાણામાં દેશવિરતિધર્મ હોઈ શકે છે પણ દેશવિરતિના પરિણામરૂપ દેશવિરતિગુણઠાણુ હોતું નથી. એ જ રીતે, સર્વવિરતિગુણઠાણાની નીચેના ગુણઠાણામાં સર્વવિરતિ ધર્મ હોઈ શકે છે પણ સર્વવિરતિના પરિણામરૂપ સર્વવિરતિગુણઠાણુ હોતું નથી. એટલે દેશવિરતિધર્મવાળા સર્વજીવોને દેશવિરતિગુણઠાણુ અને સંયમી જીવોને સર્વવિરતિગુણઠાણુ જ હોય એવો નિયમ નથી.

**પ્રશ્ન : (૫૧) એક જીવને એકભવમાં અને ભવચક્રમાં દેશવિરતિનો પરિણામ અને સર્વવિરતિનો પરિણામ કેટલીવાર પ્રાપ્ત થાય ?**

**જવાબ :-** એક જીવને દેશવિરતિનો પરિણામ એકભવમાં **"૨ થી ૯ હજાર વાર"** અને ભવચક્રમાં **"અસંખ્યવાર"** પ્રાપ્ત થાય.

એકજીવને સર્વવિરતિનો પરિણામ એકભવમાં **"બસોથી[૮] નવસો વાર"** અને ભવચક્રમાં **"૨ થી ૯ હજાર વાર"** પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન : (૫૨) શાસ્ત્રમાં કહ્યું છે કે सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः॥ એટલે મોક્ષની પ્રાપ્તિ માટે દરેક જીવે ચારિત્ર લેવું જોઈએ પણ અભવ્યને તો મોક્ષમાં જવાનું જ નથી તો પછી ચારિત્ર લેવાની શી જરૂર ?**

**જવાબ :-** (૧) ચક્રવર્તી કે મોટા રાજાઓ શુદ્ધસંયમીની પૂજા કે સન્માન કરતા હોય છે. તે જોઈને, તેવા પ્રકારની પૂજા કે સન્માન મેળવવાની ઈચ્છાથી અભવ્યો ચારિત્ર લે છે. (૨) તીર્થંકરની અષ્ટમહાપ્રાતિહાર્ય-સમવસરણ વગેરે ઋદ્ધિને જોઈને, તે મેળવવા માટે અભવ્યો ચારિત્ર લે છે. (૩) આ

---

૮. દ્રવ્યલોકપ્રકાશ ત્રીજો સર્ગ.

ભવ કે પરભવમાં સુખ સામગ્રીની પ્રાપ્તિનું કારણ ધર્મ છે એવું સાંભળીને ભૌતિકસુખ સામગ્રીને મેળવવાની ઈચ્છાથી અભવ્ય ચારિત્ર લે છે.

**પ્રશ્ન : (૫૩) અભવ્યને ચારિત્ર પાલનથી શું લાભ થાય છે ?**

**જવાબ** :- અભવ્યનો આત્મા મુક્તિના અદ્વેષપૂર્વક નિરતિચાર દ્રવ્યચારિત્રના પાલનથી **"નવમા ગ્રૈવેયક"** સુધી જઈ શકે છે.

**પ્રશ્ન : (૫૪) શાસ્ત્રમાં કહ્યું છે કે, છદ્મસ્થાવસ્થામાં ભગવાન મહાવીર સ્વામીને ૧૨ાા વર્ષના દીક્ષાપર્યાયમાં માત્ર બે ઘડી જ નિદ્રા આવી હતી. એટલે ભગવાનમહાવીરસ્વામી ૧૨ાા વર્ષમાંથી માત્ર અંતર્મુહૂર્તકાળ જ પ્રમત્તગુણઠાણે રહીને, બાકીનો બધો કાળ અપ્રમત્તગુણઠાણે રહેલા હોવાથી, અપ્રમત્તગુણઠાણાનો કાળ માત્ર અંતર્મુહૂર્ત જ કેવી રીતે ઘટી શકે ?**

**જવાબ** :-જેમ વ્યવહારનયથી **નિદ્રા, વિકથા, કષાય** વગેરે પરભાવદશા હોવાથી પ્રમાદ છે તેમ નિશ્ચયનયથી સંજ્વલનકષાયોદયને લીધે પરદ્રવ્ય પ્રત્યે લાગણી કે કરૂણા ઉત્પન્ન થવી, તે પણ પરભાવદશા હોવાથી, પ્રમાદ કહેવાય છે.

ભગવાનમહાવીરસ્વામીને છદ્મસ્થાવસ્થામાં ૧૨ાા વર્ષમાંથી માત્ર બે ઘડી સિવાયના કાળમાં નિદ્રા ન આવવા છતાં પણ સંજ્વલનકષાયના ઉદયથી પરદ્રવ્ય પ્રત્યે લાગણી કે કરૂણા ઉત્પન્ન થવાથી, પ્રમાદ આવી જતા અલ્પકાળ માટે પણ પ્રમત્તગુણઠાણે આવી જવાથી, અંતર્મુહૂર્ત-અંતર્મુહૂર્તે પ્રમત્ત-અપ્રમત્તનું પરાવર્તન થતુ હોવાથી, અપ્રમત્તગુણસ્થાનકનો કાળ ઉ૦થી પણ માત્ર અંતર્મુહૂર્ત જ ઘટી શકે છે.

**પ્રશ્ન : (૫૫) વર્તમાનકાળમાં મહાન ગીતાર્થ સંવેગી આચાર્યભગવંતને ચાર કે પાંચ કલાક નિદ્રા લેવી પડે છે. તો તેમને પ્રમત્તગુણસ્થાનકનો કાળ માત્ર અંતર્મુહૂર્ત જ કેવી રીતે ઘટી શકે ?**

**જવાબ** :- વર્તમાનકાળમાં મહાનગીતાર્થ સંવેગી આચાર્યભગવંતોને વ્યવહારનયથી ૪ કે ૫ કલાકની નિદ્રા ચાલુ હોવા છતાં પણ નિશ્ચયનયથી આત્મજાગૃતિ રૂપ સ્વભાવદશા તરફ ઝૂકેલા હોય છે. કારણકે તેઓ નિદ્રાકાલે પણ વાસનાની વૃદ્ધિ ન થાય એ હેતુથી **"કુક્કડી પાયપસારેણ૦"** ગાથામાં કહ્યાં મુજબ અંગોપાંગ સંકોચીને, વસ્ત્રાદિથી ઢાંકીને જ સૂવે છે. અને પડખુ ફેરવતી વખતે પણ પ્રમાર્જના કરતા હોવાથી, નિદ્રામાં પણ આત્મજાગૃતિ ચાલુ હોય છે. તેથી તેઓ નિદ્રામાં પણ અપ્રમત્તગુણઠાણે આવી જાય છે.

એટલે નિદ્રાકાલે પણ અંતર્મુહૂર્તે પ્રમત્ત-અપ્રમત્તગુણઠાણાનું પરાવર્તન ચાલુ હોય છે. એટલે ૪-૫ કલાકની નિદ્રામાં પણ પ્રમત્તગુણઠાણાનો અંતર્મુહૂર્ત કાળ ઘટી શકે છે.

**પ્રશ્ન : (૫૬) વર્તમાનકાળમાં ભરત-ઐરવતક્ષેત્રમાં રહેલા જીવો વધુમાં વધુ કેટલા ગુણઠાણા સુધી જઈ શકે ?**

**જવાબ :-** વર્તમાનકાળમાં ભરત અને ઐરવતક્ષેત્રમાં રહેલા જીવો વધુમાં વધુ **"સાતગુણઠાણા"** સુધી જઈ શકે છે. ત્યાંથી આગળ વર્તમાનકાળમાં છેવટ્ઠું સંઘયણ હોવાથી જઈ શકાતું નથી.

**પ્રશ્ન : (૫૭) વિસંયોજના અને ક્ષય એટલે શું ? તે બન્નેમાં શું ફેર ? વિસંયોજના કયા કર્મની થાય ? અને કોણ કોણ કરી શકે ?**

**જવાબ :-** જે કર્મપ્રકૃતિની સત્તાનો નાશ થયા પછી ફરીથી તે કર્મપ્રકૃતિનો બંધ થવાની શક્યતા હોય, તે કર્મપ્રકૃતિના નાશને **"વિસંયોજના"** કહે છે અને જે કર્મપ્રકૃતિનો નાશ થયા પછી ફરીવાર તે કર્મપ્રકૃતિ ક્યારેય બંધાવાની નથી. તે કર્મપ્રકૃતિના નાશને **"ક્ષય"** કહે છે.

વિસંયોજના અને ક્ષયમાં એ જ ફરક છે કે, **"જે કર્મપ્રકૃતિની વિસંયોજના થઈ હોય, તે કર્મપ્રકૃતિનો ફરી બંધ થવાનો સંભવ છે." અને જે કર્મપ્રકૃતિનો ક્ષય થયો હોય, તે કર્મપ્રકૃતિ ફરીવાર ક્યારેય બંધાતી નથી."** દા૦ત૦ અનંતાનુબંધીની વિસંયોજના કરનારા જીવને મિથ્યાત્વ મોહનીયકર્મ સત્તામાં હોવાથી, તે જીવ જો મિથ્યાત્વગુણઠાણે આવી જાય, તો ત્યાં ફરીથી અનંતાનુબંધી બંધાય છે અને જે જીવે મિથ્યાત્વમોહનીયનો નાશ કર્યો હોય, તે જીવ ફરીવાર ક્યારેય મિથ્યાત્વમોહનીયને બાંધી શકતો નથી. એટલે ફરીવાર મિથ્યાત્વમોહનીયની સત્તા પ્રાપ્ત થતી નથી.

૧૫૮ કર્મપ્રકૃતિમાંથી **"અનંતાનુબંધીચતુષ્કની"** જ વિસંયોજના થાય છે. બાકીના કોઈપણ કર્મની વિસંયોજના થતી નથી અને ૪ થી ૭ ગુણઠાણે રહેલા ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિ સંજ્ઞીપર્યાપ્તાજીવો અનંતાનુબંધીચતુષ્કની વિસંયોજના કરી શકે છે.

# શ્રેણિગત ૮ થી ૧૨ ગુણઠાણા

**પ્રશ્ન : (૫૮) ગુણસંક્રમ એટલે શું ? તેનાથી જીવને શું લાભ થાય ?**

**જવાબ :-** અર્પૂવકરણગુણસ્થાનકથી માંડીને દશમાગુણસ્થાનક સુધી નહીં બંધાતી અશુભકર્મપ્રકૃતિના દલિકોને પૂર્વ-પૂર્વના સમય કરતા પછી-પછીના સમયે અસંખ્યગુણાકારે બંધાતી સજાતિય કર્મપ્રકૃતિમાં સંક્રમાવવા, તે ગુણસંક્રમ કહેવાય.

ગુણસંક્રમથી અશુભકર્મપ્રકૃતિના જે કર્મદલિકો નહીં બંધાતી સજાતીયમાં સંક્રમે છે, તે સર્વે પોતાનો દુઃખદાયકાદિ સ્વભાવને છોડીને સુખદાયકાદિ સ્વભાવને પ્રાપ્ત કરતા હોવાથી, તે કર્મદલિકો જીવને સુખનો અનુભવ કરાવશે. દા. ત. ગુણસંક્રમથી અશાતાના જે કર્મદલિકો શાતામાં સંક્રમે છે, તે સર્વે પોતાના દુઃખદાયક સ્વભાવને છોડીને સુખદાયક સ્વભાવને પ્રાપ્ત કરતા હોવાથી, તે સર્વે કર્મદલિકો જીવને સુખનો અનુભવ કરાવશે. એ જ મહાન લાભ ગુણસંક્રમથી થાય છે.

**પ્રશ્ન : (૫૯) ક્યારે કઈ કઈ પ્રકૃતિનો ગુણસંક્રમ થાય ?**

**જવાબ :-** અપૂર્વકરણગુણઠાણાના પ્રથમસમયથી **થીણદ્ધિત્રિક, અશાતાવેદનીય, મધ્યમ આઠકષાય, સ્ત્રીવેદ, નપુંસકવેદ, અરતિ, શોક, તિર્યંચદ્વિક, નરકદ્વિક, એકેન્દ્રિયાદિ-૪ જાતિ,** પ્રથમ વિનાના **પાંચ સંઘયણ** અને **પાંચ સંસ્થાન, અશુભવિહાયોગતિ, સ્થાવરદશક** અને **નીચગોત્ર** એ ૪૬ કર્મપ્રકૃતિનો ગુણસંક્રમ શરૂ થાય છે. અને ૮માના બીજા ભાગથી **નિદ્રાદ્વિક,** ૮માના છઠ્ઠા ભાગથી **ઉપઘાત** તથા **અશુભવર્ણચતુષ્ક** અને ૯મા ગુણઠાણાના પહેલા સમયથી **હાસ્ય, રતિ, ભય** અને **જુગુપ્સાનો** ગુણસંક્રમ શરૂ થાય છે.

**પ્રશ્ન : (૬૦) અપૂર્વકરણગુણઠાણે જો દરેક જીવના અધ્યવસાયની વિશુદ્ધિ જુદી જુદી હોય, તો ત્રિકાળવર્તી અનંતજીવો અપૂર્વકરણગુણઠાણાનો સ્પર્શ કરતા હોવાથી, કુલ અનંતા અધ્યવસાય હોવા જોઈએ ને ? પણ શાસ્ત્રમાં અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ અધ્યવસાયો કહ્યાં છે. તેનું શું કારણ?**

**જવાબ :-** ત્રિકાળવર્તી અનંતજીવો આઠમા ગુણઠાણાનો સ્પર્શ કરે છે. તેમાંના

ઘણા જીવોના અધ્યવસાયની વિશુદ્ધિ સરખી પણ હોય છે. એટલે જેટલા જીવો સરખી વિશુદ્ધિવાળા હોય, તે સર્વેનું એક જ અધ્યવસાયસ્થાન ગણાય છે. જેમ એક ધોરણમાં હજાર વિદ્યાર્થી છે. તે સર્વેની બુદ્ધિ એકસરખી હોતી નથી પણ તેમાંના કેટલાકની બુદ્ધિ સરખી હોય છે. કારણકે પરીક્ષામાં **૫** વિદ્યાર્થી **૧૦૦**..... **૭** વિદ્યાર્થી **૯૯**..... **૨૫** વિદ્યાર્થી **૭૫** અને **૧૦૦** વિદ્યાર્થી **૩૫** માર્કસ્ મેળવે છે. એટલે ક્રમશઃ **૫, ૭, ૨૫** અને **૧૦૦** વિદ્યાર્થીની બુદ્ધિ સરખી ગણાય. એ રીતે, સરખી સરખી બુદ્ધિવાળાનો એક એક વર્ગમાં સમાવેશ કરવાથી કુલ **૧** થી **૧૦૦** વર્ગમાં હજાર વિદ્યાર્થીનો સમાવેશ થઈ જાય છે. તેમ અહીં સરખી સરખી વિશુદ્ધિવાળા જીવોનું એક એક અધ્યવસાયસ્થાન ગણી લેવાથી અનંતજીવોનો અસંખ્ય અધ્યવસાયમાં સમાવેશ થઈ જાય છે. તેથી શાસ્ત્રમાં અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ જ અધ્યવસાયો કેવળીભગવંતે કહ્યાં છે.

**પ્રશ્ન : (૬૧) અપૂર્વકરણગુણઠાણામાં પૂર્વ-પૂર્વના સમય કરતાં પછી પછીના સમયમાં થોડા થોડા અધ્યવસાયો વધી કેમ જાય છે ?**

**જવાબ :-** પ્રથમસમયે એક-એક અધ્યવસાયસ્થાને સરખી વિશુદ્ધિવાળા ઘણા જીવો હોય છે પણ ક્ષયોપશમની વિચિત્રતાને કારણે તેઓની વિશુદ્ધિ બીજા સમયે ન્યૂનાધિક પ્રમાણમાં થઈ જવાથી અધ્યવસાયસ્થાનો વધી જાય છે. જેમ પહેલા ધોરણમાં ૩૫ માર્કસ મેળવનારા ૧૦૦ વિદ્યાર્થી હતા. તે જ વિદ્યાર્થીઓ બીજા ધોરણમાં આવ્યા પછી તેમાંનો કોઈ ૪૦, કોઈ ૫૦, કોઈ ૬૦ માર્કસ પણ મેળવે છે. તેમ અહીં પહેલાસમયે સરખી વિશુદ્ધિવાળા જે જીવો હતા તે જ જીવો બીજાસમયે આવી જતાં, તેમાંના કોઈની વિશુદ્ધિ અલ્પ વધે છે, તો કોઈની વિશુદ્ધિ ઘણી વધે છે. એટલે સરખી વિશુદ્ધિવાળા જીવોની વિશુદ્ધિમાં બીજાસમયે ન્યૂનાધિક પ્રમાણમાં વધારો થઈ જવાથી તેઓ જુદા પડી જાય છે. એટલે તેઓનું અધ્યવસાયસ્થાન જુદુ પડી જવાથી બીજાસમયે થોડા અધ્યવસાયો વધી જાય છે.

એ રીતે, અપૂર્વકરણના છેલ્લા સમય સુધી સમજવું.

**પ્રશ્ન : (૬૨) નિવૃત્તિ અને અનિવૃત્તિગુણઠાણાનો તફાવત જણાવો.**

| જવાબ :- નિવૃત્તિગુણસ્થાનક | અનિવૃત્તિગુણસ્થાનક |
|---|---|
| ૧. એકીસાથે પ્રવેશ કરનારા સર્વ જીવોના અધ્યવસાયની વિશુદ્ધિમાં તરતમતા હોય છે. | ૧. એકીસાથે પ્રવેશ કરનારા સર્વ જીવોના અધ્યવસાયની વિશુદ્ધિ સરખી હોય છે. |
| ૨. અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાયસ્થાનો હોય છે. | ૨. અનિવૃત્તિગુણઠાણાના અંતર્મુહૂર્તના જેટલા સમય થાય તેટલા અધ્યવસાયસ્થાનો હોય છે. |
| ૩. અધ્યવસાયની આકૃતિ વિષમ ચતુરસ્ર બને છે. | ૩. અધ્યવસાયની આકૃતિ મોતીની માળાની શેર જેવી હોય છે. |
| ૪. તિર્યગ્‌મુખી અને ઉર્ધ્વમુખી વિશુદ્ધિ હોય છે. | ૪. માત્ર ઉર્ધ્વમુખી વિશુદ્ધિ જ હોય છે. |
| ૬. અનિવૃત્તિગુણઠાણાની અપેક્ષાએ અનંતગુણહીન વિશુદ્ધિ હોય છે. | ૬. નિવૃત્તિગુણઠાણાની અપેક્ષાએ અનંતગુણી વિશુદ્ધિ હોય છે. |

**પ્રશ્ન : (૬૩) ઉપશાંતકષાયવીતરાગછદ્મસ્થગુણસ્થાનક અને ક્ષીણમોહકષાય-વીતરાગછદ્મસ્થગુણસ્થાનકના વિશેષણની સાર્થકતા જણાવો.**

**જવાબ :- જે જીવો જ્ઞાનાવરણીયાદિ ઘાતીકર્મના ઉદયવાળા હોય છે, તે "છદ્મસ્થ" કહેવાય છે.** જો **૧૧**મા ગુણસ્થાનકને **"છદ્મસ્થગુણસ્થાનક"** કહેવામાં આવે, તો.... નવમા-દશમા ગુણઠાણાવાળા જીવો છદ્મસ્થ હોવાથી, તેમાં નવમા-દશમા ગુણઠાણાનો સમાવેશ થઈ જાય છે. એટલે તેનાથી **૧૧**મા ગુણઠાણાને જુદુ પાડવા માટે **"વીતરાગ"** વિશેષણ મૂક્યું છે. કારણકે **૧૦**મા ગુણઠાણા સુધીના જીવો છદ્મસ્થ છે પણ રાગી છે અને **૧૧મા** ગુણઠાણામાં રહેલા જીવો છદ્મસ્થ છે પણ વીતરાગી છે.

હવે જો **૧૧**મા ગુણઠાણાને **"વીતરાગછદ્મસ્થગુણસ્થાનક"** કહેવામાં આવે, તો..... **૧૨**મા ગુણઠાણામાં રહેલા જીવો પણ **વીતરાગછદ્મસ્થ** છે. તેથી તેમાં **૧૨**મા ગુણઠાણાનો સમાવેશ થઈ જાય છે. એટલે **૧૨**મા ગુણઠાણાથી **૧૧**મા ગુણઠાણાને જુદુ પાડવા માટે **"ઉપશાંતકષાય"** વિશેષણ મૂક્યું છે. કારણકે **૧૨**મા ગુણઠાણાવાળા જીવો વીતરાગછદ્મસ્થ છે. પણ ક્ષીણકષાયી છે ઉપશાંતકષાયી નથી.

હવે જો **૧૧**મા ગુણઠાણાને ઉપશાંતકષાયછદ્મસ્થગુણસ્થાનક કહેવામાં આવે, તો.... તેમાં નવમા-દશમા ગુણઠાણાનો પણ સમાવેશ થઈ જાય છે. કારણકે નવમા-દશમા ગુણઠાણે પણ કેટલાક[૯] કષાયો ઉપશાંત થયેલા હોવાથી, તેને પણ ઉપશાંતકષાયી કહેવાય છે. એટલે તેનાથી **૧૧**મા ગુણઠાણાને જુદુ પાડવા માટે **વીતરાગ** વિશેષણ મૂક્યું છે.

સર્વથા નાશ થયેલા છે કષાયો જેના તે **ક્ષીણકષાયી** કહેવાય છે. જો **૧૨**મા ગુણઠાણાને **"ક્ષીણકષાયગુણસ્થાનક"** કહેવામાં આવે, તો... તેમાં નવમા-દસમા ગુણસ્થાનકનો પણ સમાવેશ થઈ જાય છે. કારણકે નવમા-દશમા ગુણઠાણે કેટલાક કષાયોનો નાશ થયેલો હોવાથી, તેને પણ ક્ષીણકષાય ગુણસ્થાનક કહેવાય છે. એટલે તેનાથી **૧૨**મા ગુણઠાણાને જુદુ પાડવા માટે **"વીતરાગ"** વિશેષણ મૂક્યું છે. કેમકે નવમા-દશમા ગુણઠાણાવાળા ક્ષીણકષાયી છે પણ વીતરાગી નથી.

હવે જો **"ક્ષીણકષાયવીતરાગગુણસ્થાનક"** એટલું જ કહેવામાં આવે, તો.... તેમાં **૧૩**મા ગુણસ્થાનકનો સમાવેશ થઈ જાય છે. કારણકે કેવળી ભગવંતો ક્ષીણકષાયી અને વીતરાગી છે. એટલે તેનાથી **૧૨**મા ગુણસ્થાનકને જુદુ પાડવા માટે **"છદ્મસ્થ"** વિશેષણ મૂક્યું છે. કેવળીભગવંતો ક્ષીણકષાયવીતરાગી છે પણ છદ્મસ્થ નથી.

હવે જો **"વીતરાગછદ્મસ્થગુણસ્થાનક"** એટલું જ કહેવામાં આવે, તો... તેમાં **૧૧**મા ગુણસ્થાનકનો સમાવેશ થઈ જાય છે. કારણકે **૧૧**મા ગુણઠાણે રહેલા જીવો **"વીતરાગછદ્મસ્થ"** છે. એટલે તેનાથી **૧૨**મા ગુણસ્થાનકને જુદુ પાડવા માટે **"ક્ષીણકષાય"** વિશેષણ મૂક્યું છે. કેમકે **૧૧**મા ગુણઠાણે રહેલા જીવો વીતરાગછદ્મસ્થ છે. પણ ક્ષીણકષાયી નથી.

**પ્રશ્ન : (૬૪) ઉપશમક અને ક્ષપકનો તફાવત જણાવો.**

જવાબ :-

| **ઉપશમક** | **ક્ષપક** |
|---|---|
| ૧. જે ચાoમોoકર્મને ઉપશમાવે છે, તે ઉપશમક કહેવાય. | ૧. જે ઘાતીકર્મોનો ક્ષય કરે છે, તે ક્ષપક કહેવાય. |
| ૨. ૮ થી ૧૧ સુધીના ૪ ગુણઠાણાને સ્પર્શે છે. | ૨. ૧૧માને છોડીને ૮થી૧૨ ગુણઠાણાને સ્પર્શે છે. |

૯. જુઓ સ્વોપજ્ઞટીકા.

| | |
|---|---|
| ૩. ઉપશમશ્રેણિમાં જ૦થી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત રહે. | ૩. ક્ષપકશ્રેણિમાં જ૦થી અને ઉ૦થી અંતર્મુહૂર્ત રહે. |
| ૪. ઉપશમકનું અવશ્ય પતન થાય. | ૪. ક્ષપકનો મોક્ષ જ થાય. |
| ૫. ઔપશમિક કે ક્ષાયિકસમ્યક્ત્વી હોય. | ૫. ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ જ હોય. |
| ૬. ક્ષપકની અપેક્ષાએ અનંતગુણહીન વિશુદ્ધિ હોય. | ૬. ઉપશમકની અપેક્ષાએ અનંતગુણી વિશુદ્ધિ હોય. |
| ૭. ભવચક્રમાં ૪ વાર ચા૦મો૦ની સર્વોપશમના કરી શકે છે. | ૭. ભવચક્રમાં એક જ વાર સર્વકર્મોની ક્ષપણા કરી શકે છે. |

**પ્રશ્ન : (૬૫) કયા ગુણઠાણામાં જીવ મૃત્યુ પામી શકે છે ? અને ભવાન્તરમાં જતી વખતે કયું ગુણઠાણું હોય ?**

જવાબ :- જીવ **ત્રીજા**, **બારમા** અને **તેરમા** ગુણઠાણામાં મૃત્યુ પામતો નથી. એટલે **ત્રીજા**, **બારમા** અને **તેરમા** વિના **પહેલા**, **બીજા**, **ચોથા**, **પાંચમા**, **છઠ્ઠા**, **સાતમા**, ઉપશમક **આઠમા**, **નવમા**, **દશમા**, **અગીયારમા ગુણઠાણે મૃત્યુ પામી શકે છે** અને ક્ષપક **ચૌદમા** ગુણઠાણે મૃત્યુ પામે છે. ક્ષપકશ્રેણિમાં ક્ષપક ૮મા, ૯મા, ૧૦મા અને ૧૨મા ગુણઠાણે મૃત્યુ પામી શકતો નથી.

જીવ **"પહેલું"**, **"બીજું"** અને **"ચોથું"** ગુણઠાણુ લઈને ભવાન્તરમાં જઈ શકે છે. તે સિવાયનું અન્ય કોઈપણ ગુણઠાણુ લઈને ભવાન્તરમાં જઈ શકતો નથી.

## ૧૩મું અને ૧૪મું ગુણઠાણુ

**પ્રશ્ન : (૬૬) ધ્યાન એટલે શું ? શ્રેણીમાં કયું ધ્યાન હોય ? શાસ્ત્રમાં સૂક્ષ્મકાયયોગને રોકતી વખતે સૂક્ષ્મક્રિયા-અપ્રતિપાતીધ્યાન કહ્યું છે પણ તે પહેલા સયોગીકેવળીભગવંતને કયું ધ્યાન હોય ?**

જવાબ : **(૧) ધ્યાન એટલે મનની એકાગ્રતા,**

**(૨) ધ્યાન એટલે આત્મપ્રદેશની સ્થિરતા**

શ્રેણીમાં જો અપ્રમત્તમુનિ પૂર્વધર ન હોય, તો **"ધર્મધ્યાન"** હોય છે અને જો અપ્રમત્તમુનિ પૂર્વધર હોય, તો **"શુક્લધ્યાન"** (પ્રથમના બે ભેદ) હોય છે.

સયોગીકેવળીભગવંતને ૧૩મા ગુણઠાણાના પ્રથમસમયથી સૂક્ષ્મ વચનયોગને રોકે ત્યાં સુધી કોઈ જ ધ્યાન હોતું નથી. કારણકે કેવળી ભગવંતને ભાવમન ન હોવાથી મનની એકાગ્રતારૂપ ધ્યાન હોતું નથી અને સૂક્ષ્મવચનયોગને રોકે ત્યાં સુધી આત્મપ્રદેશની સ્થિરતારૂપ ધ્યાન પણ હોતું નથી. એટલે શાસ્ત્રમાં સયોગીકેવળીભગવંતને **"ધ્યાનાન્તરિકાદશા"** કહી છે.

**પ્રશ્ન : (૬૭) આયુષ્યકર્મની સ્થિતિ કરતાં વેદનીયાદિ-૩ કર્મની સ્થિતિ વધારે હોય, તો સયોગીકેવળીભગવંત કેવલીસમુદ્‌ઘાત કરે અને આયુષ્યકર્મની સ્થિતિ જેટલી વેદનીયાદિકર્મની સ્થિતિ હોય, તો કેવળીભગવંતો કેવળીસમુદ્‌ઘાત કરતા નથી એમ કહ્યું છે. પણ જો કેવળીભગવંતને આયુષ્યની સ્થિતિ કરતાં વેદનીયાદિ-૩ કર્મની સ્થિતિ ન્યૂન હોય, તો કેવળીસમુદ્‌ઘાત કરે કે નહીં ?**

**જવાબ :-** કોઈપણ કેવળીભગવંતને આયોજિકાકરણ કર્યા પછી આયુષ્યની સ્થિતિ કરતાં વેદનીયાદિ ત્રણ કર્મની સ્થિતિ વધારે હોય કે સમાન હોય. પણ આયુષ્યકર્મની સ્થિતિ કરતાં વેદનીયાદિ-૩ કર્મની સ્થિતિ ક્યારેય ઓછી હોતી નથી. એટલે જે સયોગીકેવલીભગવંતને આયુષ્યની સ્થિતિથી વેદનીયાદિ-૩ની સ્થિતિ વધારે હોય, તે કેવલીસમુદ્‌ઘાત કરે છે અને જે કેવલીભગવંતને આયુષ્યની સ્થિતિ જેટલી વેદનીયાદિ-૩ની સ્થિતિ હોય છે, તે કેવલીસમુદ્‌ઘાતને કરતા નથી.

**પ્રશ્ન : (૬૮) યોગનિરોધથી જીવને શું શું લાભ થાય છે ?**

**જવાબ :** (૧) શાતાવેદનીયકર્મનો બંધ અટકી જાય છે.
(૨) શુક્લલેશ્યાનો અભાવ થવાથી જીવ અલેશી બને છે.
(૩) આત્મપ્રદેશો મેરૂપર્વતની જેમ સ્થિર થઈ જાય છે.
(૪) કરણવીર્યનો નાશ થાય છે.
(૫) શુક્લધ્યાનના ચોથા ભેદની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન : (૬૯) તેરમા ગુણઠાણાના અંતે સૂક્ષ્મક્રિયા-અપ્રતિપાતી અને ચૌદમા ગુણઠાણે વ્યુચ્છિન્નક્રિયા-અપ્રતિપાતી એ બે ધ્યાન કેવી રીતે ઘટે? કારણકે કેવળીભગવંતને મન જ નથી. તો મનની એકાગ્રતારૂપ ધ્યાન કયાંથી હોય?**

**જવાબ :-** જેમ મનની ચંચળતાને રોકવી, તે ધ્યાન કહેવાય છે. તેમ આત્મપ્રદેશની ચંચળતાને રોકવી, તે પણ ધ્યાન કહેવાય છે. એટલે ધ્યાનના

બે અર્થ થાય છે. (૧) **ધ્યાન=મનની સ્થિરતા**
(૨) **ધ્યાન=આત્મપ્રદેશની સ્થિરતા.**

કેવળીભગવંતને ભાવમન હોતું નથી. એટલે ભાવમનની એકાગ્રતારૂપ ધ્યાન ઘટતું નથી. પરંતુ તેરમા ગુણઠાણાના અંતે મન-વચન અને બાદર કાયયોગ રોકાઈ ગયા પછી આત્મપ્રદેશોની ચંચળતા લગભગ રોકાઈ જાય છે. માત્ર સૂક્ષ્મકાયયોગ પૂરતી જ ચાલુ હોય છે. તે પણ નિરૂધ્યમાન છે. તેથી ત્યાં આત્મપ્રદેશની સ્થિરતારૂપ ધ્યાન હોય છે. તેને **"સૂક્ષ્મક્રિયા-અપ્રતિપાતી ધ્યાન"** કહે છે.

**સૂક્ષ્મ = અતિ અલ્પ**
**અપ્રતિપાતી = પતનથી રહિત**

અહીં માત્ર કાયાની સૂક્ષ્મક્રિયા જ ચાલુ હોય છે અને ત્યાંથી પરિણામનું પતન થતું નથી. તેથી તેને **સૂક્ષ્મક્રિયા-અપ્રતિપાતી** ધ્યાન કહે છે.

ચૌદમાગુણઠાણે સર્વથા મન-વચન અને કાયાની પ્રવૃત્તિરૂપ ક્રિયા અટકી ગયેલી હોવાથી ત્યાં સંપૂર્ણતયા **"આત્મપ્રદેશની સ્થિરતા"** રૂપ ધ્યાન હોય છે. તેને **"વ્યુપરતક્રિયા અનિવૃત્તિધ્યાન"** કહે છે.

**વ્યુપરતક્રિયા = સર્વથા શારિરીકાદિ ક્રિયાનું અટકી જવું.....**
**અનિવૃત્તિ = પતનથી રહિત.**

જેમાં સર્વથા મન-વચન અને કાયાની પ્રવૃત્તિ અટકી ગઈ છે અને ત્યાંથી પરિણામનું પતન થતું નથી. તેને **વ્યુપરતક્રિયા-અનિવૃત્તિધ્યાન** કહે છે.

## ૧ થી ૧૪ ગુણઠાણા

**પ્રશ્ન : (૭૦) ચૌદ ગુણઠાણાનો જઘન્ય અને ઉત્કૃષ્ટ કાળ કેટલો ?**

**જવાબ :-** (૧) મિથ્યાત્વગુણઠાણાનો કાળ અભવ્યની અપેક્ષાએ **અનાદિ-અનંત** છે. ભવ્યની અપેક્ષાએ **અનાદિ-સાંત** છે. અને સમ્યક્ત્વથી પતિતની અપેક્ષાએ **સાદિ-સાંત** છે. તે જઘન્યથી **અંતર્મુહૂર્ત** અને ઉત્કૃષ્ટથી **દેશોન અર્ધપુદ્ગલપરાવર્તકાળ** છે. (૨) સાસ્વાદનગુણઠાણાનો કાળ જઘન્યથી **એક સમય** અને ઉત્કૃષ્ટ **૬ આવલિકા** છે. (૩) મિશ્રદૃષ્ટિગુણઠાણાનો કાળ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી **અંતર્મુહૂર્ત** છે. (૪) અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણઠાણાનો

કાળ જઘન્યથી **અંતર્મુહૂર્ત** અને ઉત્કૃષ્ટથી **સાધિક ૩૩ સાગરોપમ** છે. (૫) દેશવિરતિગુણઠાણાનો કાળ જઘન્યથી **અંતર્મુહૂર્ત** અને ઉત્કૃષ્ટથી **દેશોનપૂર્વક્રોડ વર્ષ છે.** (૬) પ્રમત્તગુણઠાણાનો કાળ જઘન્યથી **૧ સમય** અને ઉત્કૃષ્ટથી **અંતર્મુહૂર્ત** છે. (૭) અપ્રમત્તગુણઠાણાનો કાળ જઘન્યથી **૧ સમય** અને ઉત્કૃષ્ટથી **અંતર્મુહૂર્ત** છે. પ્રમત્ત-અપ્રમત્ત બન્ને ગુણઠાણાને ભેગા ગણીએ, તો તેનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વક્રોડવર્ષ છે.

**ઉપશમશ્રેણિમાં** ૮મા, ૯મા, ૧૦મા, ૧૧મા ગુણઠાણાનો કાળ જ૦ થી **૧ સમય** અને ઉ૦થી **અંતર્મુહૂર્ત** છે. ક્ષપકશ્રેણીમાં **૮, ૯, ૧૦** અને **૧૨**મા ગુણઠાણાનો કાળ જ૦ થી અને ઉ૦થી **અંતર્મુહૂર્ત** છે. ૧૩મા સયોગી કેવળીગુણઠાણાનો કાળ જ૦ થી **અંતર્મુહૂર્ત** અને ઉત્કૃષ્ટથી **દેશોનપૂર્વક્રોડવર્ષ** છે. ૧૪મા અયોગીગુણસ્થાનકનો કાળ જ૦ થી અને ઉ૦ થી **अ, इ, उ, ऋ** અને **लृ** એ પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચારણ જેટલો છે.

**પ્રશ્નઃ (૭૧) એક જીવને ભવચક્રમાં કયું ગુણઠાણુ કેટલીવાર પ્રાપ્ત થાય?**

**જવાબ :-** એક જીવને ભવચક્રમાં મિથ્યાત્વગુણઠાણુ **"અસંખ્યવાર"** પ્રાપ્ત થાય છે. સાસ્વાદનગુણઠાણુ **"પાંચ વાર"** પ્રાપ્ત થાય છે. મિશ્રદૃષ્ટિ-અવિરતસમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિ એ ત્રણ ગુણઠાણા **"અસંખ્યવાર"** પ્રાપ્ત થાય છે. પ્રમત્ત અને અપ્રમત્તગુણઠાણા **સહસ્રપૃથક્ત્વ = ૨ હજારથી ૯ હજારવાર** પ્રાપ્ત થાય છે. અર્પૂવકરણ, અનિવૃત્તિ અને સૂક્ષ્મસંપરાય એ ત્રણ ગુણઠાણા ઉપશમશ્રેણિમાં ચઢતા ૪ વાર, ઉપશમશ્રેણિથી પડતાં ૪ વાર અને ક્ષપકશ્રેણિમાં ૧ વાર એમ કુલ **"૯ વાર"** પ્રાપ્ત થાય છે. ઉપશાંતમોહગુણઠાણુ **"૪ વાર"** પ્રાપ્ત થાય છે. ક્ષીણમોહ-સયોગી-અયોગી એ ત્રણ ગુણઠાણા **"એક જ વાર"** પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન : (૭૨) કયું ગુણઠાણું કયા કયા જીવો પ્રાપ્ત કરી શકે છે ?**

**જવાબ :-** (૧) મિથ્યાદૃષ્ટિગુણઠાણુ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના **"સર્વજીવોને"** હોય છે. (૨) સાસ્વાદન[૧૦] (૩) મિશ્રદૃષ્ટિ અને (૪) અવિરતિ-

---

૧૦. કોઈ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તો જીવ સાસ્વાદન ગુણઠાણુ પ્રાપ્ત કર્યા પછી મરણ પામે, તો તે સાસ્વાદન ગુણઠાણા સહિત બાદર પૃથ્વીકાય, બાદર અપ્કાય, પ્રત્યેકવન૦, વિકલેન્દ્રિય, અને અસંજ્ઞી પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થઈ શકતો હોવાથી, બા૦ પૃથ્વીકાયાદિ જીવોને શરીર પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી બીજું ગુણઠાણુ હોય છે. પણ તેઓ બાદર પૃથ્વીકાયાદિ અવસ્થામાં સાસ્વાદનગુણઠાણુ પ્રાપ્ત કરી શકતા નથી.

સમ્યગ્દૃષ્ટિ એ ત્રણ ગુણઠાણા સંજ્ઞીપંચેન્દ્રિયપર્યાપ્તાજીવો[૧૧] જ પ્રાપ્ત કરી શકે છે. (૫) દેશવિરતિગુણઠાણુ **"સંખ્યાતવર્ષના આયુષ્યવાળા સંજ્ઞી પર્યાપ્તાતિર્યંચો** અને **મનુષ્યો"** જ પ્રાપ્ત કરી શકે છે. (૬) **૬ થી ૧૪** સુધીના ગુણઠાણા **"સંખ્યાતવર્ષના આયુષ્યવાળા મનુષ્યો"** જ પ્રાપ્ત કરી શકે છે.

**પ્રશ્ન : (૭૩) કયા ગુણઠાણે કયા કર્મોનો ક્ષય થવાથી કયો ગુણ પ્રાપ્ત થાય છે ?**

**જવાબ :-** ૪ થી ૭ ગુણઠાણે દર્શનસપ્તકનો ક્ષય થવાથી **"ક્ષાયિકસમ્યક્ત્વ"** પ્રાપ્ત થાય છે. **૧૦**મા ગુણઠાણે ચારિત્રમોહનીયકર્મનો ક્ષય થવાથી **"ક્ષાયિકભાવનું યથાખ્યાતચારિત્ર"** (વીતરાગતા) પ્રાપ્ત થાય છે. **૧૨**મા ગુણઠાણે જ્ઞાનાવરણીયકર્મનો ક્ષય થવાથી **"કેવળજ્ઞાન"** પ્રાપ્ત થાય છે. દર્શનાવરણીયકર્મનો ક્ષય થવાથી **"કેવળદર્શન"** પ્રાપ્ર થાય છે અને અંતરાયકર્મનો ક્ષય થવાથી **"અનંતવીર્ય" (ક્ષાયિકભાવની દાનાદિ પાંચ લબ્ધિ)** પ્રાપ્ત થાય છે. ૧૪મા ગુણઠાણે વેદનીયકર્મનો ક્ષય થવાથી **"અવ્યાબાધપણુ"**, પ્રાપ્ત થાય છે. આયુષ્યકર્મનો ક્ષય થવાથી, **"અક્ષય-સ્થિતિ"**, પ્રાપ્ત થાય છે. નામકર્મનો ક્ષય થવાથી **"અરૂપીપણું"** પ્રાપ્ત થાય છે અને ગોત્રકર્મનો ક્ષય થવાથી **"અગુરુલઘુગુણ"** પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન : (૭૪) ૧ થી ૧૩ ગુણઠાણા સુધી યોગના કારણે આત્મપ્રદેશો અસ્થિર (ઉકળતા પાણીની જેમ ચલાયમાન) હોય છે પણ અયોગીગુણઠાણે યોગના અભાવે આત્મપ્રદેશો મેરૂપવર્તની જેમ સ્થિર થઈ જાય છે. તેથી સર્વકર્મનો ક્ષય થતાં યોગ રહિત આત્મા ગતિ કર્યા વિના ૭ રાજલોકનું અંતર કાપીને મોક્ષમાં કેવી રીતે પહોંચી શકે ?**

**જવાબ :-** અયોગીકેવળીભગવંતો જ્યારે સર્વકર્મનો ક્ષય કરે છે ત્યારે યોગનો અભાવ હોવા છતાં **"પૂંવના યોગના[૧૨] સંસ્કારોથી"** આત્મા ઉર્ધ્વગતિ કરે છે. જેમ કુંભાર હાથથી ચાકડાને ફેરવીને હાથ લઈ લે છે પછી પણ પૂર્વના

---

૧૧. પૂર્વભવમાંથી સમ્યક્ત્વ લઈને આવેલા સંજ્ઞીપંચે૦ જીવોને અપર્યાપ્તાવસ્થામાં ચોથું ગુણઠાણુ હોય છે. પણ સંજ્ઞીપંચે૦જીવ સર્વપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ચોથું ગુણઠાણુ પ્રાપ્ત કરી શકતો નથી.

૧૨. पूर्वप्रयोगाद्, असङ्गत्वाद्, बन्धविच्छेदात्, तथागतिपरिणामच्च तद्गतिः। (तत्त्वार्थसूत्र)

વેગથી ચક્રની ગતિ ચાલુ રહે છે. તેમ અયોગીકેવળીભગવંત જ્યારે સર્વકર્મનો ક્ષય કરે છે ત્યારે યોગનો અભાવ હોવા છતાં પણ અનાદિકાળથી યોગના કારણે આત્મામાં ગતિ કરવાના સંસ્કાર પડી ગયેલા હોવાથી આત્મા ઉર્ધ્વગતિ કરીને લોકાન્તે પહોંચીને અટકી જાય છે.

★ સંસારી જીવ કર્મથી (પુદ્ગલદ્રવ્યથી) લેપાયેલો છે. તેથી તેને કર્મ પ્રમાણે ગતિ કરવી પડે છે. પણ જ્યારે કર્મનો લેપ દૂર થઈ જાય છે ત્યારે તે સ્વાભાવિક રીતે જ ઉર્ધ્વગતિ કરે છે. જેમ તુંબડાનો સ્વભાવ પાણીમાં ડૂબવાનો ન હોવા છતાં, તેને માટીનો લેપ કરીને પાણીમાં નાખવામાં આવે, તો તે પાણીમાં ડૂબી જાય છે. પણ થોડીવારમાં જ પાણીથી માટીનો લેપ ધોવાઈ જતાં, તે તુંબડુ પાણીની ઉપર આવીને અટકી જાય છે. તેમ સંસારી જીવ કર્મપુદ્ગલથી લેપાયેલો હોવાથી સંસારસાગરમાં ડૂબી ગયેલો છે પણ જ્યારે કર્મોનો લેપ દૂર થઈ જાય છે ત્યારે તે સંસારમાંથી બહાર નીકળીને લોકાન્તે આવીને અટકી જાય છે.

★ સંસારી જીવને કર્મનું બંધન હોવાથી, જીવને કર્મ પ્રમાણે ગતિ કરવી પડે છે પણ જ્યારે કર્મનું બંધન તૂટી જાય છે ત્યારે તે આત્મા ઉર્ધ્વગતિ જ કરે છે. જેમ એરંડાનું ફળ પાકી ગયા પછી તેનું ઉપરનું પડ સુકાઈ જવાથી ફાટી જાય છે, તે વખતે એરંડાનું બીજ એકદમ ઉપર ઉછળે છે. તેમ સંસારી જીવને જ્યારે કર્મનું બંધન તૂટી જાય છે ત્યારે તે એરંડાના બીજની જેમ ઉર્ધ્વગતિથી એક જ સમયમાં લોકાન્તે પહોંચી જાય છે.

★ ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્યમાંથી જીવ અને પુદ્ગલ એ બન્ને દ્રવ્યોનો ગતિ કરવાનો સ્વભાવ છે. તેમાં આત્માનો ઉર્ધ્વગતિ કરવાનો સ્વભાવ છે. તેથી સર્વકર્મોનો ક્ષય થતાંની સાથે જ આત્મા પોતાના સ્વભાવ મુજબ જ ઉર્ધ્વગતિથી લોકાન્તે પહોંચી જાય છે.

**પ્રશ્ન : (૭૫) મોક્ષમાં ગયેલા જીવો ફરી પાછા સંસારમાં આવતા ન હોવાથી કાલાન્તરે ભવ્યજીવ સંસારમાં નહીં હોય ને ?**

**જવાબ :-** શાસ્ત્રમાં કહ્યું છે કે, લોકમાં અસંખ્યનિગોદના ગોળા છે. એક-એક ગોળામાં અસંખ્યનિગોદ છે. તેમાંથી એક નિગોદના અનંતમા ભાગ જેટલા જ જીવો મોક્ષમાં ગયેલા છે અને ભવિષ્યમાં પણ અનંતજીવો મોક્ષમાં જશે. તે સર્વેને એકઠાં કરતા પણ એક નિગોદના અનંતમા ભાગથી વધારે નહીં હોય.

કારણકે કાળનો જેમ અંત નથી. તેમ ભવ્યજીવોનો પણ અંત નથી. ચોથાકર્મગ્રન્થમાં કાળની સંખ્યા પાંચમા[13] અનંતે કહી છે. અને જીવની સંખ્યા આઠમા અનંતે કહી છે. તેથી કોઈપણ કાળે સંસારમાં મોક્ષગામી ભવ્યજીવો ન હોય એવું બનવાનું નથી.

**પ્રશ્ન : (૭૬) ગુણસ્થાનકનું સ્વરૂપ જાણવાથી શું લાભ થયો ?**

**જવાબ :-** અનાદિકાળથી સંસારસમુદ્રમાં પરિભ્રમણ કરી રહેલા જીવોને દુઃખ દૂર કરીને અક્ષયસુખને પ્રાપ્ત કરવાનો ક્રમ શું હોઈ શકે? અર્થાત્ જીવને ગાઢ અજ્ઞાનતારૂપ અંધકારમાંથી બહાર નીકળીને પૂર્ણજ્ઞાન રૂપ પ્રકાશને (સર્વજ્ઞતાને) પ્રાપ્ત કરવા માટે કઈ કઈ અવસ્થામાંથી પસાર થવું પડે ? એ સર્વે હકીકતનો સ્પષ્ટ બોધ ગુણસ્થાનકને સમજવાથી થાય છે..... જેમ શરીરમાં રહેલી ઉષ્ણતાની (તાવની) વધ-ઘટને બતાવનારું સાધન થર્મોમીટર છે. તેમ આત્મામાં રહેલી કર્મમલીનતાની વધ-ઘટને બતાવનારૂં સાધન ગુણસ્થાનકનું જ્ઞાન છે..... એટલે જીવ ગુણસ્થાનકનું સ્વરૂપ જાણ્યા પછી પોતે કેટલો આત્મિકવિકાસ સાધી શક્યો છે તેનું માપદંડ કાઢી લે છે. ત્યારબાદ જીવને કઈ કઈ અવસ્થામાંથી પસાર થવાનું બાકી છે ? તે તે અવસ્થામાંથી પસાર થવા માટે કેવા પ્રકારનો પ્રયત્ન જરૂરી છે ? એ સર્વે બાબતો ધ્યાનમાં લઈને, શીઘ્રતાથી વિભાવદશામાંથી સ્વભાવદશામાં આવી શકે એવા પ્રયત્નો ચાલુ કરી દે છે. તેથી અલ્પકાળે જ **"મોક્ષ પ્રાપ્તિનો મહાન"** લાભ થઈ શકે છે.

## બંધવિધિ

**પ્રશ્ન : (૭૭) પ્રથમકર્મગ્રન્થમાં કર્મબંધના હેતુ મિથ્યાત્વાદિ કહ્યાં છે પરંતુ બીજા કર્મગ્રન્થની ત્રીજી ગાથામાં તીર્થંકરનામકર્મનો બંધહેતુ સમ્યક્ત્વ અને આહારકદ્વિકનો બંધહેતુ અપ્રમત્તસંયમ કહ્યો છે. એ કેવી રીતે ઘટી શકે ? કારણકે સમ્યક્ત્વ અને અપ્રમત્તસંયમ એ આત્માના ગુણો હોવાથી કર્મક્ષયનું કારણ છે. તેથી એ કર્મબંધનું કારણ કેવી રીતે બની શકે ?**

**જવાબ :-** કર્મબંધના હેતુઓ જે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ કહ્યાં

૧૩. જુઓ ચોથા કર્મગ્રન્થમાં ગાથા નં. ૮૩ થી ૮૬

છે. તેમાંથી કષાયનામનાબંધહેતુથી જ તીર્થંકરનામકર્મ અને આહારકદ્વિક બંધાય છે. પણ કષાય ૨ પ્રકારે છે.

(૧) **અપ્રશસ્તકષાય** અને (૨) **પ્રશસ્તકષાય.**

(૧) સંસારની વૃદ્ધિ કરનારો જે રાગ-દ્વેષ છે, તે અપ્રશસ્તકષાય કહેવાય છે અને (૨) આત્મિકગુણોની પ્રાપ્તિ માટે જે રાગ-દ્વેષ કરાય છે, તે પ્રશસ્તકષાય કહેવાય છે.

સમ્યગ્દૃષ્ટિ જીવો જ્યારે શાસન પ્રત્યેના અવિહડરાગી તથા **"સવિ જીવ કરૂ શાસનરસી"** એટલે સર્વજીવોને પરમાત્માના શાસનના રાગી બનાવું એવી ભાવકરૂણામાં ઓતપ્રોત બની જાય છે ત્યારે તીર્થંકરનામકર્મને બાંધે છે. એટલે **તીર્થંકરનામકર્મનો બંધહેતુ ભાવકરૂણારૂપ પ્રશસ્તકષાય જ છે** પણ સમ્યક્ત્વની હાજરી વિના **"સવિ જીવ કરૂં શાસનરસી"** એ ભાવકરૂણા હૃદયમાં ઉત્પન્ન થતી નથી. એટલે ભાવકરૂણારૂપ પ્રશસ્તકષાયનું કારણ સમ્યક્ત્વ છે.

જો તીર્થંકરનામકર્મનો બંધહેતુ સમ્યક્ત્વ જ હોય, તો સર્વે સમ્યગ્દૃષ્ટિજીવો તીર્થંકરનામકર્મને બાંધતા હોય. પણ સર્વે સમ્યગ્દૃષ્ટિજીવો તીર્થંકરનામકર્મને બાંધતા નથી. તેથી સમ્યક્ત્વની સાથે તીર્થંકરનામકર્મના બંધનો અવિનાભાવ નથી. પરંતુ **"સવિ જીવ કરૂ શાસનરસી"** એ ભાવના સાથે જિનનામકર્મના બંધનો અવિનાભાવ છે પણ એવી ભાવના સમ્યક્ત્વ વિના હોતી નથી એટલે **સમ્યક્ત્વ રૂપ કારણમાં ભાવકરૂણારૂપ કાર્યનો ઉપચાર કરીને કારણને=સમ્યક્ત્વને તીર્થંકરનામકર્મનો બંધહેતુ કહ્યો છે.**

એ જ રીતે, **આહારકદ્વિકના બંધનું કારણ શ્રુત અને સંયમ પ્રત્યેના અદ્વિતીયરાગરૂપ પ્રશસ્તકષાય છે.** આવો પ્રશસ્તકષાય સંયમની હાજરીમાં જ ઉત્પન્ન થાય છે. અન્યથા થતો નથી. એટલે શ્રુતાદિ પ્રત્યેના અદ્વિતીયરાગનું કારણ સંયમ છે. તેથી **કારણમાં (સંયમમાં) કાર્યનો (શ્રુતાદિ પ્રત્યેનો અદ્વિતીય રાગરૂપ** પ્રશસ્ત કષાયનો) **આરોપ કરીને કારણને= સંયમને આહારકદ્વિકનો બંધહેતુ કહ્યો છે.**

**પ્રશ્ન : (૭૭) આયુષ્યકર્મ કયા કયા ગુણઠાણે ન બંધાય? કેમ ન બંધાય?**

**જવાબ :-** ત્રીજા ગુણઠાણે ઘોલના પરિણામ ન હોવાથી આયુષ્યકર્મ બંધાતું નથી. તથા શ્રેણિમાં **અનંતગુણવિશુદ્ધપરિણામ**ની ધારાએ ચઢેલા જીવને ઘોલના

પરિણામ હોતા નથી અને ઉપશમશ્રેણિથી પડતાં અનંતગુણહીન વિશુદ્ધ અધ્યવસાયની ધારામાં ઘોલના પરિણામ હોતા નથી એટલે ૮ થી ૧૧ ગુણઠાણે આયુષ્યકર્મ બંધાતું નથી.

**પ્રશ્ન : (૭૮) કયા ગુણઠાણે જીવ કયું આયુષ્ય બાંધી શકે ?**

**જવાબ :-** મિથ્યાદૃષ્ટિગુણઠાણે રહેલા જીવો ચારે ગતિના આયુષ્યને બાંધી શકે છે અને સાસ્વાદનગુણઠાણે રહેલા જીવો નરકાયુ સિવાયના ત્રણ આયુષ્યને બાંધી શકે છે.

અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે રહેલા જીવો નરકાયુ અને તિર્યંચાયુ સિવાયના બે જ આયુષ્ય બાંધી શકે છે. તેમાં સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો અને સમ્યગ્દૃષ્ટિ તિર્યંચો દેવાયુ જ બાંધે છે. તથા સમ્યગ્દૃષ્ટિદેવો અને સમ્યગ્દૃષ્ટિનારકો મનુષ્યાયુ જ બાંધે છે. દેશવિરતિ ગુણઠાણે રહેલા તિર્યંચ-મનુષ્યો અને દેવાયુને જ બાંધે છે. અને પ્રમત્ત-અપ્રમત્ત સંયમીઓ પણ દેવાયુ જ બાંધે છે.

**પ્રશ્ન : (૮૦) આઠમાગુણઠાણાના પહેલા ભાગે ૫૮ કર્મપ્રકૃતિ બંધાય છે. બીજાથી છઠ્ઠાભાગ સુધી ૫૬ કર્મપ્રકૃતિ બંધાય છે અને સાતમા ભાગે ૨૬ કર્મપ્રકૃતિ બંધાય છે. એટલે આઠમાગુણસ્થાનકના ત્રણ જ ભાગ પાડવા જોઈએ ને ? સાતભાગ પાડવાની શી જરૂર છે ?**

**જવાબ :-** આઠમાગુણઠાણે ૫૮ અને ૨૬ કર્મપ્રકૃતિ જેટલા કાળ સુધી બંધાય છે, તેના કરતાં ૫૬ કર્મપ્રકૃતિ પાંચગુણા અધિક કાળસુધી બંધાય છે. એટલે **૫૮** પ્રકૃતિના બંધકાળ કરતાં **૫૬** પ્રકૃતિનો બંધકાળ પાંચગુણો મોટો છે એ સમજાવવા માટે ૭ ભાગ પાડવા પડે છે.

અસત્કલ્પનાથી.....

**અપૂર્વકરણગુણઠાણાનું અંતર્મુહૂર્ત=૩૫ સમય સમજવા.**

જો આઠમા ગુણઠાણાના ત્રણ જ ભાગ પાડવામાં આવે, તો **૧** થી **૧૨** સમય સુધી **૫૮** કર્મપ્રકૃતિ બંધાય, **૧૩** થી **૨૪** સમય સુધી **૫૬** કર્મપ્રકૃતિ બંધાય અને **૨૫** થી **૩૫** સમય સુધી **૨૬** કર્મપ્રકૃતિ બંધાય એવો બોધ થઈ જાય છે. પણ **૫૮** કર્મપ્રકૃતિના બંધકાળ કરતા **૫૬** કર્મપ્રકૃતિનો બંધકાળ પાંચગુણો મોટો છે એવો બોધ થતો નથી. એટલે **૫૬** કર્મપ્રકૃતિનો બંધકાળ પાંચગુણો મોટો છે એ બતાવવા માટે આઠમા ગુણસ્થાનકના સાતભાગ

પાડ્યા છે. તેમાંથી **૧લા**, ભાગમાં (**૧** થી **૫** સમય સુધી) **૫૮** પ્રકૃતિ બંધાય છે. **૨**જાથી **૬**ઠ્ઠા ભાગ સુધી (**૬** થી **૩૦** સમય સુધી) **૫૬** પ્રકૃતિ બંધાય છે અને **૭**મા ભાગમાં (**૩૧** થી **૩૫** સમય સુધી) **૨૬** પ્રકૃતિ બંધાય છે. એટલે **૫૮** પ્રકૃતિના બંધકાળ કરતાં **૫૬** પ્રકૃતિનો બંધકાળ પાંચગુણો મોટો છે એવો બોધ સહેલાઈથી થઇ જાય છે.

## ઉદયવિધિ

**પ્રશ્ન : (૮૦) જે કર્મ જે સ્વભાવે બાંધ્યું હોય, તે કર્મ તે સ્વભાવે ઉદયમાં આવે ? જે વ્યક્તિએ દેવગુરુની નિંદા કરતાં કરતાં જીભનો પેરેલીસીસ થાય એવું કર્મ બાંધ્યું હોય, તે વ્યક્તિને કાલાન્તરે પણ જીભનો પેરેલીસીસ અવશ્ય થાય ?**

**જવાબ :-** કર્મ બાંધતી વખતે જે કર્મનો જે સ્વભાવ નક્કી થયો હોય, તે કર્મ તેવા જ સ્વભાવે ઉદયમાં આવે એવો નિયમ નથી. કારણકે તે કર્મ જ્યાં સુધી ઉદયમાં ન આવે ત્યાં સુધી જીવની શુભાશુભ પ્રવૃત્તિથી તે કર્મના સ્વભાવમાં ફેરફાર થઈ શકે છે. એટલે જીવ પોતાના પુરુષાર્થથી (સંક્રમણકરણથી[૧૪]) સુખ આપવાના સ્વભાવવાળા કર્મોને દુઃખ આપવાના સ્વભાવવાળા કરી શકે છે. અને દુઃખ આપવાના સ્વભાવવાળા કર્મોને સુખ આપવાના સ્વભાવવાળા કરી શકે છે. એટલે કે, શાતાવેદનીયના કર્મદલિકો અશાતાવેદનીયમાં અને અશાતાવેદનીયના કર્મદલિકો શાતાવેદનીયમાં ફેરવાઈ જાય છે. તેથી જે કર્મ જે સ્વભાવે બાંધ્યું હોય, તે કર્મ તે જ સ્વભાવે ઉદયમાં આવે એવો નિયમ નથી.

જે વ્યક્તિએ દેવગુરુની નિંદા કરતાં કરતાં જીભનો પેરેલીસીસ થઈ શકે એવુ કર્મ બાંધ્યું હોય, તે કર્મ ઉદયમાં ન આવે ત્યાં સુધી જો તે વ્યક્તિ ખૂબ જ પશ્ચાતાપ કરવા પૂર્વક ગુરુની પાસે તે પાપની આલોચના કરી લે, તો જીભનો પેરેલીસીસ કરાવનારૂં કર્મ અન્ય સજાતિયકર્મમાં રૂપાંતર થઈ જવાથી, કાલાન્તરે જીભનો પેરેલીસીસ થતો નથી, પણ જો તે કર્મદલિકો

૧૪. જે વીર્યવિશેષથી એક કર્મનું બીજા સજાતિય કર્મમાં રૂપાંતર થાય છે, તેને સંક્રમણકરણ કહે છે.

સંક્રમણકરણથી અન્ય સજાતિયકર્મમાં રૂપાંતર ન થયા[15] હોય, તો તે કર્મનો અબાધાકાળ પૂરો થયા પછી તે કર્મદલિકોનો ઉદય શરૂ થઈ જાય છે. તે વખતે જો તે કર્મના વિપાકોદયને યોગ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવહેતુ[16] મલી જાય, તો તે કર્મ જે સ્વભાવે બાંધ્યું હતું તે જ સ્વભાવે ફળનો અનુભવ કરાવતું હોવાથી, તે વ્યક્તિને જીભનો પેરેલીસીસ થાય. પણ જ્યાં સુધી વિપાકોદયને યોગ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવહેતુ ન મલે ત્યાં સુધી તે કર્મ પ્રદેશોદયથી ભોગવાય છે. એટલે જ્યાં સુધી તે કર્મ પ્રદેશોદયથી ભોગવાય ત્યાં સુધી તે વ્યક્તિને જીભનો પેરેલીસીસ થતો નથી.

જેમ મહાવીરસ્વામીએ મરિચીના ભવમાં કુલનો મદ કરતાં કરતાં નીચગોત્ર કર્મ બાંધ્યું. પછી તે દેવના ભવમાં ઉત્પન્ન થયા, ત્યાં નીચગોત્રકર્મના વિપાકોદયને યોગ્ય ભવહેતુ ન મલવાથી, તે કર્મ પ્રદેશોદયથી ભોગવાય છે. પછી તે બ્રાહ્મણકુળમાં જન્મ લે છે, તે વખતે નીચગોત્રકર્મના વિપાકોદયને યોગ્ય ભવહેતુ મળી જવાથી, તે કર્મ વિપાકોદયથી ભોગવાય છે. ત્યારબાદ દેવના ભવમાં ઉત્પન્ન થાય છે, ત્યાં નીચગોત્રકર્મના વિપાકોદયને યોગ્ય ભવહેતુ ન મલવાથી, તે કર્મ પ્રદેશોદયથી ભોગવાય છે. એ રીતે, જ્યારે નીચગોત્રકર્મ વિપાકોદયને યોગ્ય ભવહેતુ મલી જાય ત્યારે વિપાકોદયથી ભોગવાય છે અને જ્યારે નીચગોત્રકર્મ વિપાકોદયને યોગ્ય ભવહેતુ ન મળે ત્યારે પ્રદેશોદયથી ભોગવાય છે. અંતે છેલ્લા ભવમાં ૮૨ દિવસનું જે નીચગોત્રકર્મ બાકી રહી ગયેલું, તે દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં રહીને ભોગવે છે, એ જ રીતે, જે વ્યક્તિએ દેવ-ગુરુની નિંદા કરતાં કરતાં જીભનો પેરેલીસીસ થાય એવું અશાતાવેદનીયકર્મ જેટલી સ્થિતિવાળું બાંધ્યું હોય, તે જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાંસુધી તે વ્યક્તિને જ્યારે તે કર્મના વિપાકોદયને યોગ્ય દ્રવ્યાદિ હેતુ મલી જાય ત્યારે જીભનો પેરેલીસીસ થઈ જાય અને જ્યારે તે કર્મના વિપાકોદયને યોગ્ય દ્રવ્યાદિ હેતુ ન મલે ત્યારે તે કર્મ પ્રદેશોદયથી ભોગવાય છે. તે વખતે જીભનો પેરેલીસીસ હોતો નથી... એટલે જે કર્મ જે સ્વભાવે બાંધ્યું હોય, તે કર્મ તે જ સ્વભાવે ભોગવાય એવો નિયમ નથી.

---

૧૫. જે કર્મનો નિકાચિતબંધ થયો હોય, તે કર્મમાં સંક્રમણાદિકરણોથી ફેરફાર થઈ શકતો નથી.

૧૬. જુઓ સકલકર્મક્ષયબોધપીઠિકામાં ઉદયવિધિ

**પ્રશ્ન : (૮૧) ઉદયયોગ્ય ૧૨૨ કર્મપ્રકૃતિમાંથી એક જીવને એકીસાથે વધુમાં વધુ કેટલી કર્મપ્રકૃતિનો ઉદય હોય ?**

**જવાબ :-** કોઈપણ એક જીવને દેવના ભવમાં એકી સાથે **જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪, બે વેદનીયમાંથી-૧+ મોહ૦૮ (મિથ્યાત્વ, ક્રોધાદિ-૪માંથી કોઈપણ એક કષાય અનંતાનુબંધી વગેરે ૪ પ્રકારે, બે યુગલમાંથી-૧, પુ૦વેદ) + દેવાયુ + નામ-૨૯ (ધ્રુવોદયી-૧૨, દેવગતિ, પંચે૦, વૈ૦દ્વિક, ૧લું સંસ્થાન, શુભવિહા૦, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસચતુષ્ક, સુસ્વર, સુભગ-દુર્ભગમાંથી-૧, આદેય-અનાદેયમાંથી-૧, યશ-અપયશમાંથી-૧) + ઉચ્ચગોત્ર + અંતરાય-૫ = ૫૪ પ્રકૃતિનો ઉદય અવશ્ય હોય છે અને ભય-જગુપ્સા-નિદ્રાદ્વિકમાંથી-૧=૩ પ્રકૃતિનો ઉદય વિકલ્પે હોય છે.**

કોઈપણ એક માણસને એકી સાથે **જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪, શાતા કે અશાતામાંથી એક વેદનીય, મનુષ્યાયુ, ઉચ્ચગોત્ર, અંતરાય-૫, મિથ્યાત્વ, અનંતાનુબંધી વગેરે ચારે પ્રકારનો કોઈપણ એક કષાય, હાસ્ય-રતિ, કે શોક-અરતિમાંથી કોઈપણ એક યુગલ, પુરુષવેદ, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ઔદારિકદ્વિક, તૈ૦શ૦, કાર્મણશરીર, ૬માંથી કોઈપણ એક સંઘયણ, ૬માંથી કોઈપણ એક સંસ્થાન, વર્ણાદિ-૪, શુભ-અશુભ વિહાયોગતિમાંથી એક, ત્રસચતુષ્ક, સુભગ-દુર્ભગમાંથી એક, સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, આદેય-અનાદેયમાંથી એક, સુસ્વર-દુઃસ્વરમાંથી એક, યશ-અપયશમાંથી એક, પરાઘાત, ઉપઘાત, શ્વાસોચ્છ્વાસ, નિર્માણ, અગુરુલઘુ** એ **૫૫** પ્રકૃતિનો ઉદય અવશ્ય હોય છે અને ભય-જુગુપ્સા, નિદ્રાપંચકમાંથી-૧=૩ પ્રકૃતિનો ઉદય વિકલ્પે હોય છે.

એ રીતે, નરકના ભવમાં કોઈપણ એક નારકીને એકીસાથે અને તિર્યંચના ભવમાં એકેન્દ્રિયાદિને એકીસાથે કેટલી કર્મપ્રકૃતિનો ઉદય (વિપાકોદય) હોય છે, તે **યથાયોગ્ય** વિચારવું....

**પ્રશ્ન : (૮૩) આયુષ્યકર્મની જેમ સર્વેકર્મો વિપાકોદયથી જ ભોગવાય, તો શું વાંધો આવે ?**

**જવાબ :-** આયુષ્યકર્મની જેમ સર્વે કર્મો વિપાકોદયથી જ ભોગવાય, તો જીવનો ક્યારેય મોક્ષ થાય નહીં. કારણકે આઠમાગુણઠાણાના છઠ્ઠાભાગ સુધી

જીવ પ્રતિસમયે જ્ઞાના૦૭ કર્મની અંતઃકો૦કો૦સા૦ સ્થિતિને બાંધે છે એટલે આત્મામાં અસંખ્યભવમાં બંધાયેલું કર્મ એકઠું થયેલું છે. તે સર્વે કર્મો મનુષ્યાદિ કોઈ એક જ ભવમાં વિપાકોદયથી ભોગવીને નાશ કરી શકાતા નથી. કારણકે વિપાકોદય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવની અપેક્ષા રાખે છે. તેથી તે તે ગતિપ્રાયોગ્ય કર્મને ભોગવવા માટે જીવને તે તે ગતિમાં જવું પડે છે. નરકગતિમાં જવાથી નરકગતિને યોગ્ય કર્મ ભોગવાય છે. મનુષ્યગતિમાં જવાથી મનુષ્યગતિને યોગ્ય કર્મ ભોગવાય છે અને પ્રતિસમયે ગતિ પ્રાયોગ્ય કર્મનો બંધ ચાલુ જ હોય છે, એટલે કર્મનો અંત ક્યારેય ન આવવાથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી.

આઠમા ગુણઠાણાના છઠ્ઠાભાગ સુધી દેવાદિ-ગતિની સાથે દેવાનુપૂર્વીની પણ જઘન્યથી અંતઃકો૦કો૦સા૦ની સ્થિતિ બંધાય છે. પણ તેનો વિપાકોદય વિગ્રહગતિમાં વધુમાં વધુ માત્ર ૩ સમય હોઈ શકે છે. એટલે જો દરેક કર્મો વિપાકોદયથી જ ભોગવાય એવો નિયમ હોય, તો આનુપૂર્વીનો ક્યારે અંત આવે ? માટે આયુષ્યકર્મની જેમ દરેક કર્મો વિપાકોદયથી જ ભોગવાય, તો કર્મનો અંત ક્યારેય ન આવવાથી, કોઈ જીવનો મોક્ષ ન થાય.

**પ્રશ્ન : (૮૪) મતિજ્ઞાનાવરણીયાદિ-૨૭ની જેમ બાકીની ૯૫ પ્રકૃતિ માત્ર વિપાકોદયથી ભોગવાઈને, નાશ થવાથી આત્માનો મોક્ષ કેમ ન થાય ?**

**જવાબ :-** ઉદય યોગ્ય ૧૨૨ કર્મપ્રકૃતિમાંથી મતિજ્ઞાનાવરણીયાદિ-૨૭ કર્મપ્રકૃતિ ધ્રુવોદયી હોવાથી, તે સર્વેને એકી સાથે વિપાકોદયથી ભોગવી શકાય છે. પરંતુ બાકીની **૯૫** અધ્રુવોદયી હોવાથી, તે દરેક પ્રકૃતિ એકી સાથે વિપાકોદયથી ભોગવી શકાતી નથી. કારણકે દેવના ભવમાં દેવગતિ વિપાકોદયથી ભોગવાય છે. ત્યારે બાકીની મનુષ્યાદિ-ત્રણગતિ વિપાકોદયથી ભોગવી શકાતી નથી. એટલે જેમ મતિજ્ઞાનવરણીયાદિ-૫ એકી સાથે વિપાકોદયથી ભોગવી શકાય છે. તેમ દેવાદિ-૪ ગતિ કે એકેન્દ્રિયાદિ-૫ જાતિને એકીસાથે વિપાકોદયથી ભોગવી શકાતી નથી. એટલે અધ્રુવોદયી ૯૫ કર્મપ્રકૃતિ જો વિપાકોદયથી જ ભોગવાય, તો તે કર્મપ્રકૃતિનો ઉપર કહ્યાં મુજબ ક્યારેય અંત આવતો નથી. તેથી આત્માનો ક્યારેય મોક્ષ ન થાય.

**પ્રશ્ન : (૮૫) વૈક્રિયલબ્ધિવાળા શ્રાવકો કે સાધુભગવંત વૈક્રિયશરીર બનાવી શકતા હોવાથી, દેશવિરતિ અને સર્વવિરતિગુણઠાણે વૈક્રિયદ્વિકનો**

ઉદય સંભવી શકે છે. તેથી પાંચમે-છઠ્ઠે ગુણઠાણે વૈક્રિયદ્વિકનો ઉદય કેમ નથી કહ્યો ?

**જવાબ :-** વૈક્રિયલબ્ધિવાળા કોઈક શ્રાવક કે સાધુમહારાજ ક્યારેક પાંચમે-છઠ્ઠે ગુણઠાણે વૈક્રિયશરીર બનાવે છે. પરંતુ અહીં લબ્ધિનિમિત્તક વૈ૦શ૦ની વિવક્ષા નથી કરી, માત્ર દેવ-નારકીના ભવનિમિત્તક વૈ૦શ૦ની વિવક્ષા કરી છે. તેઓને ૧ થી ૪ ગુણઠાણા હોય છે. પાંચમું-છઠ્ઠું ગુણઠાણું હોતું નથી. એટલે વૈ૦દ્વિકનો ઉદય પાંચમે-છઠ્ઠે ગુણઠાણે નથી કહ્યો.

**પ્રશ્ન : (૮૬) કોઈ મનુષ્યને મંત્રના પ્રયોગથી તિર્યંચ બનાવી દેવામાં આવે, તો તે વખતે તેને તિર્યંચ-આયુષ્યનો ઉદય હોય ?**

**જવાબ :-** કોઈપણ એક જીવને સત્તામાં વધુમાં વધુ બે જ આયુષ્ય હોય છે એટલે જે જીવ મનુષ્યાયુને ભોગવી રહ્યો છે તેને સત્તામાં મનુષ્યાયુ હોય છે અને કદાચ તિર્યંચાયુ બાંધેલુ હોય, તો સત્તામાં તિર્યંચાયુ હોય છે પણ બંધાયેલા પરભવાયુમાંથી એક પણ કર્મદલિક ઉદીરણાકરણ કે અપવર્તનાકરણથી નીચે લાવીને, ઉદયાવલિકામાં નાંખીને ભોગવી શકાતું નથી. નવા બંધાયેલા આયુષ્યકર્મનો ઉદય તો જીવ અહીંથી મરીને પરભવમાં જાય છે ત્યારે જ થાય છે. તે પહેલા પરભવાયુના કર્મદલિકો ઉદયમાં આવી શકતા નથી એટલે સત્તામાં કદાચ તિર્યંચાયુ હોય, તો પણ તેનો ઉદય થઈ શકતો નથી. તેથી મંત્રાદિના પ્રયોગથી જે મનુષ્ય, તિર્યંચ બન્યો હોય, તે મનુષ્યાયુષ્યને જ ભોગવે છે. અર્થાત્ તેને મનુષ્યાયુનો જ ઉદય હોય છે. તિર્યંચાયુનો ઉદય હોતો નથી.

કોઈપણ મનુષ્યને સત્તામાં ચારેગતિના કર્મદલિકો હોય છે. તેમાંથી મનુષ્યભવમાં માણસ મનુષ્યગતિના કર્મદલિકોને વિપાકોદયથી અને બાકીની ત્રણ ગતિના કર્મદલિકોને પ્રદેશોદયથી ભોગવે છે. પણ તે મનુષ્યને જ્યારે મંત્રાદિના પ્રયોગથી તિર્યંચ બનાવવામાં આવે છે ત્યારે મનુષ્યગતિનો વિપાકોદય અટકીને તિર્યંચગતિનો વિપાકોદય થવાનો સંભવ છે.

**પ્રશ્ન : (૮૭) પ્રથમ કર્મગ્રન્થમાં "जइदेवुत्तरविक्किय" પદ દ્વારા કહ્યું છે કે, વૈ૦શ૦ અને આ૦શ૦ બનાવનારા સંયમીને ઉદ્યોતનો ઉદય હોય છે. તો છટ્ઠા ગુણઠાણે ઉદ્યોતનો ઉદય કેમ નથી કહ્યો ?**

**જવાબ :-** પ્રમત્તસંયમી મહાત્માને ભવધારણીય ઔદારિકશરીરમાં ઉદ્યોતનો ઉદય હોતો નથી. પરંતુ ઉત્તર વૈ૦શ૦ અને આ૦શ૦માં જ ઉદ્યોતનો ઉદય

હોય છે અને તે પણ અલ્પકાળ જ હોય છે એટલે અહીં તેની વિવક્ષા કરી નથી. અહીં માત્ર તિર્યંચોને ભવધારણીય ઔદારિકશરીરમાં રહેલા ઉદ્યોતના ઉદયની વિવક્ષા કરી છે. તેથી ઉદ્યોતનો ઉદય છઠ્ઠા ગુણઠાણે નથી કહ્યો.

**પ્રશ્ન : (૮૮) શાસ્ત્રમાં કહ્યું છે કે, વિરતિના પ્રભાવે નીચગોત્રનો ઉદય અટકીને ઉચ્ચગોત્રનો ઉદય શરૂ થઈ જાય છે. તો દેશવિરતિગુણઠાણે નીચગોત્રનો ઉદય કેવી રીતે ઘટે ?**

**જવાબ :-** નારકી અને તિર્યંચોને નીચગોત્રનો જ ઉદય હોય છે અને મનુષ્યોમાં ચંડાલાદિને નીચગોત્રનો ઉદય હોય છે. પણ જ્યારે તેઓ દેશવિરતિ કે સર્વવિરતિ ગુણઠાણાને પ્રાપ્ત કરે છે. ત્યારે નીચગોત્રનો ઉદય અટકીને ઉચ્ચગોત્રનો ઉદય શરૂ થઈ જાય છે. પરંતુ તિર્યંચોને નીચગોત્રનો ઉદય ભવસ્વભાવે જ ધ્રુવોદયી છે. તેથી જ્યારે તેઓ દેશવિરતિગુણઠાણાને પ્રાપ્ત કરે છે ત્યારે નીચગોત્રનો ઉદય અટકીને ઉચ્ચગોત્રનો ઉદય શરૂ થતો નથી. એટલે દેશવિરતિધર તિર્યંચોની અપેક્ષાએ દેશવિરતિગુણઠાણે નીચગોત્રનો ઉદય કહ્યો છે.

**પ્રશ્ન : (૮૯) [૧૭]શાસ્ત્રમાં કહ્યું છે કે, ઉપશમશ્રેણીમાં મૃત્યુ થાય, તો તે અવશ્ય અનુત્તરમાં જાય છે અને કર્મસ્તવ ગાથાનં૦૧૮માં કહ્યું છે કે, પ્રથમના ત્રણ સંઘયણવાળા જીવો ઉપશમશ્રેણી માંડી શકે છે. તો બીજા-ત્રીજા સંઘયણવાળા જીવો ઉપશમશ્રેણીમાં મૃત્યુ પામે તો કયાં જાય ?**

**જવાબ :-** ઉપશમશ્રેણીમાં રહેલા જીવને પ્રથમના ત્રણ સંઘયણમાંથી કોઈપણ એક સંઘયણનો ઉદય હોય છે. તેમાંથી જે જીવને પ્રથમસંઘયણનો ઉદય હોય છે. તે જીવ ઉપશમશ્રેણીમાં મૃત્યુ પામે તો અવશ્ય અનુત્તરદેવ થાય છે અને જે જીવ બીજા-ત્રીજા સંઘયણના ઉદયવાળો હોય છે, તે ઉપશમશ્રેણીમાં મૃત્યુ પામે, તો વૈમાનિકદેવ થાય છે. એમ સમજવું.

**પ્રશ્ન : (૯૦) કઈ કર્મપ્રકૃતિનો બંધ અને ઉદય એકી સાથે અટકી જાય?**

**જવાબ :-** અનંતાનુબંધી-૪, અપ્રત્યાખ્યાનીય-૪, પ્રત્યાખ્યાનીય-૪, સં૦ક્રોધ, સં૦માન, સં૦માયા, હાસ્ય, રતિ, ભય, જાુગુપ્સા, પુરુષવેદ, મિથ્યાત્વ, મનુષ્યાનુપૂર્વી, આતપ, સૂક્ષ્મ, અપર્યાપ્ત અને સાધારણ..... એ **૨૬** કર્મપ્રકૃતિનો

---

૧૭. बद्धायुरायुक्षयतो म्रियते श्रेणिणो यदि ।
अनुत्तरसुरेष्वेष नियमेन तदोद्भवेत् ॥ (દ્રવ્યલોક પ્રકાશ-ત્રીજો સર્ગ)

બંધ અને ઉદય એકી સાથે અટકી જાય છે.

**પ્રશ્ન : (૯૧) કઈ કર્મપ્રકૃતિઓનો પહેલા બંધવિચ્છેદ થાય અને પછી ઉદયવિચ્છેદ થાય ?**

**જવાબ :-** જ્ઞાના૦**૫** + દર્શ૦૯ + વેદનીય-૨ + મોહનીય-**૫** (સ્ત્રી-નપું૦-વેદ, શોક-અરતિ, સં૦લોભ) + આયુષ્ય-૩ (દેવાયુ વિના) + નામ-**૫૫**[૧૮] + ગોત્ર-૨ + અંતરાય-**૫** = ૮૬ કર્મપ્રકૃતિનો પહેલા બંધવિચ્છેદ થાય છે અને પછી ઉદયવિચ્છેદ થાય છે.

**પ્રશ્ન : (૯૨) કઈ કર્મપ્રકૃતિનો પહેલા ઉદયવિચ્છેદ થાય અને પછી બંધ વિચ્છેદ થાય ?**

**જવાબ :-** દેવત્રિક, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, અપયશનામકર્મ..... એ ૮ કર્મપ્રકૃતિનો પહેલા ઉદયવિચ્છેદ થાય છે અને પછી બંધવિચ્છેદ થાય છે.

## ઉદીરણાવિધિ

**પ્રશ્ન : (૯૩) ક્યારે કઈ કર્મપ્રકૃતિની ઉદીરણા વિના માત્ર ઉદય હોય? શા માટે ?**

**જવાબ :-** દરેક આયુષ્યની છેલ્લી એક ઉદયાવલિકા બાકી રહે ત્યારે ઉદીરણા વિના માત્ર ઉદય હોય છે. કારણ કે સત્તામાં માત્ર એક આવલિકા જેટલા નિષેકમાં કર્મદલિક બાકી રહ્યાં પછી ઉદયાવલિકા ઉપર કર્મદલિક જ ન હોવાથી છેલ્લી આવલિકા બાકી હોય ત્યારે ઉદીરણા વિના માત્ર ઉદય હોય છે.

અપ્રમત્તદશામાં શાતાદિ-૩ કર્મપ્રકૃતિની ઉદીરણાને યોગ્ય અધ્યવસાયો ન હોવાથી **૭** થી **૧૪** ગુણઠાણા સુધી શાતા-અશાતા અને મનુષ્યાયુની ઉદીરણા વિના માત્ર ઉદય હોય છે.

શરીર પર્યાપ્તિપૂર્ણ થયા પછીના સમયથી માંડીને ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થાય ત્યાં સુધી નિદ્રાપંચકની ઉદીરણા વિના માત્ર ઉદય જ હોય છે.

ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે મિથ્યાત્વની પ્રથમસ્થિતિની છેલ્લી

---

૧૮. ગતિ-૩ (દેવગતિ વિના) + જાતિ-**૫** + શરીર-૩ (ઔ૦,તૈ૦,કા૦) + ઔ૦અંગોપાંગ + સંઘયણ-૬ + સંસ્થાન-૬ + વર્ણાદિ-૪ + વિહાયોગતિ-૨ + આનુપૂર્વી-૨ (નરકાનુ૦-તિર્યંચાનુ૦) = ૩૨ + પ્રત્યેક-૭ (આતપ વિના) + ત્રસ-**૧૦** + સ્થાવર + અસ્થિરાદિ-**૫** = **૫૫**.

એક આવલિકા બાકી હોય ત્યારે મિથ્યાત્વની ઉદીરણા વિના માત્ર ઉદય હોય છે. અનિવૃત્તિગુણઠાણાના સંખ્યાતાભાગ ગયા પછી છેલ્લો એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે નપુંસકવેદોદયે શ્રેણી માંડનારને નપુંસકવેદની પ્રથમસ્થિતિની છેલ્લી એક આવલિકા બાકી રહે ત્યારે નપુંસકવેદની ઉદીરણા વિના માત્ર ઉદય હોય છે. સ્ત્રીવેદોદયે શ્રેણી માંડનારને સ્ત્રીવેદની પ્રથમસ્થિતિની છેલ્લી એક આવલિકા બાકી હોય ત્યારે સ્ત્રીવેદની ઉદીરણા વિના માત્ર ઉદય હોય છે અને પુરુષવેદોદયે શ્રેણી માંડનારને પુરુષવેદની પ્રથમસ્થિતિની છેલ્લી એક આવલિકા બાકી રહે ત્યારે પુરુષવેદની ઉદીરણા વિના માત્ર ઉદય હોય છે.

૪ થી ૭ ગુણઠાણામાં ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કરતી વખતે સં૦મો૦ની છેલ્લી એક આવલિકા બાકી રહે ત્યારે સ૦મો૦ની ઉદીરણા વિના માત્ર ઉદય હોય છે. **૧૦**મા ગુણઠાણાની છેલ્લી એક આવલિકા બાકી રહે ત્યારે સં૦લોભની ઉદીરણા વિના માત્ર ઉદય હોય છે અને **૧૨**મા ગુણઠાણાની છેલ્લી એક આવલિકા બાકી હોય ત્યારે જ્ઞાના૦**૫**, દર્શના૦**૬** અને અંતરાય-**૫** એ કુલ **૧૬** કર્મપ્રકૃતિની ઉદીરણા વિના માત્ર ઉદય હોય છે. કારણકે ઉદયાવલિકાની ઉપર કર્મદલિક ન હોવાથી ઉદીરણા થતી નથી.

**૧૪**મા ગુણઠાણે મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, તીર્થંકરનામકર્મ, ત્રસ, બાદર, પર્યાપ્તા, સૌભાગ્ય, આદેય, યશઃકીર્તિ અને ઉચ્ચગોત્ર.... એ **૧૦** કર્મપ્રકૃતિની ઉદીરણા વિના માત્ર ઉદય હોય છે. કારણકે અયોગીગુણઠાણે યોગનો અભાવ હોવાથી ઉદીરણા થતી નથી. તેથી ત્યાં ઉદીરણા વિના માત્ર ઉદય હોય છે.

**પ્રશ્ન : (૯૪) ઉદય અને ઉદીરણાનો તફાવત લખો**

**જવાબ :**

| ઉદય | ઉદીરણા |
|---|---|
| ૧. કર્મના ફળનો અનુભવ કરવો, તે ઉદય. | ૧. લાંબાકાળે ઉદયમાં આવી શકે એવા કર્મદલિકોને પ્રયત્નથી ઉદયાવલિકામાં નાંખીને વહેલા ભોગવવા તે ઉદીરણા. |
| ૨. ઉદય (વિપાકોદય) નું કારણ દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ છે. | ૨. ઉદીરણાનું કારણ દ્રવ્યાદિ હેતુ અને જીવનો વીર્યવ્યાપાર છે. |

| | |
|---|---|
| ૩. જ્યાં સુધી સત્તામાં કર્મદલિક હોય ત્યાં સુધી વિપાકોદય કે પ્રદેશોદય ચાલુ હોય છે. | ૩. સત્તામાં છેલ્લી એક આવલિકા જેટલા નિષેક બાકી રહે ત્યારે ઉદીરણા અટકી જાય છે. |
| ૪. ઉદય ૧૪ ગુણસ્થાનક સુધી હોય છે. | ૪. ઉદીરણા ૧૩મા ગુણસ્થાનક સુધી જ હોય છે. |

## સત્તાવિધિ

**પ્રશ્ન : (૯૫) જે કર્મ બંધાય છે, તે જ સત્તામાં હોય અને જે સત્તામાં હોય, તે જ ઉદયમાં આવતું હોય, તો બંધમાં ૧૨૦, ઉદયમાં ૧૨૨ અને સત્તામાં ૧૪૮ કર્મપ્રકૃતિ કેમ કહી છે ? બંધ, ઉદય અને સત્તામાં કર્મપ્રકૃતિની સંખ્યા સરખી કેમ નથી કહી ?**

**જવાબ :-** જે કર્મ બંધાય છે, તે જ સત્તામાં હોય છે અને જે સત્તામાં હોય છે, તે જ ઉદય-ઉદીરણામાં હોય છે. તેથી કમ્મપયડીમાં ઉદય-ઉદીરણાકરણમાં **૧૫૮** કર્મપ્રકૃતિની ઉદય-ઉદીરણા કહી છે. કારણકે કોઈપણ કર્મની ઉદય-ઉદીરણા સત્તા વિના હોતી નથી અને સત્તા પણ બંધ વિના ન હોય. એટલે જે કર્મપ્રકૃતિની ઉદય-ઉદીરણા થાય છે, તે અવશ્ય પૂર્વે બંધાયેલી છે એમ સમજવું.

ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થતાંની સાથે જ ન્યૂનાધિક પ્રમાણમાં રસ ઘટી જવાથી સત્તામાં રહેલા મિથ્યાત્વમોહનીયના કેટલાક શુદ્ધ કર્મદલિકોને સ૦મો૦ કહે છે અને કેટલાક અર્ધશુદ્ધ કર્મદલિકોને મિશ્રમોહનીય કહે છે. એટલે વાસ્તવિક રીતે, તો બંધાયેલું મિથ્યાત્વમોહનીયકર્મ જ શુદ્ધ બનીને સ૦મો૦ રૂપે અને અર્ધશુદ્ધ બનીને મિશ્રમોહનીયરૂપે સત્તામાં આવે છે પણ તે પ્રકૃતિ સ્વરૂપે બંધાતી ન હોવાથી તેની બંધમાં ગણતરી કરી નથી.

નામકર્મની **૯૩** કર્મપ્રકૃતિ બંધાય છે. પરંતુ પૂર્વાચાર્યોએ બંધ-ઉદય અને ઉદીરણાને સંક્ષિપ્તમાં કહેવાની ઈચ્છાથી ઔદારિકાદિશરીરમાં ઔદારિકાદિ-**૫** બંધન અને ઔદારિકાદિ-**૫** સંઘાતનનો સમાવેશ કરીને **૧૦** કર્મપ્રકૃતિને ભેગી ગણી છે. તથા પાંચ વર્ણનો એક વર્ણમાં, બે ગંધનો એક ગંધમાં, પાંચ રસનો એક રસમાં અને ૮ સ્પર્શનો એક સ્પર્શમાં સમાવેશ કરીને સામાન્યથી

વર્ણચતુષ્ક કહ્યું છે. એટલે ૧૦ + ૧૬ = ૨૬ વિના બંધાદિમાં નામકર્મની ૬૭ કર્મપ્રકૃતિ કહી છે અને તે જ કર્મપ્રકૃતિને સત્તામાં જુદી ગણીને ૯૩ કહી છે. એટલે અહીં બંધાદિને વિષે કર્મપ્રકૃતિની જુદી જુદી સંખ્યા બતાવવાનું કારણ માત્ર વિવક્ષાભેદ છે.

**પ્રશ્ન : (૯૬) શાસ્ત્રમાં ક્ષપકશ્રેણીમાં રહેલા જીવને ક્ષપક કહ્યો છે અને ગાથાનં.૨૭મા ચોથા ગુણઠાણે રહેલા જીવને પણ ક્ષપક કહ્યો છે. એ કેવી રીતે સંગત થાય ?**

**જવાબ :-** જે અબદ્ધાયુષ્યવાળો સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય આ જ ભવમાં અવશ્ય મોક્ષમાં જવાનો છે. તે થોડા જ કાળમાં દર્શનસપ્તકનો ક્ષય કરીને ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી અવશ્ય ક્ષપકશ્રેણી માંડવાનો હોવાથી, તેને ૪થા ગુણઠાણે પણ ક્ષપક કહી શકાય છે. અને જે જીવે દર્શનસપ્તકનો ક્ષય કર્યો છે તેને પણ દર્શનમોહનીયની ક્ષપણાની અપેક્ષાએ ચોથા ગુણઠાણે ક્ષપક કહી શકાય છે.

**પ્રશ્ન : (૯૭) કઈ કર્મપ્રકૃતિઓ ઉદય અને સત્તામાંથી એકી સાથે નાશ પામે છે ?**

**જવાબ :-** જ્ઞાના૦૫, દર્શના૦૪, બેમાંથી કોઈપણ એક વેદનીય, નપુંસકવેદ[૧૯], સ્ત્રીવેદ, સ૦મો૦, સં૦લોભ, આયુષ્ય-૪, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્તા, સુભગ, આદેય, યશઃકીર્તિ, તીર્થંકરનામકર્મ, ઉચ્ચગોત્ર અને અંતરાય-૫....... કુલ ૩૩ કર્મપ્રકૃતિઓ એકીસાથે ઉદય અને સત્તામાંથી નાશ પામે છે.

**પ્રશ્ન : (૯૮) કેટલાય જિજ્ઞાસુના હૈયે સતત એક વિચાર ચકરાવા લેતો હોય છે કે, જ્યાં ખાવાનું નથી, પીવાનું નથી, પહેરવાનું નથી, કોઈ જ ભૌતિક સાધનો નથી, શરીર પણ નથી. તેવા મોક્ષમાં મઝા (આનંદ) શી રીતે આવે ? કારણકે મઝા (આનંદ) તો ત્યાં જ આવે કે જ્યાં ખાવું, પીવું, માણવું, ભોગવવું વગેરે હોય ?**

**જવાબ :-** **ઈષ્ટ ભોજન મળ્યું ત્યારે મઝા આવી,**

---

૧૯. નપુંસકવેદોદયે શ્રેણી માંડનારા મનુષ્યને નપું૦વેદનો ઉદય અને સત્તા એકીસાથે નાશ પામે છે. અને સ્ત્રીવેદોદયે શ્રેણી માંડનારાને સ્ત્રીવેદનો ઉદય અને સત્તા એકી સાથે નાશ પામે છે.

**ઈષ્ટ પીણું મળ્યુ ત્યારે મઝા આવી,**
**ઈષ્ટ પાત્ર મળ્યુ ત્યારે મઝા આવી,**
**ઈષ્ટ પરિવાર મળ્યો, તો મઝા આવી,**

એટલે ખાવાની, પીવાની, માણવાની વગેરે મઝા તે તે વસ્તુની પ્રાપ્તિ થાય ત્યારે જ મળે છે. માટે દરેક મઝા અન્ય વસ્તુની અપેક્ષા રાખતી હોવાથી પરાધીન જ છે.

આ એક એંગલથી સંસારની મઝાની પરાધીનતા વિચારી....

હવે સૂક્ષ્મદષ્ટિથી સંસારની મઝાની પરાધીનતા વિચારીએ તો...

★ ભૂખ લાગી પછી ખાવાનું મળ્યું ત્યારે મઝા આવી.
★ તરસ લાગી પછી સરબત મળ્યો ત્યારે મઝા આવી.
★ વાસના જાગી..... પાત્ર મળ્યું પણ પાત્રનો મૂડ હોય, તો જ મઝા આવે, જો તે પાત્ર મૂડમાં ન હોય તો મઝા ન આવે.
★ સુંદર બંગલો મળ્યો, મઝા આવી. પણ મિત્રનો અત્યંત સુંદર બંગલો જોતા જ પોતાના બંગલા પ્રત્યે અણગમો પેદા થતા બધી મઝા ઉડી ગઈ.
★ શરીરથી સુખ ભોગવાય પણ જો શરીર જ સારૂં ન હોય તો, બધી મઝા ઉડી જાય ને ?

એટલે,

★ **ભૂખ છે માટે ભોજન મળતા ખાવાનું સુખ મળ્યું.**
★ **તરસ છે માટે સરબત મળતા પીવાનું સુખ મળ્યું.**
★ **વાસના છે માટે પાત્ર મળતા ભોગનું સુખ મળ્યું.**

એટલે સુખના તમામ સાધનો પણ સુખની ભૂખના કારણે જ સુખનું સાધન બને છે. કારણ કે,

★ **જો ભૂખ જ નથી તો ખાવાનું સુખ ક્યાંથી હોય ?**
★ **જો તરસ જ નથી તો પીવાનું સુખ ક્યાંથી હોય ?**
★ **જો વાસના જ નથી તો વાસનાજન્ય સુખ ક્યાંથી હોય ?**

એટલે સુખના સાધનની સાથે સાથે તેને ભોગવવાની ભૂખ પણ જોઈએ. માટે સંસારનું સમગ્ર સુખ **"સુખના સાધનો"** અને **"ભોગવવાની ભૂખ"** એ બંનેની અપેક્ષા રાખતું હોવાથી પરાધીન જ છે.

**આઈન્સ્ટાઈનના મત મુજબ અને જગતના નિયમ પ્રમાણે....**
**બે વિપરીત ધ્રુવો પર વિશ્વ રચાયેલું છે.**

- ★ **પ્રકાશ છે તો અંધકાર છે.**
- ★ **ધરતી છે તો આકાશ છે.**
- ★ **અગ્નિ છે તો જળ છે.**
- ★ **રાત છે તો દિવસ છે.**
- ★ **જેલ છે તો મુક્તજીવન પણ છે.**

બસ એ જ ન્યાયે સુખના સાધનો અને તેને ભોગવવાની ભૂખ પર **"અપેક્ષિત જો પરાધીન સુખ"** છે તો સંપૂર્ણ રીતે **"અનપેક્ષિત એવું સ્વાધીન સુખ"** પણ હોવું જોઈએ.

આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદનો નિયમ છે કે,

**અહીં આવું છે, તો ત્યાં તેવું હોવું જોઈએ.**

**અહીંનું આ હોવું, તે જ ત્યાં તેવું હોવાની સાબિતી છે.**

**અહીં જો પરાધીન સુખ છે, તો એવું પણ કોઈક સ્થાન છે કે જ્યાં સ્વાધીન સુખ હોય.**

એવું પણ એક સ્થાન છે કે,

- ★ **જ્યાં ભૂખ નથી માટે ભૂખને સંતોષવાના સાધનની પણ જરૂર નથી.**
- ★ **જ્યાં તરસ નથી માટે તરસને છીપાવવાના સાધનની પણ જરૂરનથી.**
- ★ **જ્યાં ઈન્દ્રિય નથી માટે ઈન્દ્રિયજન્ય સુખની લાલસાને સંતોષવાના સાધનની પણ જરૂર નથી.**
- ★ **જ્યાં શરીર નથી માટે જન્મ-જરા-મરણની ઉપાધિ પણ નથી.**

એટલે સંસારની જે પરિસ્થિતિ છે. તેનાથી બિલકુલ વિપરીત ઢંગની પણ એક દુનિયા છે.

જો સંસારનું સુખ **"પરાધીન"** છે.

જો સંસારનું સુખ **"ઈન્દ્રિયગમ્ય"** છે.

જો સંસારનું સુખ **"ક્ષણભંગુર"** છે.

જો સંસારનું સુખ **"ખંડિત"** છે. તો તેનાથી બિલકુલ વિપરીત

**સ્વાધીન સુખ,**
**ઈન્દ્રિયાતીત સુખ,**

**શાશ્વત સુખ,**

**અખંડિત સુખ પણ હોવું જ જોઈએ.**

**જો પરાધીન સુખવાળી દુનિયા છે તો તેનાથી વિપરીત સ્વાધીન સુખવાળી દુનિયા પણ હોવી જોઈએ. એ સ્વાધીન સુખવાળી જે દુનિયા છે. તેને જ અમે "મોક્ષ" કહીએ છીએ.....**

બીજી રીતે વિચારીએ તો,

**જેની તરતમતા જણાય, તેની પરાકાષ્ઠા અવશ્ય હોય.** જેમ બીજ, ત્રીજ, ચોથ વગેરે દિવસોમાં ચંદ્રના પ્રકાશની તરતમતા જણાય છે. એટલે પૂનમના દિવસે તે પ્રકાશ અવશ્ય પરાકાષ્ઠાએ પહોંચે છે. તેમ સંયમી મહાત્માઓ જેમ જેમ સ્વભાવદશા તરફ ઝૂકતા જાય છે તેમ તેમ વધુને વધુ આત્મિક સુખને અનુભવે છે. એટલે સંયમી મહાત્માના જીવનમાં આત્મિક સુખની તરતમતા જણાય છે. માટે **એ આત્મિકસુખની જે પરાકાષ્ઠા છે એ જ "મોક્ષ" છે.**

**એવા મોક્ષમાં અવ્યાબાધસુખ છે.**

**અક્ષયસુખ છે.**

**અનંતસુખ છે.**

**-- પ્રશ્નોતરી સમાપ્ત --**

# મૂળગાથા

तह थुणिमो वीरजिणं, जह गुणठाणेसु सयलकम्माइं ।
बंधुदओदीरणया, सत्तापत्ताणि खवियाणि ॥ १ ॥

मिच्छे सासणमीसे, अविरयदेसे पमत्त अपमत्ते ।
नियट्टि अनियट्टि, सुहुमुवसम खीण सजोगिअजोगि गुणा ॥ २॥

अभिनवकम्मग्गहणं, बंधो ओहेण तत्थ वीससयं ।
तित्थयराहारगदुगवज्जं, मिच्छंमि सतरसयं ॥ ३॥

नरयतिग जाइथावर चउ, हुंडायवछिवट्ठनपुमिच्छं ।
सोलंतो इगहियसय, सासणि तिरिथीणदुहगतिगं ॥ ४॥

अणमज्झागिइसंघयणचउ, निउज्जोअ कुखगइत्थित्ति ।
पणवीसंतो मीसे, चउसयरि दुआउयअबंधा ॥ ५॥

सम्मे सगसयरि जिणाउबंधि, वइरनरतिअबियकसाया ।
उरलदुगंतो देसे, सत्तट्ठि तियकसायंतो ॥ ६॥

तेवट्ठि पमत्ते सोग, अरइ अथिरदुग अजस अस्सायं ।
वुच्छिज्ज छच्च सत्त व, नेइ सुराउं जया निट्ठं ॥ ७ ॥

गुणसट्ठि अपमत्ते, सुराउ बंधंतु जइ इहागच्छे ।
अन्नह अट्ठावन्ना, जं आहारगदुगं बंधे ॥ ८ ॥

अडवन्न अपुव्वाइंमि, निद्ददुगंतो छपन्न पणभागे ।
सुरदुगपणिंदि सुखगइ, तसनवउरलविणुतणुवंगा ॥ ९ ॥

समचउरनिमिणजिणवन्न, अगुरुलहुचउ छलंसि तीसंतो ।
चरमे छवीसबंधो हासरईकुच्छभयभेओ ॥ १० ॥

अनियट्टि भागपणगे, इगेगहीणो दुवीसविहबंधो ।
पुमसंजलणचउण्हं, कमेण छेओ सतर सुहुमे ॥ ११॥

चउदंसणुच्चजसनाणविग्घदसगंति सोलसुच्छेओ ।
तिसु सायबंधछेओ, सजोगिबंधंतुणंतो अ ॥ १२॥

उदओ विवागवेयणमुदीरणमपत्ति इह दुवीससयं ।
सतरसयं मिच्छे मीस-सम्मआहारजिणणुदया ॥ १३॥

सुहूमतिगायवमिच्छं, मिच्छंतं सासणे इगारसयं ।
निरयाणुपुव्विणुदया, अणथावरइगविगलअंतो ॥ १४ ॥

मीसे सयमणुपुव्वी-णुदया मीसोदएण मीसंतो ।
चउसयमजए सम्मा-णुपुव्विखेवा बियकसाया ॥ १५ ॥

मणुतिरिणुपुव्वि विउवट्ठ, दुहग अणाइज्जदुग सतरछेओ ।
सगसीइ देसि तिरिगइ, आउ निउज्जोय तिकसाया ॥ १६ ॥

अट्ठच्छेओ इगसी, पमत्ति आहारजुगलपक्खेवा ।
थीणतिगाहारगदुगछेओ, छस्सयरि अपमत्ते ॥ १७ ॥

सम्मत्तंतिमसंघयणतियगच्छेओ बिसत्तरि अपुव्वे ।
हासाइछक्कअंतो, छसट्ठि अनियट्टिवेयतिगं ॥ १८ ॥

संजलणतिगं छछेओ, सट्ठि सुहुमंमि तुरियलोभंतो ।
उवसंतगुणे गुणसट्ठि, रिसहनारायदुगअंतो ॥ १९ ॥

सगवन्न खीण दुचरिम निद्दुगंतो अ चरिम पणपन्ना ।
नाणंतरायदंसणचउ, छेओ सजोगि बायाला ॥ २० ॥

तित्थुदया उरलाथिर-खगइदुग-परित्ततिग-छ-संठाणा ।
अगुरुलहुवन्नचउ-निमिण-तेयकम्माइसंघयणं ॥ २१ ॥

दुसर सुसर साया-साएगयरं च तीस वुच्छेओ ।
बारस अजोगि सुभगा-इज्ज जसन्नयरवेयणीयं ॥ २२ ॥

तसतिग पणिंदि मणुआउ-गई जिणुच्चं ति चरमसमयंतो ।
उदउव्वुदीरणा परमपमत्ताई सगगुणेसु ॥ २३ ॥

एसा पयडितिगुणा वेयणीयाहारजुगल थीणतिगं ।
मणुआउ पमत्तंता, अजोगि अणुदीरगो भगवं ( भयवं ) ॥ २४ ॥

सत्ता कम्माण ठिई, बन्धाईलद्धअत्तलाभाणं ।
संते अडयालसयं, जा उवसमु विजिणु बियतइए ॥ २५ ॥

अपुव्वाइचउक्के, अण तिरिनिरयाउ विणु बिआलसयं ।
सम्माइचउसु सत्तग-खयंमि इगचत्तसयमहवा ॥ २६ ॥

खवगं तु पप्प चउसु वि, पणयालं निरयतिरिसुराउ विणा ।
सत्तग विणु अडतीसं, जा अनियट्टी पढमभागो ॥ २७ ॥

थावरतिरिनिरयायव-दुग थीणतीगेग विगल साहारं ।
सोलखओ दुवीससयं, बीअंसि बिअतियकसायंतो ॥ २८ ॥

तइयाइसु चउदसतेर-बारछपणचउतिहियसय कमसो ।
नपुइत्थिहासछगपुंस-तुरियकोहमयमायखओ ॥ २९ ॥

सुहुमि दुसय लोहंतो, खीणदुचरिमेगसय दुनिद्दखओ ।
नवनवइ चरमसमये, चउदंसणनाणविग्घंतो ॥ ३० ॥

पणसीइ सजोगि अजोगि, दुचरिमे देवखगइगंधदुगं ।
फासट्ठ वन्नरसतणु-बंधण-संघायणपण निमिणं ॥ ३१ ॥

संघयण अथिर संठाण, छक्क अगुरुलहु चउ अपज्जत्तं ।
सायं व असायं वा, परित्तुवंगतिग सुसर नियं ॥ ३२ ॥

बिसयरिखओ य चरिमे, तेरस मणुयतसतिग जसाइज्जं ।
सुभगजिणुच्चपणिंदिय, सायासाएगयरछेओ ॥ ३३ ॥

नर अणुपुव्वि विणा वा, बारस चरिमसमयंमि जो खविउं।
पत्तो सिद्धिं देविंदवंदियं नमह तं वीरं ॥ ३४ ॥



પ્રમત્તસંયમી-अ
પ્રમત્તગુણસ્થાનક
દેશવિરતિગુણસ્થાનક
સમ્યક્ત્વગુણસ્થાનક
મિશ્રગુણસ્થાનક
સાસ્વાદનગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક
અપ્રમત્તસંયમી-अ
અપ્રમત્ત ગુણસ્થાનક
પ્રમત્ત ગુણસ્થાનક
દેશવિરતિ ગુણસ્થાનક
સમ્યક્ત્વ ગુણસ્થાનક
મિશ્ર ગુણસ્થાનક
સાસ્વાદન ગુણસ્થાનક
મિથ્યાત્વ ગુણસ્થાનક
ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિ अ
અપ્રમત્તગુણસ્થાનક
પ્રમત્તગુણસ્થાનક
સમ્યક્ત્વગુણસ્થાનક
મિશ્રગુણસ્થાનક
સાસ્વાદનગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક
શ્રાવક-अ
અપ્રમત્તગુણસ્થાનક
દેશવિરતિગુણસ્થાનક
સમ્યક્ત્વગુણસ્થાનક
મિશ્રગુણસ્થાનક
સાસ્વાદનગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક
ઉપશમસમ્યગ્દૃષ્ટિ अ
અપ્રમત્તગુણસ્થાનક
પ્રમત્તગુણસ્થાનક
દેશવિરતિગુણસ્થાનક
સમ્યક્ત્વગુણસ્થાનક
મિશ્રગુણસ્થાનક
સાસ્વાદનગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક
અપ્રમત્તગુણસ્થાનક
પ્રમત્તગુણસ્થાનક
દેશવિરતિગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક
મિથ્યાદૃષ્ટિ अ



સયોગીકેવલીભગવંત-अ
અયોગીકેવલીભગવંત-अ
ક્ષાયિકયથાખ્યાતસંયમી-अ
ઔપશમિકયથાખ્યાતસંયમી-अ
સૂક્ષ્મસંપરાયસંયમી -अ
અનિવૃતિબાદરસંપરાયી-अ
શ્રેણીપ્રારંભકअ


કર્મ વિપાક

બંધસ્વામિત્વ

ષડશીતિ

પંચમ કર્મગ્રંથ
શતક

ઉપશમશ્રેણી

ક્ષપકશ્રેણી
રમ્યરેણુ

ચંદ્રયશ
સ્તવન
ચાંદની

पणि-पीयूष-पयस्विनी

॥ श्रीदानोपदेशमाला ॥

ચંદ્રયશ
સજ્ઝાય
ચાંદની

श्रीशान्तिनाथचरितमहाकाव्यम्
प्रथमो भागः

श्रीशान्तिनाथचरितमहाकाव्यम्
द्वितीयो भागः

चंद्रयश
संस्कृत
प्रश्नोत्तरमाला
संपादिका
रम्यरेणुः

દ્વિતીયકર્મગ્રંથ

# કર્મસ્તવ

## રમ્યરેણુ




Serving JinShasan
128904
gyanmandir@kobatirth.org